નિકુંજનાયક શ્રીનાથજી

એક ઝાંખી

ગ્રંથ - ૧ : ચૈત્ર-વૈશાખ



Nikunjnayak Shrinathji (Ek Jhanki) - Volume - I
by Mrs. Rekhaben Bharatbhai Rajpopat

નિકુંજનાયક શ્રીનાથજી (એક ઝાંખી) - ગ્રંથ : ૧

સંપાદક : શ્રીમતી રેખાબેન ભરતભાઈ રાજપોપટ

કોપીરાઈટ © : શ્રીહરસાનીજી પબ્લિક ચેરિટેબલ ટ્રસ્ટ, મહેસાણા

પ્રાપ્તિસ્થાન

શ્રીહરસાનીજી પબ્લિક ચેરિટેબલ ટ્રસ્ટ

મહેસાણા કાર્યાલય

'વૈષ્ણવ પરિવાર સદન'
૩૨, શિવ સોસાયટી, વિભાગ-૨, બી. કે. સિનેમાની બાજુમાં, મહેસાણા -૩૮૪૦૦૨
ફોન : (૦૨૭૬૨) ૨૪૨૩૫૩, ૨૩૦૧૬૦ ● ફેક્સ : ૯૧-૨૭૬૨-૨૪૭૬૫૫
Email : shpct@hotmail.com

મુંબઈ કાર્યાલય

વિજયભાઈ એમ. દેસાઈ
C/o. કેમી ઇક્વિપ, દેવકરણ મેન્શન, ૧લા માળે, ૭૯, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ - ૪૦૦ ૦૦૨
ફોન : ૦૨૨-૨૨૦૧૦૦૮૪ ● ફેક્સ : ૯૫-૨૨-૨૨૦૬૦૮૫૮

પ્રથમ આવૃત્તિ : ચૈત્ર વદ અગિયારસ, વિ. સં. ૨૦૫૭, ૧૯ એપ્રિલ ૨૦૦૧
પ્રત : ૩૦૦૦

દ્વિતીય આવૃત્તિ : વિ. સં. ૨૦૬૮
પ્રત : ૧૦૦૦

પુસ્તક પ્રકાશન સહાય
રૂ.૩૦૦૦/-
(ગ્રંથશ્રેણીના ગ્રંથ ૧ થી ૬ માટે, ભારતમાં પોસ્ટેજ સહિત)

મુદ્રક
પુષ્ટિ પ્રિન્ટ્સ, મહેસાણા, ફોન : ૦૨૭૬૨-૨૨૪૨૦૪

॥ શ્રી હરિઃ ॥
॥ શ્રી ગોવર્ધનધરણ પ્રભુ વિજયતેતમામ્ ॥

નિકુંજનાયક શ્રીનાથજી

એક ઝાંખી

ગ્રંથ - ૧

ચૈત્ર - વૈશાખ માસ

સંકલન - સંપાદન
શ્રીમતી રેખાબેન ભરતભાઈ રાજપોપટ (સિંગાપુર)

ચિત્ર સંકલન
શ્રી ગોવિંદ શંકરલાલ નાગદા (નાથદ્વારા)

પ્રકાશક
શ્રીહરસાનીજી પબ્લિક ચેરિટેબલ ટ્રસ્ટ
'વૈષ્ણવ પરિવાર સદન'
૩૨, શિવ સોસાયટી, વિભાગ-૨,
બી. કે. સિનેમાની બાજુમાં, મહેસાણા-૩૮૪૦૦૨
ફોન : (૦૨૭૬૨) ૨૪૨૩૫૩, ૨૩૦૧૬૦ ● ફેક્સ : ૯૧-૨૭૬૨-૨૪૭૬૫૫
Email : shpct@hotmail.com

અનુક્રમ

- પ્રસ્તાવના
- ઋણસ્વીકાર
- સાકાર થયેલું સ્વપ્ન
- ગ્રંથવિમોચન પ્રસંગે આશીર્વાદ
- માઈ આજ ઔર કાલ ઔર નિત્ય પ્રતિ ઔર ઔર
- નિત્ય નૂતન સ્વરૂપ-લીલા-શૃંગારવસ્ત્ર
- ચિત્રજી અને ચિત્ર પરિચય : ચૈત્ર માસ
- ચિત્રજી અને ચિત્ર પરિચય : વૈશાખ માસ
- પરિશિષ્ટ : ૧ - કીર્તન
- પરિશિષ્ટ : ૨ - શૃંગાર પરિચય
- પરિશિષ્ટ : ૩ - વિશિષ્ટ શબ્દોનો પરિચય
- **પરિશિષ્ટ : ૪ - આરતી કીજે મદનગોપાલકી**



❀ ગ્રંથાર્પણ ❀

નિકુંજનાયક શ્રીનાથજીના
યુગલ ચરણકમલોમાં દીનભાવથી સમર્પણ

પ્રભુ, આપે મારા કાબુલના નિવાસ દરમ્યાન સતત આપનાં દર્શનની ઝંખના જગાવી. મહાનુભાવ માધવદાસની આડીથી એક દિવસ આપ મને જરૂર દર્શન આપશો એવી આશા બંધાવી. નાથદ્વારામાં 'રેખા, ઊઠ તુઝે બહુત કુછ કરના હૈ'ની આજ્ઞા દ્વારા કંઈક કરવાની પ્રેરણા આપી. સિંગાપુરના નિવાસ દરમ્યાન આપની સેવાની રીત, વસ્ત્ર, સાજ, શૃંગાર વગેરેની જાણકારી માટે સતત તડપાવી. આપનાં રોજે રોજનાં ચિત્રજી સિદ્ધ કરવા માટે અનેક ચિત્રકારોને સામર્થ્ય આપ્યું અને સ્વયં અનેક સ્વરૂપે મારે ઘેર પધાર્યા, મારા હૃદયમાં બિરાજ્યા, આપના સ્વરૂપમાં આસક્તિ કરાવી. હૃદયમાં આપનું સ્વરૂપ પ્રકાશિત કર્યું. આ ગ્રંથસર્જન માટે શક્તિ, રતિ અને મતિ આપી.

આમ આપની મહદ્ કૃપાથી જ આ ગ્રંથ સર્જાયો, જે આજે આપના યુગલ ચરણકમલોમાં દીનભાવે દંડવત્ પ્રણામ કરી આપને જ સમર્પિત કરું છું.

આપની કૃપાભિલાષી

રેખાબેન ભરતભાઈ રાજપોપટ

પ્રસ્તાવના

કૃષ્ણસેવા સદાકાર્યા

જે સુખનો અનુભવ શ્રીગોપીજનોને થયો તેવો જ સુખનો અનુભવ અત્યારના પુષ્ટિસ્થ દૈવીજીવોને કરાવવા, પરમકૃપાળુ શ્રીમદ્ વલ્લભાચાર્યજીએ સેવામાર્ગ પ્રકટ કરી ‘‘રસો વૈ સઃ’’ પ્રભુના રસાત્મક સ્વરૂપને જ આપણા ઘરમાં પધરાવી આપ્યું છે

પુષ્ટિસંપ્રદાયના પ્રણેતા મહાપ્રભુ શ્રીવલ્લભાચાર્યજીએ સંપૂર્ણ રીતે પ્રભુની આજ્ઞા અને ઈચ્છાને અનુસરી, પ્રભુના સુખનો જ વિચાર મુખ્ય રાખી શ્રીમદ્ ભાગવત અનુસાર વેદમાં જેને પરબ્રહ્મ કહેવાય છે, ગીતાજીમાં જેને પરમાત્મા કહેવાય છે અને શ્રીમદ્ ભાગવતજીમાં જેને ભગવાન કહેવાય છે તે ભગવાન શ્રીકૃષ્ણની અષ્ટયામ સેવાને પ્રચલિત કરી અને ગાગરમાં સાગરની જેમ સર્વ શાસ્ત્રનો નિચોડ આપણને આપતા કહ્યું ‘‘કૃષ્ણ સેવા સદાકાર્યા’’

રાગ, ભોગ અને શૃંગાર એ પ્રભુ પ્રીતિ માટેના ત્રણ મુખ્ય સાધનો છે. પુષ્ટિમાર્ગીય સેવા પ્રણાલિકામાં રાગ, ભોગ અને શૃંગારનો વિનિયોગ પ્રભુની પ્રસન્નતા અર્થે ખૂબ જ સુંદર રીતે કરવામાં આવ્યો છે. સેવામાં સામાન્ય રીતે મંગળાથી રાજભોગ સુધી સવારે અને ઉત્થાપનથી શયન સુધી સાંજે અષ્ટપ્રહર સેવા પ્રકાર ચાલે છે. મર્યાદા રીતમાં પૂજા જેમ મંત્રોચ્ચારથી થાય છે તેમ પુષ્ટિ સેવાની શરૂઆત કીર્તનથી થાય છે.

(૧) રાગ (સંગીત) : સેવામાં ઋતુ અનુસાર અને સમય અનુસાર પ્રભુને સવારે જગાડવાથી રાત્રે પોઢાડવા સુધી કીર્તન ગવાય છે. પુષ્ટિ પ્રભુ તો જાગે પણ કીર્તનથી અને પોઢે પણ કીર્તનથી. પલનામાં, હિંડોળામાં, બંગલામાં, બગીચામાં બિરાજે ત્યારે પણ કીર્તન તો થાય જ.

(૨) ભોગ (સામગ્રી-પાક શાસ્ત્ર) : ઋતુ અનુસાર ભોગ સામગ્રી જેમાં શીતકાલમાં પૌષ્ટિક પદાર્થો તથા તેજાના અને ઉષ્ણકાલમાં શીતોપચારની સામગ્રી જેમાં વિવિધ પ્રકારના પના, શીખંડ, દહીંભાત વગેરે આવે.

(૩) શૃંગાર (વિવિધ કલાઓ) : ઋતુ અનુસાર વાગા, વસ્ત્રો, આભૂષણો, પિછવાઈ, સજાવટનો વિસ્તાર મહાપ્રભુ શ્રીવલ્લભાચાર્યજીના દ્વિતીય પુત્ર પરમકૃપાળુ શ્રીવિઠ્ઠલનાથજીએ વિશેષતઃ કર્યો. વિક્રમ સંવત ૧૬૦૦માં પ્રભુચરણ શ્રીગુસાંઈજીએ પ્રથમ વ્રજયાત્રા કર્યા બાદ એક દિવસ શ્રીગુસાંઈજીને ચિંતિત જોઈને નિકુંજનાયક શ્રીનાથજીએ આજ્ઞા કરી કે આપ ચિંતિત ન થાઓ. જીવમાત્ર જેનાથી અલિપ્ત ન રહી શકે એવા રાગ, ભોગ અને શૃંગારને મારામાં વિનિયોગ કરાવી રાગ, ભોગ અને શૃંગારનો વિસ્તાર કરો. આમ નિકુંજનાયક શ્રીનાથજીની ઈચ્છાનુસાર શ્રીગુસાંઈજીએ રાગ, ભોગ અને શૃંગારની સેવા ભાવનાને પ્રભુ સુખાર્થે ઋતુઅનુસાર વિસ્તાર કરી. પૂર્ણ પુરુષોત્તમ પ્રભુ નિકુંજનાયક શ્રીનાથજીએ વ્રજમાં જે લીલાઓ કરી તે લીલાને આધારે નિત્યનો તથા ઉત્સવનો સેવાક્રમ યોજયો. જેમાં સ્નેહની જ મુખ્યતા છે, પ્રધાનતા છે, એમ સમજાવી સેવાભાવનાને વિશેષ રૂપથી કાર્યાન્વિત કરી.

ત્યારબાદ માલા તિલકના સંરક્ષક શ્રીગોકુલનાથજી, શિક્ષાસાગર તથા દીનતા સાગર પ્રભુચરણ શ્રીહરિરાય મહાપ્રભુજી તથા અન્ય ગોસ્વામી બાલકોએ ભગવદ્ આજ્ઞા અનુસાર અને પ્રભુ સુખાર્થે જ ઉત્સવ, મહોત્સવ, મહામહોત્સવ તથા મનોરથોનો વિસ્તાર કરી કૃષ્ણ સેવાને વિશ્વભરમાં પ્રચલિત કરી.

આજે પણ ગોસ્વામી બાળકો પરિશ્રમ લઈ સતત સમસ્ત ભૂમંડળને અલંકૃત કરી, નિજજનોને-દૈવીજીવોને શરણે લે છે અને પિતૃચરણોની જેમ અદેયદાન એવા કૃષ્ણની સેવાનાં દાન કરે છે અને નિજ સૃષ્ટિને ''કૃષ્ણ સેવા સદાકાર્યા''નું જ્ઞાન આપે છે.

આચાર્ય શ્રીવલ્લભ, પ્રેમલક્ષણા ભક્તિમાર્ગ એટલે કે પુષ્ટિમાર્ગના આચાર્ય છે. ''આચરતિ આચરયતિ ચ ઈતિ આચાર્ય : '' જે જાતે આચરે અને પછી બીજા પાસે આચરણ કરાવે, તે આચાર્ય. ''આપ સેવા કરી શીખવે શ્રીહરિ'' શ્રીઆચાર્યચરણે પોતાના પરિવાર અને સેવકો સાથે એક સરખો વ્યવહાર રાખ્યો છે. શ્રીવલ્લભકુલને અને શ્રીવલ્લભસેવકોને જુદો જુદો ઉપદેશ નથી આપ્યો. અલગ જીવન પ્રણાલી કે અલગ કર્તવ્યનો બોધ નથી આપ્યો.

શ્રીવલ્લભાચાર્યજીની વાણી માત્ર ઉપદેશાત્મક નથી. રસાત્મક છે. ફલાત્મક છે. આપે બતાવેલા સિધ્ધાંતો કોઈપણ દેશકાળમાં કોઈ પણ મનુષ્ય માટે સહજ રીતે આચરી શકાય તેવા છે. આપનું તત્વજ્ઞાન અને આપનો ધર્મ સમાજના અમુક વિશિષ્ટ વર્ગ માટે જ નથી. બ્રાહ્મણથી લઈને શુદ્ર, હિન્દુથી લઈને મુસલમાન કે અન્ય ધર્મી યા વિદેશી , પુરુષ અને સ્ત્રી, રાજા અને પ્રજા, વિદ્વાન કે અભણ, શ્રીમંત કે ગરીબ સૌને એક સરખો ઉપદેશ આપે છે. ''કૃષ્ણ સેવા સદાકાર્યા''.

પુષ્ટિમાર્ગમાં થતી કૃષ્ણસેવાને પ્રાયઃ બધા લોકો માત્ર બાલભાવથી થતી સેવા સમજે છે. વાસ્તવમાં (૧) દાસ્યભાવ, (૨) વાત્સલ્યભાવ, (૩) સખ્યભાવ, (૪) માધુર્યભાવ, આ ચારમાંથી કોઈ એક પ્રભુદત્ત ભાવથી જ સેવા સંભવે છે. મુખ્યતા તો મધુર ભાવની લાગે છે. શ્રીમદ્ ભાગવતમાં દશમ સ્કંધમાં નિરોધલીલાના તામસ ફલ પ્રકરણમાં તે સ્પષ્ટ સમજાય છે.

પુષ્ટિમાર્ગનો આ એક પ્રસિદ્ધ પ્રસંગ છે. પરમાનંદદાસજીએ પ્રાયઃ બાળલીલા જ તેમના કીર્તનોમાં ગાઈ છે. તે સમયના વૈષ્ણવોના મનમાં તેથી જ વિચાર આવ્યો કે પરમાનંદદાસજી શ્રીમહાપ્રભુજીના મનની વાત સમજતા હશે? સૌ ભેગા મળ્યા, પરમાનંદદાસજીની પાસે આવ્યા, પૂછયું : ''બધા ભક્તોમાં વિશેષ ભાવ કોનો? પરમાનંદદાસજીએ વિવેકથી કહ્યું, કે ''ભક્તોમાં સરખામણી તો અળખામણી છે છતાં કહેવું જ હોય તો, 'ગોપી પ્રેમ કી ધ્વજા' આચાર્ય શ્રીમહાપ્રભુજીનો આ હાર્દ છે.'' સૌ સંતુષ્ટ થયા.

''ગોપી પ્રેમ કી ધ્વજા'' દિવ્ય પ્રેમમાર્ગના ધ્વજા સ્વરૂપ શ્રીગોપીજનો છે. વિરહતાપના અનુભવથી શ્રીગોપીજનો પ્રભુ વિના એક ક્ષણ પણ રહી શકતા નથી.

વૃંદાવન વગેરે વનોમાં સખામંડળ સાથે ગાયોના જૂથની પાછળ મનમોહન શ્રીગોપીજનોના મન મોહી લઈને પધારે છે. આ બાજુ પ્રભુના પધારી જવાથી શ્રીગોપીજનોને એક ક્ષણ પણ યુગ જેવડી લાંબી લાગે છે. ત્યારે શ્રીગોપીજનોની દશા જાણે ચિત્રમાં ચિતરેલી સ્ત્રીઓ હોય એવી સ્તબ્ધ થાય છે. બોલે તો જાણે કોઈ

યાંત્રિક પૂતળીઓ હોઠ હલાવતી હોય તેમ લાગે છે. એમના નેત્રો, વાણી, મન, કાન એ બધું તો વનમાં પ્રિયતમ પ્રભુ પાસે પહોંચી જાય છે. એક માત્ર પ્રાણ શરીરમાં રહે છે અને તે પણ સાંજે પ્રિયતમ પ્રભુ ગાયો ચરાવીને પાછા પધારશે એ જ આશાએ.

નયન બેન મન શ્રવણ સબ જાય રહત પિય પાસ,
પ્રાણ માત્ર ઘટ રહત હૈ, ફિર આવન કી આસ.

આપણે આ અવસ્થાએ પહોચવું હોય તો વિરહતાપાત્મક સ્વરૂપ, શ્રીવલ્લભના ચરણ કમલનો દઢ આશ્રયકરી સેવ્ય સ્વરુપમાં જ પ્રેમ, આસક્તિ અને વ્યસનાવસ્થા સિદ્ધ કરવા પ્રયત્ન કરવો જોઈએ પ્રયત્ન જીવનો, પરિણામ તો પ્રભુ આપે.

પોતાના પ્રિય પ્રભુને પોતાને જેમ સુંદર લાગે, હૃદયમાં ભાવ જાગે, મન પ્રભુમાં આકર્ષાય, તેવાં વસ્ત્રો, આભૂષણો વગેરે ધરવાનો પ્રયત્ન કરવો જોઈએ.

શૃંગાર રસાત્મક પ્રભુ વિવિધ શૃંગાર ધરી નિજ ભક્તોના મનને આકર્ષે છે. પરંતુ આ બધું જ પુષ્ટિ પુરુષોત્તમ શ્રીવલ્લભની આડીથી જ અંગીકાર કરે છે. આધુનિક પુષ્ટિજીવોનો ઉધ્ધાર શ્રીમહાપ્રભુજીના દઢઆશ્રયથી અને આપશ્રી દ્વારા પ્રણિત સેવામાર્ગ, કૃપામાર્ગ, સ્નેહમાર્ગ એટલે પુષ્ટિમાર્ગ દ્વારા થાય છે. પુષ્ટિ સેવામાં રીત અને પ્રીત બંનેનો સમાવેશ થાય છે. તન, મન, ધનથી શક્તિ પ્રમાણે કોઈપણ સંકોચ કર્યા વગર પુષ્ટિ પ્રભુને ભાવથી, સ્નેહથી લાડ લડાવવા જોઈએ. જેમને પ્રભુએ સુલભતા આપી છે તેઓ પ્રીત અને રીતથી સેવા કરે અને જેની પાસે દ્રવ્યનો સંકોચ છે અથવા સાધન સુલભ નથી તેઓ પુષ્ટિપ્રભુની સેવા પ્રીતિ પૂર્વક ભાવથી કરે. આ બંને પુષ્ટિસેવામાં પુરષોત્તમ પ્રભુ કોઈ ભેદભાવ રાખતા નથી. ચાહે છપ્પનભોગ ધરો અથવા ફક્ત છોલા ધરો પુષ્ટિ પ્રભુ તો બંને પાછળ છુપાયેલી ભાવના યુક્ત સેવાનો જ અંગીકાર કરી કૃતાર્થ કરે છે. ''રાઈ જિતની સેવા કો ફલ દેત હે મેરુ સમાન.''

''સર્વદા સર્વભાવેન ભજનીયો વ્રજાધિપ:'' સેવા શ્રીવલ્લભની આજ્ઞા અનુસાર વ્રજના અધિપતિ વ્રજેશની કરવી. ક્યારે કરવી તો શ્રીવલ્લભ આજ્ઞા કરે છે કે ''કૃષ્ણ સેવા સદાકાર્યા'' ''સદા કરવી'' અને ''કૃષ્ણ''ની કરવી. આજ પુષ્ટિનું ફલ છે. જીવનની સફલતા છે. પુષ્ટિભક્ત માટે તો કૃષ્ણ સેવા જ એક માત્ર કર્તવ્ય છે. યથા સંભવ ભગવદ્ સુખનો વિચાર કરવો જોઈએ. સેવાને ગૌણ ન કરાય. બીજુ બધું લૈકિક અને વૈદિક તો સેવાની આસપાસ તેની રીતે ગોઠવાઈ જાય.

પુષ્ટિમાર્ગમાં બ્રહ્મસંબંધ લેવા માત્રથી કર્તવ્ય પૂર્ણ નથી થતું. શરૂ થાય છે ''કૃષ્ણ સેવા સદાકાર્યા'' પુષ્ટિ ભક્તનું જીવન જ કૃષ્ણ સેવા માટે છે. કૃષ્ણની સ્વરૂપ સેવા સિવાય પુષ્ટિ ભક્ત રહી જ ન શકે. સેવા પણ મનમાની રીતે કે દેખાદેખીથી નહિ પરંતુ ગુરૂની આજ્ઞા અનુસાર જ થાય.

ભગવાને વ્રજજનોને પોતાના ગણ્યા, પ્રેમ કર્યો. વ્યાપિવૈકુંઠ છોડ્યું. વિશ્વપાલક મટ્યા. વ્રજવાસી સાથે વસ્યા. નંદયશોદાજીના પાલક બન્યા.ગોવાળોની બધી રીતભાત પ્રભુએ પોતે જ અપનાવી લીધી. સર્વતંત્ર સ્વતંત્ર ભગવાન વ્રજમાં ભક્તના પ્રેમે પરતંત્ર બન્યા. તે વ્રજમાં પ્રકટેલા પ્રભુ મહાપ્રભુ શ્રીવલ્લભાચાર્યજીની

ઉદાર અનુકંપાથી અનુગ્રહીત નિજ વૈષ્ણવોના ઘરમાં સેવ્યસ્વરૂપે પ્રેમ પરવશ બનીને બિરાજ્યા. સૌની પરિસ્થિતિમાં સૌને સાનુકુલ બનીને સ્વકીયતા દીધી.

આ પ્રકટ પ્રભુ સેવ્ય સ્વરૂપ આપણે ત્યાં શ્રીવલ્લભની આડીથી કેવલ પ્રેમથી પધાર્યા છે. પ્રેમ દેવા બિરાજ્યા છે. ભક્તની પરિસ્થિતિમાં, ભક્તના ઘરની રીતભાતને પણ અપનાવી લઈને આનંદથી અંગીકૃતનો નિર્વાહ કરે છે.

આ પ્રેમાળ, પ્રેમ પરવશ પ્રભુ સામે ચાલીને સ્વભક્તના ઘેર પધાર્યા છે પ્રેમાળ પ્રભુનો આ ચાલવાનો માર્ગ તે પુષ્ટિમાર્ગ છે. ભગવાન જે માર્ગે ચાલીને પોતાના ભક્તોને પોતાની પ્રાપ્તિ કરાવે તે પુષ્ટિમાર્ગ છે. ભક્ત ઈચ્છે કે ન ઈચ્છે, પાત્ર હોય કે અપાત્ર હોય, સંપન્ન હોય કે વિપન્ન હોય, સામાન્ય હોય કે અસામાન્ય હોય, સન્મુખ હોય કે વિમુખ હોય, પ્રભુ તો ઈચ્છે એટલે પોતે મળે. પોતાની પ્રાપ્તિ પોતાના પ્રમેય બલથી કરાવી દે છે. જીવના સાધનની કે સાધનાની પણ અપેક્ષા ન કરે.

આ નિકુંજનાયક શ્રીનાથજી ગ્રંથનું દર્શન કરતાં આપણને સૌને સદા કૃષ્ણ સેવામાં સરલતા અને તત્પરતા પ્રાપ્ત થાય. ભગવાન કૃષ્ણે વ્રજમાં કરેલી રસમય લીલાઓનું અનુસંધાન પ્રાપ્ત થાય. અલૌકિક આનંદની પ્રાપ્તિ થાય અને પુષ્ટિ પુરુષોત્તમ પ્રભુ નિકુંજનાયક શ્રીનાથજી રસો વૈ સઃ રસ વર્ષાવતા સદા પ્રસન્ન થાય એ જ મંગલ કામના. સાથે સાથે એક વિનંતી કે જો આપને આ ગ્રંથ ઉપયોગી થયો હોય તો નિકુંજનાયક શ્રીનાથજીની કૃપા સમજજો. અને જો કોઈ ખામી લાગે તો પોતાનો અભિપ્રાય જણાવજો જેથી બીજી આવૃતિમાં સુધારી શકાય. આ ગ્રંથમાં જે કોઈ ત્રુટિ દેખાય તો, તે અમારી ભૂલ ક્ષમ્ય ગણી અમારા ધ્યાન પર લાવશો તો અમે આપના આભારી થઈશું.

મારા તરફથી આ પહેલા ગ્રંથનું પ્રકાશન થઈ રહ્યું છે. આ ગ્રંથમાં જે જે વૈષ્ણવોએ તન, મન અને ધનથી સાથ સહકાર આપ્યો છે તે બદલ તે સૌનો અહીં ખરા અંતઃકરણ પૂર્વક આદર કરું છું. અને સાથે સાથે ભવિષ્યમાં પણ પ્રસિધ્ધ કરવામાં આવતાં ''સચિત્ર શ્રીમદ્ ભાગવત નવનીત રસમહાસાગર'' સચિત્ર શ્રીયમુનાષ્ટક અને સચિત્ર શ્રીમધુરાષ્ટકમાં આવી જ રીતે આપનો સાથ અને સહકાર આપતાં રહો તેવી મારી નમ્ર વિનંતી છે

સમસ્ત ભૂમંડલને અલંકૃત કરતા પૂ. શ્રી ગોસ્વામી બાળકોને કોટિસહ દંડવત્ પ્રણામ નિવેદન કરું છું. ભગવત્ પ્રિય વૈષ્ણવવૃંદને સદૈવ સસ્નેહ ભગવત્ સ્મરણ કરી નમ્ર વિનંતી કે આ કૃષ્ણદાસીની સ્વલ્પ કૃતિને અંગીકાર કરી કૃતાર્થ કરશો.

છેલ્લે આ ગ્રંથ છપાવવાનો અનુભવ ન હોવાથી, અક્ષરોની સાઈઝ નક્કી ન હોવાથી, તથા મુખ્ય મુખ્ય માહિતીઓને ક્રમબદ્ધ ગોઠવવાનો અનુભવ ન હોવાને કારણે ગ્રંથો સચિત્ર તૈયાર હોવા છતાં છપાવવામાં વિલંબ થતો હતો. શ્રી રમેશભાઈની ઈચ્છા જાણી ચિ.અમિત તથા શ્રી વિજયભાઈ આ કાર્ય હાથમાં લેવા તૈયાર થયા. શ્રીરમેશભાઈની અંતિમ ઈચ્છાને પહોંચી વળવા તેમણે વૈષ્ણવોનો સાથ કેવો મળશે એ વિચાર્યા વગર આ બીડું ઝડપી લીધું અને એમની અથાગ મહેનતે આ કાર્ય પાર પડ્યું છે નહીં તો આ કાર્ય મારા સુધી જ સિમીત રહી જાત.

ચિ.અમિતે આ કાર્યને આપ સુધી પહોંચાડવા ખૂબ જ શ્રમ લીધો છે. તે બદલ હું તેની ઋણી છું. તેણે આ ગ્રંથ છપાવવાનો મારો મનોરથ પૂરો કર્યો છે તે બદલ તેને અંતરથી આશિષ આપું છું. પ્રભુ ચિ. અમિત પાસે ખૂબ ભગવદ્ કાર્ય કરાવે.

આ ઉપરાંત પ.ભ. શ્રી વસંતબહેને સમયનો ઘણો અભાવ હોવા છતાં સવારે ત્રણ વાગે ઊઠીને પણ આ ગ્રંથને ક્રમબદ્ધ ગોઠવી આપ્યો છે; સર્વ માહિતીનું સંકલન કરી ગ્રંથ તૈયાર કર્યો છે. તેમજ તેનું પ્રૂફ રીડીંગ કરી આપ્યું છે. મને તો લાગે છે કે નિકુંજનાયક શ્રીનાથજીએ જાણે માગી માગીને તેમની સેવા અંગીકાર કરી છે. શ્રી હરસાનીજી ટ્રસ્ટ દ્વારા આ વિશાળ કાર્યને હસતા મોઢે, સહર્ષ સ્વીકારી, રાત દિવસ જોયા વગર, ખૂબ મહેનત કરી આપ સૌ સુધી પહોંચાડ્યું છે. આ ભગીરથ કાર્ય બદલ હું કયા શબ્દોમાં તેમનું ઋણ વ્યક્ત કરું તે મને સમજાતું નથી.

અંતમાં જે ધરતીમાતાની ગોદમાં હું બેઠી છું તે સિંગાપુરની ધરતીની હું ખૂબ ખૂબ ઋણી છું. આ ધરતીમાતાની ગોદમાં બેઠાં બેઠાં મને અનેક ગ્રંથો ભણવાનો તથા સાંભળવાનો સુઅવસર પ્રાપ્ત થયો; અને ગ્રંથો લખવાની સતત પ્રેરણા મળતી રહી.

શ્રીકૃષ્ણની અદ્ભુત લીલાઓનું વર્ણન જેમાં છે તે શ્રીમદ્ ભાગવત મારો પ્રિય વિષય છે. તેની અનેક કથાઓ કરાવવાનો સુઅવસર મને પ્રાપ્ત થતો રહ્યો અને સિંગાપુરના વૈષ્ણવ સમાજે મને હરપળ સાથ અને સહકાર આપ્યો. ભારતથી દૂર રહેવા છતાં હંમેશા આ ભારતવાસીઓની વચ્ચે મને મારા ભારતનું સદા અનુસંધાન રહેતું. ભારતનો ઈતિહાસ સદા મારા સ્મૃતિ પટ ઉપર રમતો. કૃષ્ણ અહીં જ છે એવું લાગતું; અને કૃષ્ણ અહીં જ છે તો વ્રજ પણ અહીં જ છે. હું વ્રજ છોડી ક્યાંય ગઈ જ નથી! આમ પરદેશમાં પણ મને સતત વ્રજનો અનુભવ કરાવનાર એ વ્રજેશ એટલે નિકુંજનાયક શ્રીનાથજીનાં શ્રીયુગલ ચરણકમલોમાં હું સસ્નેહ, સદૈન્ય, સદૈવ કોટિ કોટિ દંડવત્પ્રણામ નિવેદન કરું છું. મારું શેષ જીવન ભગવદ્ કાર્ય કરતાં કરતાં પ્રભુના ચરણકમલોમાં વ્યતીત થાય તે જ અભિલાષા સાથે વિરમું છું.

- રેખાબેન ભરતભાઈ રાજપોપટ

REKHABEN BHARATBHAI RAJ
82, JALAN DAUD
10-02
SINGAPORE - 419592

ઋણસ્વીકાર

કર્તુમ્ અકર્તુમ્ અન્યથા કર્તુમ્ એવા પ્રભુ દેશ કાળથી પર છે તે આજે અનુભવી શકાય છે. ગોલોકભૂમિથી માઈલો દૂર વ્રજભૂમિ, વ્રજભૂમિથી માઈલો દૂર શ્રીનાથદ્વારા, શ્રીનાથદ્વારાથી માઈલો દૂર મુંબઈ, કલક્તા, દિલ્હી વગેરે શહેરો, અને તેથી પણ માઈલો દૂર કાબુલ, સિંગાપુર, વગેરે પરદેશો. જ્યાં રહીને પ્રભુએ નિત્ય બારેમાસની ઝાંખી કરાવી. કાબુલમાં સન ૧૯૬૬થી ભગવદ્ સેવા તો ઘરે બિરાજે, પણ આવડે કાંઈ નહિ. સદૈવ મનમાં થતું કે ક્યારે ભારત રહેવા જવાનું થાય? જેથી પ્રભુની સેવા સમજીને કરી શકાય, અને પ્રભુને સુખ થાય. જો, હું પ્રભુ પાસે જાઉં તો, તે મર્યાદા, પરંતુ પુષ્ટિપ્રભુ તો સામે ચાલી શ્રીનાથદ્વારા નિવાસી ચિ. ગોવિંદ શંકરલાલ નાગદાની આડીથી અહીં સિંગાપુર પધાર્યા. કેવી રીતે જાણવું છે આપને?

આધુનિક સાધનોની મદદથી પ્રભુ જાણે નજીક પધાર્યા. આદતથી મજબૂર રોજ અનોસર બાદ મારી આંગળીઓ સહજ ટેલીફોન પર રમવા લાગી જાય. પરસ્પર ભગવદ્ સ્મરણ થાય અને ચિ.ગોવિંદને પૂછાઈ જાય આજે મારા પ્રભુ કેવા લાગે છે? આજે પ્રભુએ શું ધર્યુ છે? કેવી પિછવાઈ ધરી છે? આજની શું વિશેષતા છે?'' શરૂઆતમાં ગોવિંદ હોંશે હોંશે કહેતો પરંતુ આતો રોજનું થયું. પછી એક દિવસ ગોવિંદે કંટાળીને કે પછી પ્રભુને પ્રકટ થવાની ઈચ્છા હતી તેથી કહ્યું ''મા, આના કરતાં તમને વર્ષભરના શ્રીનાથજીનાં ચિત્રો સિદ્ધ કરાવી આપું તો?'' મને તો ગમતું મળી ગયું. હા પાડી. પોસ્ટકાર્ડ કદના વર્ષભરનાં ચિત્રો તૈયાર થઈ આવ્યાં, પરંતુ આત્મસંતોષ ન મળ્યો. ગોવિંદે ચિત્રો પાછાં લઈ લીધાં. બીજા વર્ષે પોસ્ટકાર્ડ કદના બાર મહિનાના મંગલા અને રાજભોગ દર્શનનાં ચિત્રો તૈયાર થઈને આવ્યાં. તે ચિત્રો જોતાં એમ લાગ્યું કે માહિતી હજી પર્યાપ્ત મળતી નથી. પ્રભુ પ્રસન્નતા માટે શું કરવું તે સમજ પડતી નહતી. અચાનક મને અને ગોવિંદને એકસાથે પ્રભુ પ્રેરણા થઈ કે આપણે સંપૂર્ણ માહિતી મળે તે માટે રોજેરોજના મંગળા અને પિછવાઈ સહિત રાજભોગ દર્શનનાં ચિત્રો તૈયાર કરાવીએ. પ્રભુએ મનોરથ તો કરાવ્યો. પરંતુ આ ભગીરથ કાર્ય માટે શારીરિક શ્રમ અને આર્થિક વ્યવસ્થા કેવી રીતે કરીશું? પ્રભુ કૃપાએ માર્ગ મળ્યો. પ્રભુએ મેળ કરાવી આપ્યો. વર્ષભરનાં ચિત્રજી સિધ્ધ થયાં. પ્રભુની પ્રસન્નતા અનુભવી. પ્રભુને જ્યારે પોતાનું કાર્ય કરાવવું હોય છે ત્યારે પ્રભુ જ સરળતાથી સુમેળ સાધી આપે છે એનું મે અહીં પ્રત્યક્ષ દર્શન કર્યું. પ્રભુએ નિસ્વાર્થ વૈષ્ણવો મેળવી આપ્યા અને ગ્રંથ લેખનનું કાર્ય સરળતાથી પૂર્ણ થયું.

આમ આ મહાયજ્ઞમાં ચિ.ગોવિંદ શંકરલાલ નાગદાના અથાગ પ્રયત્ને ગ્રંથકાર્ય સુંદર, સરલ અને સફળ થયું. મારી જિજ્ઞાસાને સંતોષી સુંદર ચિત્રો તૈયાર કરી આપવા બદલ ચિ. ગોવિંદને અંતરથી આશિષ આપું છું. પ્રભુ આવું સુંદર કાર્ય તેની પાસે હંમેશા કરાવે.

'નિકુંજનાયક શ્રીનાથજી' ગ્રંથ માટે શ્રીનાથજી મંદિરની સેવા પ્રણાલિકા, રાગ-ભોગ-શૃંગારની વિવિધ માહિતી તથા પુષ્ટિસંપ્રદાયની વિશેષ માહિતી મેળવી આપી મારા ઉત્સાહમાં વધારો કરનાર શ્રીનાથદ્વારા નિવાસી વિઠ્ઠલેશ સુગંધી ભંડારવાળા શ્રીગોવિંદભાઈ શંકરલાલ નાગદા, અજંતા સાડીવાળા શ્રીગોપાલપ્રસાદ કાબરા, શ્રીશ્યામસુંદર ભાઈ ભાટિયા પ્રસાદવાળા; શ્રીનાથજીના કીર્તનીયાજી શ્રીરામચંદ્ર કુમાવત, શ્રીનાથજીના

મંદિરના અન્ય સેવક વર્ગ, ભિતરીયાજી વગેરે અન્ય શુભેચ્છકો, શ્રીવિઠ્ઠલનાથજી મંદિરના કીર્તનીયાજી શ્રીભંવરલાલ કુમાવત તથા જેમના હૃદયમાં પ્રેરણા અને કલમમાં શક્તિ શ્રીનાથજીએ પ્રદાન કરી એવા વિઠ્ઠલેશ સુગંધી ભંડારના ચિત્રકારો શ્રીમધુસુદન રાધાકૃષ્ણ શર્મા, શ્રીગિરીશભાઈ પન્નાલાલ શર્મા વગેરેની હું હૃદયપૂર્વક ઋણી છું.

હરિ, ગુરુ અને વૈષ્ણવોના આશીર્વાદથી ગ્રંથ તો રચાઈ ગયો. ગ્રંથ છપાવવા માટે લૌકિક અનુભવ ન હોવાથી આ ગ્રંથને પ્રકટ કરવામાં વિલંબ થયો છે. આ પ્રસંગે મને મારા શ્રીમદ્ ભાગવતના ગુરુજી શ્રીનવનીતપ્રિય શાસ્ત્રીજીની વાત યાદ આવી જાય છે. તેઓ હંમેશા મને કહેતા ''રેખા! તું શા માટે ચિંતા કરે છે? લખાયો એનું નામ ગ્રંથ અને છપાશે તેનું નામ પ્રચાર.'' આ વાક્ય મને ખૂબ બળ અને પ્રોત્સાહન આપતું અને તેથી ભગવત્ પ્રેરણા અનુસાર તથા શ્રીવલ્લભની આજ્ઞા અનુસાર ગ્રંથો તૈયાર કરવાનું કામ ચાલુ રાખ્યું. તેથી જ આજે આપણી પાસે ''નિકુંજનાયક શ્રીનાથજી''ગ્રંથના ૧૨ માસના ૬ ગ્રંથો તૈયાર થયા છે.

આ પ્રસંગે હું તેમનો પણ સાદર સદૈન્ય ઋણસ્વીકાર કરુ છું.

પરિવારનો ઋણાનુબંધ સ્વીકારવો ગમશે :

આ પ્રસંગે મને પૂ. સાસુજી પ.ભ. શ્રીમેવાબેન કલ્યાણજી રાજપોપટ અને પૂ. સસરાજી પ.ભ. કલ્યાણજી કાનજીભાઈ રાજપોપટના આશીર્વચનો યાદ આવે છે. મને પુષ્ટિમાર્ગમાં પ્રવેશ કરાવી બ્રહ્મસંબધ અપાવ્યા બાદ મારી પાસે શ્રીઠાકોરજી માટે વૈવિધ્યપૂર્ણ સામગ્રી સિધ્ધ કરાવી હંમેશા પ્રભુ સન્મુખ રાખતા. પ્રભુની ઝાંખી કરાવી શૃંગારની સમજ આપતા. જોકે મને ઝાઝી સમજ પડતી નહોતી છતાં મારા પર કૃપા કરી મને પુષ્ટિમાર્ગના પંથે વાળતા ગયા. એવા કૃપાળુ પ.ભ. જેને આજે પણ મુંબઈમાં ખાસ કરીને પાર્લાના વૈષ્ણવવૃંદો યાદ કરી ભાવવિભોર બને છે, આંખમાંથી આંસુ સારે છે તેવા મારાં સાસુ તથા સસરાનો સસ્નેહ સાદર ઋણ સ્વીકાર કરું છું.

ત્યારબાદ રાજપોપટ પરિવારના સ્નેહી સ્વજન શ્રીવિરેનભાઈ ખરેખર વંદનીય છે રંગીન કપડામાં ઋષિ (સાધુ) સ્વભાવ દેખાયા વગર રહેતો નહોતો. નાના મોટા સૌના લાડીલા વિરેનભાઈને સૌ ''વી. કાકા'' કહી બોલાવતા. બધી પરિસ્થિતિમાં હસતા અને સૌને હસાવતા રહેતા. તેમનું રાજા દિલ વ્યક્તિત્વ હતું. બધા માટે કાંઈ કરી છૂટવાની તમન્ના સદા જાગૃત રહેતી. મારા ગ્રંથકાર્યમાં મને હંમેશા પ્રોત્સાહન આપતા. ગ્રંથ જલ્દી પ્રકટ કરવા વારે વારે કહેતા ''આશા રાખો, આશા અમર છે'' એ સૂત્રને વારે વારે સંભળાવી મારા ભગવદ્ કાર્યને વેગ આપતા. આવા સદા વંદનીય વ્યક્તિત્વ ધરાવનાર મારા દિયર ગો.વા. શ્રીવિરેનભાઈનું સસ્નેહ ઋણ સ્વીકારું છું.

ત્યારબાદ મારા પિતાશ્રી પ.ભ. ચીમનભાઈ પુરુષોત્તમદાસ ઠક્કરની પણ સહજ યાદ આવી જાય છે. જ્યારે ખબર પડી કે તેમને કેન્સર છે ત્યારે મારે તેમની પાસે ત્રણ મહિના રહેવાનું થયું તે દરમ્યાન પ.ભ. માતા જયવંતી બહેન તથા પિતાશ્રી ચીમનભાઈ સત્સંગ કરવા બેસતા, ત્યારે પ્રયત્નપૂર્વક અર્થ સમજી શ્રીયમુનાષ્ટકનો

પાઠ કરી, સેવા સંબંધી ચર્ચા કરતા. ઘણી વાર એવું બનતું કે મને મારા પિતાશ્રી સેવા બાબત પ્રશ્નો પૂછતા. ત્યારે હું સંતોષકારક જવાબ નહોતી આપી શકતી. આમ મને મારી ઊણપનું ભાન કરાવી મારામાં જિજ્ઞાસાના બીજ રોપતા ગયા. તેવા ગો.વા. પરમ આદરણીય શ્રીચીમનભાઈ પુરુષોત્તમદાસ ઠક્કરનો સાદર સસ્નેહ ઋણસ્વીકાર કરું છું.

આ પ્રસંગે હું મારા પતિ પ.ભ. ભરત કલ્યાણજી રાજપોપટની હૃદયપૂર્વક ખરેખર ખૂબ ઋણી છું. અહીં તો મને ઋણથી બંધાવું ગમશે. જીવન રથ ચલાવવા બંને પૈડા સાથે ચાલે, તો જીવન પંથે સરળતાથી ચલાય, માટે ભગવદ્ ઈચ્છાએ ભગવદ્ કાર્ય માટે ફરી ભૂતલ પર આવવાનું થાય તો ભરત જ મને જીવન સાથી રૂપે ફરી મળે, જેથી જ્યાં છીએ ત્યાંથી જીવન રથયાત્રા ફરી પાછી પ્રભુ તરફ પ્રયાણ કરવામાં વધુ સરળતા અને સફલતા મેળવી શકીએ એવું હું ઈચ્છું છું. મને જ્યારે શ્રીમદ્ ભાગવતના અભ્યાસ અર્થે નડિયાદ જવાનું થતું અને ''શ્રીમદ્ ભાગવતજી તથા નિકુંજનાયક શ્રીનાથજી'' આ બંને ગ્રંથોનાં ચિત્રો તૈયાર કરાવવા માટે મારે મહિનાઓ સુધી નડિયાદ, નાથદ્વારા તથા મુંબઈ રહેવાનું થતું. ત્યારે ત્યારે અહીં મારા પતિ ભરત પ્રભુસેવા, ગૃહકાર્ય અને ઓફિસનું કાર્ય પણ શ્રમિત થયા વગર પ્રસન્નતાપૂર્વક સરળતાથી કરી લેતા અને મારા બાળકો ચિ. શીતલ કૌશિકકુમાર મજેઠીયા, ચિ. મીત્તલ બીરેનકુમાર દેસાઈ, ચિ.રાધિકા રાજીવકુમાર દવે તથા ચિ. મેહુલ પણ પ્રસન્નતાથી રજા આપતા. ભણવામાં પણ તેઓ ખૂબ ધ્યાન રાખી પ્રથમ આવતા, માટે જ તો હું આ બધાંના સહયોગથી સરળતાથી આ ભગવદ્ કાર્યમાં સમય આપી શકી.

જ્યારે જ્યારે ભગવદ્ કાર્ય માટે નડિયાદ, નાથદ્વારા વગેરે સ્થળોએ જવાનું થતું ત્યારે રાજપોપટ પરિવાર તરફથી રોક ટોક વગર સરલ સુવિધાઓ ઉપલબ્ધ કરી અપાતી અને પ્રોત્સાહન પણ મળતું. મુંબઈ સુધીનું બુકિંગ સિંગાપુરથી થઈ જતું, પણ નડિયાદ, નાથદ્વારા, વડોદરા, મહેસાણા વગેરે સ્થળોનાં બુકિંગ પ્રફુલ્લભાઈ અને યશ સોમૈયા હંમેશા કરાવી આપતા. પૂ. હંસરાજભાઈ તથા સરલાભાભી, પૂ. દ્વિરેકભાઈ તથા મોનાભાભી, પૂ.મનુભાઈ તથા દક્ષાભાભી, ચિ. વિરેનભાઈ તથા આશા, ચિ. ધીરેનભાઈ તથા વીણા, શેઠ શ્રીનટવરલાલ મસરાણી તથા અ.સૌ.નયનાબેન અને પ્રવિણભાઈ મશરૂ સૌ મને ભગવદ્ કાર્ય માટે પ્રોત્સાહન આપતાં. મારા લૌકિક વ્યવહારો પણ સાચવી લેતાં. મારી શારીરિક, માનસિક તથા આર્થિક સંપત્તિને રાજપોપટ પરિવારે કોઈ દિવસ નબળી ન પડવા દીધી. સદા સાથ અને સહકાર આપી મારી પડખે રહ્યા. રહેજને! જેઓ પરમભગવદીય મેવાબહેન કલ્યાણજી રાજપોપટના સંસ્કાર સિંચન પામ્યા છે. આ રાજપોપટ પરિવારની પુત્રવધૂ હોવાનું ગૌરવ મને પ્રાપ્ત થયું છે એ ખરેખર મારું સદ્ભાગ્ય છે. તેવી જ રીતે ઠક્કર પરિવારમાં નાનપણમાં મારા સંસ્કારનું સિંચન કરનાર શ્રીનિકુંજલત્તા બેટીજીના કૃપાપાત્ર પરમ ભગવદીય જશવંતીબહેન ચીમનલાલ ઠક્કરના અમી ભર્યા આશીર્વાદનો અનુભવ સદા હું કરું છું. ઠક્કર પરિવારના ચિ. દીપક અને જ્યોતિ, ચિ.જનક અને સ્મિતા, ચિ.ભરત-ભાવના, ચિ.રુપા પ્રફુલ્લ સોમૈયા તથા બાલગોપાલ સિંગાપુર બેઠાં અડધી રાત્રે ફોન કરું તો સૌનો એક જ જવાબ મળતો ''જી બહેન, કાર્ય થઈ જશે.'' આમ મારા તમામ કાર્યને રાત -દિવસ જોયા વગર વેગ આપતા. આમ ઠક્કર પરિવારમાં મને જન્મ મળ્યો તે પણ એક લ્હાવો છે. તેમ અનુભવું છું.

નિ:સ્વાર્થ વૈષ્ણવોની નિ:સ્વાર્થ સેવા :

આજે આ ગ્રંથ પ્રકટ થતાં હૃદયમાં અદ્‌ભુત આનંદ અનુભવી રહી છું. જે વ્યક્ત કર્યા વગર રહી શકાય તેમ નથી. પુષ્ટિમાર્ગમાં શરણે આવી, સિદ્ધાન્તોને દીનતાપૂર્વક પચાવી, નિ:સ્વાર્થ સેવા કરનાર વૈષ્ણવોના સહકારે આજે આ ગ્રંથ સાકાર સ્વરૂપ પામ્યો છે.

સિંગાપુર નિવાસી પ.ભ. શ્રીલક્ષ્મણભાઈ ભાટિયાનું નિ:સ્વાર્થ માર્ગદર્શન, અ.સૌ. મીનાબહેન ભાટિયાની નિ:સ્વાર્થ સહાય અને પ.ભ. અ.સૌ. પારૂલબેન તુષારભાઈ ત્રિવેદીનો નિ:સ્વાર્થ સહકાર હરપળે મળતો રહ્યો. જરૂર પડે પ.ભ. ચંદ્રિકાબેન એમ. શાહ તથા મીનાબેન રમેશચંદ્ર શાહનો પણ અમૂલ્ય સમય મળ્યો.

છેલ્લે ગ્રંથ પ્રકટ કરવામાં વિલંબ થતો જાણી સુપુત્રી નીલાબહેન દેસાઈના આગ્રહથી કે હઠાગ્રહથી વત્સલ માતા અને પિતા પ.ભ. નવીનભાઈ દેસાઈ તથા સરલાબહેન દેસાઈ ગ્રંથકાર્યમાં સહાય કરવા દાહોદથી દોડી આવ્યા. છેલ્લા ત્રણ મહિનામાં અથાગ પ્રયત્ન કરી ગ્રંથની કીર્તન સેવામાં અમૂલ્ય ફાળો તેમણે આપ્યો.

એવી જ રીતે અમદાવાદવાસી અ.સૌ. જયશ્રીબેન દીપકભાઈ સોની તેમજ શ્રીજી પ્રેસવાળા શ્રી જીજ્ઞેશભાઈ મહેશભાઈ પારેખે પણ છેલ્લા બે મહિનામાં ગ્રંથની અન્ય માહિતીનો ઉતારો કરી આપવામાં ખૂબ પ્રયત્ન કર્યો છે.

ગ્રંથ કાર્ય માટે સતત મદદે આવતા વૈષ્ણવોની આગતા સ્વાગતા કરનારા ભારતીબેન પટેલ, શીલા બહેન તથા નાથદ્વારા નિવાસી મોહનજી રાણાવત જેમણે વૈષ્ણવોનું સમાધાન કરવામાં સતત પ્રયત્નશીલ રહી, મારું ગૃહકાર્ય સંભાળી લઈ મને જે મદદ કરી છે તે ખરેખર ખૂબ જ સરાહનીય છે.

- રેખાબેન ભરતભાઈ રાજપોપટ

સાકાર થયેલું સ્વપ્ન

શ્રીગોવર્ધનધર પ્રભુએ કૃપા કરી અને આ 'નિકુંજનાયક ગ્રંથશ્રેણી'ના સંકલનનું કાર્ય મને સોંપ્યું તેને હું મારું મહદ્ ભાગ્ય સમજું છું.

શ્રીરમેશભાઈએ તેમની ૫૯મી વર્ષગાંઠે લખ્યું. 'થોડા દિવસોથી શ્રીજી એક જ આજ્ઞા કરી રહ્યા છે. 'મેરે સ્વરૂપકો પ્રકાશ કર'. મન પૂછે છે : કેવી રીતે કરું? શ્રીવલ્લભની આજ્ઞા થાય છે. એમની નિત નવી છબીનાં દર્શનથી. એ દર્શન પુષ્ટિજીવોને સ્વરૂપાસક્તિ કરાવશે. સ્વરૂપાસક્તિથી સ્વરૂપનિષ્ઠા બનશે. સ્વરૂપનિષ્ઠાથી સ્વરૂપાનંદ મળશે.'

શ્રીજીબાવાની આ આજ્ઞાના પાલન માટે તેમણે શ્રીજીબાવાનાં નિત્યનાં વસ્ત્ર-શૃંગારના ચિત્રજી બનાવવા માટે ચિત્રકાર શ્રીશ્યામસુંદરજીને ઓર્ડર આપ્યો. એક દિવસનું ચિત્ર બનાવીને તેમણે મોકલ્યું; પરંતુ તેમાં ઘણો સમય લાગ્યો. રમેશભાઈને થયું : આ રીતે ચિત્રજી બનશે તો મારાથી આ કાર્ય પૂર્ણ નહિ થઈ શકે. તેમની કીડની ડેમેજ થવા માંડી હતી અને પોતે હવે કેટલો સમય કાર્ય કરી શકશે તેનો તેમનો ખ્યાલ આવી ગયો હતો.

તેમને યાદ આવ્યું. સિંગાપુરમાં શ્રીમતી રેખાબેને આ પ્રકારનાં ચિત્રજી બનાવ્યાં છે. તેમની પાસે ચિત્રજીની માગણી કરતાં તેમણે લખ્યું : 'શ્રીજીના ૩૬૦ દિવસનાં શૃંગારના ચિત્રજી તમે તૈયાર કરાવ્યાં છે. જો તમે મને તે આપી શકો તો હું એ ચિત્રો મલ્ટીકલરમાં છપાવી તેના વસ્ત્ર, શૃંગાર, કીર્તનની વિગતો સાથે એક સુંદર પુસ્તક તૈયાર કરી પ્રકટ કરું. બજેટ મોટું થાય પણ જ્યારે યજ્ઞકર્તા આજ્ઞા કરે ત્યાં બધું સ્વતઃ પ્રાપ્ત થાય.'

રેખાબેન ચિત્રજી મોકલે તે પહેલાં શ્રીરમેશભાઈનો ગોલોકવાસ થયો અને તેમનું શ્રીજીબાવાની આજ્ઞાનું પાલન કરવાનું સ્વપ્ન અપૂર્ણ રહ્યું.

પરંતુ શ્રીગોવર્ધનધર પ્રભુની ઇચ્છા પોતાના સ્વરૂપનો પ્રકાશ કરવાની હતી. એમની ઇચ્છાને કોણ રોકી શકે? રેખાબેનને પ્રેરણા થઈ. તેમણે તૈયાર કરાવેલાં શ્રીનાથજીનાં વર્ષભરનાં ૮૦૦ જેટલાં ચિત્રજી અને તે અંગે એકત્ર કરેલી વસ્ત્ર, શૃંગાર, કીર્તનની સર્વ વિગતો, શ્રીહરસાનીજી ટ્રસ્ટ દ્વારા પ્રકાશિત થાય તે હેતુથી રમેશભાઈને શ્રધ્ધાંજલિ રૂપે શ્રીહરસાનીજી ટ્રસ્ટને આપવાની તેમની ઇચ્છા પ્રદર્શિત કરી.

શ્રીજીની આજ્ઞા અને શ્રીરમેશભાઈની ઇચ્છાને માન આપી શ્રીહરસાનીજી ટ્રસ્ટ તરફથી સ્વરૂપદર્શનના આ ગ્રંથને પ્રકાશિત કરવાનું વિચાર્યું; પરંતુ લાખો રૂ.ના બજેટવાળા આ કાર્યને પાર પાડવા આર્થિક વ્યવસ્થા કઈ રીતે કરવી તે એક મોટો પ્રશ્ન હતો. પૂ.ગો. ૧૦૮ શ્રી ઈન્દિરાબેટીજી મહોદયા અને પૂ.ગો. ૧૦૮ શ્રી નિકુંજલતાબેટીજીએ આશીર્વાદ આપતાં આજ્ઞા કરી : 'શ્રીગોવર્ધનધર પ્રભુ તમારી પાસે આ કાર્ય જરૂર કરાવશે. તમે શરૂ કરો. અમે તમારી સાથે છીએ.'

ચિ. અમિતે નાથદ્વારા જઈ શ્રીજીબાવાને દંડવત્ કરી આ ગ્રંથના પ્રકાશન માટે આજ્ઞા માગી. સાથે સાથે મનોમન વિનંતી કરી : 'મહારાજ, આપની ઇચ્છા આપના સ્વરૂપનો પ્રકાશ કરવાની છે. જો મારા દ્વારા આપને

આ કાર્ય કરાવવું હોય તો તે માટે આપ કૃપા કરી મને શક્તિ આપજો. આવા વિશાળ ગ્રંથનું ટાઈપ સેટીંગ, મુદ્રણ વગેરે મારી શક્તિથી નહિ થાય.'

પ્રભુની કૃપાનો અનુભવ તરતજ થયો. બધાં જ ચિત્રજી રેખાબેનને ત્યાં મુંબઈમાં બિરાજતાં હતાં. તેમણે તે મહેસાણા મોકલી આપ્યાં. ચોમાસામાં એમના ઘરમાં પુષ્કળ પાણી ભરાઈ ગયાં. તેઓ સિંગાપુર હતાં. ૧૫ દિવસ બાદ આવ્યાં ત્યારે જોયું તો ઘરનો તમામ કિંમતી સામાન પલળીને નકામો થઈ ગયો હતો. ચિત્રજી મહેસાણા હતાં તેથી બચી ગયાં. મહેસાણામાં જે રૂમમાં ચિત્રજી હતાં તે રૂમની છતમાંથી ચોમાસામાં વરસાદનું પાણી પડતું હતું. મહેસાણામાં આ વર્ષે વરસાદ ન પડ્યો અને ચિત્રજીને કોઈ આંચ ન આવી. શ્રીજીબાવાની ઈચ્છા પોતાના સ્વરૂપનો પ્રકાશ કરવાની છે અને આપ જ કૃપા કરી આ કાર્ય કરાવી રહ્યા છે તેવી અનુભૂતિ થઈ.

કાર્ય શરૂ થયું. વૈષ્ણવોએ મનોરથી બનીને અને આગોતરા ગ્રાહક તરીકે નામ નોંધાવીને અભુતપૂર્વ સહકાર આપ્યો. અમારા પ્રયત્નોને વિશેષ બળ મળ્યું. પ્રભુની ઈચ્છાથી જ આ કાર્ય થઈ રહ્યું છે અને તેઓ જ કરાવી રહ્યા છે એવો અહેસાસ દરેક પગલે દઢ થતો ગયો.

ગ્રંથના સંકલનનું કાર્ય શરૂ કર્યું. સેવા પ્રકાર વિશેના ગ્રંથોનો અભ્યાસ કરતાં લાગ્યું કે સેવા પ્રકાર તો સેવા સાગર છે. તેનો પાર પામવો જીવને માટે મુશ્કેલ છે; છતાં વૈષ્ણવોને પોતાના ઘરની નિત્યની સેવામાં માર્ગદર્શન મળે તે હેતુ નજર સામે રાખી શક્ય તેટલી સરળ ભાષામાં, જરૂરી વિગતો આપવાનો પ્રયત્ન કર્યો. નિત્યના સાજ, વસ્ત્ર, શૃંગાર, અત્તર, સામગ્રી, વિશેષતાઓ અને કીર્તનો જેવી વિગતોને પ્રાધાન્ય આપ્યું.

ગ્રંથોના અને ચિત્રજીના અભ્યાસ ઉપરથી એક બીજી વાત પણ ધ્યાનમાં આવી. વર્ષભરના ૩૬૦ દિવસમાંથી ફક્ત બાવન દિવસના શૃંગાર જ નિશ્ચિત છે. બાકીના દિવસોમાં શ્રીજીબાવા યથેચ્છ શૃંગાર ધારણ કરે છે. તેથી એવું પણ બને કે આ ગ્રંથના ચિત્રજીમાં એક તિથિએ જે વસ્ત્ર-શૃંગાર ધરાયા હોય તે તિથિએ બીજા વર્ષે એ જ વસ્ત્ર-શૃંગાર ન પણ ધરાયા હોય. કોઈ બીજા જ શૃંગાર થયા હોય. અવનવાં વસ્ત્રો ભક્તોના મનોરથના અંગીકાર થયાં હોય. નૂતન સાજ બન્યા હોય. પરંતુ સમગ્ર વર્ષના ૩૬૦ દિવસનાં ચિત્રજીનાં દર્શન કરતાં વૈષ્ણવોને દરેક પ્રકારના શૃંગારની સમજ મળી જાય તે રીતે આ ગ્રંથમાં વિગતો દર્શાવવાનો પ્રયત્ન કર્યો છે.

આ ગ્રંથમાં લેવાયેલ ચિત્રજી ઈ.સ. ૧૯૯૫-૯૬ના વર્ષમાં બન્યા છે. તે વર્ષે દિવાળીના દિવસે ગ્રહણ હતું; તેથી અન્નકૂટ ઉત્સવ કારતક સુદ નોમના દિવસે થયો હતો. વૈષ્ણવો દ્વિધામાં ન પડે તેથી બીજા વર્ષના દિવાળી-અન્નકૂટના દિવસના શૃંગાર પ્રમાણે ચિત્રજી બન્યાં છે. વળી તે વર્ષમાં જે ક્ષય તિથિઓ હતી તે તિથિઓનાં ચિત્રજી પણ બીજા વર્ષની તે તિથિના શૃંગાર પ્રમાણે બન્યાં છે.

ગ્રંથનું સંકલન કાર્ય શરૂ થયું ત્યારથી અનેક વૈષ્ણવોની માગણી રહી કે દરરોજના વસ્ત્ર-શૃંગારની સાથે દરરોજ ગાવાનાં કીર્તનો પણ આપો તો સારું, જેથી અમને કયા દિવસે, કયા સમામાં, કયું કીર્તન ગાવું તેની સમજ મળે. આ માગણીને ધ્યાનમાં રાખી શ્રીજીબાવા સન્મુખ ગવાતાં કીર્તનોની નાથદ્વારાના કીર્તનીયાજીએ આપેલી નોંધ ઉપરથી દરરોજનાં ચાર કીર્તનો - મંગળા, શૃંગાર, રાજભોગ અને શયન સમયના આ ગ્રંથમાં

લીધાં છે. ઉત્સવોના દિવસોએ વિશેષ કીર્તનો આવે તે પણ લીધાં છે. સાથે સાથે ઉત્સવનાયકનાં ચિત્રજી અને તેમનો પરિચય પણ લીધો છે. વૈષ્ણવોને કીર્તનોનું આ સંકલન વિશેષ કીર્તનો બોલવા માટે જરૂર માર્ગદર્શન આપશે તેમ હું માનું છું.

શ્રીજીબાવાના ઘરની સામગ્રીનો પ્રકાર ખૂબ વિશાળ છે. વૈષ્ણવો માટે એ પ્રકારનું અનુસરણ અશક્ય છે. તેથી વૈષ્ણવો માટે શક્ય બને તેવો સામગ્રીનો પ્રકાર શ્રીલલ્લુભાઈ છગનભાઈ દેસાઈના પ્રાચીન પુસ્તક 'શ્રી પુષ્ટિમાર્ગીય સેવા પ્રકાશ'માંથી લીધો છે. તે માટે તેમનું ઋણ સ્વીકારું છું.

શ્રીમતી રેખાબેન રાજે વર્ષોની જહેમતે નિજાનંદ માટે તૈયાર કરાવેલાં ચિત્રજી અને એકત્ર કરેલી સર્વ માહિતી સૌ વૈષ્ણવોના લાભાર્થે પ્રકાશિત કરવા માટે શ્રીહરસાનીજી ટ્રસ્ટને આપી તેમજ આ પ્રકાશન કાર્ય માટે તેમણે આ ટ્રસ્ટને સક્ષમ ગણ્યું તે બદલ તેમનો અને તેમના સમગ્ર પરિવારનો હું ખૂબ ખૂબ આભાર માનું છું.

પૂ.ગો. ૧૦૮ શ્રી ઈન્દિરાબેટીજી મહોદયા અને પૂ.ગો. ૧૦૮ શ્રીનિકુંજલતા બેટીજી મહોદયાએ આ કાર્ય માટે કૃપા કરી આશીર્વાદ આપ્યા, મને તે માટે પ્રોત્સાહિત કરી તેમજ ખૂબ સુંદર માર્ગદર્શન આપી કાર્ય કરાવ્યું તે માટે હું આપશ્રીની સદાય ઋણી રહીશ.

જે વૈષ્ણવોએ મનોરથી બની આ ગ્રંથના પ્રકાશનમાં સહયોગ આપ્યો છે અને પડતર કિંમત કરતાં પણ ઓછી કિંમતે વૈષ્ણવોને પહોંચાડવા માટે પોતાના દૈવી દ્રવ્યનો વિનિયોગ કરાવ્યો છે તે સૌનો પણ અત્રે ખૂબ આભાર માની તેમના પ્રત્યે મારી પ્રસન્નતા વ્યક્ત કરું છું.

ચિ. અમિતે તેનાં કાર્યોની અત્યંત વ્યસ્તતા વચ્ચે પણ ખૂબ જહેમત લઈ, આ ગ્રંથનું સુંદર ટાઈપ સેટીંગ, મુદ્રણ વગેરે માટે અથાગ પ્રયત્નો કર્યા છે. તેના પ્રત્યે મારી પ્રસન્નતા વ્યક્ત કરી શ્રીગોવર્ધનધર પ્રભુ સદાય તેની પાસે આવાં સુંદર ગ્રંથો તૈયાર કરાવવાની કૃપા કરે તેવા આશીર્વાદ આપું છું.

આ ગ્રંથના કાર્યમાં શરૂઆતથી જ ખૂબ રસ લઈ, માર્ગદર્શન આપી દરેક રીતે મદદરૂપ થનાર શ્રીવિજયભાઈ દેસાઈ અને ગીતાબેન દેસાઈનું પણ ઋણ સ્વીકારું છું.

નિકુંજનાયક શ્રીનાથજીબાવાની કૃપાથી જ આજે એમની આજ્ઞા અને શ્રીરમેશભાઈનું સ્વપ્ન સાકાર થઈ રહ્યું છે ત્યારે શ્રીજીબાવાનાં યુગલ ચરણકમલોમાં સદૈન્ય, સહર્ષ દંડવત્ પ્રણામ કરી આપે તૈયાર કરાવેલો ગ્રંથ આપના જ ચરણકમલોમાં સાદર સમર્પણ કરી કૃતાર્થ થાઉં છું. આમાં જો કોઈ ક્ષતિ રહી ગઈ હોય તો તે માટે સૌ મને ક્ષમા કરે તેવી વિનંતી સાથે વિરમું છું.

- વસંતબેન ર. પરીખ

ગ્રંથવિમોચન પ્રસંગે આશીર્વાદ

પૂ.પા.ગો. ૧૦૮ શ્રી ઈંદિરાબેટીજી મહોદયા (સૂરત-વડોદરા)

પ્રિય વૈષ્ણવજનો, આ 'નિકુંજનાયક શ્રીનાથજી' એક અદ્ભુત ગ્રંથ છે. હું એમ કહીશ કે શ્રીજીબાવાએ રેખાના હૃદયમાં બિરાજમાન થઈને આ ગ્રંથનું લેખન કરાવ્યું છે. આ ગ્રંથ ઓથેન્ટીક એટલા માટે છે કે એમણે વારંવાર નાથદ્વારા જઈ, શ્રીનાથજીની સેવા પ્રણાલિકા છપાયેલા જુદા જુદા ગ્રંથો દ્વારા મેળવી, આ ગ્રંથ તૈયાર કર્યો છે. આ ગ્રંથ માટેનું એમનું સમર્પણ, એમની લગની, કાર્ય કરવાનું ગાંડપણ, એ મેં વર્ષોથી જોયું છે, કોઈ સ્વપ્ન જુએ અને તે સાકાર થાય ત્યારે કેટલો આનંદ આવે ?

આ ગ્રંથમાં શ્રીજીબાવાના ખૂબ સુંદર ચિત્રો અને સાથે સાથે કયા દિવસે કયાં વસ્ત્ર, શૃંગાર ધરાય છે, કયાં કીર્તન ગવાય છે, કઈ સામગ્રી ધરાવાય છે એની વાત પણ છે. વૈષ્ણવોને અને દેશ-વિદેશમાં આવેલા શ્રીનાથજીના મંદિરોમાં પણ સેવા કેવી રીતે કરવી તેનું માર્ગદર્શન આ પુસ્તક દ્વારા મળશે.

આ પુસ્તક તૈયાર કરવા બદલ કયા શબ્દોમાં રેખાબેનનું સન્માન કરવું એ મને જડતું નથી. આ પુસ્તકમાં એમનું હૃદય રેડાયું છે. એની પાછળ એમણે પોતાનું સમર્પણ કર્યુ છે. કલાકોના કલાકો આપ્યા છે. આવું આ એકજ પુસ્તક નહિ એમણે આખું ભાગવત સચિત્ર તૈયાર કર્યુ છે. ભાગવતજીના હજારો ચિત્રો તૈયાર કરાવ્યાં છે. મને આશ્ચર્ય થાય છે કે જેને સંસ્કૃત નથી આવડતું એને શ્રીમદ્ ભાગવતજી કેવી રીતે આવડવા માંડ્યું?

સાથે સાથે હું વસંતબહેનને પણ ખૂબ ખૂબ ધન્યવાદ આપું છું. આ ગ્રંથની સર્વ માહિતી એકઠી થયા પછી એને સંકલિત કરીને છપાવવાનું આ બહુ મોટું કાર્ય હતું. છપાવીને વૈષ્ણવો સુધી પહોંચાડવાનું હતું. આવડી મોટી ગ્રંથશ્રેણી - જેના ૬ દળદાર ગ્રંથો બનશે તે સબ્સીડાઈઝ કરીને (પડતર કિંમત કરતાં પણ ઓછી ન્યોછાવરે) વૈષ્ણવો સુધી પહોંચાડવાના હતા. તેથી જ વસંતબેનને ધન્યવાદ આપીશ કે તેમણે

શ્રીહરસાનીજી પબ્લિક ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા આવડું મોટું કાર્ય ઉપાડ્યું. લાખો રૂપિયાનું આ કામ છે. અને ઠાકોરજીનું કાર્ય શ્રીઠાકોરજી જ પૂર્ણ કરાવે છે. તે રીતે લખનાર રેખાબેન અને છપાવીને પ્રસિદ્ધ કરનાર શ્રીહરસાનીજી ટ્રસ્ટ બંનેને શ્રીજીબાવાએ ખૂબ મદદ કરી. અને પ્રભુકૃપાથી આ ગ્રંથ તૈયાર થઈ રહ્યો છે.

આ ૭ ગ્રંથો તમે તમારા ઘરમાં રાખજો. હું તો એમ કહીશ કે આ ગ્રંથો એ તમારા ઘરનું ઘરેણું બનશે. બીજાં ઘરેણાં નહિ હોય તો ચાલશે પણ આ ઘરેણું જરૂર વસાવજો, વસાવજો અને વસાવજો જ.

ચાર હજારથી વધુ પડતર કિંમત વાળી આ ગ્રંથશ્રેણી રૂા. બે હજારમાં જેણે પહેલાં નોંધાવ્યું તેમને આપવાની છે. હવે જેમને જોઈએ તેને રૂા. ૨૫૦૦/-માં અપાશે. આવા ૬ ગ્રંથો રૂા. ૨૫૦૦/-માં મળે તે ખૂબ સારું કહેવાય. તે માટે વસંતબેન અને હરસાનીજી ટ્રસ્ટને ધન્યવાદ આપું છું. અને રેખાબેનનું તો ઋણ સ્વીકારું છું. મેં આ કાર્ય કરતાં એને ખૂબ જોઈ છે. આ રેખા અમારી છે અને વર્ષોથી અમારી સાથે જોડાયેલી છે. આત્મીયતા એટલી બધી છે કે મારાથી એને રેખા કહેવાઈ જાય છે. મને એને માટે ખૂબ પ્રેમ છે અને એના પરિવાર માટે પણ એટલો જ ભાવ છે.

એના એક ગ્રંથના મનોરથી બનનાર મજીઠિયા પરિવારને પણ હું ધન્યવાદ આપું છું. વૈષ્ણવજનો, આપણા સંપ્રદાયનું આ એક રત્ન તૈયાર થઈ રહ્યું છે. વર્ષો સુધી સંપ્રદાય એને યાદ કરશે. આ ગ્રંથ ગુજરાતીમાં લખાયેલો છે. મારો મનોરથ છે કે એને અંગ્રેજીમાં પણ તૈયાર કરવો. જો અંગ્રેજીમાં તૈયાર થશે તો આખા વિશ્વમાં સૌને, જેઓ વૈષ્ણવ નથી તેમને પણ, આ ગ્રંથનો લાભ મળશે. અમદાવાદથી શ્રીઅમિત અંબાલાલે તૈયાર કરાવેલું આવું એક પુસ્તક આખા વિશ્વમાં પ્રસિદ્ધ બન્યું છે. તે જ રીતે આ ગ્રંથ કેવળ ભારતમાં જ નહિ પણ વિશ્વવ્યાપી ગ્રંથ છે. આ ગ્રંથ માટે આ બંને બહેનોનું સન્માન કરું છું. આખા રાજપરિવારનું સન્માન કરું છું. કારણ આ કાર્ય માટે સપોર્ટ તો એમના પરિવારે કર્યો છે.

એક એક ચિત્ર હજારો રૂપિયાનું થાય એવાં ૩૬૦ દિવસના ૮૦૦ ચિત્રજી શ્રીજીબાવાનાં આ ગ્રંથમાં છે. ભાગવતજીનાં પણ ઘણાં ચિત્રજી એમણે તૈયાર કરાવ્યાં છે. કોઈની પાસેથી ડોનેશન લીધા વગર આ કાર્ય થયું છે. આ ગ્રંથને છપાવનાર વસંતબેન પણ કેટલા ત્યાગી છે. પોતાને મળતા પેન્શનમાંથી જિંદગી ગુજારે છે. એમનો દીકરો અમિત પણ પોતાનો નાનકડો બીઝનેસ કરે છે અને આ સર્વ કાર્ય સેવાભાવથી કરે છે. મને રમેશભાઈના આવા પરિવાર ઉપર બહુ નાઝ છે. મને રમેશભાઈના પરિવારના ત્યાગ ઉપર બહુ નાઝ છે! રમેશભાઈનું અધૂરું કાર્ય વસંતબહેને અને અમિતે ઉપાડી લીધું છે. આગળ ચલાવ્યું છે અને મને વિશ્વાસ છે કે વસંતબેનની સાથે સાથે આ અમિત અને તેનો પરિવાર પણ વર્ષો સુધી હરસાનીજી પબ્લિક ચેરીટેબલ ટ્રસ્ટનું આ કાર્ય કરતો રહેશે અને રમેશભાઈનું સ્વપ્ન હંમેશા સાકાર રહેશે.

■

માઈ આજ ઔર કાલ ઔર નિત્ય પ્રતિ ઔર ઔર

પૂ.પા.ગો. ૧૦૮ શ્રી નિકુંજલતાબેટીજી મહોદયા (સુરત-મુંબઈ)

પુષ્ટિભક્તિ એટલે સ્નેહપૂર્વક પ્રભુની સેવા. જે પ્રીતની રીતથી સારસ્વતકલ્પમાં વ્રજભક્તોએ પ્રભુની સેવા કરી, ખૂબ લાડ લડાવ્યા એ જ પ્રીત અને રીત શ્રીમદ્ વલ્લભાચાર્યજીએ આ યુગમાં સેવામાર્ગ પ્રકટ કરી સેવામાં યોજી. શ્રીનાથજીબાવાના પ્રાકટ્ય થયા પછી શ્રીગિરિરાજજીમાંથી બહાર પધરાવી, મંદિરમાં પાટ પધરાવ્યા અને તેમની સેવાનો ક્રમ ચાલુ કર્યો.

ત્યારબાદ પ્રભુચરણ શ્રીગુસાંઈજીએ શ્રીનાથજીની ઈચ્છાનુસાર સેવાનો વિસ્તાર કર્યો. રાગ, ભોગ, શૃંગાર સભર સેવાની પ્રણાલી વ્યવસ્થિત કરી. સેવામાં 'રાગ'માં અષ્ટછાપની રચનાઓ-દૈનિક તેમજ ઋતુ ઋતુના રાગરાગિણી સભર સમય સમયનાં કીર્તનોનું સુંદર નિયોજન કર્યું. 'ભોગ'માં મંગળાથી લઈને શયન પર્યન્ત તથા નિત્ય તેમજ ઉત્સવોમાં વિશેષ સામગ્રીના પ્રકારોનો વિસ્તાર કર્યો. એ જ રીતે શૃંગારોનું ખૂબ સુંદર રીતે સંકલન કર્યું. રાગ, ભોગ, અને શૃંગાર દ્વારા સમસ્ત કલાઓને શ્રી..ની સેવામાં નિયોજી. આ રીતે પુષ્ટિમાર્ગીય સેવા પ્રણાલી અદ્ભુત અને અનુપમ બની, જે પુષ્ટિમાર્ગની આગવી વિશિષ્ટતા છે.

સર્વના લાડીલા શ્રીનાથજીબાવા નિત્ય નવીન રંગબેરંગી, વિવિધ ભાત અને પ્રકારનાં વસ્ત્રો ધરી તથા નિત્ય નૌતમ, સુંદર સુંદર વિવિધ ભાવોને અનુરૂપ શૃંગાર ધરી દર્શન આપે છે. દર્શન કરવા આવનાર અનેક ભાવુકોના ચિત્તને ચોરી લઈ રસ સમુદ્રમાં ડૂબાડી દે છે. મનમોહિત કરવાવાળી ચાહે મંગળાની ઝાંખી હોય યા શૃંગાર ધર્યા પછીની કોઈપણ ઝાંખી હોય, શ્રીજીનાં વદનકમળનાં દર્શન કરતાં ભાવિકોના મનમાં એજ ભાવ હોય છે કે **શ્રીજી મેરા એસા રસિયા મુજને બોલાવે વ્હાલો ઘડી ઘડી.** દર્શન કરતાં મન ધરાતું નથી. ફરી ફરીને દર્શન કરવાની ઈચ્છા થતી રહે છે.

પ્રત્યક્ષ દર્શનનો આનંદ તો અનેરો છે પણ ઘેર બેઠાં પણ શ્રીનાથજી બાવાની નિત્ય નૂતન, અલૌકિક, દિવ્ય ઝાંખી થાય અને રોજેરોજની વસ્ત્ર-શૃંગારની સમજ મળે તેવા ઉચ્ચ હેતુ સાથે અદ્ભુત, અનોખી ગ્રંથશ્રેણી 'નિકુંજનાયક શ્રીનાથજી' ત્રણસોને સાઈઠ દિવસના મંગળા તથા શૃંગારના ચિત્રો તથા તે તે દિવસની સેવાની સંપૂર્ણ માહિતી સહિત તૈયાર થઈ રહી છે તે ખરેખર ખૂબ જ સરાહનીય

છે. જે ગ્રંથશ્રેણીના છ ગ્રંથોમાંથી પ્રથમ ગ્રંથ આજે પ્રકટ થઈ રહ્યો છે. તે ખૂબ આનંદનો વિષય છે. ગ્રંથમાં ચૈત્ર અને વૈશાખ માસના ૬૦ દિવસના શ્રીજીબાવાના ચિત્રજી છે તેમજ શૃંગાર, સામગ્રી, કીર્તન વગેરેની વ્યવસ્થિત રીતે માહિતી આપવામાં આવી છે.

આવો સુંદર ગ્રંથ તૈયાર કરવાનો યશ સિંગાપોર નિવાસી શ્રીમતી રેખાબેન ભરતભાઈ રાજને જાય છે. સિંગાપોરમાં રહી ચિત્રજી સહિત આ પ્રકારના ગ્રંથને તૈયાર કરવાનું કાર્ય ઘણું જ અઘરું હતું. ખૂબ જ ખર્ચાળ હતું. ખૂબ જ મહેનત માગી લે તેવું હતું. પણ હકીકતમાં પ્રભુનું કાર્ય પ્રભુ જ પૂર્ણ કરે છે. રેખાબેને અથાગ મહેનત કરી શ્રીજીની કૃપાથી જ આ કાર્ય પાર પાડ્યું. જેની હું હંમેશા સાક્ષી રહી છું.

ચિત્ર હોય કે લખાણ હોય, નાનામાં નાની ભૂલને પણ ચલાવી ન લેવાની રેખાબેનની ભાવનામાં તેમની સૂઝબૂઝ, ઝીણવટ તથા કાર્યનિષ્ઠાનાં દર્શન થાય છે. રેખાબેને તન, મન અને ધન ત્રણે રીતે ખૂબ જ પરિશ્રમ કરી આ અદ્ભુત, રસમય ગ્રંથ તૈયાર કર્યો છે.

તેમણે પોતાના સેવ્ય સ્વરૂપને માટે સેવાપ્રણાલીની જાણકારીની જિજ્ઞાસામાંથી પ્રગટેલ ચિનગારી આ ગ્રંથ દ્વારા સમસ્ત વૈષ્ણવો સુધી પહોંચે એવી ભાવનાથી કોઈપણ પ્રકારની અપેક્ષા વગર આ ગ્રંથ તૈયાર કર્યો. ખરેખર શ્રીજીએ જ તેમના હૃદયમાં બિરાજી પ્રેરણા કરી અને પોતે જ તે પૂર્ણ કરી. પુષ્ટિમાર્ગનો પહેલો જ આવો અદ્ભુત ગ્રંથ, ખૂબ જ સુંદર ગ્રંથ તૈયાર કરવા બદલ રેખાબેનને મારા હૃદયના પ્રેમભર્યા ખૂબ ખૂબ આશીર્વાદ તથા અભિનંદન આપું છું.

સાથે સાથે આવો અમૂલ્ય ગ્રંથ પ્રકાશિત કરવા બદલ શ્રીમતી વસંતબેન પરીખ તથા શ્રીહરસાનીજી ટ્રસ્ટને પણ મારા અંતઃ કરણના આશીર્વાદ તથા અભિનંદન આપું છું. જેના ચિત્રો વગેરે તૈયાર કરવામાં અને છપાવવામાં સારો એવો ખર્ચ કરવામાં આવ્યો છે તેવો આ ગ્રંથ વૈષ્ણવોને શક્ય તેટલી ઓછી ન્યોછાવરથી મળે તેવા પ્રયાસો કરવામાં શ્રીહરસાનીજી ટ્રસ્ટની પરિવારની ભાવનાનાં દર્શન થાય છે. આ ગ્રંથમાં આ ટ્રસ્ટનું પણ ખૂબ મોટું યોગદાન છે. આ ગ્રંથની સર્વમાહિતીનું સંકલન કરી છ ગ્રંથોમાં ગ્રંથશ્રેણી પ્રકાશિત કરવા માટે હું શ્રીમતી વસંતબહેન તથા શ્રીહરસાનીજી ટ્રસ્ટને ખૂબ ખૂબ ધન્યવાદ આપું છું. ગ્રંથના કોમ્પ્યુટર ટાઈપ સેટીંગ તથા સુચારુ મુદ્રણ માટે ચિ. ભાઈ અમીતને પણ ખૂબ ખૂબ ધન્યવાદ ઘટે છે.

ખરેખર, આવો અમૂલ્ય ગ્રંથ વૈષ્ણવોએ, જેને શ્રીનાથજીબાવામાં પ્રીતિ છે તે સર્વેએ વસાવવો જોઈએ. પોતાનાં કિમતી ઘરેણાં કરતાં પણ અમૂલ્ય ગણવો જોઇએ. આ ગ્રંથ દરેકને પોતાના ઘરના સેવ્ય શ્રીઠાકોરજીની સેવા માટે ઘણો ઉપયોગી છે. તેમજ શ્રીજીની નિત્ય નૌતમ, તે તે દિવસની ઝાંખી માટે પણ ઉપયોગી છે.

રેખાબેનની નિષ્કામ ભાવના વૈષ્ણવોના હૃદય સુધી પહોંચે અને વૈષ્ણવો આ ગ્રંથ દ્વારા સાજ, વસ્ત્ર, શૃંગાર વગેરેની સમજ મેળવી પોતાના શ્રી...ને વિશેષ લાડ લડાવે અને શ્રીજીની નિત્ય નૌતમ ઝાંખી કરે એ જ અભિલાષા અને આશીર્વાદ.

■

નિત્ય નૂતન સ્વરૂપ-લીલા-શૃંગારવસ્ત્ર

શ્રી નવનીતપ્રિય શાસ્ત્રીજી (નડિયાદ)

યદ્યપ્યસૌ પાર્શ્વગતો રહોગતસ્તથાપિ તસ્યાંઘ્રિયુગં નવં નવમ્ ।
પદે પદે કા વિરમેત તત્પદાચ્ચલાપિ યચ્છ્રીર્ન જહાતિ કર્હિચિત્ ॥
(શ્રીમદ્ ભાગવત-૧-૧૧-૩૩)

દ્વારકામાં રાજમહિષીજીઓને તો ભગવાન પાસે જ રહેલા, તેમાં પણ એકાન્તમાં ! સૌની ભાવનાનુસાર ભગવાનતો વિહરે છે, છતાં તેમનું ચરણયુગલ તો નિત્યનૂતન! ભક્તિથી કે ધર્મથી કે લોકરીતે પણ ભગવાનનું ચરણપ્રક્ષાલન કરતાં કે સંવાહન-સેવા કરતાં મનોરથ તો ચરણયુગલને હૃદયે પધરાવવાનો થાય. તે તો અત્યંત રસાવિર્ભાવમાં સંભવે. ભગવાનના ચરણારવિંદ તો નિત્ય નૂતન છે. ક્ષણે ક્ષણે કે પગલે પગલે તે તો નૂતનથી પણ નૂતન છે. આથી મનોરથ તો પૂરો ન થાય, કોણ તેનાથી વિરત થાય? એક સેવા - મનોરથ પૂરો થાય ત્યાં તો નવાનો આરંભ થઈ જાય! લક્ષ્મીજી તો ચંચલ! સ્વભાવ છે ને? તેઓ ચરણ સેવા કરે. સ્વભાવવશ એક સેવા કરીને અન્યત્ર જવા ઈચ્છે! પણ ચરણ તો નિત્ય નૂતન! એક સેવા પણ પૂરી ન થાય! નિત્ય નૂતન છે ભગવાનનું ચરણ યુગલ! ક્યારેક ઈન્દ્રનીલમણિશું! ક્યારેક મેઘશ્યામ! ક્યારેક કુવલય (શ્યામકમલ) જેવું! આથી લક્ષ્મીજી ભગવાનને-ભગવાનની ચરણસેવાને ક્યારેય છોડી ન શકે! ચંચલ છતા અચલ થઈ જાય! નિત્ય નૂતન છે ને? આ તો છે સ્વરૂપની નૂતનતા!

'નિત્ય લીલા નિત્ય નૌતમ શ્રુતિ ન પામે પાર' શ્રીવલ્લભાખ્યાનમાં નિત્ય લીલા અને તેની નિત્ય નૂતનતા કહી છે. લીલામાં પણ નિત્ય નૂતનતા અનુભવાય! રસાવેશ વધતો જ જાય!

આજ ઓર કાલ ઓર, નિત્ય પ્રતિ ઓર ઓર
શ્રીગિરિરાજધરણ શૃંગાર બાગો બરન બરન

આ છે શ્રીનાથજીના સખાનો સ્વાનુભવ. સ્વરૂપ અને લીલાની આ નિત્ય નૂતનતા તો કૃપાવિશેષથી અનુભવાય. શૃંગાર -વસ્ત્રની નિત્ય નૂતનતાનો અનુભવ તો કૃપાદર્શનથી આજે પણ સોને સુલભ થાય, પરંતુ તે માટે નાથદ્વારા જવું પડે. નિત્યદર્શન લાભ લેવો પડે. આજના ઝડપના જમાનામાં આવું સૌને સરલ ક્યાંથી થાય? ભગવાને જ કૃપા વિચારી. પુષ્ટિસ્થ છે ને? ચિ. સૌ.રેખાના મનમાં મનોરથ જગાડ્યો. પોતે જ તે કૃપાથી પૂરો કર્યો. અશક્ય સુશક્ય બન્યું. નિત્ય નૂતન શૃંગાર - વાઘાનાં દર્શન લાભ સોને સરળતાથી ઘેર બેઠાં મળે તેમ ચિત્રકાર દ્વારા ઉત્કટ ઉત્સાહ પૂર્વક, નિત્યના શૃંગાર-વાઘા સહિત શ્રીનાથજીનાં ચિત્ર દર્શન સુલભ કરી દીધાં! તે માટે હાર્દિક ધન્યવાદ - ચિ.સૌ.રેખાને, પ્રકાશક સંસ્થાને, ચિત્રકારને, ચિત્રસંપાદકને પણ! આ ભગીરથ કાર્ય ભગવાનની કૃપાથી જ સંભવ્યું છે. ઉત્તમ ચિત્રસંગ્રહ સંગ્રહાલયને યોગ્ય છે. પુષ્ટિપ્રભુ આ શૃંગાર વાઘાની નિત્યનૂતનતાથી સહૃદયોને નિત્યલીલા નૂતનતા અને નિત્ય સ્વરૂપ-નૂતનતા-પ્રેરે. તે માટે નિત્ય શ્રીભાગવત સેવનમાં પ્રેરે તેવી હાર્દિક મંગલકામના!

■

ચાલો તો શ્રીજી જઈએ રે
શ્રીમુખ સુંદર જોવાને...

વ્રજ : ચૈત્ર શુક્લ પ્રતિપદા

મંગળા દર્શન

ગુજરાતી : ચૈત્ર સુદ એકમ



સંવત્સરોત્સવ - ચૈત્રી નવરાત્રિ આરંભ

દેહલી - વંદનમાલ - આજે અભ્યંગ થાય

વસ્ત્ર : લાલ રંગના છાપાનો, રૂપેરી તૂઈલેસની કિનારીવાળો ઉપરણો ધર્યો છે અને પીઠિકાની પાછળ લાલ રંગની દુલાઈ ધરી છે.

શૃંગાર : કેસરી રંગનો દુમાલો, લર, અલકાવલી, તિલક, નકવેસર, ચિબુક, કર્ણફૂલ, કંઠસરી, કડાં, મુદ્રિકા અને અણવટ વિછુવા ધર્યાં છે.

અત્તર : પ્રભુ સુખાર્થે આજે ખાસ કરીને ચૈત્રી ગુલાબ, રુહ ગુલાબ, સોંધો, મોગરો, જૂઈ અથવા ખસનું અત્તર સમર્પવામાં આવે છે.

સામગ્રી : નિત્યની સામગ્રી ઉપરાંત આજે ચોખાના અને મેંદાના લોટના લાડુ, પાટિયાની સેવ, તિનકુડા, મગની છૂટી દાળ, કઢી, છાશવડા (દહીંવડા), પાપડ, કચરીયા, ભુજાના (ભજીયા), સંધાના (અથાણાં), બિલસારુ (મુરબ્બો) વગેરે ધરાય છે. આપણે પણ ઋતુ અનુસાર, યથાશક્તિ, યથામનોરથ સુંદર સામગ્રી ધરી શ્રીપ્રભુને લાડ લડાવીએ.

નોંધ : (૧) આજે કડવા લીમડાની કૂંપળોના રસમાં મિસરીના ટૂક અને એલચી પધરાવી ધરવામાં આવે છે. (૨) આજથી જરીનાં વસ્ત્રો ધરાતાં નથી. (૩) આજથી મંગળા સમયે શ્રીઅંગ ઉપરથી દુલાઈ વડી થઈ જાય છે અને પીઠિકાની પાછળ ધરાય છે. (૪) આજથી શ્રીઅંગ ઉપર ઉપરણો (એકલાઈ) ધરવાનું શરૂ થાય છે.

કીર્તન : **મંગલા (રાગ-ભૈરવ)**

મંગલ આરતી ગોપાલકી માઈ ।
નિત્યપ્રતિ મંગલ હોત નિરખ મુખ, ચિતવન નયન વિશાલકી ॥૧॥
મંગલરૂપ શ્યામ સુંદરકો, મંગલ ભૃકુટિ સુભાલકી ।
ચતુર્ભુજ પ્રભુ સદા મંગલ નિધિ, બાનિક ગિરિધરલાલકી ॥૨॥

અભ્યંગ (રાગ-દેવગંધાર)

પ્રાત સમે ઊઠ યશોમતિ જનની ગિરિધર સુતકો ઉબટ ન્હવાવે ।
કરત શૃંગાર વસન ભૂષણ લે, ફૂલન રુચિ રુચિ પાગ બનાવે ॥૧॥
છૂટે બંદ વાગો અતિ સોહત, બીચ બીચ અરગજા ચોવા લાવૈ ।
સૂથન લાલ ફૈંદના ફબી રહ્યો, યહ છબી નિરખ નિરખ સચુપાવૈ ॥૨॥
વિવિધ કુસુમનકી માલા કંઠ ધર, શ્રીકરમેં લે વેણુ ગહાવૈ ।
લે દરપન સુતકો મુખ નિરખત, **ગોવિંદ** તહાઁ ચરણરજ પાવૈ ॥૩॥

વ્રજ : ચૈત્ર શુક્લ પ્રતિપદા

શૃંગાર દર્શન

ગુજરાતી : ચૈત્ર સુદ એકમ



આજના શૃંગાર : કુલ્હે જોડ-ખુલેબંધનો ચાકદાર વાગો

સાજ : શૃંગાર તથા ગ્વાલમાં કેસરી રંગની મલમલની, લીલી કિનારીવાળી પિછવાઈ ધરાય છે. ગ્વાલ પછી પિછવાઈ વડી થઈ જાય છે અને ચૈત્રી ગુલાબની ફૂલમંડળી અવશ્ય ધરાય છે. (હવે જ્યારે જ્યારે ફૂલ મંડળી આવશે ત્યારે ત્યારે પિછવાઈ વડી થઈ જશે.) ગાદી, તકિયા અને ચરણચોકી ઉપર સફેદ બિછાવટ કરી છે. સિંહાસન ચરણચોકી, પડઘા, ઝારીજી વગેરે સોનાના જડાવ ધર્યાં છે. સન્મુખ ચાંદીના ત્રસ્ટી ધર્યા છે જે દરરોજ રાજભોગ પછી અનોસરના સમયમાં ધરાય છે.

વસ્ત્ર : સૂથન, ચોળી અને ખુલેબંધનો ચાકદાર વાગો. બધાં વસ્ત્રો લાલ છાપાનાં, રૂપેરી તૂઈલેસની કિનારીવાળાં ધર્યાં છે. ઠાડું વસ્ત્ર મેઘશ્યામ રંગનું ધર્યું છે.

શૃંગાર : વનમાળાનો (ચરણારવિંદ સુધીનો) ભારે શૃંગાર થયો છે. મિલવા : હીરા, મોતી, માણેક, પન્ના તથા સોનાનાં આભરણ ધર્યાં છે. શ્રીમસ્તકે લાલ છાપાની કુલ્હે ઉપર શિરપેચ, પાન તથા પાંચ મોરપંખની ચંદ્રિકાનો જોડ, ડાબી બાજુ શીશફૂલ અને મોતીની ચોટી; તેમજ કર્ણમાં મકરાકૃતિ કુંડળ ધર્યાં છે. ચૈત્રી ગુલાબનાં પુષ્પોનાં માળાજી ધર્યાં છે.

શ્રીહસ્તમાં : ફૂલની છડી, સોનાનાં વેણુજી તથા બે વેત્રજી ધર્યાં છે.

કીર્તન : **શૃંગાર (રાગ-બીલાવલ)**

નવનિકુંજ દેવી જય રાધિકા, વરદાન નીકો દેહૌ, પ્રિય વૃંદાવન વાસિની ।
કરત લાલ આરાધન, સાધન કરી પ્રન પ્રતીત, નામાવલી મંત્ર જપત જય વિલાસીની ॥૧॥
પ્રેમ પુલક ગાવત ગુન, ભાવત મન આનંદ ભર, નાચત છબિ રૂપ દેખી મંદ હાસિની ।
અંગન પર ભૂષન પહિરાઈ, આરસી દિખાઈ, તોરત તૃન લેત બલાઈ સુખ નિવાસીની ॥૨॥
કરજોરે ચરન ગહત કહત ચારુ વચનાવલિ, વિનતી સુની દાસકી દુઃખ રાસ નાસિની ।
પ્રતિપાલોં કરુનામય મોંસો જિન માન કરો, પ્રાનધન દેહૌં વિદિત વ્યાસ દાસિની ॥૩॥

રાજભોગ (રાગ-સારંગ)

બલબલ આજુકી બાનિક લાલ ।
કસુંભી પાગ પીત કુલ્હે, ભરત કુસુમ ગુલાબ ॥૧॥
વિશ્વમોહન નવ કેસર કો તિલક દિયો હૈ ભાલ ।
સુંદર મુખ કમલ લપટાવત હી મધુપ જાલ ॥૨॥
વરણી પીત વિથુરત બંદ સુભગ ઉરસી વિશાલ ।
ગોવિંદ પ્રભુકે પદ નખ પરસત તરુણ તુલસીમાલ ॥૩॥

વ્રજ : ચૈત્ર શુક્લ પ્રતિપદા

રાજભોગ દર્શન

ગુજરાતી : ચૈત્ર સુદ એકમ



રાજભોગ દર્શન : ફૂલમંડળી

રાજભોગમાં ચૈત્રી ગુલાબની ફૂલમંડળી ધરાય છે. ગેંદ ચોગાન દોહરા (બે-બે) ધરાય છે.

આજથી શાલિવાહન શકનું નવું વર્ષ શરૂ થાય છે. એમ કહેવાય છે કે ચૈત્ર સુદ એકમના દિવસે પૂર્ણ સૂર્યોદય સમયે બ્રહ્માએ જગતની ઉત્પત્તિ કરી હતી. તેથી નવા વર્ષનો આરંભ આજથી મનાય છે. આજના ઉત્સવને તેથી સંવત્સર ઉત્સવ કહેવાય છે.

આજથી ચૈત્રી નવરાત્રિ આરંભ થાય છે. ચૈત્ર સુદ એકમથી દશમ સુધી ચૈત્રી દશહરા ગણાય છે. આજની સેવા શ્રીસ્વામિનીજીની આડીની છે; તેથી લાલ છાપાનાં વસ્ત્રો, શ્રીમસ્તકે છાપાની કુલ્હે અને જોડ ધરાય છે.

આજે રાજભોગ આરતી પછી નવા વર્ષનું પંચાંગ વંચાય છે. ન્યોછાવર થાય છે.

દેવીપૂજનના જે પદ આસો માસની નવરાત્રિમાં ગવાય છે તે પદ આ નવ દિવસ પણ ગવાય છે.

ગરમી હોય તો આજથી પંખા ધરાય છે નહિ તો રામનવમીથી ધરાય છે. આજથી શયનમાં વાગો વડો થઈ જાય છે અને આડબંધ ધરાય છે. બપોરના અનોસરમાં શય્યાજીની ચાદર ગડી વાળીને પાંગતે ધરાય છે.

કીર્તન : સંવત્સરનું પદ (રાગ-સારંગ)

ચૈત્ર માસ સંવત્સર પરવા, વરસ પ્રવેશ ભયો હૈ આજ ।
કુંજ મહલ બૈઠે પિય પ્યારી, લાલન પહેરે નૌતન સાજ ॥૧॥
આપુહી કુસુમ હાર ગુહી લીને, ક્રિડા કરત લાલ મન ભાવત ।
બીરી દેત દાસ **પરમાનંદ**, હરખિ નિરખિ જશ ગાવત ॥૨॥

શયન (રાગ-ઈમન)

કનક કુસુમ અતિ શોભિત શ્રવનિ ।
ઘૂમત અરુન તરુન મદમાતે, મુસુકાતે આનનિ ॥૧॥
ગોલ પાગ પર કુલ્હે સુરંગા તામેં અલક રેખ બની ।
ગોવિંદ પ્રભુ ત્રૈલોક વિમોહતિ, કંઠ કૌસ્તુભ મનિ ॥૨॥

પોઢવાનું પદ (રાગ-બિહાગ)

રાય ગિરિધરન સંગ રાધિકારાની ।
નિબિડ નવકુંજ નવકુંજ શય્યા રચી નવરંગ પિયસંગ બોલત પિકબાની ॥૧॥
નીલસારી લાલ કંચુકી ગૌરતન માઁગ મોતિન ખચિત સુંદર સુઠાની ।
અર્ધ ઘૂંઘટ લલન વદન નિરખત રસિક દંપતી પરસ્પર પ્રેમ હૃદય સાની ॥૨॥
લાલ તનસુખ પાગ ઢરક ભ્રૂપર રહી કુલ્હે ચંપકભરી સેહરો સુવાની ।
પાણિસો પાણિ ગહિ ઉરસોં લાવત લલન **ગોવિંદ** પ્રભુ વ્રજનૃપતિ સુરત સુખદાનિ ॥૩॥

વ્રજ : ચૈત્ર શુક્લ દ્વિતીયા

મંગળા દર્શન

ગુજરાતી : ચૈત્ર સુદ બીજ



વ્રજ : ચૈત્ર શુક્લ દ્વિતીયા

ચિત્ર પરિચય

ગુજરાતી : ચૈત્ર સુદ બીજ

વસ્ત્ર : આછા પીળા રંગના છાપાનો, સોનેરી તૂઈલેસની કિનારીવાળો ઉપરણો ધર્યો છે અને પીઠિકાની પાછળ બેંગની (જાંબલી) રંગની દુલાઈ ધરી છે.

શૃંગાર : લાલ રંગના છાપાની કુલ્હે, લર, અલકાવલી, તિલક, નકવેસર, ચિબુક, કર્ણફૂલ, કંઠસરી, કડાં, મુદ્રિકા, અણવટ, વિછુવા ધર્યાં છે.

અત્તર : પ્રભુ સુખાર્થે આજે ખાસ કરીને ચૈત્રી ગુલાબ, રુહ ગુલાબ, સોંધો, મોગરો, જૂઈ અથવા ખસનું અત્તર સમર્પવામાં આવે છે.

સામગ્રી : નિત્યની સામગ્રી ઉપરાંત આજે માવાના ગુંજા (ઘૂઘરા) અને પેંડા ધરાય છે. આપણે પણ ઋતુ અનુસાર, યથાશક્તિ, યથામનોરથ સુંદર સામગ્રી ધરી શ્રીપ્રભુને ખૂબ લાડ લડાવીએ.

નોંધ : આજે શ્રીપ્રભુને શ્રીમસ્તક ઉપર કુલ્હે ધરવામાં આવી છે. કુલ્હે એટલે બે પંખાવાળી ગોળ પાગ, ઉત્સવ કે જન્મજયંતીના દિવસે મોરપંખની ચંદ્રિકાનો જોડ કે ઘેરો ધરાય ત્યારે તે કુલ્હે સાથે ધરાય છે. કુલ્હે કેસરી, પીળી, લાલ અને શ્વેત મલમલમાંથી બનાવાય છે. રૂપેરી કે સોનેરી જરીની કુલ્હે પણ બને છે. તેને તૂઈ વગેરેથી સુશોભિત કરાય છે. કુલ્હે ઉપર શિરપેચ અને પાન ધરાય છે.

કીર્તન : **મંગળા (રાગ-બિભાસ)**

ગોવર્ધનગિરિ સઘન કંદરા, રેન નિવાસ કીયો પિયપ્યારી ।
ઊઠ ચલે ભોર સુરત રંગભીને નંદનંદન વૃષભાન દુલારી ॥૧॥
ઈત વિગલિત કચમાલ મરગજી, અટપટે ભૂષન રગમગી સારી ।
ઉતહી અધર મસી, પાગ રહી ધસી, દૂહુઁ દિશ છબી બાઢી અતિ ભારી ॥૨॥
ઘૂમત આવત રતિરણ જીતે, કરિણિ સંગ ગજવર ગિરિધારી ।
ચતુર્ભુજદાસ નિરખ દંપતી સુખ, તન મન ધન કીનો બલિહારી ॥૩॥

શૃંગાર (રાગ-બિલાવલ)

શોભિત સુરંગ પાગ રહી ઝૂકી વામ ભાગ,
નૈનનકી કોર તીખી મોહનિ ભ્રોંહનકી ।
કુંડલ અલક છબી ઝલક કપોલનપેં,
મનમેં વિચારે બાતે પ્યારીકે મોહનકી ॥૧॥
હસિ હસિ પરત ફૂલ ઝરત લાલ અધરનપે,
નાસા ગજ મોતી જ્યોતિ પરસિ જોહનકી ॥૨॥
કૃષ્ણદાસ પ્રભુ ગિરિધરકી છબી દેખ, ઔર ન કુછુ દેખત,
અતિહી લજીલી આંખે મદન મોહનકી ॥૩॥

વ્રજ : ચૈત્ર શુક્લ દ્વિતીયા

રાજભોગ દર્શન

ગુજરાતી : ચૈત્ર સુદ બીજ



આજના શૃંગાર : પાગ-કતરા અને ધોતી ઉપર ખુલેબંધનો ચાકદાર વાગો

સાજ : શ્યામ રંગના છાપાની, સોનેરી તૂઈલેસની કિનારીવાળી પિછવાઈ ધરી છે. ગાદી, તકિયા અને ચરણચોકી ઉપર સફેદ બિછાવટ કરી છે.

વસ્ત્ર : લાલ રંગની ધોતી ઉપર શ્યામ રંગના છાપાનો ખુલેબંધનો ચાકદાર વાઘો અને ચોળી ધર્યાં છે. જેના ઉપર રૂપેરી તૂઈલેસની કિનારી મૂકેલી છે. ઠાડું વસ્ત્ર પીળું (લીંબોઈ રંગનું) ધર્યું છે.

શૃંગાર : છોટો (કમર સુધીનો) આછો શૃંગાર થયો છે. મોતી તથા સોનાનાં આભરણ ધર્યા છે. શ્રીમસ્તકે - લાલ રંગની ગોળ પાગ ઉપર શિરપેચ અને મોરપંખના દોહરા કતરા તથા ડાબી બાજુ શીશફૂલ અને કર્ણમાં કર્ણફૂલ ધર્યાં છે. સફેદ અને ગુલાબી પુષ્પોનાં બે માળાજી ધર્યાં છે.

શ્રીહસ્તમાં : ફૂલની છડી, સોનાનાં વેણુજી અને વેત્રજી ધર્યાં છે.

નોંધ : આજનો શૃંગાર ઐચ્છિક છે. આનાથી જુદો શૃંગાર પણ થઈ શકે છે પરંતુ વસ્ત્રો છાપાનાં જ ધરાય છે.

કીર્તન : **રાજભોગ (રાગ-સારંગ)**

નયનન લાગી હો ચટપટી ।
મદનમોહન પિય નીકસે દ્વાર વ્હૈ, શોભિત પાગ લટપટી ॥૧॥
દૂર જાય ફીર ચિતયેરી મો તન, નયન કમલ મનોહર ભૃકુટિ ।
ગોવિંદ પ્રભુ પિય ચલત લલિત ગતિ, કછુક સખા અપની ગટી ॥૨॥

આરતી (રાગ-ગોરી)

ગોરજ રાજત સાઁવલ અંગ ।
દેખ સખી વનતેં વ્રજ આવત, ગોવિંદ ગોધન સંગ ॥૧॥
અંબુજ વદન નયન યુગ ખંજન, ક્રિડત અપને રંગ ।
કુંચિત કેશ સુદેશ માનોં અલિ શોભત હૈ સંગ ॥૨॥
કબહૂક વેણુ બજાવત કર ધર નાના તાન તરંગ ।
ચતુર્ભુજ પ્રભુ ગિરિધર નાગર પર વારોં કોટિ અનંગ ॥૩॥

શયન (રાગ-ઈમન)

પૂજન ચલો કદમ વનદેવી, આઓ હમારે કોઉ સંગ ।
પૂજવત સકલ ઘોખકી કામના, વલન કાહુકી કછુ લેવી ॥૧॥
ભાવભક્તિ સબહીનકી માનત, શીતલ સુખદ સુર સેવી ।
ગોવિંદ પ્રભુસોં કહત વૃષભાન નંદિની, સુનાય સુનાય કછુક ઔ રેવી ॥૨॥

વ્રજ : ચૈત્ર શુક્લ તૃતીયા

મંગળા દર્શન

ગુજરાતી : ચૈત્ર સુદ ત્રીજ



પહેલી ગણગૌર

વસ્ત્ર : લાલ રંગનો, ચોફૂલી ચૂંદડીનો, રૂપેરી તૂઈલેસની કિનારીવાળો ઉપરણો ધર્યો છે. અને પીઠિકાની પાછળ લાલ રંગની દુલાઈ ધરી છે.

શૃંગાર : લાલ રંગની ગોળ પાગ, લર, અલકાવલિ, તિલક, નકવેસર, ચિબુક, કર્ણફૂલ, કંઠસરી કડાં, મુદ્રિકા, અણવટ વિછુવા ધર્યાં છે.

અત્તર : પ્રભુ સુખાર્થે આજે ખાસ કરીને ચૈત્રી ગુલાબ, રુહ ગુલાબ, સોંધો, મોગરો, જૂઈ અથવા ખસનું અત્તર ઉપયોગમાં લેવાય છે.

સામગ્રી : નિત્યની સામગ્રી ઉપરાંત આજે માવાની મેવાટી ધરાય છે. આપણે પણ ઋતુઅનુસાર, યથાશક્તિ, યથામનોરથ સુંદર સામગ્રી ધરીએ અને શ્રીપ્રભુને ખૂબ લાડ લડાવીએ.

નોંધ : આ પહેલી ગણગૌર શ્રીસ્વામિનીજીના ભાવની છે તેથી આજે ચૂંદડીના વસ્ત્ર ધરાય છે.

કીર્તન : **મંગળા (રાગ-રામકલી)** (આજે મંગળામાં આ કીર્તન ગવાય છે.)

એક દિન અપુને ખિરકકો જાત હી મિલિ ગયો સાંવરો, હોં અકેલી ।
દેખિ મોહિ મંદ મુસકાયકે, નેનન હઁસ્યો, કે ગોરી હૈ તુ કનકવેલી ।।૧।।
અતિ હી જગમગ રહી ચૂનરી રંગભરી, કંચુકી કુચન પર બિરાજે ।
શરદકે ચંદસોં બદન જગમગ રહ્યો, દેખિ યા રૂપ કો કોન ભાજે ।।૨।।
નાસિકા નથની બિરાજે, ઝલમલ રહ્યો ઐસો બડો મુક્તા તેં કહાઁ જુ પાયો ।
ઐસો ન દેખ્યો, સૂન્યો કહુઁ યા દેશમેં, દેખત હી લપટી મન લટકિ આયો ।।૩।।
ચાલ ગજરાજકી, બંક મૃગરાજકી, ચિબુકકી છબી દેખી ચિત્ત ચુરાયો ।
બંક અવલોકની બડી અઁખીયાનમેં, કોનકે ઠગનકો અંજન લગાયો ।।૪।।
જાનતી નાહિ મૈં નાથ તુમ કૌન હો, કરત હો જાન જાકી બડાઈ ।
યા ગામકી રીત, રસરીત જાનોં નાહીં, ભયે દિન ચાર ગૌનેં જુ આઈ ।।૫।।
યા ગામકી રીત, રસરીત સબ કહેંગે, નેક બૈઠો ચલો કુંજ છાંહિ ।
જાની ગઈ બાત મેં, ચલ્યો જા સાઁવરે, કુંજ તર હમે કછુ કાજ નાહિ ।।૬।।
મુસકિ ઠાડી ભઈ, ધાય ભુજ ગહિ લઈ, અધર રસપાન દે ઉર લગાઈ ।
દઈ એક ફૂલકી માલ પહિરાઈ કે કહી મૈં આપુને હાથન બનાઈ ।।૭।।
તા દિન તેં લાલ ઉરમાઁઝ ઝગમગ રહ્યો, રૈન દિન કછુ નાહિં સુહાવૈ ।
સૂર કિશોર યહ પ્રેમ રસ છાંડિકે, અંબ તજી કૌનકો નીંબ ભાવૈ ।।૮।।

શૃંગાર (રાગ-બિલાવલ)

આજ શૃંગાર નિરખ શ્યામાકો નીકો બન્યો શ્યામ મન ભાવન ।
યહ છબી તનહીં લખાયો ચાહત કર ગહી કે નખચંદ દિખાવત ।।૧।।
મુખજોરે પ્રતિબિંબ બિરાજત, નિરખ નિરખ મનમેં મુસકાવત ।
ચતુર્ભુજ પ્રભુ ગિરિધર શ્રીરાધા, અરસ પરસ દોઉ રીઝ રીઝાવત ।।૨।।

વ્રજ : ચૈત્ર શુક્લ તૃતીયા

રાજભોગ દર્શન

ગુજરાતી : ચૈત્ર સુદ ત્રીજ



આજના શૃંગાર : પાગ - કતરો - સૂથન - ચાકદાર

સાજ : લાલ રંગની ચોફૂલી ચૂંદડીની, રૂપેરી તૂઈલેસની કિનારીવાળી પિછવાઈ ધરી છે. ગાદી, તકિયા અને ચરણચોકી ઉપર સફેદ બિછાવટ કરી છે.

વસ્ત્ર : સૂથન, ચોળી અને ખુલેબંધનો ચાકદાર વાગો - બધાં વસ્ત્રો લાલ રંગની ચોફૂલી ચૂંદડીના અને રૂપેરી તૂઈલેસની કિનારીવાળાં ધર્યાં છે. ઠાડું વસ્ત્ર સુવા પંખી (લીલા) રંગનું ધર્યું છે.

શૃંગાર : છોટો (કમર સુધીનો) આછો શૃંગાર થયો છે. હીરા, મોતી તથા સોનાનાં આભરણ ધર્યાં છે. શ્રીમસ્તકે લાલ રંગની ચોફૂલી ચૂંદડીની પાગ, શિરપેચ, લૂમ તથા નાગફણીનો કતરો, તેમજ ડાબી બાજુ શીશફૂલ ધર્યું છે. કર્ણમાં કર્ણફૂલ ધર્યાં છે. ચૈત્રી ગુલાબનાં પુષ્પોનાં બે માળાજી ધર્યાં છે.

શ્રીહસ્તમાં : ફૂલની છડી, સોનાનાં વેણુજી તથા વેત્રજી ધર્યાં છે.

કીર્તન : **રાજભોગ (રાગ-સારંગ)**

કુંવર બૈઠે પ્યારીકે સંગ અંગ અંગ ભરે રંગ,
બલ બલ બલ બલ ત્રિભંગી યુવતીન કે સુખદાઈ ।
લલિત ગતિ વિલાસ હાસ દંપતી મન અતિ હુલાસ
વિગલિત કચ સુમનવાસ સ્ફૂટિત કુસુમ નિકટ તૈસીયે સરદ રેન સુહાઈ ॥૧॥
નવનિકુંજ ભ્રમરગુંજ કોકિલા કલ કૂજન પુંજ
સીતલ સુગંધ મંદ બહત પવન સુખદાઈ ।
ગોવિંદ પ્રભુ સરસ જોરી નવકિશોર નવકિશોરી
નિરખ મદન ફૌજ મોરી છેલ છબીલેજુ નવલકુંવર વ્રજકુલ મનિરાઈ ॥૨॥

ભોગ (રાગ-નટ)

કૌન ગૌર તેં પૂજી શ્રીરાધે કૌન ગૌર તેં પૂજી ।
વૃંદાવન ગોકુલ ગલિયનમેં, સબ કોઉ કહત બહુજી ॥૧॥
મદનમોહન પિયકો બસ કીનૌ, ઔર ત્રિયા નહીં દૂજી ।
સૂરદાસ પ્રભુ તિહારે મિલનકો, કૌન બાત તોહે સૂઝી ॥૨॥

શયન (રાગ-કેદારો)

સકલ વ્રજ ત્રિયનમેં તૂં હી જીતી રી ।
સબનકો ભાગ્ય ભૂગવત સગરી નિશા લાલ ગિરિધરન સંગ તોહિ બીતીરી ॥૧॥
કેતી ઉપમા કહો રાવરી એક મુખ, શ્યામ સુંદર ગરે લાય લીતીરી ।
રસિક પ્રિયતમ મહા સુખ દિયો રાધિકા યાતેં કમલા લયા રહી રીતિરી ॥૨॥

વ્રજ : ચૈત્ર શુક્લ ચતુર્થી

મંગળા દર્શન

ગુજરાતી : ચૈત્ર સુદ ચોથ



બીજી ગણગૌર

વસ્ત્ર : પચરંગી લહેરીયાનો રૂપેરી તૂઈની કિનારવાળો ઉપરણો ધર્યો છે અને પીઠિકાની પાછળ લીલી દુલાઈ ધરી છે.

શૃંગાર : લાલ રંગની ચોફૂલી ચૂંદડીની પાઘ, લર, અલકાવલી, તિલક, નકવેસર, ચિબુક, કર્ણફૂલ, કંઠસરી, કડાં, મુદ્રિકા, અણવટ વિછુવા ધર્યાં છે.

અત્તર : પ્રભુ સુખાર્થે આજે ખાસ કરીને ચૈત્રી ગુલાબ, રુહ ગુલાબ, સોંધો, મોગરો, જૂઈ અથવા ખસનું અત્તર ઉપયોગમાં લેવાય છે.

સામગ્રી : નિત્યની સામગ્રી ઉપરાંત આજે બાસુંદી ધરાય છે. આપણે પણ ઋતુઅનુસાર યથાશક્તિ, યથામનોરથ સુંદર સામગ્રી ધરી શ્રીપ્રભુને ખૂબ લાડ લડાવીએ.

નોંધ : આ બીજી ગણગૌર શ્રીચંદ્રાવલીજીના ભાવની છે. આજે લહેરીયાના વસ્ત્ર ધરાય છે. શૃંગાર ઐચ્છિક છે.

કીર્તન : **મંગળા (રાગ-બિલાસ)**

પ્રાતસમે નંદનંદન શ્યામા દેખેરી આવત કુંજગલી ।
નવઘનશ્યામ તરુન દામિની મીલ, રાજત રૂપ અનૂપ ચલી ॥૧॥
લટપટી પાઘ શીશ, કર મુરલી, લોચન ઘૂમત ભાંતિ ભલી ।
શિથિલ ચીર, મરગજી અઁગિયા, કામ કામિની દેખી છબી ॥૨॥
ચારિ જામ નિશિ જાગત બીતે, ઉન ઉમગ્યો અનુરાગ બલી ।
કજજલ અધર, નયન બીરી રંગ, મદન નૃપતિકી ચમૂ હલી ॥૩॥
સૂર વદન પંકજ રસ પીકે, અલક મધુપકી પાંત ચલી ।
પ્રફૂલ્લિત પ્રીતિ પરસ્પર નીરખત, તરની ઉદૈ જયોં કમલકલી ॥૪॥

શૃંગાર (રાગ-બિલાવલ)

મોહન ઘૂમત રતના રે, નયન સઁકુચત કછુ કહત ન બેન,
　　સૈન હી સે ઉત્તર દેત નંદ દુલારે ।
ભૂષન બસન અટપટે સીસ પાગ લટપટી
　　રતિરન લઈ ઝટપટી સુભગ શ્યામ પ્યારે ॥૧॥
સુબસ કિયો કુંજ સદન, ભોર આયે જીત મદન
　　પલટ કરે બસન અજહુઁ ન સઁભારે ।
ચતુર્ભુજ પ્રભુ ગિરિવરધર દર્પન લે દેખિયેજુ
　　સૈંદૂરકો તિલક ભાલ અધરન મસિ કારે ॥૨॥

વ્રજ : ચૈત્ર શુક્લ ચતુર્થી

રાજભોગ દર્શન

ગુજરાતી : ચૈત્ર સુદ ચોથ



આજના શૃંગાર : પાગ-ચંદ્રિકા-સૂથન-ચાકદાર

સાજ : એક બાજુ શ્રીકૃષ્ણ અને બીજી બાજુ બલદેવજી સાથે ઘૂમર નૃત્ય (ગરબા) કરતાં વ્રજલલનાઓ (ગોપીજનો)ના ચિત્રકામ વાળી પિછવાઈ ધરી છે. ગાદી, તકિયા અને ચરણચોકી ઉપર સફેદ બિછાવટ કરી છે.

વસ્ત્ર : પચરંગી લહેરીયાનું રૂપેરી તૂઈલેસની કિનારીવાળું સૂથન, ચોળી તથા ખુલેબંધનો ચાકદાર વાગો ધર્યો છે. ઠાડું વસ્ત્ર સફેદ રંગનું ધર્યું છે.

શૃંગાર : છોટો (કમર સુધીનો) આછો શૃંગાર થયો છે. મોતી, પન્ના તથા સોનાનાં આભરણ ધર્યાં છે. શ્રીમસ્તકે પચરંગી લહેરીયાની પાગ ઉપર શિરપેચ, લૂમ, રૂપેરી ચમકની ચંદ્રિકા તથા ડાબી બાજુ શીશફૂલ અને કર્ણમાં કર્ણફૂલ ધર્યાં છે. ગુલાબી તેમજ પીળાં પુષ્પોનાં બે માળાજી ધર્યાં છે.

શ્રીહસ્તમાં : ફૂલની છડી સોનાનાં વેણુજી તથા એક વેત્રજી ધર્યાં છે.

કીર્તન : **રાજભોગ (રાગ-સારંગ)**

બૈઠે હરિ રાધા સંગ કુંજભવન અપને રંગ
કર મુરલી અધર ધરે સારંગ મુખ ગાઈ ।
મોહન અતિ હી સુજાન પરમ ચતુર ગુન નિધાન
જાન બુઝ એક તાન ચૂકકે બજાઈ ॥૧॥
પ્યારી જબ ગહ્યો બીન સકલ કલા ગુન પ્રવીન
અતિ નવીન રૂપ સહિત, વહી તાન સૂનાઈ ॥૨॥
વલ્લભ ગિરિધરન લાલ રિઝ દઈ અંકમાલ
કહત ભલે ભલે જુ લાલ સુંદર સુખદાઈ ॥૩॥

શયન (રાગ-બિહાગ)

બલ બલ બલ કુંવરિ રાધિકા નંદસુવન જાસોં રતિ માની ।
તુ અતિ ચતુર વે ચતુર શિરોમણી, પ્રીત કરી કૈસે રહત હૈ છાની ॥૧॥
વે જો ધરત તન કનક પીતપટ, સો તો સબ તેરી ગતિ ઠાની ।
તે પુનિ શ્યામ સહજ વે શોભા અંબર મિષ અપને ઉર આની ॥૨॥
પુલક રોમ અબહી વ્હૈ આયો, નિરખ રૂપ નિજ દેહ સયાની ।
સૂર સુજાન સખીકે બુઝે પ્રેમ પ્રકાશ ભયો વે હસાની ॥૩॥

વ્રજ : ચૈત્ર શુક્લ પંચમી

મંગળા દર્શન

ગુજરાતી : ચૈત્ર સુદ પાંચમ



ત્રીજી ગણગૌર

વસ્ત્ર : ગુલાબી રંગની મલમલનો, રૂપેરી તૂઈલેસની કિનારી વાળો ઉપરણો ધર્યો છે. પીઠિકાની પાછળ ગુલાબી રંગની સફેદ બુટ્ટીની દુલાઈ ધરી છે.

શૃંગાર : પચરંગી લહેરીયાની પાગ, લર, અલકાવલી, તિલક, નકવેસર, ચિબુક, ઝૂમખીવાળાં કર્ણફૂલ, કંઠસરી, કડાં, મુદ્રિકા અને અણવટ વિછુવા ધર્યાં છે.

અત્તર : પ્રભુ સુખાર્થે આજે ખાસ કરીને ચૈત્રી ગુલાબ, રુહ ગુલાબ, સોંધો, મોગરો, જૂઈ અથવા ખસનું અત્તર ઉપયોગમાં લેવાય છે.

સામગ્રી : નિત્યની સામગ્રી ઉપરાંત આજે આપણે ઋતુઅનુસાર યથાશક્તિ, યથામનોરથ સુંદર સામગ્રી ધરી શ્રીપ્રભુને ખૂબ લાડ લડાવીએ.

નોંધ : આ ત્રીજી ગણગૌર લલિતાજીના ભાવની છે. તે ગુલાબી ગણગૌર કહેવાય છે. આજે સર્વ વસ્ત્રો અને સાજ ગુલાબી આવે છે. શૃંગાર ઐચ્છિક છે.

કીર્તન : **મંગળા (રાગ-બિલાવલ)**

જમુના કે તીર રી નંદલાલ બજાઈ બાઁસુરી ।
અધર - કરન મિલિ સપ્ત સૂરનસોં ઉપજત રાગ રસાલરી ॥૧॥
છૂટી લટ લપટાત બદન પર ટૂટતિ મુક્તામાલ રી ।
વ્રજવનિતા ધુનિ સુનિ ઊઠી ધાઈ, રહિય ન અંગ સમ્હાલરી ॥૨॥
બહત ન નીર, સમીર ન ડોલત, વૃંદાબિપિન સંકેત રી ।
સુનિ થાવર અચેત ચેત ભયે જંગમ ભયે અચેત રી ॥૩॥
અફલ ફલે ફૂલ ફૂલ ભયે રી, ઝરે હરે ભયે પાત રી ।
ઉમગિ પ્રેમજલ ચલ્યો સિખરતેં, ગર્યો ગિરિનકો ગાત રી ॥૪॥
તૃન ન ચરત હૈં મૃગામૃગીરી તાન પરત જબ કાન રી ।
સુનત ગાન ગિરિ પર્યો ધરનિ પર માનોં લાગે બાન રી ॥૫॥
સુરભિ લાગ દિયો કેહરીકો, હસ્ત સ્રવનકી ડારુ રી ।
એક ભવન પુનિ ચઢિ બૈઠે હૈ, નિરખત શ્રીમુખ ચારુ રી ॥૬॥
ખગ રસના રસ ચાખિ બદન પર બૈઠે નિમિષ ન મારિ રી ।
ચાખત હી ફૂલ પરે ચોંચતેં રહે જુ પંખ પસારિ રી ॥૭॥
સુર-નર દેવ-અસુર સબ મોહે છાયો વ્યોમ વિમાન રી ।
ચત્રર્ભુજદાસ કહે કૌન બસ યા મુરલીકી તાન રી ॥૮॥

વ્રજ : ચૈત્ર શુક્લ પંચમી

રાજભોગ દર્શન

ગુજરાતી : ચૈત્ર સુદ પાંચમ



આજના શૃંગાર : પાગ - ચંદ્રિકા - ઘેરદાર વાગો

સાજ : ગુલાબી રંગની મલમલની રૂપેરી તૂઈ લેસની કિનારીવાળી પિછવાઈ ધરી છે. ગાદી-તકિયા ઉપર ગુલાબી બિછાવટ અને ચરણચોકી ઉપર સફેદ બિછાવટ કરી છે.

વસ્ત્ર : ગુલાબી મલમલનાં રૂપેરી તૂઈ લેસની કિનારીવાળાં સૂથન, ચોળી અને ઘેરદાર વાગો ધર્યો છે. ઠાડું વસ્ત્ર ગુલાબી રંગનું ધર્યું છે.

શૃંગાર : છોટો (કમર સુધીનો) આછો શૃંગાર થયો છે. હીરા, મોતી, પન્ના તથા સોનાનાં આભરણ ધર્યા છે. હીરાનો હમેલ ધર્યો છે. શ્રીમસ્તકે ગુલાબી રંગની પાગ ઉપર શિરપેચ, લૂમ તથા ગોળ ચમકની ચંદ્રિકા તેમજ ડાબી બાજુ શીશફૂલ અને કર્ણમાં કર્ણફૂલ ધર્યાં છે. ગુલાબી પુષ્પોનાં બે માળાજી ધર્યાં છે.

શ્રીહસ્તમાં : સોનાનાં વેણુજી અને વેત્રજી ધર્યાં છે.

કીર્તન : **શૃંગાર (રાગ-સુહા (સારંગ))**

કમલ મુખ દેખત તૃપતિ ન હોય ।
ઈહિ સુખ કહા દુહાગિલ જાનૈ, રહી નિસાભર સોય ॥૧॥
જયોં ચકોર ચાહત ઉડુરાજહિં ચંદ્રબદન રહી જોય ।
નૈક અઁકોર દેતિ નહીં રાધે ચાહતિ પિયૌ નિચોય ॥૨॥
ઉનિ તો અપુનો સરબસ દીનોં એક પ્રાન વપુ દોય ।
ભજનભેદ ન્યારૌ **પરમાનંદ** જાનત વિરલો કોય ॥૩॥

રાજભોગ (રાગ-સારંગ)

કમલમુખ દેખત કૌન અઘાય ।
સુનહી સખી લોચન અલિ મેરે મુદિત રહે અરૂઝાય ॥૧॥
સોહતિ મુક્તામાલ શ્યામ તન જનુ બન ફૂલી વનરાય ।
ગોવર્ધનધરકે અંગ અંગ પર '**કૃષ્ણદાસ**' બલ જાય ॥૨॥

શયન (રાગ-કાન્હરો)

પહિરે માલ ગુલાબ સુરંગકી, લે રાધે મોહન તોહી દીની ।
અબહી ઉરતેં ઉતાર લઈ હૈ, અપને અંગરાગ રસ ભીની ॥૧॥
માન નિહાર રે નિહારી નૈનભર, હઁસિ ગહિ હાથ સખી પેં લીની ।
'**સૂર**' કહે જિન કરો હો સુંદરી ગિરિધર છેલ તોપેં બસ કીની ॥૨॥

વ્રજ : ચૈત્ર શુક્લ ષષ્ઠી

મંગળા દર્શન

ગુજરાતી : ચૈત્ર સુદ છઠ



શ્રીયમુનાજીનો પ્રાકટ્ય ઉત્સવ

શ્રીગુસાંઈજીના છઠ્ઠા લાલજી શ્રીયદુનાથજીનો ઉત્સવ (સં. ૧૬૧૫)

ચોથી ગણગૌર

દેહલી - વંદનમાલ - હાંડી

વસ્ત્ર : કેસરી મલમલનો રૂપેરી તૂઈલેસની કિનારીવાળો ઉપરણો ધર્યો છે. ચેરાઈ (પીચ) રંગની દુલાઈ પીઠિકાની પાછળ ધરી છે.

શૃંગાર : ગુલાબી રંગની પાગ, લર, અલકાવલી, તિલક, નકવેસર, ચિબુક, કર્ણફૂલ, કંઠસરી, કડાં, મુદ્રિકા અને અણવટ વિછુવા ધર્યાં છે.

અત્તર : પ્રભુ સુખાર્થે આજે ખાસ કરીને ચૈત્રી ગુલાબ, રુહ ગુલાબ, સોંધો, મોગરો, જૂઈ અથવા ખસનું અત્તર ઉપયોગમાં લેવાય છે.

સામગ્રી : નિત્યની સામગ્રી ઉપરાંત મગની બુંદીના લાડુ, બે પ્રકારના શાક, બે પ્રકારના ભુજાના, બુંદીની છાશ, સખીડીની ઉત્સવની સામગ્રી ધરાય છે. આપણે પણ ઋતુઅનુસાર યથાશક્તિ, યથામનોરથ, સુંદર સામગ્રી ધરી શ્રીપ્રભુને ખૂબ લાડ લડાવીએ.

નોંધ : આ ચોથી ગણગૌર શ્રીયમુનાજીના ભાવની છે. આ ગણગૌર ઘરની ગણગૌર પણ કહેવાય છે.

કીર્તન : **મંગળા (રાગ-બિલાવલ)**

મોહન ઘૂમત રતનારે નયન સકુચત કછુ કહત ન બેન ।
સેન હી સે ઉતર દેત નંદ દુલારે ।
ભૂષન બસન અટપટે સીસ પાગ લટપટી
રતિરન લઈ ઝટપટી સુભગ શ્યામ પ્યારે ।।૧।।
સુબસ કીયો કુંજસદન, ભોર આયે જીત મદન ।
પલટ પરે બસન અજહુઁ ન સઁભારે ।
ચતુર્ભુજ પ્રભુ ગિરિવરધર દર્પન લે દેખિયેજુ
સેંદૂરકો તિલક ભાલ અધરન મસિ કારે ।।૨।।

શૃંગાર (રાગ-બિલાવલ)

બાલ દસા ગોપાલકી સબ કાહૂ પ્યારી, લૈ લૈ ગોદ ખિલાવહિં જસુમતિ મહતારી ।।૧।।
પીત ઝગુલીયા તન સોહે પગ નૂપુર બાજૈં, છુદ્રઘંટિકા કટિ બની, કર કંકન રાજૈં ।।૨।।
મુરિ મુરિ નાચૈ મોર જયોં સૂર નર મોહૈ, **કૃષ્ણદાસ** પ્રભુ નંદકે આઁગન મધિ સૌહેં ।।૩।।

વ્રજ : ચૈત્ર શુક્લ પષ્ઠી

રાજભોગ દર્શન

ગુજરાતી : ચૈત્ર સુદ છઠ



આજના શૃંગાર : કુલ્હે - ઘેરો - ખૂલેબંધનો ચાકદાર વાગો

સાજ : અમરસી (ચંપાઈ) રંગની મલમલની, રૂપેરી તૂઈલેસની કિનારીવાળી, ઉત્સવની કમલના કામવાળી પિછવાઈ ધરી છે. ગાદી, તકિયા અને ચરણચોકી ઉપર સફેદ બિછાવટ કરી છે.

વસ્ત્ર : સૂથન, ચોળી તથા ખૂલેબંધનો ચાકદાર વાગો - ચંપાઈ રંગના અને રૂપેરી તૂઈલેસની કિનારીવાળાં ધર્યાં છે. ઠાડું વસ્ત્ર મેઘશ્યામ રંગનું ધર્યું છે.

શૃંગાર : વનમાલાનો (ચરણારવિંદ સુધીનો) ભારી શૃંગાર થયો છે મિલવા : હીરા, મોતી, માણેક, પન્ના, નીલમ તથા જડાવ સોનાનાં આભરણ ધર્યાં છે. શ્રીમસ્તકે ચંપાઈ (અમરસી) રંગની કુલ્હે ઉપર શીરપેચ તથા ઘેરો અને ડાબી બાજુ શીશફૂલ તેમજ ઉત્સવની મોતીની ચોટી ધરી છે. કર્ણમાં મકરાકૃતિ કુંડળ ધર્યાં છે. ગુલાબી ગુલાબનાં બે માળાજી ધર્યાં છે.

શ્રીહસ્તમાં : ફૂલની છડી, સોનાનાં વેણુજી તથા બે વેત્રજી ધર્યાં છે.

કીર્તન : **રાજભોગ (રાગ-સારંગ)**

સેવકકી સુખરાશિ સદા શ્રીવલ્લભ રાજકુમાર ।
દરસન હી પ્રસન્ન હોત મન પુરુષોત્તમ અવતાર ॥૧॥
સુદૃષ્ટિ ચિતૈ સિદ્ધાંત બતાયો, લીલા જગ વિસ્તાર ।
ઈહ તજિ આન, જ્ઞાન કહાઁ ધાવત ભૂલે કુમતિ વિચાર ॥૨॥
ચત્રભુજ પ્રભુ ઉદ્ધરે પતિત શ્રીવિઠ્ઠલ કૃપા ઉદાર ।
જાકે ચરન ગહિ ભુજ દૃઢ કરી, ગિરિધર નંદ દુલાર ॥૩॥

આરતી (રાગ-કાન્હરો)

રાખી હો અલક બીચ ચંપક કલી ગનગની ।
જગમગાત હીરા લાલ કુલ્હે પર પાગ અતિ બની ॥૧॥
સુભગ નયન તરુન મદમાતે મુસકાતે અનઅની ।
ગોવિંદ પ્રભુ વ્રજરાજ કુંવર ધનધન હો ધનધની ॥૨॥

શયન (રાગ-ઈમન કલ્યાણ)

કનક કુસુમ અતિ શોભિત શ્રવનનિ ।
        ઘૂમત અરુન તરુન મદમાતે મુસુકાતે આનનિ ॥૧॥
ગોલ પાગ પર કુલ્હે સુરંગા તામેં અલક રેખ બની ।
        ગોવિંદ પ્રભુ ત્રૈલોક વિમોહિત, કંઠ કૌસ્તુભ મનિ ॥૨॥

વ્રજ : ચૈત્ર શુક્લ ષષ્ઠી

શ્રીયમુનાજી

ગુજરાતી : ચૈત્ર સુદ છઠ



શ્રીયમુનાજીનો પ્રાગટ્ય ઉત્સવ - શ્યામસુંદર શ્રીયમુના મહારાણીજી

પ્રાકટ્ય : શ્રીપ્રભુના વક્ષઃસ્થળમાંથી
સ્થાન : ગોલોકધામ
પૃથ્વી ઉપર પ્રાકટ્ય : કલિન્દ ગિરિ ઉપર - જમનોત્રી
વિસ્તાર : હિમાલય-જમનોત્રીથી ત્રિવેણી સંગમ પ્રયાગ સુધી
પુષ્ટિ સ્વરૂપ : શ્રીપ્રભુના ચતુર્થ પ્રિયા, તુર્ય પ્રિયા
પુષ્ટિ સ્વરૂપે બિરાજમાન : વ્રજમંડળ - વિશ્રામઘાટ અને ઠકુરાણીઘાટ

પુષ્ટિમાર્ગ કૃપાનો માર્ગ છે. જીવ પોતાની બુદ્ધિ, સાધનો કે પ્રયત્નોથી ભગવાનને મેળવી શકતો નથી. ભગવાન જે જીવ ઉપર કૃપા કરે છે તે જીવને જ ભગવાન મળે છે. ભગવાનની આ કૃપા શક્તિનું સ્વરૂપ શ્રીયમુનાજી છે.

શ્રીયમુનાજીમાં ભગવાનનાં જ અલૌકિક ધર્મો છે. તેથી તેઓ જીવને ભગવદ્ પ્રાપ્તિ કરાવવા સમર્થ છે. શ્રીયમુનાજી એવાં ઉદાર છે કે જીવને લૌકિક અને અલૌકિક અષ્ટસિદ્ધિ સહજ રીતે આપે છે.

શ્રીમહાપ્રભુજીના મતે શ્રીયમુનાજીનાં ત્રણ સ્વરૂપો છે.

૧. નિત્ય લીલામાં શ્રીઠાકોરજીનાં ચોથાં - તુર્ય સ્વામિનીજીનું સ્વરૂપ. કોટિકંદર્પલાવણ્ય શ્રીકૃષ્ણના જેવો જ શ્રીયમુનાજીનો મુકુટ કાછનીનો શૃંગાર, મધુર હાસ્યયુક્ત મુખારવિંદ અને ષોડશ શૃંગાર ધારણ કરેલ શ્રીયમુનાજીનું આ આધિદૈવિક સ્વરૂપ છે.

૨. શ્રીયમુનાજીના અવર્ણનીય ગુણો અને મહિમા તે તેમનું આધ્યાત્મિક સ્વરૂપ છે. સર્વ જીવોને તેઓ તેમનું ઈચ્છિત ફળ આપે છે.

૩. શ્રીયમુનાજીનું સરિતા - નદી સ્વરૂપ તે તેમનું આધિભૌતિક સ્વરૂપ છે. સૂર્યસુતા રૂપે શ્રીયમુનાજી હિમાલયના કલિન્દ પર્વતના શિખર ઉપર પડી, અગાધ ફીણ અને જલશીકરોથી શોભતાં, ભૂમિને પાવન કરતાં વ્રજમંડળમાં પધારે છે. અહીં સૌ તેમનાં જળનું પાન અને સ્નાન કરે છે.

કૌન પે જાત શ્રીજમુનાજુ બરની ।
સબહી કો મન હરત મનમોહન, સો પિયાકો મન હૈ જુ હરની ।।૧।।
ઈન બિના એક છિન રહત નાહિ જીવન, ધન્ય વ્રજચંદ મન આનંદ કરની ।।૨।।
શ્રીવિઠ્ઠલ ગિરિધરન સહિત આયે, ભક્તકે હેત અવતાર ધરની ।।૩।।

વ્રજ : ચૈત્ર શુક્લ ષષ્ઠી

શ્રીયદુનાથજી

ગુજરાતી : ચૈત્ર સુદ છઠ



શ્રીયદુનાથજી : પ્રાકટ્ય સંવત ૧૬૧૫

યદુનાથમહં વંદે બાલકૃષ્ણ પદાશ્રયમ્ ।
રુક્મિણી હૃદયાનંદ દાયકમ્ ભક્ત વત્સલમ્ ॥

શ્રીબાલકૃષ્ણલાલજીના ચરણકમળના આશ્રયવાળા, માતા રુક્મિણીજીના હૃદયને આનંદ આપનારા, ભક્તવત્સલ શ્રીયદુનાથજીને હું વંદન કરું છું.

શ્રીયદુનાથજી શ્રીગુસાંઈજીના છઠ્ઠા પુત્ર હતા. સંવત ૧૬૧૫ના ચૈત્ર સુદ છઠના મંગળ દિવસે અડેલમાં તેમનું પ્રાગટ્ય થયું હતું.

તેમને બાળપણથી જ અધ્યયનમાં રુચિ હતી. અનેક શાસ્ત્રો અને સાંપ્રદાયિક ગ્રંથોનો તેમણે ઊંડો અભ્યાસ કર્યો. સાથે સાથે આયુર્વેદનો પણ અભ્યાસ કર્યો.

પંદર વર્ષની વયે ગોકુળમાં શ્રીમહારાણી વહુજી સાથે તેમનું લગ્ન થયું. તેમને પાંચ પુત્રો અને એક પુત્રી થયાં.

શ્રીગુસાંઈજીએ તેમને સેવા માટે શ્રીબાલકૃષ્ણલાલજીનું સ્વરૂપ પધરાવી આપ્યું હતું. તેમણે તે સ્વરૂપને પોતાના ભાઈ ત્રીજા લાલજી શ્રીબાલકૃષ્ણલાલજીના શ્રીઠાકોરજી શ્રીદ્વારકાધીશજી સાથે પધરાવ્યું અને પોતાના મોટા ભાઈની સાથે રહીને સેવા કરી. કારણ કે ત્રીજા લાલજી શ્રીબાલકૃષ્ણલાલજી પ્રત્યે તેમને વિશેષ પ્રેમ હતો.

શ્રીયદુનાથજીને ઘરમાં સૌ 'મહારાજ' કહી બોલાવતા. આપશ્રી સંવત ૧૬૫૮માં ગુજરાત પધાર્યા હતા. નર્મદા નદીને કિનારે ચાણોદ ગામમાં બિરાજ્યા હતા. ત્યાં તેમણે 'શ્રીવલ્લભ દિગ્વિજય' નામનો ગ્રંથ પૂર્ણ કર્યો હતો. શ્રીવલ્લભ ચરિત્રનું વર્ણન કરતો આ સૌથી પ્રાચીન ગ્રંથ ગણાય છે.

૪૫ વર્ષની નાની વયે તેમણે નિત્યલીલા પ્રવેશ કર્યો હતો.

શ્રીયદુનાથજીની વધાઈ

શ્રીવિઠ્ઠલગૃહ મંગલચાર ।
માતા રુક્મિણી કૂખિ પ્રકટ ભયે શ્રીયદુનાથ છઠે સુકુમાર ॥૧॥
જય જયકાર ભયો ભુવિ ઉપર બજત બીન મુરલી કરતાર ।
દ્વારે ભીર વિપ્ર ગુણિયનકી ગાવત યશ પાવન નરનાર ॥૨॥
દેત દાન અતિહી મન ફૂલે શ્રીવિઠ્ઠલ મન બડે ઉદાર ।
સુનિકે આન પર્યો દ્વારેં યહ **રસિક** દાસકી ઔર નિહાર ॥૩॥

વ્રજ : ચૈત્ર શુક્લ સપ્તમી

મંગળા દર્શન

ગુજરાતી : ચૈત્ર સુદ સાતમ



વસ્ત્ર : અમરસી (ચંપાઈ) રંગના છાપાનો, રૂપેરી તૂઈલેસની કિનારીવાળો ઉપરણો ધર્યો છે. અમરસી રંગની દુલાઈ પીઠિકાની પાછળ ધરી છે.

શૃંગાર : અમરસી (ચંપાઈ) રંગની કુલ્હે, લર, અલકાવલી, તિલક, નકવેસર, ચિબુક, કર્ણફૂલ, કંઠસરી, કડાં, મુદ્રિકા અને અણવટ વિછુવા ધર્યાં છે.

અત્તર : પ્રભુ સુખાર્થે આજે ખાસ કરીને ચૈત્રી ગુલાબ, રુહ ગુલાબ, સોંધો, મોગરો, જૂઈ અથવા ખસનું અત્તર ઉપયોગમાં લેવાય છે.

સામગ્રી : નિત્યની સામગ્રી ઉપરાંત ઋતુઅનુસાર, યથાશક્તિ, યથા મનોરથ સુંદર સામગ્રી ધરીએ અને શ્રીપ્રભુને ખૂબ લાડ લડાવીએ.

કીર્તન : **મંગળા (રાગ-બિભાસ)**

ગોવર્ધનગિરિ સઘન કંદરા રૈન નિવાસ કિયો પિયપ્યારી ।
ઊઠ ચલે ભોર સુરત રંગ ભીને, નંદનંદન વૃષભાન દુલારી ॥૧॥
ઈત વિગલિત કચમાલ મરગજી, અટપટે ભૂષન રગમગી સારી ।
ઉતહી અધર મસી પાગ રહી ધસી, દૂહુઁ દિશ છબી બાઢી અતિ ભારી ॥૨॥
ઘૂમત આવત રતિરણ જીતે કરિણિ સંગ ગજવર ગિરિધારી ।
ચતુર્ભુજદાસ નિરખ દંપતી સુખ, તન મન ધન કીનો બલિહારી ॥૩॥

શૃંગાર (રાગ-બિલાવલ)

સુન રિ સૈન દઈ ગ્વાલનકો, મોહનલાલ બજાયો બૈનુ ।
પ્રાતસમે જાગે અનુરાગે, વૃંદાવન આનંદ ભયૌ
ગાઈ ચલૈ ચરાવન ધેનુ ॥૧॥
બરન બરન બાનિક બનિ આયે પટ ભૂખન
જસુમતિ પહરાયૈ ભાલ તિલક દે આઁજે નૈનુ ॥૨॥
'હરિનારાયણ શ્યામદાસ' કે પ્રભુ માઈ પ્રગટ ભયે
ધરિ ચંદ્રિકા સીસ સબ વ્રજજન સુખ દૈનુ ॥૩॥

વ્રજ : ચૈત્ર શુક્લ સપ્તમી

રાજભોગ દર્શન

ગુજરાતી : ચૈત્ર સુદ સાતમ



આજના શૃંગાર : પાગ - મોરશીખા - ખુલેબંધનો ચાકદાર વાગો

સાજ : શ્રીગિરિરાજજી, શ્રીયમુનાજી તથા શ્રીગોસ્વામી બાળકોના ચિત્રકામવાળી પિછવાઈ ધરી છે. ગાદી, તકિયા તથા ચરણ ચોકી ઉપર સફેદ બિછાવટ કરી છે.

વસ્ત્ર : સૂથન, ચોળી અને ખુલેબંધનો ચાકદાર વાઘો - બધાં વસ્ત્રો અમરસી (ચંપાઈ) રંગના અને રૂપેરી તૂઈલેસની કિનારીવાળાં ધર્યાં છે. ઠાડું વસ્ત્ર લાલ લહેરીયાનું ધર્યું છે.

શૃંગાર : છોટો (કમર સુધીનો) આછો શૃંગાર થયો છે. મોતી અને પીરોજાનાં આભરણ ધર્યાં છે. શ્રીમસ્તકે અમરસી રંગની ગ્વાલપાગ ઉપર મોતીની લર, પીરોજાની લૂમ તથા મોરશીખા અને ડાબી બાજુ શીશફૂલ તથા કર્ણમાં લોલકબંદી લરવાળાં કર્ણફૂલ ધર્યાં છે. ગુલાબી ગુલાબનાં બે માળાજી ધર્યાં છે.

શ્રીહસ્તમાં : ફૂલની છડી, સોનાનાં વેણુજી અને વેત્રજી ધર્યાં છે.

નોંધ : આજનો શૃંગાર ઐચ્છિક છે.

કીર્તન : **રાજભોગ (રાગ-સારંગ)**

રાગ રંગ રાખ્યોરી મુરલીમેં કહા કહૌં રી લાલ સુઘર ।
તાન તરંગ સ્વર-ભેદ અરુ મિલવત અતિ ગતિ
બિચબિચ મિલવત વિકટ અવધર ॥૧॥
ચોંખ માંખનીકી રેખ તામેં ગાયન ટેરત લાંબે લાંબે સ્વર ।
બિચબિચ લેત તિહારો નામ સુનરી સયાની, **ગોવિંદ** પ્રભુ વ્રજરાનીકે કુંવર ॥૨॥

ભોગ (રાગ-પૂર્વી)

હાઁકે હટકિ હટકિ ગાય ઠઠકિ ઠઠકિ રહી
ગોકુલકી ગલી સબ સાઁકરી ।
જારી અટારી ઝરોખન ગોખન
ઝાઁખત દૂર દૂર ઠોર ઠોર તેં પરત કાંકરી ॥૧॥
ચંપકલી કુંદકલી બરખત રસભરી
તામેં પુનિ દેખિયત લીખે હૈ આંકરી ।
નંદદાસ પ્રભુ જહીં જહીં દ્વારે ઠાડે હોત તહીં તહીં વચન માગત
લટક લટક જાત કાહૂસોં હાઁ કહી કાહૂસોં ના કહી ॥૨॥

શયન (રાગ-કેદારો)

રાધિકા આજ આનંદમેં ડોલે ।
સાઁવરે ચંદ ગોવિંદ કે રસભરી, દૂસરી કોકિલા મધુર સ્વર બોલે ॥૧॥
પહેરે તન નીલપટ, કનક હારાવલી, હાથ લે આરસી રૂપકો તોલૈ ॥૨॥
કહત **શ્રીભટ્ટ** નટનારી નાગર બની, કૃષ્ણકે સીલકી ગ્રંથિકા ખોલે ॥૩॥

વ્રજ : ચૈત્ર શુક્લ અષ્ટમી

મંગળા દર્શન

ગુજરાતી : ચૈત્ર સુદ આઠમ



વસ્ત્ર : લાલ એકધારી ચૂંદડીનો રૂપેરી તૂઈ લેસની કિનારીવાળો ઉપરણો ધર્યો છે. પીઠિકાની પાછળ લાલ રંગની દુલાઈ ધરી છે.

શૃંગાર : અમરસી (ચંપાઈ) રંગની ગ્વાલપાગ (ગ્વાલપગો) અને લર, અલકાવલી, તિલક, નકવેસર, ચિબુક, કર્ણફૂલ, કંઠસરી, કડાં, મુદ્રિકા તથા અણવટ વિછુવા ધર્યાં છે.

અત્તર : પ્રભુ સુખાર્થે આજે ખાસ કરીને ચૈત્રી-ગુલાબ, રુહ-ગુલાબ, સોંધો, મોગરો, જૂઈ અથવા ખસનું અત્તર ઉપયોગમાં લેવાય છે.

સામગ્રી : નિત્યની સામગ્રી ઉપરાંત આજે ચણાના લોટનો મોહનથાળ ધરાય છે. આપણે ઋતુઅનુસાર યથાશક્તિ, યથામનોરથ સુંદર સામગ્રી ધરી શ્રીપ્રભુને ખૂબ લાડ લડાવીએ.

કીર્તન : **મંગળા (રાગ-બિલાવલ)**

ગોકુલકી પનિહારી પનિયાઁ ભરન ચલી
બડે બડે નયના તામેં ફબ રહ્યો કજરા ।
પહિરેં કસુંભી સારી, અંગ અંગ છબિ ભારી
ગોરી ગોરી બઁહિયનમેં મોતીનકે ગજરા ।।૧।।
સખી સંગ લિયે જાત, હઁસ હઁસ બૂઝત બાત,
તનહૂકી સુધિ ભૂલી સીસ ધરેં ગગરા ।
'નંદદાસ' બલિહારી બિચ મિલે ગિરિધારી
નયનનકી સૈનનમેં ભૂલ ગઈ ડગરા ।।૨।।

શૃંગાર (રાગ-બિલાવલ)

સુભગ સિંગાર નિરખ મોહનકોં, લે દર્પન કર પિયહી દિખાવેં ।
આપુન નેક નિહારિયે બલિ જાઉં, આજકી છબિ કછુ કહત ન આવેં।।૧।।
ભૂષન બસન રહે ફબિ ઠાંઈ ઠાંઈ, અંગ અંગ છબિ ચિત્તહિ ચુરાવેં ।
રોમ રોમ પ્રફૂલિત વ્રજસુંદરી, ફૂલન રુચિરકી માલ બનાવેં ।।૨।।
અંચલ વાર કરત ન્યોછાવર, તનમન અતિ અભિલાષ બઢાવેં ।
'ચતુર્ભુજ' પ્રભુ ગિરિધરકો સ્વરૂપ સુધા, પીવત નયનપુટ તૃપ્તિ ન પાવેં ।।૩।।

શૃંગાર (રાગ-બિલાવલ)

શોભિત સુરંગ પાગ રહી ઝૂકી અર્ધ ભાલ, નેનનકી કોર તીખી મોહની ભ્રોંહનકી ।
કુંડલ અલક છબી ઝલક કપોલનપેં, મનમેં વિચારે બાત પ્યારીકે મોહનકી ।।૧।।
હસિ હસિ પરત ફૂલ ઝરત લાલ અદરનપેં, નાસા ગજમોતી જ્યોતિ પરસી જોહનકી ।
કૃષ્ણદાસ પ્રભુ ગિરિધરકી છબી દેખ, ઓર ન કછુ દેખત, અતિહી લજીલી આંખે મદન મોહનકી ।।૨।।

વ્રજ : ચૈત્ર શુક્લ અષ્ટમી

રાજભોગ દર્શન

ગુજરાતી : ચૈત્ર સુદ આઠમ



આજના શૃંગાર : પાગ-ચંદ્રિકા/સૂથન-ઘેરદાર

સાજ : લાલ રંગની મલમલની, રૂપેરી જરીની તૂઈલેસની કિનારીવાળી પિછવાઈ ધરી છે. ગાદી તકિયા અને ચરણચોકી ઉપર સફેદ બિછાવટ કરી છે.

વસ્ત્ર : લાલ રંગના સોનેરી છાપાનાં અને સોનેરી તૂઈલેસની કિનારીવાળાં સૂથન, ચોળી અને ઘેરદાર વાગો ધર્યો છે. ઠાડું વસ્ત્ર પીળા (લીંબોઈ) રંગનું ધર્યું છે. ઉર્ધ્વ ભુજા તરફ કટિ પટુકો ધર્યો છે.

શૃંગાર : છોટો (કમર સુધીનો) આછો શૃંગાર થયો છે. સર્વ આભરણ પન્નાનાં ધર્યાં છે. શ્રીમસ્તકે લાલ રંગની ગોળ પાગ ઉપર શિરપેચ, મોરપંખની સાદી ચંદ્રિકા અને ડાબી બાજુ શીશફૂલ ધર્યું છે. કર્ણમાં કર્ણફૂલ અને ચૈત્રી ગુલાબનાં પુષ્પોનાં બે માળાજી ધર્યાં છે.

શ્રીમસ્તકે : ફૂલની છડી, સોનાનાં વેણુજી અને વેત્રજી ધર્યાં છે.

નોંધ : આજનો શૃંગાર રામનવમીના ઉત્સવના પૂર્વનો શૃંગાર છે. સામાન્ય રીતે ઉત્સવના આગળના દિવસે લાલ વસ્ત્રો ધરાય છે અને પાગ-ચંદ્રિકાનો શૃંગાર થાય છે.

કીર્તન : **રાજભોગ (રાગ-સારંગ)**

આજુકી બાનિક કહી ન જાય, બૈઠે અબ નિકસ કુંજદ્વાર ।
લટપટી પાગ સિર શિથિલ ચિકુર ચારૂ ખસિત
બરુહા ચંદરસ ભરે બ્રજરાજકુમાર ॥૧॥
શ્રમજલ બિંદુ કપોલ બિરાજત માનો ઓસ કન નીલકમલ પર ।
ગોવિંદ પ્રભુ લાડિલો લલન બલિ કહા કહૌ અંગ અંગ સુંદરવર ॥૨॥

ભોગ (રાગ-પૂર્વી)

ધરે ટેઢી પાગ ટેઢી ચંદ્રિકા ટેઢે ત્રિભંગીલાલ ।
કુંડલ કિરન માનો કોટિ રવિ ઉદય હોત ઉર રાજત વનમાલ ॥૧॥
સાઁવરે વદન પીતાંબર ઓઢે, બજાવત મુરલી મધુર રસાલ ।
નંદદાસ બનતેં વ્રજ આવત, સંગ લિયે બ્રજબાલ ॥૨॥

શયન (રાગ-અડાનો)

અરિ હોં યા મગ નિક્સી આય અચાનક કાન્હકુંવર ઠાડે અપુની પૌર ।
દૃષ્ટિસોં દૃષ્ટિ મિલી, રોમ રોમ શીતલ ભઈ, તનમેં ઊઠી હૈં કેંધો કામ રોર ॥૧॥
લાલપાગ ઝૂકી રહી ભ્રોંહન પર, શ્યામ ગાત કીયે ચંદનકી ખૌર ।
સૂરદાસ પ્રભુ સર્વસ્વ હરકે ચલે, મન આવત કેંધો મિલૌરી દૌર ॥૨॥

વ્રજ : ચૈત્ર શુક્લ નવમી

મંગળા દર્શન

ગુજરાતી : ચૈત્ર સુદ નોમ



શ્રીરામનવમી

દેહલી - વંદનમાલ - હાંડી - આજે અભ્યંગ થાય

વસ્ત્ર : ઘેરા ચંપાઈ રંગનો, છાપાનો, રૂપેરી તૂઈલેસની કિનારીવાળો ઉપરણો ધર્યો છે. પીઠિકાની પાછળ કેસરી રંગની દુલાઈ ધરી છે.

શૃંગાર : લાલ રંગની ગોળ પાગ, લર, અલકાવલી, તિલક, નકેવસર, ચિબુક, કર્ણફૂલ, કંઠસરી, કડાં, મુદ્રિકા અને અણવટ વિછુવા ધર્યાં છે.

અત્તર : પ્રભુ સુખાર્થે આજે ખાસ કરીને ચૈત્રી-ગુલાબ, રુહ-ગુલાબ, સોંધો, મોગરો, જૂહી અથવા ખસનું અત્તર ઉપયોગમાં લેવાય છે.

સામગ્રી : રાજભોગમાં નિત્યની સામગ્રી ઉપરાંત આજે વિશેષમાં માવાના ગુંજા (ઘૂઘરા), મેવાટી, છાશવડા, બિલસારુ (મુરબ્બો), બીજ સંધાના (અથાણાં) વગેરે ધરાય છે.

ઉત્સવભોગની સામગ્રીમાં બુંદી, સક્કરપારા, કઢીયલ દૂધ, દૂધગરની સામગ્રી, શિંગોડાનો શીરો, પૂરી, કઢી, વિવિધ ફલાહારની સામગ્રી, સેવ, શાક, ભુજાનાં, તળેલાં બીજ તથા સૂકો મેવો, ખાટું, મીઠું દહીં, લીલો મેવો, દહીંભાત, બીલસારુ વગેરે ધરાય છે. આપણે પણ ઋતુઅનુસાર, યથાશક્તિ, યથામનોરથ સુંદર સામગ્રી ધરીએ અને શ્રીપ્રભુને લાડ લડાવીએ.

નોંધ : મેષ સંક્રાંતિ પહેલાં ગઈ હોય તો આજે ઉત્સવ ભોગમાં ઘોળેલો સથવો ધરવો.

કીર્તન : **મંગળા (રાગ-બિલાવલ)**

ગોવિંદ તિહારો સ્વરૂપ નિગમ નેતિ નેતિ ગાવે, ભક્તકે વશ શ્યામ સુંદર દેહ ધરે આવે ॥૧॥
યોગી મુનિ જ્ઞાની ધ્યાન સપને નહીં પાવે, નંદઘરની બાઁધી તાહી કપિ જ્યોં નચાવે ॥૨॥
ગોપીજન પ્રેમ આતુર સંગ લાગી લોલે, મુરલીકો નાદ સુનત ગૃહ તજી વન ડોલે ॥૩॥
વેદ પુરાણ સ્મૃતિ કથા કહત શુક વિચારી, **પરમાનંદ** પ્રેમ કથા સબહીન તેં ન્યારી ॥૪॥

શૃંગાર (રાગ-બિલાવલ)

કૌશલ્યા રઘુનાથકો લે ગોદ ખિલાવે, સુંદર વદન નિહારકે હઁસ હઁસ કંઠ લગાવે ॥૧॥
પીત ઝગુલીયા તન લસે પગ નૂપુર બાજે, ચલન સિખાવે રામકો, કોટિક છબિ છાજે ॥૨॥
સીસ સુભગ કુલ્હે બની માથે બિંદુ બિરાજે, નીલકંઠ નખ કેહરી કર કંકન બાજે ॥૩॥
બાલલીલા રઘુનાથકી યહ સુને ઔર ગાવે, **તુલસીદાસ** કો યહ કૃપા નિત્ય દર્શન પાવે ॥૪॥

વ્રજ : ચૈત્ર શુક્લ નવમી

શૃંગાર દર્શન

ગુજરાતી : ચૈત્ર સુદ નોમ



આજના શૃંગાર : કુલ્હે જોડ - ચાકદાર

સાજ : લાલ રંગની મલમલની, સોનેરી તૂઈલેસની કિનારીવાળી પિછવાઈ ધરી છે. ગાદી, તકિયા અને ચરણચોકી ઉપર સફેદ બિછાવટ કરી છે.

વસ્ત્ર : સૂથન, ચોલી અને ચાકદાર વાગો - સર્વ વસ્ત્રો ચંપાઈ રંગની મલમલના, રૂપેરી તૂઈલેસની કિનારીવાળાં ધર્યાં છે. ઠાડું વસ્ત્ર સફેદ રંગનું ધર્યું છે.

શૃંગાર : વનમાલાનો (ચરણારવિંદ સુધીનો) ભારે શૃંગાર થયો છે. મિલવા : હીરા, મોતી, માણેક, પન્ના તથા સોનાનાં જડાવ આભરણ ધર્યાં છે. શ્રીમસ્તકે ચંપાઈ રંગની કુલ્હે ઉપર શિરપેચ અને પાંચ ચંદ્રિકાનો જોડ, તથા ડાબી બાજુ શીશફૂલ અને ઉત્સવની મોતીની ચોટી ધરી છે. કર્ણમાં મકરાકૃતિ કુંડલ ધર્યાં છે. ચૈત્રી ગુલાબનાં પુષ્પોની પુષ્પમાળા ધરી છે.

શ્રીહસ્તમાં : ફૂલની છડી, સોનાનાં વેણુજી તથા બે વેત્રજી ધર્યાં છે.

અભ્યંગ : અભ્યંગના છ કીર્તન વસંત પંચમીના દિવસના ગવાય છે તેમજ નીચેનું કીર્તન ગવાય છે.

કીર્તન : **અભ્યંગ (રાગ-બિલાવલ)**

આજ મહા મંગલ કૌસલપુર સુન, નૃપકે સુત ચાર ભયે ।
સદન સદન સોહિલો સુહાયો નામ ઔર નગર નિસાન હયે ॥૧॥
અતિ સુખ બેગિ બોલ સુરગુરુ મુનિ ભૂપતિ ભીતર ભવન ગયે ।
જાત કર્મ કરકે નવ વસન મનિ ભૂષણ સુરભિ સમૂહ દિયે ॥૨॥
દધિ અક્ષત ફલ ફૂલ દૂબ નવયુવતીન ભરભર થાર લિયે ।
ગાવત ચલી ભીર ભરી બીથન વંદન માઁગ સિંદૂર દિયે ॥૩॥
કનક કલશ ઔર ધજા પતાકા, બિચ બિચ બંદનવાર નયે ।
ઊડત ગુલાલ અરગજા છિરકત, સકલ લોક ઈક રંગ ભયે ॥૪॥
સજ સજ સાજ અમર કિન્નર મુનિ જન સમાગમ ગગન ઠયે ।
નૃત્યત નવ અપ્સરા મુદિત મન પુન પુન બરખત કુસુમ રયે ॥૫॥
અતિ આનંદ મગન પુરવાસી દેત સબન મંદિર રીતયે ।
તુલસીદાસ પુન ભરેહી દેખિયત રામકૃપા ચિતવન ચિતયે ॥૬॥

રાજભોગ (ઉત્સવભોગ પછી) વધાઈ : (રાગ-સારંગ)

આજ અયોધ્યા પ્રગટે રામ ।
દશરથ વંશ ઉદે કુલ દીપક શિવ વિરંચી મુનિ ભયો વિશ્રામ ॥૧॥
ઘર ઘર તોરન બંદનમાલા મોતીન ચોક પૂરે નિજધામ ।
પરમાનંદદાસ તિહિ અવસર, બંદીજન કે પૂરન કામ ॥૨॥

વ્રજ : ચૈત્ર શુક્લ નવમી

રાજભોગ દર્શન

ગુજરાતી : ચૈત્ર સુદ નોમ



સાજ : શૃંગાર અને ગ્વાલ દર્શનમાં લાલ રંગની પિછવાઈ ધરાય છે. રાજભોગમાં ચૈત્રી ગુલાબની ફૂલમંડળી ધરાય છે ત્યારે પિછવાઈ વડી થઈ જાય છે. આજે ચૈત્રી ગુલાબનાં ફૂલોની કલાત્મક ફૂલમંડળી ધરી છે. ગાદી, તકીયા અને ચરણચોકી ઉપર સફેદ બિછાવટ કરી છે.

વસ્ત્ર, શૃંગાર બધું જ શૃંગાર દર્શન પ્રમાણે ધરેલું છે. તેમજ ચૈત્રી ગુલાબનાં પુષ્પોનાં બે માળાજી ધર્યાં છે.

શ્રીહસ્તમાં : ફૂલની છડી, સોનાનાં વેણુજી તથા બે વેત્રજી ધર્યાં છે.

નોંધ : આજે રાજભોગનાં દર્શન બે વાર ખૂલે છે. પહેલાં દર્શનમાં શ્રીબાલકૃષ્ણજીને પંચામૃત થાય છે. ઉત્સવભોગ આવ્યા બાદ દર્શન ફરી ખૂલે છે. આરતી થાય છે. આજથી શયનનાં દર્શન ભીતરમાં થાય છે. એકમથી પંખા ન ધરાયા હોય તો આજથી ધરાય છે.

કીર્તન : **આરતી (રાગ-માલવ)**

પદ્મ ધર્યો જન તાપ નિવારન ।
ચક્ર સુદર્શન ધર્યો કમલકર ભક્તનકી રક્ષાકે કારન ।।૧।।
શંખ ધર્યો રીપુ ઉદર વિદારન, ગદા ધરી દુષ્ટન સંહારન ।
ચારો ભુજા ચારો આયુધ ધરે નારાયન ભૂવભાર ઉતારન ।।૨।।
દીનાનાથ દયાલ જગતગુરુ આરતી હરન ભક્ત ચિંતામનિ ।
પરમાનંદદાસ કો ઠાકુર યહ ઔસર છાંડો જિનિ ।।૩।।

શયન (રાગ-કાન્હરો)

ચરનકમલ વંદો જગદીશ જે ગોધન કે સંગ ધાયે ।
જે પદકમલ ધૂર લપટાને કર ગહિ ગોપીનકે ઉર લાયે ।।૧।।
જે પદકમલ યુધિષ્ઠિર પૂજત રાજસૂયસે ચલિ આયે ।
જે પદકમલ પિતામહ ભીષ્મ ભારત દેખનકો આયે ।।૨।।
જે પદકમલ શંભુ ચતુરાનન હૃદયકમલ કે અંતર રાખે ।
જે પદકમલ રમા ઉર ભૂષન વેદ ભાગવત જે ભાખે ।।૩।।
જે પદકમલ લોકત્રય પાવન, બલિ રાજાકી પીઠ ધરે ।
તે પદકમલ દાસ **પરમાનંદ** ગાવત પ્રેમ પીયૂષ ભરે ।।૪।।

વ્રજ : ચૈત્ર શુક્લ દશમી

મંગળા દર્શન

ગુજરાતી : ચૈત્ર સુદ દસમ



વ્રજ : ચૈત્ર શુક્લ દશમી

ચિત્ર પરિચય

ગુજરાતી : ચૈત્ર સુદ દસમ

વસ્ત્ર : ચંપાઈ રંગની મલમલનો, રૂપેરી તૂઈલેસની કિનારી વાળો ઉપરણો ધર્યો છે. પીઠિકાની પાછળ સફેદ રંગનું વસ્ત્ર ધર્યું છે.

શૃંગાર : ચંપાઈ રંગની કુલ્હે, લર, અલકાવલી, તિલક, નકવેસર, ચિબુક, કર્ણફૂલ, કંઠસરી, કડાં, મુદ્રિકા અને અણવટ વિછુવા ધર્યાં છે.

અત્તર : પ્રભુ સુખાર્થે આજે ખાસ કરીને ચૈત્રી-ગુલાબ, રુહ-ગુલાબ, સોંધો, મોગરો, જૂઈ અથવા ખસનું અત્તર ઉપયોગમાં લેવાય છે.

સામગ્રી : નિત્યની સામગ્રી ઉપરાંત આજે બુંદીના લાડુ અને મગની છૂટી દાળ ધરાય છે. આપણે પણ ઋતુઅનુસાર, યથાશક્તિ, યથામનોરથ સુંદર સામગ્રી ધરીએ અને શ્રીપ્રભુને ખૂબ લાડ લડાવીએ.

કીર્તન : **મંગળા (રાગ-બિલાવલ)**

લલિત કથા એક કહો લડેંતે નેકુ સકુચ તજ છાંડ દે આર ।
સૂરજવંશ નૃપતિ દશરથકે ભયે સુંદર સુભગ તન ચાર ॥૧॥
તામેં બડે રામચંદ્ર રાજા, જનકસુતા તાકે ઘર નાર ।
પંચવટીકો ચલે રાજ તજ, પિતા વચન માથેં પર ધાર ॥૨॥
વૈકુંઠનાથ રણધીર વીર રઘુ તાપસ અનુહાર ।
મારે કુટિલ સબલ રાક્ષસ અતિ, કાનન વસત વિઘ્ન સબ ટાર ॥૩॥
કપટ રૂપ ધર રાવન લે ગયો સીતાકો લંક સિંધુકે પાર ।
જાનકી હરન સૂનત **સૂરજ** પ્રભુ ચોંક ઊઠે લાઓ ધનુષ સંભાર ॥૪॥

શૃંગાર (રાગ-બિલાવલ)

ફૂલનકી માલા હાથ ફૂલી સબ સખી સાથ
ઝમક ઝરોખા ઝાંખે નંદિની જનકકી ।
દેખન પિયાકી શોભા, સીયાકે લોચન લોભા
એકટક ઠાડી માનો પૂતરી કનકકી ॥૧॥
પિતાસોં કહત બાત કમલસોં કોમલ ગાત
ટારો હોં પ્રતિજ્ઞા યા શિવકે ધનુષકી ।
નંદદાસ પ્રભુ જાન્યો તૃન કર તોર્યો બાનો
વાંસકી ધનૈયા જૈસે બાલક કે કરકી ॥૨॥

વ્રજ : ચૈત્ર શુક્લ દશમી

રાજભોગ દર્શન

ગુજરાતી : ચૈત્ર સુદ દસમ



આજના શૃંગાર : કુલ્હે જોડ-ચાકદાર

સાજ : સંપૂર્ણ રામલીલાના ચિત્રકામવાળી પિછવાઈ ધરી છે. ગાદી, તકિયા અને ચરણચોકી ઉપર સફેદ બિછાવટ કરી છે.

વસ્ત્ર : સૂથન, ચોલી તથા ખૂલેબંધનો ચાકદાર વાગો - સર્વ વસ્ત્રો કેસરી રંગની મલમલનાં, રૂપેરી તૂઈલેસની કિનારીવાળાં ધર્યાં છે. ઠાડું વસ્ત્ર સફેદ ધર્યું છે.

શૃંગાર : વનમાળાનો (ચરણારવિંદ સુધીનો) ભારે શૃંગાર થયો છે. મિલવા : હીરા, મોતી, માણેક, પન્ના તથા સોનાનાં જડાવ આભરણ ધર્યાં છે. શ્રીમસ્તકે કેસરી કુલ્હે ઉપર શિરપેચ અને પાંચ મોરપંખની ચંદ્રિકાનો જોડ, ડાબી બાજુ શીશફૂલ અને ઉત્સવની મોતીની ચોટી તથા કર્ણમાં મકરાકૃતિ કુંડળ ધર્યાં છે. ચૈત્રી ગુલાબનાં પુષ્પોનાં બે માળાજી ધર્યાં છે.

શ્રીહસ્તમાં : ફૂલની છડી, સોનાનાં જડાવ વેણુજી તથા વેત્રજી ધર્યાં છે.

નોંધ : આજનો શૃંગાર રામનવમીના ઉત્સવનો પરચારગીનો (દૂસરો) શૃંગાર છે.

કીર્તન : **રાજભોગ (રાગ-સારંગ)**

જાકો વેદ રટત શંભુ રટત શેષ રટત
નારદ શુકવ્યાસ રટત પાવત નહીં પાર રી ।
ધ્રુવજન પ્રહ્લાદ રટત કુંતી કે કુંવર રટત
દ્રુપદસુતા રટત નાથ, અનાથન પ્રતિપાલરી ॥૧॥
ગણિકા ગજ ગીધ રટત ગૌતમકી નાર રટત
રાજનકી રમણી રટત સુતન દે દે પ્યાર રી ।
નંદદાસ શ્રીગોપાલ ગિરિવરધર રૂપજાલ
યશોદાકો કુંવર લાલ રાધા ઉર હાર રી ॥૨॥

શયન (રાગ-ઈમન કલ્યાણ)

કનક કુસુમ અતિ શોભત શ્રવનનિ ।
ઘૂમત અરુન તરુન મદમાતે મુસકાતે આનનિ ॥૧॥
ગોલ પાગ પર કુલ્હે સુરંગા તામેં અલક રેખ બની ।
ગોવિંદ પ્રભુ ત્રૈલોક વિમોહિત કંઠ કૌસ્તુભ મનિ ॥૨॥

વ્રજ : ચૈત્ર શુક્લ એકાદશી

મંગળા દર્શન

ગુજરાતી : ચૈત્ર સુદ અગિયારસ



શ્રીમહાપ્રભુજીના ઉત્સવની વધાઈનો પ્રારંભ - દેહલી વંદનમાલ

કામદા એકાદશી

વસ્ત્ર : લાલ રંગની મલમલનો, રૂપેરી તૂઈલેસની કિનારીવાળો ઉપરણો ધર્યો છે. પીઠિકાની પાછળ શ્વેત રંગનું વસ્ત્ર ધર્યું છે.

શૃંગાર : ચંપાઈ (અમરસી) રંગની કુલ્હે, લર, અલકાવલી, તિલક, નકવેસર, ચિબુક, કર્ણફૂલ, કંઠસરી, કડાં, મુદ્રિકા અને અણવટ વિછુવા ધર્યાં છે.

અત્તર : પ્રભુ સુખાર્થે આજે ખાસ કરીને ચૈત્રી-ગુલાબ, રુહ-ગુલાબ, સોંધો, મોગરો, જૂઈ અથવા ખસનું અત્તર ઉપયોગમાં લેવાય છે.

સામગ્રી : નિત્યની સામગ્રી ઉપરાંત આજે વિશેષમાં ઈમરતીની સામગ્રી ધરાય છે. આપણે ઋતુઅનુસાર, યથાશક્તિ, યથા મનોરથ, સુંદર સામગ્રી ધરી શ્રીપ્રભુને ખૂબ લાડ લડાવીએ.

નોંધ : આજથી શ્રીમહાપ્રભુજીના ઉત્સવની પંદર દિવસની વધાઈ બેસે છે. આ પંદર દિવસ શ્રીપ્રભુને વાદળી, શ્યામ, નીલ, લીલા વગેરે રંગનાં અમાંગલિક વસ્ત્રો ધરાતાં નથી, મંગળાથી લઈને શયન સુધી જન્માષ્ટમી અને શ્રીમહાપ્રભુજીની વધાઈઓ ગવાય છે. જેવો શૃંગાર થયો હોય તે ભાવની વધાઈનું કીર્તન ગવાય છે.

અહીં પ્રશ્ન થાય કે ઉત્સવના પંદર દિવસ પહેલા વધાઈ કેમ બેસે છે? તો ભગવદીયો દ્વારા તેના ત્રણ કારણો બતાવવામાં આવ્યાં છે.

(૧) ભગવાન શ્રીકૃષ્ણનું પ્રાકટ્ય થયું તે પહેલાં જ બ્રહ્મા, ઈન્દ્ર, શિવજી વગેરે દેવો દ્વારા ગર્ભમાં જ ભગવાનની સ્તુતિ કરવામાં આવી હતી. પછી ભગવાનનું પ્રાકટ્ય થયું; આથી પહેલાં વધાઈ બેસે છે. વધાઈઓ ગવાય છે. પ્રભુને વંદના કરવાથી, ગુણગાન કરવાથી પ્રભુ અવતરિત થાય.

(૨) સો સોમયજ્ઞોના ફલ સ્વરૂપ શ્રીલક્ષ્મણભટ્ટજીને રામનવમીના દિવસે પ્રભુએ સ્વપ્નમાં માળા-બીડાં આપીને આજ્ઞા કરી હતી કે હવે હું તમારે ત્યાં પ્રગટ થઈ રહ્યો છું; તેથી આગમની વધાઈ બેસે છે.

(૩) ૧૫૩૫ અને ૧૫૭૨ બંને સંવતોમાં ૧૫ની સંખ્યા પહેલી આવી છે માટે ૧૫ દિવસ પહેલાં વધાઈ બેસે છે.

કીર્તન : **મંગલા (રાગ-દેવગંધાર)**

આજ ગૃહ નંદ મહરકે વધાઈ ।
પ્રાત સમે મોહનમુખ નિરખત, કોટિ ચંદ છબિ છાઈ ॥૧॥
મિલિ વ્રજનારી મંગલ ગાવત નંદભવનમેં આઈ ।
દેત આશિષ જીયો જસુમતિ સુત કોટિક વરસ કન્હાઈ ॥૨॥
નિત આનંદ બઢત વૃંદાવન ઉપમા કહી નવ જાઈ ।
સૂરદાસ ધન્ય ધન્ય નંદરાની દેખત નૈન સિરાઈ ॥૩॥

વ્રજ : ચૈત્ર શુક્લ એકાદશી

રાજભોગ દર્શન

ગુજરાતી : ચૈત્ર સુદ અગિયારસ



આજના શૃંગાર : પાગ-ચંદ્રિકા-ઘેરદાર વાગો

સાજ : સફેદ રંગની, શ્રીપ્રભુને પલને ઝૂલાવતા પૂ. ગોસ્વામી બાલકોના ચિત્ર કામવાળી પિછવાઈ ધરી છે. ગાદી તકિયા અને ચરણચોકી ઉપર સફેદ બિછાવટ કરી છે.

વસ્ત્ર : સૂથન, ચોલી, ઘેરદાર વાગો અને કટિ પટુકો - સર્વ વસ્ત્રો લાલ રંગની મલમલનાં, રૂપેરી તૂઈલેસની કિનારીવાળાં ધર્યાં છે. ઠાડું વસ્ત્ર મેઘશ્યામ રંગનું ધર્યું છે.

શૃંગાર : છોટો (કમર સુધીનો) આછો શૃંગાર થયો છે. મોતી, પન્ના તથા સોનાના જડાવ આભરણ ધર્યાં છે. શ્રીમસ્તકે લાલ રંગની ગોળ પાગ ઉપર શિરપેચ, લૂમ તથા ગોળ જડાવ ચંદ્રિકા અને ડાબી બાજુ શીશફૂલ ધર્યું છે. કર્ણમાં કર્ણફૂલ ધર્યાં છે. ગુલાબનાં પુષ્પોનાં બે માળાજી ધર્યાં છે.

શ્રીહસ્તમાં : ફૂલની છડી, સોનાનાં વેણુજી તથા બે વેત્રજી ધર્યાં છે.

કીર્તન : **શૃંગાર (રાગ-દેવગંધાર)**

વ્રજ ભયો મહરિકે પૂત જબ યહ બાત સુની,
સુનિ આનંદે સબ લોગ ગોકુલ ગનિત ગુની.
(સ્થળ સંકોચને કારણે આ કીર્તન અહીં પૂરું આપી શકાયું નથી. કૃપયા જુઓ પરિશિષ્ટ - ૧)

રાજભોગ (રાગ-આસાવરી)

ધન્ય જશોદા ભાગ તિહારો જિન ઐસો સુત જાયો ।
જાકે દરસ પરસ સુખ ઉપજત કુલકો તિમિર નસાયો ॥૧॥
વિપ્ર સુજન ચારન બંદીજન સબૈ નંદગૃહ આયે ।
નૌતન સુભગ હરદ દૂબ દધિ હરખિત સીસ બંધાયે ॥૨॥
ગર્ગ નિરુપ કિયે સુભ લચ્છન અવિગત હૈં અવિનાસી ।
સૂરદાસ પ્રભુકો જસ સુનિકેં આનંદે વ્રજવાસી ॥૩॥

શયન (રાગ-કાન્હરો)

હરિ જન્મત હિ આનંદ ભયો ।
નવનિધિ પ્રગટ ભઈ નંદ દ્વારે સબ દુઃખ દૂરિ ગયો ॥૧॥
વસુદેવ દેવકી મતો ઉપાયો પલના માંઝ લયો ।
કમલાકાંત દિયો હૂંકારો યમુના પાર દયૌ ॥૨॥
નંદ જશોદા કે મન આનંદ ગર્ગ બુલાય લયો ।
પરમાનંદદાસકો ઠાકુર ગોકુલ પ્રગટ ભયો ॥૩॥

વ્રજ : ચૈત્ર શુક્લ દ્વાદશી

મંગળા દર્શન

ગુજરાતી : ચૈત્ર સુદ બારસ



વસ્ત્ર : લાલ અને સફેદ લહેરીયાનો, રૂપેરી તૂઈલેસની કિનારીવાળો ઉપરણો ધર્યો છે. પીઠિકાની પાછળ સફેદ રંગનું વસ્ત્ર ધર્યું છે.

શૃંગાર : લાલ રંગની ગોળ પાગ, લર, અલકાવલી, તિલક, નકવેસર ચીબુક, કર્ણફૂલ, કંઠસરી, કડાં, મુદ્રિકા અને અણવટ વિછુવા ધર્યાં છે.

અત્તર : પ્રભુ સુખાર્થે આજે ખાસ કરીને ચૈત્રી-ગુલાબ, રુહ-ગુલાબ, સોંધો, મોગરો, જૂઈ અથવા ખસનું અત્તર ઉપયોગમાં લેવાય છે.

સામગ્રી : નિત્યની સામગ્રી ઉપરાંત ઋતુઅનુસાર, યથાશક્તિ, યથામનોરથ સુંદર સામગ્રી ધરીએ અને શ્રીપ્રભુને ખૂબ લાડ લડાવીએ.

કીર્તન : **મંગળા (રાગ-દેવગંધાર)**

યહ સુખ દેખોરી તુમ માઈ ।
વરસગાંઠિ લાલ ગિરિધરકી બહોરિ કુશલસોં આઈ ।।૧।।
આગમકે દિન નીકે લાગત ઉર સુખ લહરિ ઊઠાઈ ।
ઐસી બાત કહત વ્રજસુંદરી અપુ અપુને મન ભાઈ ।।૨।।
ફિર હઁસિ લેત બલાઈ કૂખ કિ જિહિ જન્મે જુ કન્હાઈ ।
તુમ્હારે પુત્ર ભયો નંદરાની સબ તન તપત બુઝાઈ ।।૩।।
નંદકુમાર સકલ યા વ્રજ મેં આનંદ વેલી બઢાઈ ।
શ્રીવિઠ્ઠલ ગિરિધરન પૂરનનિધિ સબહિન ભૂખન પાઈ ।।૪।।

શૃંગાર (રાગ-બિલાવલ)

પૂત ભયોરી નંદમહરકે નાચત ગાવત ગ્વાલ ।
વદત ન કાહૂ જગમેં આલી હારત હાટક લાલ ।।૧।।
હરદ દૂધ દધિ માખન છિરકત જબ પ્રગટે ગોપાલ ।
ચતુર બિહારી સંતનકે હિત ગોકુલ આયે પરમ કૃપાલ ।।૨।।

વ્રજ : ચૈત્ર શુક્લ દ્વાદશી

રાજભોગ દર્શન

ગુજરાતી : ચૈત્ર સુદ બારસ



આજના શૃંગાર : ટિપારો અને મલ્લકાછ ઉપર ચાકદાર વાગો.

સાજ : શ્રીગિરિરાજજીની તળેટીમાં બિરાજમાન, મલ્લકાછ ટિપારાના શૃંગારમાં સજ્જ કૃષ્ણ-બલદેવ તેમજ નંદયશોદા અને શ્રીગોપીજનોનાં ચિત્રકામવાળી પિછવાઈ ધરી છે. ગાદી, તકિયા અને ચરણચોકી ઉપર સફેદ બિછાવટ કરી છે.

વસ્ત્ર : મલ્લકાછ અને ખૂલેબંદનો ચાકદાર વાગો તથા ચોળી - સર્વ વસ્ત્રો લાલ સફેદ ભોપાલશાહી લહેરીયાના, રૂપેરી જરીની તૂઈલેસની કિનારીવાળાં ધર્યાં છે. ઠાડું વસ્ત્ર શ્યામ રંગનું ધર્યું છે.

શૃંગાર : છોટો (કમર સુધીનો) આછો શૃંગાર થયો છે. હીરા, મોતી તથા સોનાનાં આભરણ ધર્યાં છે. શ્રીમસ્તક ઉપર ટિપારાનો સાજ-ટિપારાની ટોપી ઉપર વચ્ચે મોરશીખા અને બંને બાજુ દોહરા (બે-બે) કતરા, ડાબી બાજુ શીશફૂલ અને હીરાની ચોટી ધરી છે. કર્ણમાં મયૂરાકૃતિ કુંડળ ધર્યાં છે. ગુલાબનાં પુષ્પોનાં બે માળાજી ધર્યાં છે.

શ્રીહસ્તમાં : ફૂલની છડી, સોનાનાં વેણુજી તથા બે વેત્રજી ધર્યાં છે.

નોંધ : આજનો શૃંગાર ઐચ્છિક છે. થોડો વિશિષ્ટ પણ છે. મલ્લકાછ ઉપર ચાકદાર વાગો ધર્યો છે.

કીર્તન : **રાજભોગ (રાગ-સારંગ)**

ઘર ઘર ગ્વાલ દેત હૈ હેરી ।
બાજત તાલ મૃદંગ બાંસુરી ઢોલ દમામા ભેરી ॥૧॥
લૂંટત ઝપટત ખાત મિઠાઈ કહી ન સકત કોઉ ફેરી ।
ઉન્મદ ગ્વાલ કરત કોલાહલ વ્રજવનિતા સબ ઘેરી ॥૨॥
ધ્વજા પતાકા તોરનમાલા સબે સિંગારી સેરી ।
જય જય કૃષ્ણ કહત **પરમાનંદ** પ્રગટ્યો કંસ કો વેરી ॥૩॥

શયન (રાગ-કાન્હરો)

ભક્તિસુધા બરખત હી પ્રગટે શ્રીવલ્લભ દ્વિજરાજ ।
માધવમાસ કૃષ્ણ એકાદશી અતિ પુનિત દિન આજ ॥૧॥
કરુણાવંત અતુલ સુખસાગર સંગ લિયે સકલ સમાજ ।
બંધુ કુમુદ અનુચર ચકોર કે ભયે મનોરથ કાજ ॥૨॥
આનંદરૂપ જગતકે ભૂષન લસત સબન શિરતાજ ।
વિષ્ણુદાસ ગુન ગણિત થકિત ભયે પંડિત પાવત લાજ ॥૩॥

વ્રજ : ચૈત્ર શુક્લ ત્રયોદશી

મંગળા દર્શન

ગુજરાતી : ચૈત્ર સુદ તેરસ



વ્રજ : ચૈત્ર શુક્લ ત્રયોદશી ચિત્ર પરિચય **ગુજરાતી : ચૈત્ર સુદ તેરસ**

વસ્ત્ર : ઘેરા લીલા રંગનો, પીળી ચોફૂલી ચૂંદડીનો, રૂપેરી તૂઈલેસની કિનારીવાળો ઉપરણો ધર્યો છે. પીઠિકાની પાછળ સફેદ રંગનું વસ્ત્ર ધર્યું છે.

શૃંગાર : લાલ-પીળા લહેરીયાની ગોળ પાગ, લર, અલકાવલી, તિલક, નક્વેસર, ચિબુક, કર્ણફૂલ, કંઠસરી, કડાં, મુદ્રિકા અને અણવટ વિછુવા ધર્યા છે.

અત્તર : પ્રભુ સુખાર્થે આજે ખાસ કરીને ચૈત્રી-ગુલાબ, રુહ-ગુલાબ, સોંધો, મોગરો, જૂઈ અથવા ખસનું અત્તર ઉપયોગમાં લેવાય છે.

સામગ્રી : નિત્યની સામગ્રી ઉપરાંત ઋતુઅનુસાર, યથામનોરથ, યથાશક્તિ સુંદર સામગ્રી ધરીએ અને શ્રીપ્રભુને ખૂબ લાડ લડાવીએ.

કીર્તન : **મંગળા (રાગ-બિલાવલ)**

પ્રગટે ભયે તૈલંગ કુલ દીપ ।
શ્રીલક્ષ્મણ ભટ અતિ આનંદિત, સુત મુખ નિરખત આય સમીપ ॥૧॥
માત ઈલમ્મા કૂખ ઉદિત ભયો જયોં ઉપજત મુક્તાફલ સીપ ।
સગુણદાસ મુખ કહત ન આવે યશ પ્રસર્યો નવખંડ સપ્તદ્વીપ ॥૨॥

શૃંગાર (રાગ-બિલાવલ)

શ્રીલક્ષ્મણ ગૃહ આઈ નવનિધિ ।
પ્રગટે જાન પૂરણ પુરુષોત્તમ દ્વાર બુહારત ફિરત અષ્ટસિદ્ધિ ॥૧॥
બજત નિસાન ભેર સહનાઈ દેખિયત તહાઁઈ સકલસિદ્ધિ ।
સગુણદાસ પ્રભુ જન્મ શ્રવન સુન દરસન કારન આવે હરવિધિ ॥૨॥

રાજભોગ (રાગ-આસાવરી)

પ્રીત બઁધી શ્રીવલ્લભ પદસોં ઓર ન મનમેં આવે હો ।
પઢિ પુરાન ખટ દર્શન નીકે જો કછુ કોઈ બતાવે હો ॥૧॥
જબતેં અંગીકાર કિયો હૈ મેરો તબતેં અન્ય ન સુહાવે હો ।
પાય મહારસ કોન મૂઢમતિ જિત તિત ચિત્ત ભટકાવે હો ॥૨॥
જાકે ભાગ્ય ફલે યા કલિમેં શરણ સોઈ જન આવે હો ।
નંદનંદનકો નિજ સેવક વ્હૈ દૃઢકર બાઁહ ગહાવે હો ॥૩॥
જિન કોઉ કરો ભૂલ મન શંકા નિશ્ચય કરિ શ્રુતિ ગાવે હો ।
રસિક સદા ફલરૂપ જાનકે લે ઉચ્છંગ હુલરાવે હો ॥૪॥

વ્રજ : ચૈત્ર શુક્લ ત્રયોદશી

રાજભોગ દર્શન

ગુજરાતી : ચૈત્ર સુદ તેરસ



આજના શૃંગાર : પાગ-કતરો - ઘેરદાર વાગો.

સાજ : શ્યામ રંગની, પીળી ચોફૂલી ચૂંદડીની, રૂપેરી તૂઈલેસની કિનારીવાળી પિછવાઈ ધરી છે. ગાદી, તકિયા અને ચરણચોકી ઉપર સફેદ બિછાવટ કરી છે.

વસ્ત્ર : સૂથન, ચોલી તથા ઘેરદાર વાગો - સર્વ વસ્ત્રો શ્યામ રંગનાં, ચોફૂલી ચૂંદડીનાં, રૂપેરી તૂઈલેસની કિનારીવાળાં ધર્યાં છે. ઠાડું વસ્ત્ર સુવા પંખી (લીલા) રંગનું ધર્યું છે.

શૃંગાર : છોટો (કમર સુધીનો) આછો શૃંગાર થયો છે. મોતી, માણેક તથા સોનાનાં આભરણ ધર્યાં છે. શ્રીમસ્તકે શ્યામ રંગની ચોફૂલી ચૂંદડીની ગોળ પાગ ઉપર શિરપેચ, લૂમ તથા દોહરો કતરા અને ડાબી બાજુ શીશફૂલ ધર્યું છે. કર્ણમાં ચાર કર્ણફૂલ ધર્યાં છે. મોતી અને માણેકનો હમેલ ધર્યો છે. ગુલાબનાં પુષ્પોનાં માળાજી ધર્યાં છે.

શ્રીહસ્તમાં : ફૂલની છડી, સોનાનાં વેણુજી તથા વેત્રજી ધર્યાં છે.

નોંધ : આજનો શૃંગાર ઐચ્છિક છે.

કીર્તન : **ભોગ (રાગ-નટ)**

જો પે શ્રીવલ્લભ પ્રકટ ન હોતે ।
વેદપુરાણ અલૌકિક મારગ ન હોતે અનહોતે ।।૧।।
તીરથ સકલ માયા સંતુલિત તે કૈસેક શુદ્ધ હોતે ।
દૈવીજન ચકોર મુખ વિધુ બિન જન્મ અકારથ ખોતે ।।૨।।
અપને મુખ અપની મહિમા કહે ગુરુજન કોઉ કહો તે ।
જૈસે દીન મનોરથ ભોજન રહિ જાતે સબ ન્યોતે ।।૩।।
અવશ્ય વચન સંદેહ નિવારન ક્યોંહૂ કરત ન હોતે ।
ગિરિધર શ્રીમુખકી શોભાકો કહો કૈસે કર જોતે ।।૪।।

શયન (રાગ-કાન્હરો)

આજ પ્રગટ ભયે શ્રીવલ્લભરાજ ।
સુતમુખ નિરખત અતિ મનહી મન ફૂલે શ્રીલક્ષ્મણભટ દ્વિજરાજ ।।૧।।
મંગલ કનક કલશ ઘર નારી લાઈ સબ મંગલકો સાજ ।
દેત દાન કંચન મણિ માણિક પૂરે સબકે મનકે કાજ ।।૨।।
નાચત ગાવત કરત કુલાહલ ગિનત નહિ મન રાજારાય ।
શ્રી વ્રજપતિ પિય સદા બિરાજો દાસ **રસિક** બલિ બલિ જાય ।।૩।।

વ્રજ : ચૈત્ર શુક્લ ચતુર્દશી

મંગળા દર્શન

ગુજરાતી : ચૈત્ર સુદ ચૌદસ



વસ્ત્ર : લીલા તથા સફેદ રંગના લહેરીયાનો, રૂપેરી તૂઈલેસની કિનારીવાળો ઉપરણો ધર્યો છે. પીઠિકાની પાછળ સફેદરંગનું વસ્ત્ર ધર્યું છે.

શૃંગાર : શ્યામ રંગની ચોફૂલી ચૂંદડીની ગોળ પાગ, લર, અલકાવલી તિલક, નક્વેસર, ચિબુક, કર્ણફૂલ, કંઠસરી, કડાં, મુદ્રિકા અને અણવટ વિછુવા ધર્યાં છે.

અત્તર : પ્રભુ સુખાર્થે આજે ખાસ કરીને ચૈત્રી-ગુલાબ, રુહ-ગુલાબ, સોંધો, મોગરો, જૂઈ અથવા ખસનું અત્તર ઉપયોગમાં લેવાય છે.

સામગ્રી : નિત્યની સામગ્રી ઉપરાંત ઋતુઅનુસાર, યથાશક્તિ, યથામનોરથ સુંદર સામગ્રી ધરીએ અને શ્રીપ્રભુને ખૂબ લાડ લડાવીએ.

કીર્તન : **મંગળા (રાગ-બિલાવલ)**

ધન્ય ગોકુલ જહાં ગોવિંદ આયે ।
ધન્ય ધન્ય નંદ સુમંગલ નિસદિન, ધન્ય જસુમતિ જિન ગોદ ખિલાયે ॥૧॥
ધન્ય યહ બાલકેલિ યમુના તટ, ધન્ય વન સુરભિ વૃંદ ચરાયે ।
ધન્ય યહ સમય ધન્ય યહ લીલા, ધન્ય વહ બેનુ અધર ધરિ ગાયે ॥૨॥
ધન્ય યહ ચરન સદા સુખકારી, સંત જનન કે હૃદે રહાયે ।
ધન્ય **સૂર** ઉખલ ધન્ય ગોપી, જાકે હેત ગોપાલ બંધાયે ॥૩॥

શૃંગાર (રાગ-બિલાવલ)

સો ગોવિંદ તિહારે વ્રજબાલક ।
પ્રગટ ભયે ઘનશ્યામ મનોહર ધરે રૂપ મનુજ ફલદાયક ॥૧॥
કમલા પતિ ત્રિભુવન પતિ નાયક ભવન ચતુર્દશ નાયક સોઈ ।
ઉત્પત્તિ પ્રલય કાલકો કર્તા જાકે કિયે સબ કછુ હોઈ ॥૨॥
સુનો નંદ ઉપનંદ કથા યહ આયો ક્ષીર સમુદ્રકો વાસી ।
વસુધા ભાર ઉતારન કારન પ્રગટ બ્રહ્મ વૈકુંઠ નિવાસી ॥૩॥
બ્રહ્મા મહાદેવ ઈન્દ્રાદિક વિનતી કરી યહાઁ લાયે ।
પરમાનંદ દાસકો ઠાકુર બહુત પુન્ય તપકે ફલ આયે ॥૪॥

વ્રજ : ચૈત્ર શુક્લ ચતુર્દશી

રાજભોગ દર્શન

ગુજરાતી : ચૈત્ર સુદ ચૌદસ



આજના શૃંગાર : ફેંટો-ચાકદાર વાગો

સાજ : લીલા તથા સફેદ રંગના લહેરીયાની, રૂપેરી તૂઈલેસની કિનારીવાળી પિછવાઈ ધરી છે. ગાદી, તકિયા અને ચરણચોકી ઉપર સફેદ બિછાવટ કરી છે.

વસ્ત્ર : સૂથન, ચોલી તથા ચાકદાર વાગો - સર્વ વસ્ત્રો લીલા તથા સફેદ લહેરીયાનાં, રૂપેરી તૂઈલેસની કિનારીવાળાં ધર્યાં છે. ઠાડું વસ્ત્ર ઘેરા લાલ (મરુન) રંગનું ધર્યું છે.

શૃંગાર : મધ્યનો (ઘૂંટણ સુધીનો) ભારે શૃંગાર થયો છે. મિલવા : હીરા, મોતી, માણેક, પન્ના તથા સોનાનાં આભરણ ધર્યાં છે. શ્રીમસ્તકે ફેંટાનો સાજ છે. લીલા તથા સફેદ લહેરીયાના ફેંટા ઉપર શીરપેચ, મોરશીખા તથા દોહરો કતરા અને ડાબી બાજુ શીશફૂલ ધર્યું છે. શ્રીકર્ણમાં મકરાકૃતિ કુંડલ ધર્યાં છે. સફેદ અને ગુલાબી પુષ્પોનાં બે માળાજી ધર્યાં છે.

શ્રીહસ્તમાં : ફૂલની છડી, સોનાનાં વેણુજી અને બે વેત્રજી ધર્યાં છે.

નોંધ : આજનો શૃંગાર ઐચ્છિક છે. આજે ફેંટાના શૃંગારમાં કર્ણફૂલને બદલે કુંડલ ધરાયાં છે.

કીર્તન : **રાજભોગ (રાગ-ધનાશ્રી)**

યશોદારાની જાયો હૈ સુત નીકો ।
આનંદ ભયો સકલ ગોકુલમેં ગોપ વધૂ લાઈ ટીકો ॥૧॥
અક્ષત દૂબ રોચન વંદન નંદે તિલક દહીં કો ।
અંચલ વારિ વારિ મુખ નિરખત કમલનયન પ્યારો જીકોં ॥૨॥
અપને અપને ભવન તેં નિકસી પહેરે ચીર કસુંભી કો ।
યાદવેન્દ્ર વ્રજકુલ પ્રતિપાલક કંસ કાલ ભય ભીકો ॥૩॥

શયન (રાગ-કાન્હરો/નટ)

શ્રીમદ્ વલ્લભ રૂપ સુરંગે ।
અંગ અંગ પ્રતિ ભાવનકે ભૂષણ વૃંદાવન સંપત્તિ અંગ અંગે ॥૧॥
દરસ પરસ ગિરિધરકી ન્યાઈ એન મેન વ્રજરાજ ઉછંગે ।
પદ્મનાભ દેખેં બનિ આવે સુધિ રહિ રાસ રસાલ ભુવ ભંગે ॥૨॥

વ્રજ : ચૈત્ર શુક્લ પૂર્ણિમા

મંગળા દર્શન

ગુજરાતી : ચૈત્ર સુદ પૂનમ



વસ્ત્ર : સફેદ ભાતવાળો ગુલાબી રંગની મલમલનો, તૂઈલેસની કિનારીવાળો ઉપરણો ધર્યો છે. પીઠિકાની પાછળ સફેદ રંગનું વસ્ત્ર ધર્યું છે.

શૃંગાર : લીલા અને સફેદ રંગના લહેરીયાનો ફેંટો, લર, અલકાવલી, તિલક, નક્વેસર, ચિબુક, કર્ણફૂલ, કંઠસરી, કડાં, મુદ્રિકા અને અણવટ વિછુવા ધર્યાં છે.

અત્તર : પ્રભુ સુખાર્થે આજે ખાસ કરીને ચૈત્રી ગુલાબ, રુહ ગુલાબ, સોંધો, મોગરો, જૂઈ અથવા ખસનું અત્તર સમર્પવામાં આવે છે.

સામગ્રી : આજે કેટલાક ઘરોમાં શરદપૂર્ણિમાનો ઉત્સવ મનાય છે. જો શરદપૂર્ણિમાનો ઉત્સવ માન્યો હોય તો આસો સુદ ૧૫ પ્રમાણે સામગ્રી ધરાય. નહિતો નિત્યની સામગ્રી ઉપરાંત ઋતુઅનુસાર, યથાશક્તિ, યથા મનોરથ સુંદર સામગ્રી ધરીએ અને શ્રીપ્રભુએ ખૂબ લાડ લડાવીએ.

કીર્તન : **મંગળા (રાગ-બિલાવલ)**

નંદનંદન વૃંદાવન ચંદ ।
યદુકુલ નભતિથિ દૂતિય દેવકી પ્રગટે ત્રિભુવન ચંદ ।।૧।।
જઠર કૂહૂતે વૃદ્ધ વારિણી દિસ મધુરી સુછંદ ।
વસુદેવ શંભુ સીસ ધરી આને ગોકુલ આનંદ કંદ ।।૨।।
વ્રજ પ્રાચી યશોદા રાકા નિસ સરદ રિતુ નંદ ।
ઊડુગન સહિત સખા સંકરષન તમ કુલ દનુજ નિકંદ ।।૩।।
ગોપીજન ચકોર ચિત્ત બાંધ્યો પલ નિવારી દુઃખ દ્વંદ ।
સૂરદાસ કલા ષોડશ પરિપૂરન પરમાનંદ ।।૪।।

શૃંગાર (રાગ-બિલાવલ)

નંદરાયકે નવનિધિ આઈ ।
માથે મુકુટ શ્રવન મનિકુંડલ પીત વસન અરુ ચાર ભુજાઈ ।।૧।।
બાજત બીન મૃદંગ શંખ ધૂનિ ઘસિ અરગજા અંગ ચઢાઈ ।
દધિ પીવત ઔર ચંદન છિરકત રપટિ પરત હૈ લેત ઊઠાઈ ।।૨।।
અચ્છત દૂબ લિયે સબ નાચત ચઢ દ્વારન વંદનમાલ બંધાઈ ।
સૂરદાસ સબ મિલે પરસ્પર દાન દેત નંદ મન ન અઘાઈ ।।૩।।

વ્રજ : ચૈત્ર શુક્લ પૂર્ણિમા

રાજભોગ દર્શન

ગુજરાતી : ચૈત્ર સુદ પૂનમ



આજના શૃંગાર : મુકુટ-કાછની

સાજ : રાસ રમતાં ગોપીજનોના ચિત્રકામવાળી શરદ રાસની પિછવાઈ ધરી છે. ગાદી, તકિયા, ચરણચોકી ઉપર સફેદ બિછાવટ કરી છે.

વસ્ત્ર : સૂથન, કાછની અને રાસપટુકો ગુલાબી રંગનાં ધર્યાં છે. તેમજ ચોળી મેઘશ્યામ રંગની ધરી છે. સર્વ વસ્ત્રો રૂપેરી તૂઈલેસની કિનારીવાળાં છે. ઠાડું વસ્ત્ર સફેદ જામદાની (ચીકન)નું ધર્યું છે.

શૃંગાર : વનમાળાનો (ચરણારવિંદ સુધીનો) ભારે શૃંગાર થયો છે. મિલવા : હીરા, મોતી, માણેક, પન્ના તથા સોનાનાં જડાવ આભરણ ધર્યાં છે. શ્રીમસ્તકે હીરાનો મુકુટ તથા ડાબી બાજુ શીશફૂલ અને હીરાની ચોટી ધરી છે. કર્ણમાં મયૂરાકૃતિ કુંડળ ધર્યાં છે. સફેદ અને ગુલાબી પુષ્પોનાં બે માળાજી, કલાત્મક થાગવાળાં ધર્યાં છે.

શ્રીહસ્તમાં : ફૂલની છડી, સુર્વણનાં હીરાજડિત વેણુજી અને બે વેત્રજી ધર્યાં છે.

નોંધ : રાસની છ માસની રાત્રિ આજે પૂર્ણ થઈ હોવાથી રાસોત્સવ મનાય છે. અને રાસનો શૃંગાર ધરાય છે તેમજ રાસનાં કીર્તન ગવાય છે.

કીર્તન : **રાજભોગ (રાગ-સારંગ)**

ઐસી બંસી બાજી બનઘનમેં વ્યાપી રહી ધ્વનિ મહામુનિનકી સમાધિ લાગી ।
ભયો બ્રહ્મનાદ ઊઠત આહ્લાદ જહાઁ તહાઁ વ્રજ ઘોષ રત્ન વૃંદ ભયે સબ ત્યાગી ॥૧॥
રાસ આદિ અનેક લીલા રસભાવ પૂરિત મૂરતિ મુખારવિંદ છબિ ધરે વિરહ અનંગ જાગી ।
તબ વેણુનાદ દ્વાર અબ શ્રીલક્ષ્મણભટ ભૂપકુમાર **પદ્મનાભ** દૈવોદ્ધાર અર્થ ત્યાગી ॥૨॥

શયન (રાગ-કેદારો)

પૂરી પૂરી પૂરનમાસી પૂર્યો પૂર્યો શરદકો ચંદા ।
પૂર્યો હૈ મુરલી સ્વર કેદારો, કૃષ્ણ કલા સંપૂરણ ભામિની રાસ રચ્યો સુખકંદા ॥૧॥
તાન માન ગતિ મોહન સોહે કહિયત ઔરહી મન મોહંદા ।
નૃત્ય કરત શ્રીરાધા પ્યારી નચવત આપ બિહારી ઉઘટત થેઈ થેઈ થુગન છંદા ॥૨॥
મન આકર્ષિ લિયો વ્રજસુંદરી જય જય રુચિર રુચિર ગતિ મંદા ।
સખી અશીષ દેત **હરિવંશી** તૈસેઈ વિહરત શ્રીવૃંદાવન કુંવરિ કુંવર નંદનંદા ॥૩॥

વ્રજ : વૈશાખ કૃષ્ણ પ્રતિપદા

મંગળા દર્શન

ગુજરાતી : ચૈત્ર વદ એકમ



વસ્ત્ર : લાલ રંગનો, ચોફૂલી ચૂંદડીનો, રૂપેરી તૂઈલેસની કિનારીવાળો ઉપરણો ધર્યો છે. તથા પીઠિકાની પાછળ સફેદ રંગનું વસ્ત્ર ધર્યું છે.

શૃંગાર : ગુલાબી રંગની ગોળ પાગ, લર, અલકાવલી, તિલક, નક્વેસર, ચિબુક, કર્ણફૂલ, કંઠસરી, કડાં, મુદ્રિકા અને અણવટ વિછુવા ધર્યાં છે.

અત્તર : પ્રભુ સુખાર્થે આજે ખાસ કરીને ચૈત્રી ગુલાબ, રુહ ગુલાબ, સોંધો, મોગરો, જૂઈ અથવા ખસનું અત્તર સમર્પવામાં આવે છે.

સામગ્રી : નિત્યની સામગ્રી ઉપરાંત આજે દહીંવડા ધરાય છે. આપણે પણ ઋતુઅનુસાર, યથામનોરથ, યથાશક્તિ સુંદર સામગ્રી ધરીએ અને શ્રીપ્રભુને ખૂબ લાડ લડાવીએ.

કીર્તન : **મંગળા (રાગ-દેવગંધાર)**

આજ જગતી પર જય જય કાર ।
પ્રકટ ભયે શ્રીવલ્લભ પુરુષોત્તમ, વદન અગ્નિ અવતાર ॥૧॥
ધન્ય દિન માધવ માસ એકાદશી, કૃષ્ણ પક્ષ રવિવાર ।
શ્રીમુખ વાક્ય ક્લેવર સુંદર ધર્યો જગમોહન ભાર ॥૨॥
શ્રીભાગવત આત્મ અંગ જિનકે પ્રકટ કરણ વિસ્તાર ।
દુંદુભી દેવ બજાવત ગાવત સૂરવધૂ મંગલચાર ॥૩॥
પુષ્ટિ પ્રકાશ કરેંગે ભૂપર જનહિત જગ અવતાર ।
આનંદ ઉમગ્યો લોક તિહુઁપુર **જન ગિરિધર** બલહાર ॥૪॥

શૃંગાર (રાગ-બિલાવલ)

શ્રીલક્ષ્મણ ગૃહ આઈ નવનિધિ ।
પ્રકટે જાન પૂરણ પુરુષોત્તમ દ્વાર બુહારત અષ્ટસિદ્ધિ ॥૧॥
બજત નિશાન ભેરી સહનાઈ, દેખિયત તહાઁઈ સકલ રિદ્ધિ ।
સગુણદાસ પ્રભુ જન્મ શ્રવણ સુન દરસન કારણ આયે હર વિધિ ॥૨॥

વ્રજ : વૈશાખ કૃષ્ણ પ્રતિપદા

રાજભોગ દર્શન

ગુજરાતી : ચૈત્ર વદ એકમ



વ્રજ : વૈશાખ કૃષ્ણ પ્રતિપદા ચિત્ર પરિચય ગુજરાતી : ચૈત્ર વદ એકમ

આજના શૃંગાર : ફેંટો - ચંદ્રિકા - ઘેરદાર વાગો

સાજ : લાલ રંગની, ચોફૂલી ચૂંદડીની, રૂપેરી તૂઈલેસની કિનારીવાળી પિછવાઈ ધરી છે. ગાદી, તકિયા, ચરણચોકી ઉપર સફેદ બિછાવટ કરી છે.

વસ્ત્ર : સૂથન, ચોલી અને ઘેરદાર વાગો તથા કટિપટુકો ધર્યો છે. સર્વ વસ્ત્રો લાલ રંગનાં, ચોફૂલી ચૂંદડીનાં, રૂપેરી તૂઈલેસની કિનારીવાળાં ધર્યાં છે. ઠાડું વસ્ત્ર સૂવા પંખી (પોપટ) જેવા લીલા રંગનું ધર્યું છે.

શૃંગાર : છોટો (કમર સુધીનો) આછો શૃંગાર થયો છે. હીરા, મોતી તથા સોનાનાં આભરણ ધર્યાં છે. શ્રીમસ્તક ઉપર લાલ રંગની ચોફૂલી ચૂંદડીનો ફેંટો, ઉપર શિરપેચ, સોનેરી ચમકની ગોળ ચંદ્રિકા, લૂમ તથા ડાબી બાજુ શીશફૂલ ધર્યું છે. શ્રીકર્ણમાં કર્ણફૂલ ધર્યાં છે. સફેદ અને ગુલાબી પુષ્પોનાં બે માળાજી ધર્યાં છે.

શ્રીહસ્તમાં : ફૂલની છડી, વેણુજી અને વેત્રજી ધર્યાં છે.

નોંધ : આજનો શૃંગાર ઐચ્છિક છે.

કીર્તન : **રાજભોગ (રાગ-સારંગ)**

કેસરકી ધોતી પહેરે કેસરી ઉપરના ઓઢે તિલક મુદ્રા ધર બૈઠે શ્રીલક્ષ્મણ ભટ્ટ ધામ ।
જન્મ દ્યોસ જાન જાન અદ્‌ભુત રુચિ માન માન નખશિખકી શોભા ઉપર વારોં કોટિ કામ ॥૧॥
સુંદરતાઈ નિકાઈ તેજ પ્રતાપ અતુલ તાઈ આસપાસ યુવતીજન કરત હૈ ગુણગાન ।
પદ્મનાભ પ્રભુ વિલોક ગિરિવરધર વાગધીસ યહ અવસર જે હુતે તે મહા ભાગ્યવાન ॥૨॥

શયન (રાગ-કાન્હરો)

ભક્તિસુધા બરખત હી પ્રકટે શ્રીવલ્લભ દ્વિજરાજ ।
માધવમાસ કૃષ્ણ એકાદશી અતિ પુનિત દિન આજ ॥૧॥
કરુણાવંત અતુલ સુખસાગર સંગ લિયે સકલ સમાજ ।
બંધુ કુમુદ અનુચર ચકોર કે ભયે મનોરથ કાજ ॥૨॥
આનંદરૂપ જગત કે ભૂષણ લસત સબન સિરતાજ ।
વિષ્ણુદાસ ગુન ગનિત થક્તિ ભયે પંડિત પાવત લાજ ॥૩॥

વ્રજ : વૈશાખ કૃષ્ણ દ્વિતીયા

મંગળા દર્શન

ગુજરાતી : ચૈત્ર વદ બીજ



વસ્ત્ર : ચંપાઈ (પીળા) રંગની મલમલનો, રૂપેરી તૂઈલેસની કિનારીવાળો ઉપરણો ધર્યો છે. પીઠિકાની પાછળ સફેદ વસ્ત્ર ધર્યું છે.

શૃંગાર : લાલ રંગનો ચોફૂલી ચૂંદડીનો ફેંટો, લર, અલકાવલી, તિલક, નક્વેસર, ચિબુક, કર્ણફૂલ, કંઠસરી, કડાં, મુદ્રિકા અને અણવટ વિછુવા ધર્યાં છે.

અત્તર : પ્રભુ સુખાર્થે આજે ખાસ કરીને ચૈત્રી ગુલાબ, રુહ ગુલાબ, સોંધો, મોગરો, જૂઈ અથવા ખસનું અત્તર સમર્પવામાં આવે છે.

સામગ્રી : નિત્યની સામગ્રી ઉપરાંત ઋતુઅનુસાર, યથામનોરથ, યથાશક્તિ સુંદર સામગ્રી ધરીએ અને શ્રીપ્રભુને ખૂબ લાડ લડાવીએ.

કીર્તન : **મંગળા (રાગ-દેવગંધાર)**

પ્રગટે શ્રીવલ્લભ નિજનાથ ।
શ્રીલક્ષ્મણ વંશ હંસ ઉજ્જવલ યશ દ્વિજકુલ કિયે સનાથ ॥૧॥
દરસ પરસ દિયે જીવનકોં નિરમલ હિયો કિયો ।
કરુણા સાગર રુપ ઉજાગર શરણ આપની લિયો ॥૨॥
ભાવભક્તિ દઈ ભક્તનકો પ્રભુકો દિયે ગહાઈ ।
મનવાંછિત ફલ સબહિન પાયે જે રહે ચરણ શિરનાઈ ॥૩॥
કીને દાસ લાલ ગિરિધરકે આપુન ભયે સહાઈ ।
પૂજે સકલ મનોરથ મનકે શ્રીવિઠ્ઠલ ગિરિરાઈ ॥૪॥

શૃંગાર (રાગ-રામકલી)

નંદકો લાલ વ્રજ પાલને ઝૂલે ।
કુટિલ અલકાવલી તિલક ગોરોચના ચરણ અંગુષ્ઠ મુખ કિલકિ ફૂલે ॥૧॥
નૈન અંજન રેખ ભેખ અભિરામ સુઠિ કંઠ કેહરિ કિંકિનિ કટિ ઝૂલે ।
નંદદાસનિ નાથ નંદ નંદન કુંવર નિરખિ નાગરિ દેહ ગેહ ભૂલે ॥૨॥

વ્રજ : વૈશાખ કૃષ્ણ દ્વિતીયા

રાજભોગ દર્શન

ગુજરાતી : ચૈત્ર વદ બીજ



આજના શૃંગાર : પાગ-કતરો તથા ધોતી ઉપર ચાકદાર વાગો

સાજ : પીળા રંગની મલમલની, રૂપેરી તૂઈલેસની કિનારીવાળી પિછવાઈ ધરી છે. ગાદી, તકિયા, ચરણચોકી ઉપર સફેદ બિછાવટ કરી છે.

વસ્ત્ર : કેસરી રંગની મલમલની ધોતી, લાલ રંગનો ખૂલેબંદનો ચાકદાર વાગો અને ચોળી, કેસરી રંગનો રાજા શાહી પટુકો - સર્વ વસ્ત્રો રૂપેરી તોઈલેસની કિનારીવાળાં ધર્યાં છે. ઠાડું વસ્ત્ર મેઘશ્યામ રંગનું ધર્યું છે.

શૃંગાર : છોટો (કમર સુધીનો) આછો શૃંગાર થયો છે. પન્નાનાં આભરણ ધર્યાં છે. શ્રીમસ્તક ઉપર કેસરી રંગની ગોળ પાગ ઉપર શિરપેચ, સોના-મોતીનો દોહરો (બે) કતરા તથા ડાબી બાજુ શીશફૂલ ધર્યું છે. શ્રીકર્ણમાં કર્ણફૂલ ધર્યાં છે. સફેદ અને ગુલાબી પુષ્પોનાં બે માળાજી ધર્યાં છે.

શ્રીહસ્તમાં : ફૂલની છડી, સોનાનાં વેણુજી તથા વેત્રજી ધર્યાં છે.

કીર્તન : **રાજભોગ (રાગ-આસાવરી)**

દેખો અદ્ભુત અવગતિકી ગતિ કૈસો રુપ ધર્યો હૈ હો ।
તીનલોક જાકે ઉદર બસે હૈ સો સુપકે કોને પર્યો હૈ હો ।।૧।।
નારદાદિ બ્રહ્માદિક જાકો સકલ વિશ્વ સર સાંધે હો ।
તાકો નાર છેદત વ્રજયુવતી આંટિ તગાસૌં બાંધે હો ।।૨।।
જા સુખકો સનકાદિક લોચત સકલ ચાતુરી ઠાને હો ।
સોઈ મુખ નિરખત મહરિ જસોદા દૂધ લાર લપટાને હો ।।૩।।
જિન શ્રવનન સુની ગજકી આપદા ગરુડાસન વિસરાયે હો ।
તિન શ્રવનન કે નિકટ જસોદા ગાયે ઔર હુલરાવે હો ।।૪।।
જિન ભુજાન પ્રહલાદ ઉબાર્યો હિરનાકુશ ઉર ફારે હો ।
તેઈ ભુજ પકરિ કહત વ્રજગોપી નાચૌ નૈક પિયારે હો ।।૫।।
અખિલ લોક જાકી આસ કરત હૈ સો માખન દેખિ અરે હૈ હો ।
સોઈ અદ્ભુત ગિરિવરહૂ તેં ભારે પલના માંઝપરે હે હો ।।૬।।
સુરનર મુનિ જાકો ધ્યાન ધરત હૈ શંભુ સમાધિન ટારી હો ।
સોઈ પ્રભુ **સુરદાસ** કો ઠાકુર ગોકુલ ગોપ બિહારી હો ।।૭।।

શયન (રાગ-કાન્હરો/નાયકી)

સુનિ બડભાગિન હો નંદરાની ગોદ ખિલાવત લાલ ।
આનંદકી નિધિ મુખ લાલકો તાહિ નિહારત
નિસ ઔર વાસર છબિ નહી પરત બખાની ।।૧।।
ગુન અપાર બુદ્ધિ વિસ્તાર કહી ન પરત નિગમ બાની ।
હરિનારાયન શ્યામદાસ કે પ્રભુ દેખો જસુમતિ કુખ સિરાની ।।૨।।

વ્રજ : વૈશાખ કૃષ્ણ તૃતીયા

મંગળા દર્શન

ગુજરાતી : ચૈત્ર વદ ત્રીજ



વ્રજ : વૈશાખ કૃષ્ણ તૃતીયા

ચિત્ર પરિચય

ગુજરાતી : ચૈત્ર વદ ત્રીજ

વસ્ત્ર : ગુલાબી રંગની મલમલનો, રૂપેરી તૂઈલેસની કિનારીવાળો ઉપરણો ધર્યો છે. પીઠિકાની પાછળ સફેદ રંગનું વસ્ત્ર ધર્યું છે.

શૃંગાર : કેસરી રંગની ગોળ પાગ, લર, અલકાવલી, તિલક, નક્વેસર, ચિબુક, કર્ણફૂલ, કંઠસરી, કડાં, મુદ્રિકા તેમજ અણવટ વિછુવા ધર્યાં છે.

અત્તર : પ્રભુ સુખાર્થે આજે ખાસ કરીને ચૈત્રી ગુલાબ, રુહ ગુલાબ, સોંધો, મોગરો, જૂઈ અથવા ખસનું અત્તર સમર્પવામાં આવે છે.

સામગ્રી : નિત્યની સામગ્રી ઉપરાંત ઋતુઅનુસાર, યથામનોરથ, યથાશક્તિ સુંદર સામગ્રી ધરી શ્રીપ્રભુને ખૂબ લાડ લડાવીએ.

કીર્તન : **મંગળા (રાગ-બિલાવલ)**

માધવમાસે ભર વૈશાખે । શ્રીવલ્લભ હરિ જન્મ લિયા ।
શ્રી લક્ષ્મણ નંદના ત્રિભુવન વંદના । ભક્તિમાર્ગ જિન પ્રકટ કિયા ।।ટેક।।
પ્રકટિયા જિન ભક્તિ મારગ બંધજીવ છુટાઈયા ।
સંસાર તેં તે મુક્તિ કીને શરણ જે જન આઈઆ ।
અભયદાન નિશાન મેલ્યા ચિત્ત જિન હરિકોં દિયા
ગોપાલદાસ અનંત લીલા પ્રકટ શ્રીવલ્લભ ભયા ।।૧।।
દાતા ભુક્તા ઔર ન દૂજા । સાચા ત્રિભુવન રાય વહાં ।
વિરહ નિવારણા ભવજલ તારણા । દેખત ઉપજે ચાહ ઉહાં ।।ટેક।।
દેખત હરિ કો ચાવ ઉપજે સકલ દુઃખ નિવારહી ।
જાકો નામ સુમરેં જરેં પાતક કરજોર નિગમ પુકારહી ।।૧।।
પતિત પાવન બિરદ જાકો શીશ માધો કર મયા ।
ગોપાલદાસ અનંત લીલા પ્રકટ શ્રીવલ્લભ ભયા ।।૨।।
યે વ્રજબાલિયા ગોપગુવાલિયા । યે ગોકુલ કે લોગ વહાં ।
એકન ક્રીડા હરિમુખ બીડા હરિ સેવારસ ભોગ વહાં ।।ટેક।।
રસભોગ ઓર સંયોગ મિલિયો હિયે અંતર રમરહ્યા ।
તુમ બાલ ચરિત્ર અનંત લીલા દાન દે સબગુણ કહ્યા ।
તેરી ભલી મુરતિ દેખ સૂરત રાધિકા અંચલ ગહ્યા ।
ગોપાલદાસ અનંત લીલા પ્રકટ શ્રીવલ્લભ ભયા ।।૩।।
પૂરણબ્રહ્મ સનાતન માધો । કલિ કેશવ અવતાર વહાઁ ।
જિન જૈસા દેખ્યા તિન તૈસા પેખ્યા । ભક્તન પ્રાણઆધાર વહાઁ ।।ટેક।।
ભક્તન પ્રાણઆધાર શ્રીવલ્લભ હિયે રાખિયા ।
રામકૃષ્ણ મુકુંદમાધો સદા જિહ્વા ભાખિયા ।
ગોપીનાથ અનાથ બંધુ વેદમેં કરુણામયા ।
ગોપાલદાસ અનંતલીલા પ્રકટ શ્રીવલ્લભ ભયા ।।૪।।

વ્રજ : વૈશાખ કૃષ્ણ તૃતીયા

રાજભોગ દર્શન

ગુજરાતી : ચૈત્ર વદ ત્રીજ



આજના શૃંગાર : પાગ - ચંદ્રિકા - ચાકદાર વાઘો

સાજ : ગુલાબી રંગની મલમલની, રૂપેરી તૂઈલેસની કિનારીવાળી પિછવાઈ ધરી છે. ગાદી, તકિયા, ચરણચોકી ઉપસ સફેદ બિછાવટ કરી છે.

વસ્ત્ર : સૂથન, ચોલી તથા ચાકદાર વાગો સર્વ વસ્ત્રો ગુલાબી રંગની મલમલનાં અને રૂપેરી તૂઈલેસની કિનારીવાળાં ધર્યાં છે. ઠાડું વસ્ત્ર ઘેરા લાલ (કથ્થાઈ) રંગનું ધર્યું છે.

શૃંગાર : મધ્યનો (ઘૂંટણ સુધીનો) શૃંગાર થયો છે. મોતી, પન્ના તથા સોનાનાં આભરણ ધર્યાં છે. શ્રીમસ્તકે ગુલાબી રંગની પાગ ઉપર શિરપેચ, લૂમ તથા સોનેરી ચમકની ગોળ ચંદ્રિકા અને ડાબી બાજુ શીશફૂલ ધર્યું છે. શ્રીકર્ણમાં કર્ણફૂલ ધર્યાં છે. સફેદ તેમજ ગુલાબી પુષ્પોનાં બે માળાજી ધર્યાં છે.

શ્રીહસ્તમાં : ફૂલની છડી, સોનાનાં વેણુજી અને વેત્રજી ધર્યાં છે.

નોંધ : આજનો શૃંગાર ઐચ્છિક છે.

કીર્તન : **શૃંગાર (રાગ-બિલાવલ)**

પૂત ભયોરી નંદરાયકે નાચત ગાવત ગ્વાલ ।
વદત ન કાહુ જગ મેં આલી વારત હાટક લાલ ॥૧॥
હરદ દૂધ દધિ માખન છિરકત જબ પ્રગટે ગોપાલ ।
ચતુરબિહારી સંતન કે હિત ગોકુલ આયે પરમ કૃપાલ ॥૨॥

રાજભોગ (રાગ-સારંગ)

કાંકરવારે તૈલંગ તિલક દ્વિજ વંદો શ્રીલક્ષ્મણનંદ ।
શ્રીવ્રજરાજ શિરોમણિ સુંદર ભૂતલ પ્રકટે વલ્લભચંદ ॥૧॥
અવગાહત શ્રી વિષ્ણુસ્વામી પથ નવધા ભક્તિ રત્ન રસકંદ ।
દર્શન હી પ્રસન્ન હોત મન પ્રકટે પૂરણ પરમાનંદ ॥૨॥
કીરતિ વિશદ કહાંલો વરણોં ગાવત લીલા શ્રુતિ સુરછંદ ।
સગુણદાસ પ્રભુ ષટગુણ સંપન્ન કલિજન ઉદ્ધરણ આનંદકંદ ॥૩॥

શયન (રાગ-કાન્હરો)

યહ ધન ધર્મહીતે પાયો ।
નીકે રાખિ યશોદા મૈયા નારાયણ વ્રજ આયો ॥૧॥
જા ધનકો મુનિ જપ તપ ખોજત વેદહુ પાર ન પાયો ।
સો ધન ધર્યો ક્ષીર સાગર મેં બ્રહ્મા જાય જગાયો ॥૨॥
જા ધનતેં ગોકુલ સુખ લહિયત સગરે કાજ સંવારે ।
સો ધન બાર બાર ઉર અંતર **પરમાનંદ** વિચારે ॥૩॥

વ્રજ : વૈશાખ કૃષ્ણ ચતુર્થી

મંગળા દર્શન

ગુજરાતી : ચૈત્ર વદ ચોથ



વસ્ત્ર : કેસરી રંગની મલમલનો, રૂપેરી તૂઈલેસની કિનારીવાળો ઉપરણો ધર્યો છે. પીઠિકાની પાછળ સફેદ વસ્ત્ર ધર્યું છે.

શૃંગાર : ગુલાબી રંગની ગોળ પાગ, લર, અલકાવલિ, તિલક, નકવેસર, ચિબુક, કર્ણફૂલ, કંઠસરી, કડાં, મુદ્રિકા અને અણવટ વિછુવા ધર્યાં છે.

અત્તર : પ્રભુ સુખાર્થે આજે ખાસ કરીને ચૈત્રી ગુલાબ, રુહ ગુલાબ, સોંધો, મોગરો, જૂઈ અથવા ખસનું અત્તર સમર્પવામાં આવે છે.

સામગ્રી : નિત્યની સામગ્રી ઉપરાંત ઋતુઅનુસાર, યથામનોરથ, યથાશક્તિ સુંદર સામગ્રી ધરીએ અને શ્રીપ્રભુને ખૂબ લાડ લડાવીએ.

કીર્તન : **મંગળા (રાગ-બિલાવલ)**

સાઁવરો સુત પલના ઝૂલે । નિરખિ નિરખિ જસુમતિ જિય ફૂલે ॥૧॥
નૈન વિશાલ ભૃકુટિ મસિ રાજે । નિરખ વદન ઉડુપતિ જિય લાજે ॥૨॥
કંઠુલાકંઠ રુચિર પહોંચી કર । સુભગ કપોલ નાક બિંબાધર ॥૩॥
ભાલતિલક લરલટકન સોહે । મંદ હસન સબકો મન મૌહે ॥૪॥
માખન મિશ્રી મેલિ ચટાવે । બારબાર પ્રમુદિત ઉર લાવે ॥૫॥
ગિરિધર કુંવર જનની હુલરાવૈ । **ચતુર્ભુજદાસ** વિમલ જશ ગાવે ॥૬॥

શૃંગાર (રાગ-રામકલી)

નંદકો લાલ વ્રજ પાલને ઝૂલે ।
કુટિલ અલકાવલી તિલક ગોરોચના ચરણ અંગુષ્ઠ મુખ કિલકિ ફૂલૈ ॥૧॥
નૈન અંજન રેખ ભેખ અભિરામ સુઠિ કંઠ કેહરિ કિંકિનિ કટિ ઝુલે ।
નંદદાસનિ નાથ નંદનંદન કુંવર નિરખિ નાગરિ દેહ ગેહ ભૂલે ॥૨॥

રાજભોગ (રાગ-સારંગ)

બાજત આજ વધાઈ ગોકુલ મેં ।
ભીર ભઈ હૈ નંદજુ કે દ્વારે અષ્ટ મહાસિદ્ધિ આઈ ॥૧॥
બ્રહ્માદિક રુદ્રાદિક જાકી ચરન રેનુ નહીં પાઈ ।
સોઈ નંદજુકો પૂત કહાવેં કૌતુક સુનો મેરી માઈ ॥૨॥
ધ્રુવ અંબરીષ પ્રહલાદ વિભીષણ નિતનિત મહિમા ગાઈ ।
સૌ હરિ **પરમાનંદ** કો ઠાકુર વ્રજજન કેલિ કરાઈ ॥૩॥

વ્રજ : વૈશાખ કૃષ્ણ ચતુર્થી

રાજભોગ દર્શન

ગુજરાતી : ચૈત્ર વદ ચોથ



આજના શૃંગાર : પાગ-કતરા અને ઘેરદાર વાગો

સાજ : ચંપાઈ (અમરસી) રંગની મલમલની, રૂપેરી તૂઈલેસની કિનારીવાળી પિછવાઈ ધરી છે. ગાદી, તકિયા તથા ચરણચોકી ઉપર સફેદ બિછાવટ કરી છે.

વસ્ત્ર : સૂથન, ચોલી તથા ઘેરદાર વાગો - સર્વ વસ્ત્રો અમરસી રંગની મલમલનાં અને રૂપેરી તૂઈલેસની કિનારીવાળાં ધર્યાં છે. ઠાડું વસ્ત્ર લાલ રંગનું ધર્યું છે.

શૃંગાર : છોટો (કમર સુધીનો) આછો શૃંગાર થયો છે. મોતી, પન્ના તથા સોનાનાં આભરણ ધર્યાં છે. શ્રીમસ્તક ઉપર અમરસી રંગની પાગ ઉપર શિરપેચ તથા દોહરો (બે) કતરા અને ડાબી બાજુ શીશફૂલ ધર્યું છે. કર્ણમાં કર્ણફૂલ ધર્યાં છે. પીળાં અને ગુલાબી પુષ્પોનાં બે માળાજી ધર્યાં છે.

શ્રીહસ્તમાં : ફૂલની છડી, સોનાનાં વેણુજી અને વેત્રજી ધર્યાં છે.

નોંધ : આજનો શૃંગાર ઐચ્છિક છે.

કીર્તન : **ભોગ દર્શન (રાગ-નટ)**

નાતર લીલા હોતી જૂની ।
જો પે શ્રીવલ્લભ પ્રકટ ન હોતે વસુધા રહતી સૂની ॥૧॥
દિનપ્રતિ નઈનઈ છબી લાગત જ્યોં કંચન બિચ ચૂની ।
સગુણદાસ યહ ઘરકો સેવક યશ ગાવત જાકો મુની ॥૨॥

શયન દર્શન (રાગ-કાન્હરો)

જન્મત હી આનંદ ભયો હરિ ।
નવનિધિ પ્રગટ ભઈ નંદદ્વારે સબ દુઃખ દૂરિ ગયો ॥૧॥
વસુદેવ દેવકી મતો ઉપાયો પલના માંઝ લયો ।
કમલાકાંત દિયૌ હુંકારો યમુના પાર દયો ॥૨॥
નંદ જસોદા કે મન આનંદ ગર્ગ બુલાયે લયો ।
પરમાનંદદાસ કો ઠાકુર ગોકુલ પ્રગટ ભયો ॥૩॥

પોઢવાનું પદ (રાગ-બિહાગ)

મદનમોહન શ્યામ પોઢે માઈ ।
અનન્ય હોય ચરણારવિંદ ભજ સકલ પૂરણકામ ॥૧॥
અષ્ટસિદ્ધિ નવનિધિ દ્વારે યોગ ભોગ વિશ્રામ ।
ઉમાપતિ શુકદેવ નારદ રટત નિશદિન નામ ॥૨॥
સકલ કલા પ્રવીન ગિરિધર રાધિકા ભુજવામ ।
કહત **કૃષ્ણા** સુબસ બસિયે શ્રીનંદગોકુલગામ ॥૩॥

વ્રજ : વૈશાખ કૃષ્ણ પંચમી

મંગળા દર્શન

ગુજરાતી : ચૈત્ર વદ પાંચમ



વ્રજ : વૈશાખ કૃષ્ણ પંચમી　　ચિત્ર પરિચય　　ગુજરાતી : ચૈત્ર વદ પાંચમ

વસ્ત્ર : આછા પીળા રંગની મલમલનો, રૂપેરી તૂઈલેસની કિનારીવાળો ઉપરણો ધર્યો છે. પીઠિકાની પાછળ સફેદ વસ્ત્ર ધર્યું છે.

શૃંગાર : ચંપાઈ (અમરસી) રંગની ગોળ પાગ, લર, અલકાવલિ, તિલક, નક્વેસર, ચિબુક, કર્ણફૂલ, કંઠસરી, કડાં, મુદ્રિકા અને અણવટ વિછુવા ધર્યાં છે.

અત્તર : પ્રભુ સુખાર્થે આજે ખાસ કરીને ચૈત્રી ગુલાબ, રુહ ગુલાબ, સોંધો, મોગરો, જૂઈ અથવા ખસનું અત્તર સમર્પવામાં આવે છે.

સામગ્રી : નિત્યની સામગ્રી ઉપરાંત ઋતુઅનુસાર, યથામનોરથ, યથાશક્તિ સુંદર સામગ્રી ધરીએ અને શ્રીપ્રભુને ખૂબ લાડ લડાવીએ.

નોંધ : આજથી શ્રીમહાપ્રભુજીના ઉત્સવની નોબતની વધાઈ બેસે છે. નાથદ્વારામાં દરેક સમાના દર્શન વખતે નગારાં વાગે છે. તેથી માંગલિક સામગ્રી ધરાય છે.

કીર્તન : **મંગળા (રાગ-રામકલી)**

સોહિલરા નંદમહર ગૃહ આજ બાજે બાજે મંદિલરા અનુપમ ગતિ માઈ ।
નરનારી મિલિ મંગલ ગાવે, ઋષિ મુનિદેવ પઢત બ્રહ્મા શિવ સુર ફૂલૈ સુરપતિ ॥૧॥
ભયો આનંદ તિહુઁપુર ઘરઘર ભક્ત અભય કીને દાન અતિ ।
જગન્નાથ પ્રભુ પ્રકટ ભયે હૈ કુખિ સિરાની રાની જસુમતિ ॥૨॥

શૃંગાર (રાગ-રામકલી)

યહ નિત નેમ જસોદા જૂ મેરે તિહારો લાલ લડાવનકો ।
પ્રાત સમય ઉઠિ પલના ઝૂલાઉં શકટ ભંજન જસ ગાવનકો ॥૧॥
નાચત કૃષ્ણ નચાવત ગોપી કર કઠતાલ બજાવનકો ।
આસકરન પ્રભુ મોહન નાગર નિરખિ વદન સચુપાવનકો ॥૨॥

વ્રજ : વૈશાખ કૃષ્ણ પંચમી

રાજભોગ દર્શન

ગુજરાતી : ચૈત્ર વદ પાંચમ



શ્રીમહાપ્રભુજીના ઉત્સવનો આગમનો શૃંગાર

આજના શૃંગાર : કુલ્હે-જોડ અને ચાકદાર વાગો

સાજ : આછા પીળા રંગની મલમલની, ઉત્સવની કમલના કામવાળી તેમજ રૂપેરી તૂઈલેસની કિનારીવાળી પિછવાઈ ધરી છે. ગાદી, તકિયા, ચરણચોકી ઉપર સફેદ બિછાવટ કરી છે.

વસ્ત્ર : સૂથન, ચોલી તથા ખુલેબંદનો ચાકદાર વાગો - સર્વ વસ્ત્રો ચંપાઈ (અમરસી) રંગની મલમલના અને રૂપેરી તૂઈલેસની કિનારીવાળાં ધર્યાં છે. ઠાડું વસ્ત્ર સફેદ જામદાની (ચીકન)નું ધર્યું છે.

શૃંગાર : વનમાલાનો (ચરણારવિંદ સુધીનો) ભારે શૃંગાર થયો છે. મિલવા : હીરા, મોતી, માણેક, પન્ના તથા સોનાનાં આભરણ ધર્યાં છે. શ્રીમસ્તકે ચંપાઈ રંગની કુલ્હે ઉપર શિરપેચ તથા પાંચ મોરચંદ્રિકાનો જોડ તેમજ ડાબી બાજુ શીશફૂલ અને ઉત્સવની જડાવ મોતીની ચોટી ધરી છે. કર્ણમાં મયૂરાકૃતિ કુંડળ ધર્યાં છે. ચૈત્રી ગુલાબ અને ફૂલોનું વનચોકઠું તેમજ સફેદ અને ગુલાબી પુષ્પોનાં બે માળાજી ધર્યાં છે.

શ્રીહસ્તમાં : ફૂલની છડી, સોનાનાં વેણુજી અને બે વેત્રજી ધર્યાં છે.

નોંધ : આજનો શૃંગાર શ્રીમહાપ્રભુજીના ઉત્સવનો આગમનો શૃંગાર છે. આજે ફૂલનું વનચોકઠું ધરાય છે.

કીર્તન : **રાજભોગ (રાગ-સારંગ)**

શુભ વૈશાખ કૃષ્ણ એકાદશી શ્રીવલ્લભ પ્રભુ પ્રકટ ભયે ।
દૈવી જીવન કે ભાગ્ય વિસ્તરે નિરખત તાપ તન કે ગયે ॥૧॥
પુષ્ટિ ભક્તિરસ નિજદાસનકો અતિ ઉદાર મન દાન દિયે ।
માણિકચંદ હિયે બસો નિરંતર શ્રીવલ્લભ આનંદ મયે ॥૨॥

શયન દર્શન (રાગ-કાન્હરો)

શ્રી વલ્લભ મધુરાકૃતિ મેરે ।
સદા વસો મન મધ્ય જીવનધન સબહિનસોં જુ કહત હું ટેરે ॥૧॥
મધુર વદન ઔર નયન મધુર ભ્રોંહ મધુર અલકનકી પાંત ।
મધુર ભાલ બીચ તિલક મધુર અતિ મધુર નાસિકા કહી ન જાત ॥૨॥
મધુર અધર રસરુપ મધુર છબિ મધુર અતિ લલિત કપોલ ।
મધુર શ્રવણ કુંડલકી ઝલકન મધુર મકર માનો કરત કલોલ ॥૩॥
મધુર કટાક્ષ કૃપારસ પૂરણ મધુર મનોહર વચન વિલાસ ।
મધુર ઉગાર દેત દાસન કો મધુર બિરાજત મુખ મૃદુહાસ ॥૪॥
મધુર કંઠ આભૂષણ ભૂષિત મધુર ઉરસ્થલ રૂપ સમાજ ।
અતિ વિશાલ જાનુ અવલંબિત મધુર બાહુ પરિરંભણ કાજ ॥૫॥
મધુર ઉદર કટિ મધુર જાનુ યુગ્મ મધુર ચરણ સબ સુખરાસ ।
મધુર ચરણકી રેણુ નિરંતર જનમ જનમ માંગત **હરિદાસ** ॥૬॥

વ્રજ : વૈશાખ કૃષ્ણ ષષ્ઠી

મંગળા દર્શન

ગુજરાતી : ચૈત્ર વદ છઠ



વ્રજ : વૈશાખ કૃષ્ણ ષષ્ઠી

ગુજરાતી : ચૈત્ર વદ છઠ

વસ્ત્ર : પીળા રંગની મલમલનો, રૂપેરી તૂઈલેસની કિનારીવાળો ઉપરણો ધર્યો છે. પીઠિકાની પાછળ સફેદ વસ્ત્ર ધર્યું છે.

શૃંગાર : ચંપાઈ (અમરસી) રંગની કુલ્હે, લર, અલકાવલિ, તિલક, નક્વેસર, ચિબુક, કર્ણફૂલ, કંઠસરી, કડાં, મુદ્રિકા તેમજ અણવટ વિછુવા ધર્યાં છે.

અત્તર : પ્રભુ સુખાર્થે આજે ખાસ કરીને ચૈત્રી ગુલાબ, રુહ ગુલાબ, સોંધો, મોગરો, જૂઈ અથવા ખસનું અત્તર સમર્પવામાં આવે છે.

સામગ્રી : નિત્યની સામગ્રી ઉપરાંત આજે ઋતુઅનુસાર, યથામનોરથ, યથાશક્તિ સુંદર સામગ્રી ધરીએ અને શ્રીપ્રભુને ખૂબ લાડ લડાવીએ.

કીર્તન : **મંગળા (રાગ-દેવગંધાર)**

આજ વધાઈ મંગલચાર ।
ગાવત મંગલ ગીત યુવતિજન નવસત સાજ સિંગાર ॥૧॥
મંગલ કનક ક્લશ શુભ મંગલ બાંધી બંદનવાર ।
મંગલ મોતિન ચોક પુરાયે પંચ શબ્દ ગૃહદ્વાર ॥૨॥
ઘર ઘર મંગલ મહા મહોત્સવ શ્રીવલ્લભ અવતાર ।
હરજીવન પ્રભુ યજ્ઞપુરુષ શ્રી લક્ષ્મન ભૂપ કુમાર ॥૩॥

શૃંગાર (રાગ-બિલાવલ)

કમલનયન શશી બદન મનોહર દેખિયે વિચિત્ર ગતિ ।
શ્યામ સુભગતન પીત વસન ધરે ઉરવન માલ સોહે અતિ ॥૧॥
નખમણિ મુકુટ પ્રભા અતિ ઉદિત ચિતે ચક્તિ ઉનમાનં ન પાવતિ ।
અતિ પ્રકાશ નિસિ બિમલ તિમિર છૂટિ કમલાય પતિ હિ જગાવતિ ॥૨॥
દરસન મુખી સુખી અતિ સોચતિ ખટ સુત સોચ સુરતિ અતિ આવતિ ।
સુરદાસ પ્રભુ હોઉ પરાકૃત ભુજા ચારિકો ચિહ્ન દુરાવતિ ॥૩॥

વ્રજ : વૈશાખ કૃષ્ણ ષષ્ઠી

રાજભોગ દર્શન

ગુજરાતી : ચૈત્ર વદ છઠ



આજના શૃંગાર : પાગ-કતરો અને ચાકદાર વાગો

સાજ : આછા પીળા રંગના વસ્ત્ર ઉપર લાલ રંગના રેશમના ભરતકામવાળી પિછવાઈ ધરી છે. ગાદી, તકિયા અને ચરણચોકી ઉપર સફેદ બિછાવટ કરી છે.

વસ્ત્ર : સૂથન, ચોલી અને ચાકદાર વાગો - સર્વ વસ્ત્રો લાલ રંગના રેશમથી ભરતકામ કરેલા આછા પીળા રંગના ધર્યાં છે. ઠાડું વસ્ત્ર સૂવાપંખી (પોપટ) જેવા લીલા રંગનું ધર્યું છે.

શૃંગાર : મધ્યનો (ઘૂંટણ સુધીનો) શૃંગાર થયો છે. મોતી, પન્ના તથા સોનાનાં આભરણ ધર્યાં છે. શ્રીમસ્તકે પીળા રંગની પાગ ઉપર શીરપેચ, લૂમ તથા નાગફણીનો કતરો તેમજ ડાબી બાજુ શીશફૂલ ધર્યું છે. શ્રીકર્ણમાં કર્ણફૂલ ધર્યાં છે. સફેદ અને ગુલાબી પુષ્પોનાં બે માળાજી ધર્યાં છે. તેમજ ગુલાબી અને સફેદ પુષ્પોનાં બે માળાજી પીઠિકાની ઉપર પણ ધર્યાં છે.

શ્રીહસ્તમાં : ફૂલની છડી, સોનાનાં જડાવ વેણુજી અને વેત્રજી ધર્યાં છે.

નોંધ : આજનો શૃંગાર ઐચ્છિક છે.

કીર્તન : **રાજભોગ (રાગ-સારંગ)**

ગોકુલમેં બાજત કહાઁ વધાઈ ।
ભીર ભઈ હૈ નંદજુકે દ્વારે અષ્ટ મહાસિદ્ધિ આઈ ॥૧॥
બ્રહ્માદિક રુદ્રાદિક જાકી ચરન રેનુ નહીં પાઈ ।
સોઈ નંદજુકો પુત કહાવૈ કૌતુક સુનો મેરી માઈ ॥૨॥
ધ્રુવ અંબરીષ પ્રહ્લાદ વિભીષણ નિતનિત મહિમા ગાઈ ।
સો હરિ **પરમાનંદ** કો ઠાકુર વ્રજજન કેલિ કરાઈ ॥૩॥

શયન (રાગ-ઈમન)

શ્રી લક્ષ્મણવર બ્રહ્મધામ કામ મૂરતિ પુરુષોત્તમ,
પ્રકટ ભયે શ્રી વલ્લભ પ્રભુ લીલા અવતારી ।
રસમય આનંદરૂપ અનુપમ ગુણ ગ્રન્થભરે
વચનસુધા સિંચત નિત્ય નિજ જન સુખકારી ॥૧॥
ભજન પંથ કમલ ભાનુ અમલ ભાવદાન કરત
વ્રજપતિ રસ રાસ કેલિ વિહરત મનુહારી ।
નવલલાલ પિયા ગિરિધર દ્રઢકરિ કર ગહત
તાહિ જે જન ઈન શરન આયે ચરણ છત્રધારી ॥૨॥

વ્રજ : વૈશાખ કૃષ્ણ સપ્તમી

મંગળા દર્શન

ગુજરાતી : ચૈત્ર વદ સાતમ



શ્રીવિઠ્ઠલનાથજી (નાથદ્વારા)નો પાટોત્સવ

વસ્ત્ર : કેસરી રંગની મલમલનો, રૂપેરી તૂઈલેસની કિનારીવાળો ઉપરણો ધર્યો છે અને પીઠિકાની પાછળ સફેદ વસ્ત્ર ધર્યું છે.

શૃંગાર : આછા પીળા રંગની, રેશમના ભરતકામવાળી પાગ, લર, અલકાવલી, તિલક, નકવેસર, ચિબુક, કર્ણફૂલ, કંઠસરી, કડાં, મુદ્રિકા તેમજ અણવટ વિછુવા ધર્યાં છે.

અત્તર : પ્રભુ સુખાર્થે આજે ખાસ કરીને ચૈત્રી ગુલાબ, રુહ ગુલાબ, સોંધો, મોગરો, જૂઈ અથવા ખસનું અત્તર સમર્પવામાં આવે છે.

સામગ્રી : નિત્યની સામગ્રી ઉપરાંત આજે ઋતુઅનુસાર, યથામનોરથ, યથાશક્તિ સુંદર સામગ્રી ધરીએ અને શ્રીપ્રભુને ખૂબ લાડ લડાવીએ.

કીર્તન : **મંગળા (રાગ-દેવગંધાર)**

યહ સુખ દેખોરી તુમ માઈ ।
વરસગાંઠ લાલ ગિરિધરકી બહોરિ કુશલસોં આઈ ।।૧।।
આગમકે દિન નીકે લાગત ઉરસુખ લહરિ ઉઠાઈ ।
ઐસી બાત કહત વ્રજસુંદરી અપુઅપુને મનભાઈ ।।૨।।
ફિર હંસિ લેત બલાય કૂખકી જિહિ જન્મેજુ કન્હાઈ ।
તુમારે પુત્ર ભયો નંદરાની સબ તનતપત બુઝાઈ ।।૩।।
નંદકુમાર સકલ યા વ્રજમે આનંદ કેલિ બઢાઈ ।
શ્રીવિઠ્ઠલ ગિરિધર પૂરનનિધિ સબહિન ભૂખે પાઈ ।।૪।।

શૃંગાર (રાગ-બિલાવલ)

પ્રગટ ભયે તૈલંગ કુલ દીપ ।
શ્રીલક્ષ્મણભટ અતિ આનંદિત સુતમુખ નિરખત આય સમીપ ।।૧।।
માત ઈલમ્મા કુખ ઉદય ભયો જયોં ઉપજત મુક્તાફલ સીપ ।
સગુણદાસ મુખ કહત ન આવે યશ પ્રસર્યો નવખંડ સપ્તદ્વીપ ।।૨।।

વ્રજ : વૈશાખ કૃષ્ણ સપ્તમી

રાજભોગ દર્શન

ગુજરાતી : ચૈત્ર વદ સાતમ



આજના શૃંગાર : પાગ-કતરો અને ધોતી ઉપર ચાકદાર

સાજ : ચંપાઈ (અમરસી) રંગની મલમલની, રૂપેરી તૂઈલેસની કિનારીવાળી પિછવાઈ ધરી છે. ગાદી, તકિયા તથા ચરણચોકી ઉપર સફેદ બિછાવટ કરી છે.

વસ્ત્ર : લાલ રંગની ધોતી, ચંપાઈ રંગનો ખૂલેબંદનો ચાકદાર વાગો અને ચોળી - સર્વ વસ્ત્રો રૂપેરી તૂઈલેસની કિનારીવાળાં ધર્યાં છે. લીલા તથા સફેદ રંગના લહેરીયાનું ઠાડું વસ્ત્ર ધર્યું છે.

શૃંગાર : છોટો (કમર સુધીનો) આછો શૃંગાર થયો છે. મોતી, પન્ના તથા સોનાનાં આભરણ ધર્યાં છે. શ્રીમસ્તક ઉપર ચંપાઈ રંગની ગોળ પાગ ઉપર શિરપેચ, લૂમ, રેશમનો કતરો તથા ડાબી બાજુ શીશફૂલ ધર્યું છે. કર્ણમાં કર્ણફૂલ ધર્યાં છે. સફેદ અને ગુલાબી પુષ્પોનાં બે માળાજી ધર્યાં છે.

શ્રીહસ્તમાં : ફૂલની છડી, સોનાનાં વેણુજી તથા વેત્રજી ધર્યાં છે.

નોંધ : આજનો શૃંગાર ઐચ્છિક છે.

કીર્તન : **રાજભોગ (રાગ-સારંગ)**

સાવન સુદી એકાદશી અર્ધરાત્રિ પ્રગટ ભયે
કરુણા કરિ સાધન બિનુ જીવ સબ ઉદ્ધારે ।
આજ્ઞા દઈ શ્રી વલ્લભ પ્રભુકો બ્રહ્મસંબધ કી
કરુણાકરિ જીવન કે પંચ દોષ ટારે ॥૧॥
સેવા કરવાય સબપેં અપને મુખ ભોજન કરિ
અધરામૃતજુ દે પરમ સુખ વિચારે ।
રસિક સદા ચરન આસ રહેત હૈ નિસદ્યોસ પાસ
દાસન કે દાસ તેઉ ભવ જલતેં તારે ॥૨॥

શયન (રાગ-કાન્હરો)

યહ ધન ધર્મહીતે પાયો ।
નીકે રાખિ યશોદા મૈયા નારાયણ વ્રજ આયો ॥૧॥
જા ધન કો મુનિ જપ તપ ખોજત વેદહુ પાર ન પાયો ।
સો ધન ધર્યો ક્ષીર સાગરમેં બ્રહ્મા જાય જગાયો ॥૨॥
જા ધનતે ગોકુલ સુખ લહિયત સગરે કાજ સંવારે ।
સો ધન બાર બાર ઉર અંતર **પરમાનંદ** વિચારે ॥૩॥

વ્રજ : વૈશાખ કૃષ્ણ સપ્તમી

શ્રીવિઠ્ઠલનાથજી

ગુજરાતી : ચૈત્ર વદ સાતમ



શ્રીવિઠ્ઠલનાથજી (નાથદ્વારા)

સ્તુતિ : સર્વાત્મના પ્રપન્નાનાં ગોપીનાં પોષયન્ મનઃ ।
તં વંદે વિઠ્ઠલાધીશં ગૌરશ્યામં પ્રિયાન્વિતમ્ ॥

અર્થ : પૂર્ણ ભાવપૂર્વક શરણે આવેલાં ગોપીજનોના મનનું પોષણ કરનારા, શ્રીસ્વામિનીજી સહિત (શ્રીસ્વામિનીજીની સાથે બિરાજતા) શ્રી વિઠ્ઠલનાથજી પ્રભુ, જે ગૌરશ્યામ સ્વરૂપના છે તેમને હું વંદન કરું છું.

શ્રી વિઠ્ઠલનાથજીનો ઈતિહાસ : ચરણાટમાં જે દિવસે શ્રીમહાપ્રભુજીને ત્યાં તેમના દ્વિતીય પુત્રનું પ્રાકટ્ય થયું તે જ દિવસે એક બ્રાહ્મણ ત્યાં આવ્યા. તેમણે શ્રીમહાપ્રભુજીને વિઠ્ઠલનાથજીનું આ સ્વરૂપ પધરાવી આપ્યું. શ્રીમહાપ્રભુજીએ હરખાઈને પ્રભુના નામ ઉપરથી પુત્રનું પણ વિઠ્ઠલનાથ પાડ્યું.

શ્રીવિઠ્ઠલનાથજીના આ સ્વરૂપની સેવા શ્રીમહાપ્રભુજીએ અને શ્રીગુસાંઈજીએ કરી, ત્યાર બાદ શ્રીગુસાંઈજીએ તેમના બીજા પુત્ર શ્રીગોવિંદરાયજીને આ સ્વરૂપ પધરાવી આપ્યું.

શ્રીગોવિંદરાયજીએ ગોકુળમાં જશોદાઘાટ ઉપર મંદિરમાં આ સ્વરૂપને પધરાવી તેમની સેવા કરી. તેમના પુત્ર શ્રીકલ્યાણરાયજી અને શ્રીકલ્યાણરાયજીના પુત્ર શ્રીહરિરાયજીએ પણ અહીં શ્રીવિઠ્ઠલનાથજીની સેવા કરી. આ સ્થાન આજે શ્રીહરિરાયજીની બેઠક તરીકે ઓળખાય છે.

શ્રીહરિરાયજી ત્રિકાળજ્ઞાની હતા. તેમણે જાણ્યું કે શ્રીનાથજી વ્રજ છોડીને મેવાડ પધારશે એટલે તેઓ તે પહેલાં જ મેવાડ પધાર્યા અને ત્યાં બનાસ નદીને કાંઠે ખીમનોર ગામમાં બિરાજી શ્રીવિઠ્ઠલનાથજીની સેવા કરવા લાગ્યા. જ્યારે શ્રીનાથજી મેવાડ પધાર્યા ત્યારે તેમના મંદિરની બાજુમાં જ શ્રીવિઠ્ઠલનાથજી માટે મોટું, ભવ્ય, સુંદર મંદિર બંધાવી તેમાં પ્રભુને પધરાવ્યા. ત્યારથી આજ સુધી તેઓ આ મંદિરમાં જ બિરાજે છે. તે મંદિરમાં અને ખીમનોરમાં શ્રીહરિરાયજીનાં બેઠકજી પણ છે. વૈષ્ણવો પ્રેમથી શ્રીવિઠ્ઠલનાથજીને 'લાડિલીલાલ' કહે છે.

લીલાભાવના : રાસલીલા વખતે વેણુનાદ સાંભળીને વૃંદાવનમાં ગોપીજનો દોડી આવ્યાં, ત્યારે શ્રીઠાકોરજી તેમની કેડ પર બે હસ્ત મૂકી, ગોપીજનોની સામે ઊભા રહ્યા. 'તમે આ ઘોર રાતે કેમ આવ્યાં છો?' એવા પ્રશ્નો શ્રીઠાકોરજીએ પૂછ્યા. જવાબમાં ગોપીજનોએ કહ્યું : ''અમે બધું જ છોડીને આવ્યાં છીએ. માત્ર તમારા માટે જ અમને પૂર્ણ પ્રેમ છે.''

આથી શ્રીઠાકોરજી પ્રેમવિવશ થયા. ત્યારે શ્રીયમુનાજી શ્રીઠાકોરજીની બાજુમાં ઊભાં રહી, શ્રીઠાકોરજીને પ્રેમથી નિરખી રહ્યાં હતાં. રાસ શરૂ થતાં ગોપીજનોને મદ થયો કે અમારા જેવું નસીબદાર બીજું કોઈ નથી. આથી શ્રીઠાકોરજી અપ્રસન્ન થયા. પ્રેમવિવશ હોવાથી કેડ પર બે હસ્ત ટેકવી ક્ષણભર જોઈ રહ્યા. પછી ગોપીજનોની વચ્ચેથી શ્રીયમુનાજીની સાથે અંતર્ધ્યાન થઈ ગયા. આ લીલાનું આ સ્વરૂપ છે.

સ્વરૂપભાવના : શ્રીઠાકોરજી શ્યામ છે. શ્રીસ્વામિનીજી ગૌર છે. શ્રીસ્વામિનીજીના સ્નેહથી પ્રેમવિવશ થતાં, શ્રીઠાકોરજી અડધા ગૌર બની ગયા. તેથી આ સ્વરૂપ મસ્તકથી કેડ સુધી શ્યામ અને કેડથી ચરણ સુધી ગૌર છે. બે હસ્ત કેડ પર ટેકવ્યા છે. ડાબા હસ્તમાં શંખ અને જમણા હસ્તમાં કમળ છે. બંને ચરણ સીધા છે. શ્રીમસ્તકે કિરીટ મુકુટ છે. એક ચરણમાં નુપૂર વગેરે આભૂષણ ધર્યાં છે. બીજા ચરણમાં આભૂષણ નથી.

સાથે શ્રીયમુનાજી બિરાજે છે. તેઓ શ્રીઠાકોરજીનાં ચોથાં સ્વામિની છે. તેમનાં બંને હસ્તમાં કમળ છે.

દેખ્યો અદ્‌ભુત રૂપ સખીરી સુર સુતા કે સાથ ।
બિબસ ભયે દેખિ હરિ, સુંદર કટિ પર રહિ ગયે દોઉ હાથ ॥૧॥
તાતેં ગૌર ચિત્ર સ્યામલ તન, ઉપમા કહે તન આવે ગાથ ।
દ્વારકેશ પ્રભુ યહ બિધિ દેખિ, મૈં તો કરિ લિયો જનમ સનાથ ॥૨॥

વ્રજ : વૈશાખ કૃષ્ણ અષ્ટમી

મંગળા દર્શન

ગુજરાતી : ચૈત્ર વદ આઠમ



વ્રજ : વૈશાખ કૃષ્ણ અષ્ટમી

ચિત્ર પરિચય

ગુજરાતી : ચૈત્ર વદ આઠમ

વસ્ત્ર : ઘેરા ગુલાબી રંગની મલમલનો, રૂપેરી તૂઈલેસની કિનારીવાળો ઉપરણો ધર્યો છે. પીઠિકાની પાછળ સફેદ રંગનું વસ્ત્ર ધર્યું છે.

શૃંગાર : ચંપાઈ (અમરસી) રંગની ગોળ પાગ, લર, અલકાવલી, તિલક, નક્વેસર, ચિબુક, કર્ણફૂલ, કંઠસરી, કડાં, મુદ્રિકા તથા અણવટ વિછુવા ધર્યાં છે.

અત્તર : પ્રભુ સુખાર્થે આજે ખાસ કરીને ચૈત્રી ગુલાબ, રુહ ગુલાબ, સોંધો, મોગરો, જૂઈ અથવા ખસનું અત્તર સમર્પવામાં આવે છે.

સામગ્રી : નિત્યની સામગ્રી ઉપરાંત આજે ઋતુઅનુસાર, યથામનોરથ, યથાશક્તિ સુંદર સામગ્રી ધરીએ અને શ્રીપ્રભુને ખૂબ લાડ લડાવીએ.

કીર્તન : **મંગળા (રાગ-બિલાવલ ચોખડા)**

ધન્ય ધન્ય માધવ માસ એકાદશી પ્રકટે શ્રીવલ્લભ સુખરાસી ।।
શ્રી ગોકુલ ગોવર્ધન વાસી । યમુના કુંજ નિકુંજ નિવાસી ।।ટેક।।
કુંજન કુંજ નિવાસ યમુના પુલીન વેણુ બજાઈયો ।
અકુલાય નવ વ્રજસુંદરી તબ સુખદ રાસ રચાઈયો ।
સાતદિન ગિરિધર્યો કમલકર ગર્વ સુરપતિ હરણજુ ।
દાસ જનકે હેત પ્રકટે ફેર ગિરિવર ધરણજુ ।।૧।।
શ્રી લક્ષ્મણગૃહ નવનિધિ આઈ । શ્રી વલ્લભ દ્વિજ રુપ કહાઈ ।।
જાયો પુત્ર ઈલમ્મા માઈ । હરખત ફૂલી અંગ ન સમાઈ ।।ટેક।।
ફૂલી અંગ ન સમાય જનની કરત આનંદ વધાવને ।
ગોરસ કીચ ભઈ બીરજમેં દૂધ દધિ સિર નાવને ।
પહરભૂષણ મુદિત સહચરી વસન નાના વરણજુ ।
દાસ જનકે હેત પ્રકટે ફેર ગિરિવર ધરણજુ ।।૨।।
શ્રી લક્ષ્મણગૃહ હોત વધાઈ । શ્રવણ સુનત વ્રજ વધુ ઉઠધાઈ ।।
સહજ શ્રૃંગાર કિયે મનભાયે । બોલત જય જય શબ્દ સુહાયે ।।ટેક।।
જય જય શબ્દ સુહાયે બોલત ગીત ઝૂમક ગાવહીં ।
થાર કંચન હાથ લીને જુર જુર ઝુંડન આવહી ।
યુવતિ દે દે કરતાર નાચત બાજત નૂપુર ચરણજુ ।
દાસ જન કે હેત પ્રકટે ફેર ગિરિવર ધરનજુ ।।૩।।
શ્રી લક્ષ્મણગૃહ નવનિધિ આઈ । અદ્‌ભુત શોભા બરની ન જાઈ ।।
કંચન કલશ ધ્વજા ફહેરાઈ દીપદાન કર જુગત બનાઈ ।।ટેક।।
બનાઈ જુગત ઘર દીપમાલા જોત ફેલી ગગનજુ ।
ધેનુ ધન ગૃહ વસન ભૂષણ દેત કંચન નગનજુ ।
મુદિત વ્હૈ નરનારિજુ દેત અસીસ ચલે ઘરનજુ ।
દાસ જનકે હેત પ્રકટે ફેર ગિરિવર ધરનજુ ।।૪।।

વ્રજ : વૈશાખ કૃષ્ણ અષ્ટમી

રાજભોગ દર્શન

ગુજરાતી : ચૈત્ર વદ આઠમ



આજના શૃંગાર : પાગ-ચંદ્રિકા અને ઘેરદાર વાગો.

સાજ : ગુલાબી રંગની મલમલની, રૂપેરી તૂઈલેસની કિનારીવાળી પિછવાઈ ધરી છે. ગાદી, તકિયા તથા ચરણચોકી ઉપર સફેદ બિછાવટ કરી છે.

વસ્ત્ર : સૂથન, ચોલી અને ઘેરદાર વાગો. સર્વ વસ્ત્રો ગુલાબી રંગની મલમલનાં અને રૂપેરી તૂઈલેસની કિનારીવાળાં ધર્યાં છે. ઠાડું વસ્ત્ર મેઘશ્યામ રંગનું ધર્યું છે.

શૃંગાર : મધ્યનો (ઘૂંટણ સુધીનો) મધ્યમ શૃંગાર થયો છે. મોતી, પન્ના તથા સોનાનાં આભરણ ધર્યાં છે. શ્રીમસ્તકે ગુલાબી રંગની ગોળ પાગ ઉપર શિરપેચ તથા ઘૂમાવદાર ગોળ ચંદ્રિકા અને ડાબી બાજુ શીશફૂલ ધર્યું છે. શ્રીકર્ણમાં કર્ણફૂલ ધર્યાં છે. સફેદ અને ગુલાબી પુષ્પોનાં બે માળાજી ધર્યાં છે.

શ્રીહસ્તમાં : ફૂલની છડી, સોનાનાં વેણુજી તથા વેત્રજી ધર્યાં છે.

નોંધ : આજનો શૃંગાર ઐચ્છિક છે.

કીર્તન : **શૃંગાર (રાગ-આસાવરી)**

માઈરી કમલનયન શ્યામસુંદર ઝુલત પલના, બાલલીલા ગાવત સબ ગોકુલકી લલના ॥૧॥
લાલકે અરુન તરુન ચરન કમલ નખમનિ શશિ જોતી, કુંચિત કચ ભવઁરાકૃત લર લટકત ગજમોતી ॥૨॥
લાલ અંગૂઠા ગહિ કમલપાણિ મેલત મુખ માંહી, અપનો પ્રતિબિંબ દેખિ પુનિપુનિ મુસિકાઈ ॥૩॥
રાની જસુમતિ કે પુન્ય પુંજ વાર વાર લાલૈ, **પરમાનંદ** સ્વામિ ગોપાલ સુત સનેહ પાલૈ ॥૪॥

રાજભોગ (રાગ-સારંગ)

શ્રી લક્ષ્મણગૃહ મહામંગલ ભયો પ્રગટે શ્રી વલ્લભ પૂરણકામ ।
માધવમાસ કૃષ્ણપક્ષ શુભલગ્ન ઉદિત એકાદશી દૂસરોયામ ॥૧॥
મંગલ ક્લશ ચૌક મોતિન કે વિવિધ વિચિત્ર ચિત્ર બને ધામ ।
મંગલ ગાવત મુદિત માનિની નખસિખ રુપ કામસી વામ ॥૨॥
મિટ્યો તિમિર દુઃખ દ્વંદ જગતકો ભોર ભયો માનો મિટ ગઈ યામ ।
માણિકચંદ પ્રભુ સદા બિરાજો આય બસો શ્રી ગોકુલ ગામ ॥૩॥

શયન (રાગ-નાયકી)

આનંદ વધાવનો નંદ મહરજુ કે ધામ ।
બડભાગિન જસુમતિ જાયો હૈ કમલ નયન ઘનશ્યામ ॥૧॥
બજત નિશાન મૃદંગ ઢોલ રવ મંગલ ગાવત વામ ।
દેત દાન કંચન મનિ ભૂષણ ધેનુ વસન લેલે નામ ॥૨॥
દેત અસીસ સકલ ગોપીજન વ્રજજન મન અભિરામ ।
હરિનારાયન શ્યામદાસ કે પ્રભુ માઈ પ્રગટે હૈં પૂરન કામ ॥૩॥

વ્રજ : વૈશાખ કૃષ્ણ નવમી

મંગળા દર્શન

ગુજરાતી : ચૈત્ર વદ નોમ



વ્રજ : વૈશાખ કૃષ્ણ નવમી

ચિત્ર પરિચય

ગુજરાતી : ચૈત્ર વદ નોમ

વસ્ત્ર : લાલ રંગની મલમલનો રૂપેરી તૂઈલેસની કિનારીવાળો ઉપરણો ધર્યો છે. પીઠિકાની પાછળ સફેદ રંગનું વસ્ત્ર ધર્યું છે.

શૃંગાર : ગુલાબી રંગની ગોળ પાગ, લર, અલકાવલિ, તિલક, નક્વેસર, ચિબુક, કર્ણફૂલ, કંઠસરી, કડાં, મુદ્રિકા તથા અણવટ વિછુવા ધર્યાં છે.

અત્તર : પ્રભુ સુખાર્થે આજે ખાસ કરીને ચૈત્રી ગુલાબ, રુહ ગુલાબ, સોંધો, મોગરો, જૂઈ અથવા ખસનું અત્તર સમર્પવામાં આવે છે.

સામગ્રી : નિત્યની સામગ્રી ઉપરાંત ઋતુઅનુસાર, યથામનોરથ, યથાશક્તિ સુંદર સામગ્રી ધરીએ અને શ્રીપ્રભુને ખૂબ લાડ લડાવીએ.

કીર્તન : **મંગળા (રાગ-બિલાવલ)**

શ્રી લક્ષ્મણગૃહ આઈ નવનિધિ ।
પ્રગટે જાન પૂરણ પુરુષોત્તમ દ્વાર બુહારત ફિરત અષ્ટસિદ્ધિ ॥૧॥
બજત નિશાન ભેર સહનાઈ દેખિયત તહીં સકલ રિદ્ધિ ।
સગુણદાસ પ્રભુ જન્મ શ્રવણ સુન દરસન કારણ આયે હર વિધિ ॥૨॥

શૃંગાર (રાગ-બિલાવલ)

આયે દેવ વિમાનન ચઢ ચઢ ।
મહા મહોત્સવ દરસ કરનકો એક એક તે આગે બઢબઢ ॥૧॥
બિન ગિરિધર ઈન સમ કોઉ નાહીં કહો કોઉ બાતેં કછુ ગઢગઢ ।
સગુણદાસ પ્રભુ જન્મ શ્રવણ સુન દે અસીસ મુનિ મંત્રન પઢ પઢ ॥૨॥

વ્રજ : વૈશાખ કૃષ્ણ નવમી

રાજભોગ દર્શન

ગુજરાતી : ચૈત્ર વદ નોમ



આજના શૃંગાર : પાગ - ચંદ્રિકા અને ઘેરદાર વાગો

સાજ : લાલ રંગની મલમલની સોનેરી તૂઈલેસની કિનારીવાળી પિછવાઈ ધરી છે. ગાદી, તકિયા અને ચરણચોકી ઉપર સફેદ બિછાવટ કરી છે.

વસ્ત્ર : સૂથન, ચોલી, ઘેરદાર વાગો તથા કટિપટુકો - સર્વ વસ્ત્રો લાલ રંગની મલમલનાં અને સોનેરી તૂઈલેસની કિનારીવાળાં ધર્યાં છે. ઠાડું વસ્ત્ર પીળા (લીંબોઈ) રંગનું ધર્યું છે.

શૃંગાર : છોટો (કમર સુધીનો) આછો શૃંગાર થયો છે. મોતી, પન્ના તથા સોનાનાં આભરણ ધર્યાં છે. શ્રીમસ્તકે લાલ રંગની પાગ ઉપર શિરપેચ, લૂમ તથા મોરપંખની સાદી ચંદ્રિકા તથા ડાબી બાજુ શીશફૂલ ધર્યું છે. કર્ણમાં કર્ણફૂલ ધર્યાં છે. શ્વેત અને ગુલાબી પુષ્પોનાં બે માળાજી ધર્યાં છે.

શ્રીહસ્તમાં : ફૂલની છડી, સોનાનાં જડાવ વેણુજી તથા વેત્રજી ધર્યાં છે.

નોંધ : આજનો શૃંગાર નિશ્ચિત છે. શ્રીમહાપ્રભુજીના ઉત્સવ પહેલાં છઠ્ઠીનો આ શૃંગાર થાય છે.

કીર્તન : **રાજભોગ (રાગ-દેવગંધાર)**

વ્રજ ભયો મહરિકે પુત, જબ યહ બાત સુની,
સુનિ આનંદે સબ લોગ, ગોકુલ ગણિત ગુની,
વ્રજ પૂરવ પૂરે પુન્ય રૂપી કુલ, સુથિર થુની,
ગ્રહ લગ્ન નક્ષત્ર બલિ સોધિ, કીની વેદ ધ્વની ।।૧।।

(સ્થળ સંકોચને કારણે આ કીર્તન અહીં પૂરું આપી શકાયું નથી. કૃપયા જુઓ પરિશિષ્ટ - ૧)

શયન (રાગ-કાન્હરો)

શ્રીમદ વલ્લભ રુપ સુરંગે ।
અંગઅંગ પ્રતિ ભાવનકે ભૂષણ વૃંદાવન સંપતિ અંગઅંગે ।।૧।।
દરસ પરસ ગિરિધરકી ન્યાઈ એનમેન વ્રજરાજ ઉછંગે ।
પદ્મનાભ દેખે બનિ આવે સુધિ રહી રાસ રસાલ ભ્રુવભંગે ।।૨।।

વ્રજ : વૈશાખ કૃષ્ણ દશમી

મંગળા દર્શન

ગુજરાતી : ચૈત્ર વદ દસમ



નિ. લી. ગો. તિલકાયત શ્રીગોવર્ધનલાલજી મહારાજકૃત પાંચ સ્વરૂપોત્સવ

વસ્ત્ર : લાલ રંગની મલમલનો, રૂપેરી તૂઈલેસની કિનારીવાળો ઉપરણો ધર્યો છે. પીઠિકાની પાછળ સફેદ રંગનું વસ્ત્ર ધર્યું છે.

શૃંગાર : લાલ રંગની પાગ, લર, અલકાવલિ, તિલક, નક્વેસર, ચિબુક, કર્ણફૂલ, કંઠસરી, કડાં, મુદ્રિકા તથા અણવટ વિછુવા ધર્યા છે.

અત્તર : પ્રભુ સુખાર્થે આજે ખાસ કરીને ચૈત્રી ગુલાબ, રુહ ગુલાબ, સોંધો, મોગરો, જૂઈ અથવા ખસનું અત્તર સમર્પવામાં આવે છે.

સામગ્રી : નિત્યની સામગ્રી ઉપરાંત ઋતુઅનુસાર, યથામનોરથ, યથાશક્તિ સુંદર સામગ્રી ધરીએ અને શ્રીપ્રભુને ખૂબ લાડ લડાવીએ.

નોંધ : સંવત ૧૯૬૬માં આજના દિવસે નાથદ્વારામાં નિ.લી.ગો.તિ. શ્રી ગોવર્ધનલાલજી મહારાજશ્રીએ શ્રીનાથજી બાવાની સાથે શ્રીનવનીતપ્રિયાજી, શ્રીમથુરાનાથજી, શ્રીવિઠ્ઠલનાથજી તેમજ શ્રીદ્વારકાધીશજીને પધરાવીને પાંચ સ્વરૂપોને સાથે છપ્પન ભોગ આરોગાવ્યો હતો. તેથી આજનો ઉત્સવ પાંચ સ્વરૂપોત્સવ કહેવાય છે.

કીર્તન : **મંગળા (રાગ-દેવગંધાર)**

યહ સુખ દેખોરી તુમ માઈ ।
વરસગાંઠિ ગિરિધરન લાલકી બહોરિ કુશલસોં આઈ ॥૧॥
આગમ કે દિન નીકે લાગત ઉર સુખ લહરિ ઉઠાઈ ।
એસી બાત કહત વ્રજ સુંદરિ અપુઅપુને મનભાઈ ॥૨॥
ફિર હસિ લેત બલાય કૂખિકી જિહિં જન્મેજુ કન્હાઈ ।
તુમ્હારે પુત્ર ભયો નંદરાની સબ તન તપત બુઝાઈ ॥૩॥
નંદુકુમાર સકલ યા વ્રજમે આનંદ વેલિ બઢાઈ ।
શ્રી વિઠ્ઠલગિરિધર પૂરન નિધિ સબહિન ભૂખે પાઈ ॥૪॥

શૃંગાર (રાગ-બિલાવલ)

નંદરાય કે નવનિધિ આઈ ।
માથે મુકુટ શ્રવન મણિકુંડલ પીતવસન અરુ ચારિ ભુજાઈ ॥૧॥
બાજત બીન મૃદંગ શંખ ધુનિ ઘસી અરગજા અંગ ચઢાઈ ।
દધિ પીવત ઔર ચંદન છિરકત રપટિ પરત હૈ લેત ઉઠાઈ ॥૨॥
અચ્છત દૂબ લિયે ચઢ બડે દ્વારન બંદનમાલ બંધાઈ ।
સૂરદાસ સબ મિલે પરસ્પર દાન દેત નંદ મન ન અઘાઈ ॥૩॥

વ્રજ : વૈશાખ કૃષ્ણ દશમી

રાજભોગ દર્શન

ગુજરાતી : ચૈત્ર વદ દસમ



આજના શૃંગાર : મુકુટ - કાછની

સાજ : ગાયો તથા ગોસ્વામી બાળકોના ચિત્રકામવાળી પિછવાઈ ધરી છે. ગાદી, તકિયા તથા ચરણચોકી ઉપર સફેદ બિછાવટ કરી છે.

વસ્ત્ર : સૂથન, કાછની તેમજ રાસપટુકો - સર્વ વસ્ત્રો લાલ રંગની મલમલનાં, રૂપેરી તૂઈલેસની કિનારીવાળાં ધર્યાં છે. ઠાડું વસ્ત્ર સફેદ જામદાની (ચીકન)નું ધર્યું છે.

શૃંગાર : વનમાલાનો (ચરણારવિંદ સુધીનો) ભારે શૃંગાર થયો છે. મિલવા : હીરા, મોતી, માણેક, પન્ના તથા સોનાનાં જડાવ આભરણ ધર્યાં છે. શ્રીમસ્તકે મુકુટ અને ડાબી બાજુ શીશફૂલ ધર્યું છે. ઉત્સવની મોતીની ચોટી ધરી છે. કર્ણમાં મયૂરાકૃતિ કુંડલ ધર્યાં છે. સફેદ અને ગુલાબી પુષ્પોનાં બે માળાજી ધર્યાં છે.

શ્રીહસ્તમાં : ફૂલની છડી, સોનાનાં વેણુજી અને બે વેત્રજી ધર્યાં છે.

નોંધ : આજનો શૃંગાર નિશ્ચિત છે. પાંચ સ્વરૂપોત્સવ થયો ત્યારે સર્વ સ્વરૂપોને મુકુટ કાછનીનો શૃંગાર થયો હતો. તે દિવસે લાલ રંગના સૂથન, કાછની, પટકા તથા મોતીના મુકુટ અને વનમાલાનો શૃંગાર ધરાયો હતો.

કીર્તન : **રાજભોગ (રાગ-સારંગ)**

એસી બંસી બાજી બન ઘનમેં વ્યાપિ રહી ધ્વનિ મહામુનિનકી સમાધિ લાગી ।
ભયો બ્રહ્મનાદ ઉઠત આહ્લાદ જહાંતહાં વ્રજઘોખ રત્નવૃંદ ભયે સબત્યાગી ॥૧॥
રાસ આદિ અનેક લીલા રસભાવ પૂરિત મૂરતિ મુખારવિંદ છબિ ધરે વિરહ અનંગ જાગી ।
તબ વેણુનાદ દ્વાર અબ શ્રી લક્ષ્મણ ભટ ભૂપકુમાર **પદ્મનાભ** દૈવોદ્ધાર અર્થ ત્યાગી ॥૨॥

શયન (રાગ-કાન્હરો/નટ)

શ્રીમદ વલ્લભ રુપ સુરંગે ।
અંગઅંગ પ્રતિ ભાવનકે ભૂષણ વૃંદાવન સંપતિ અંગઅંગે ॥૧॥
દરસ પરસ ગિરિધરકી ન્યાઈ એનમેન વ્રજરાજ ઉછંગે ।
પદ્મનાભ દેખે બનિ આવે સુધિ રહી રાસ રસાલ ભૂવભંગે ॥૨॥

વ્રજ : વૈશાખ કૃષ્ણ એકાદશી

મંગળા દર્શન

ગુજરાતી : ચૈત્ર વદ અગિયારસ



વ્રજ : વૈશાખ કૃષ્ણ એકાદશી **ચિત્ર પરિચય** ગુજરાતી : ચૈત્ર વદ અગિયારસ

શ્રીમહાપ્રભુજીનો પ્રાકટ્યોત્સવ (સંવત : ૧૫૩૫)

વરૂથિની એકાદશી

બડી દેહલી - વંદનમાલ, હાંડી, આજે અભ્યંગ થાય

વસ્ત્ર : ચંપાઈ (અમરસી) રંગની મલમલનો, રૂપેરી તૂઈલેસની કિનારીવાળો ઉપરણો ધર્યો છે. પીઠિકાની પાછળ સફેદ રંગનું વસ્ત્ર ધર્યું છે. (આજે પીઠિકાની પાછળ સફેદ વસ્ત્ર છેલ્લું ધરાય છે. ચૈત્ર વદ બારસથી ધરાતું નથી.)

શૃંગાર : ચંપાઈ રંગની ગોળ પાગ, લર, અલકાવલી, તિલક, નક્વેસર, ચિબુક, કર્ણફૂલ, કંઠસરી, કડાં, મુદ્રિકા તથા અણવટ વિછુવા ધર્યાં છે.

અત્તર : પ્રભુ સુખાર્થે આજે ખાસ કરીને ચૈત્રી ગુલાબ, રુહ ગુલાબ, સોંધો, મોગરો, જૂઈ અથવા ખસનું અત્તર સમર્પવામાં આવે છે.

સામગ્રી : સફેદ તથા કેસરી બરફી, સફેદ તથા કેસરી માવાના પેંડા, મેવાતી, કઢિયલ દૂધ, મલાઈ, દૂધ પૂરી, ખાટું મીઠું દહીં, શિખરન (શ્રીખંડ) ગજક, ગુલાબકાતરી, તળેલો સૂકો મેવો, લીલો મેવો, તળેલાં બીજ અને બીજના લાડુ, બિલસારુ, પેંઠા, મુરબ્બો, નારંગીનો પનો વગેરે દૂધગરની સામગ્રી ધરાય છે.

સેવ, ચંદ્રકળા, મનોહર, સક્કરપારા, શીરો, શિખરનવડી, મેંદાપૂરી, ઝીણીસેવ, સંજાબની ખીર, સેવની ખીર, ઠોર વગેરે અનસખડીની અનેક સામગ્રી ધરાય છે.

છાશવડાં, મગની દાળ, તીનકુડા, બે પ્રકારનાં રાયતાં, આઠ પ્રકારનાં શાક અને આઠ પ્રકારનાં ભુજાના, આઠ પ્રકારનાં સંધાના, પાંચ પ્રકારના ભાત, આખા મગ, વડીનાં શાક, પાપડ, કચરિયાં, તીલવડી ઢેબરી, મીરચવડી જેવી સખડીની સામગ્રી નિત્યની સખડીની સામગ્રી સાથે ધરાય છે.

આમ આજે રાજભોગમાં સખડી, અનસખડી, દૂધગરની બધી સામગ્રી ધરાય છે. મેષ સંક્રાન્તિ ગઈ હોય તો સથવો, ઘોળેલો સથવો, ટેટીનો પનો, મીસરીનો પનો ધરાય છે.

આપણે પણ યથાશક્તિ, યથામનોરથ સુંદર સામગ્રી ધરીએ અને શ્રીપ્રભુને ખૂબ લાડ લડાવીએ.

કીર્તન : **મંગળા (રાગ-બિલાવલ)**

આજ બડો દરબાર દેખ્યો નંદરાય તેરો, ભયો સુખ સબૈ ભાંતિ દુ:ખ ગયો મેરો ॥૧॥
બજત નિશાન ઢોલ ઢાઢિન યશ ગાયો, સોવે હૈ કહા ઉઠિ જસુમતિ સુત જાયો ॥૨॥
કેઈ દેખિ લિયે જાત કીરતિ તિહારી, ગાયનકે ઠાઠબાઠ ભીર ભઈ ભારી ॥૩॥
સુફલ ફૂલન ફૂલી જસુમતિ રાની, જાકે સર્વસ દિયે વસુધા અઘાની ॥૪॥
માંગન જો લિયે જાત ભીખ જો તિહારી, તિહૂં લોક સૂન્યો જસ ભયો અતિ ભારી ॥૫॥
અબ લગુ નેંમ લિયે રહ્યો બરસાને, લેહૌ ભીખ જબ પૂત વ્હૈહૈ મહરાને ॥૬॥
અબકે મહરિ મૌહિ માંગનો ન કીજૈ, **સૂરદાસ** કહે મોહિ દાસ પદવી દીજે ॥૭॥

અભ્યંગ (રાગ-ધનાશ્રી)

આપુન મંગલ ગાવે રાનીજૂ ।
આજ લાલકો જન્મઘોસ હૈ મોતિન ચોક પુરાવે ।।૧।।
ગામ ગામતેં જાતિ આપની ગોપીન ન્યોતિ બુલાવે ।
અન્વાચાર્ય મુનિ ગર્ગ પરાસર તિનપેં વેદ પઢાવે ।।૨।।
હરદી તેલ સુગંધ સુવાસિત લાલે ઉબટ ન્હવાવે ।
હરિ તન ઉપર વારિ ન્યોછાવરિ જન **પરમાનંદ** પાવે ।।૩।।

અભ્યંગ (રાગ-ધનાશ્રી)

સબે મિલિ મંગલ ગાવો માઈ ।
આજ લાલકો જન્મઘોસ હૈ બાજત રંગ વધાઈ ।।૧।।
આંગન લીંપો ચોક પુરાવો વિપ્ર પઢન લાગે વેદ ।
કરૌ સિંગાર શ્યામ સુંદરકો ચોવા ચંદન મેદ ।।૨।।
આનંદભરી નંદજુકી રાની ફૂલી અંગ ન સમાઈ ।
પરમાનંદદાસ તિહીં ઓસર બ્હોત ન્યોછાવરિ પાઈ ।।૩।।

અભ્યંગ (રાગ-ધનાશ્રી)

યશોદારાની સોવન ફૂલે ફૂલી ।
તુમ્હારે પુત્ર ભયો કુલમંડન વાસુદેવ સમતુલી ।।૧।।
દેત અસીસ વિરધ જે ગ્વાલિની ગામ ગામતેં આઈ ।
લૈ લૈ ભેટ સબે મિલ નિકસી મંગલચાર વધાઈ ।।૨।।
એસે દસક હોઈ જો ઓરે સબ કોઉ સચુ પાવે ।
બાઢો વંશ નંદ બાબાકો **પરમાનંદ** જિય ભાવે ।।૩।।

અભ્યંગ (રાગ-ધનાશ્રી)

ચિરજીયો ગોપાલ રાની તેરૌ ।
બેગિ બડૌ બડી હોય બિરધ લટ મહરિ મનોહર બાલ ।।૧।।
ઉપજિ પરયો યહ કુખિ ભાગ્ય બલ સમુદ્ર સીપ જૈસે લાલ ।
સબ ગોકુલકે પ્રાણજીવન ધન વૈરિનકે ઉરસાલ ।।૨।।
સૂરકી તો જિય સુખ પાવત હૈ દેખત શ્યામ તમાલ ।
રજ આરજ લાગો મેરી અઁખિયન રોગ દોષ જંજાલ ।।૩।।

રાજભોગ (રાગ-સારંગ)

ઘરઘર ગ્વાલ દેત હે હેરી ।
બાજત તાલ મૃદંગ બાંસુરી ઢોલ દમામા ભેરી ॥૧॥
લૂટત ઝપટત ખાત મિઠાઈ કહિ ન સક્ત કોઉ ફેરી ।
ઉનમદ ગ્વાલ કરત કોલાહલ વ્રજવનિતા સબ ઘેરી ॥૨॥
ધ્વજા પતાકા તોરનમાલા સબૈ સિંગારી સેરી ।
જય જય કૃષ્ણ કહત **પરમાનંદ** પ્રકટ્યો કંસ કો વૈરી ॥૩॥

રાજભોગ (રાગ-સારંગ)

કેસરકી ધોતી પહેરે કેસરી ઉપરના ઓઢે, તિલકમુદ્રા ધર બૈઠે શ્રીલક્ષ્મણ ભટ ધામ ।
જન્મઘોસ જાન જાન અદ્‌ભુત રુચિ માનમાન, નખશિખકી શોભા ઉપર વારોં કોટિકામ ॥૧॥
સુંદરતાઈ નિકાઈ તેજપ્રતાપ અતુલતાઈ, આસપાસ યુવતી જન કરત હૈં ગુનગાન ।
પદ્મનાભ પ્રભુ વિલોક ગિરિવરધર વાગધીશ, યહ અવસર જે હુતે તે મહાભાગ્યવાન ॥૨॥

રાજભોગ દર્શન (રાગ-સારંગ)

આજ વધાઈ કો દિન નીકો ।
નંદઘરની જસુમતિ જાયૌ હૈ લાલ ભામતો જીકૌ ॥૧॥
પંચ શબ્દ બાજે બાજત ઘરઘરતેં આયો ટીકો ।
મંગલ કલશ લીયે વ્રજ સુંદરી ગ્વાલ બનાવત છીકો ॥૨॥
દેત અસીસ સકલ ગોપીજન ચિરજીઓ કોટિ વરીસો ।
પરમાનંદદાસકો ઠાકુર ગોપ ભેષ જગદીશો ॥૩॥

શયન (રાગ-કાન્હારો)

શ્રી વલ્લભ મધુરાકૃતિ મેરે ।
સદા વસો મન મધ્ય જીવનધન સબહિનસોં જુ કહત હું ટેરે ॥૧॥
મધુર વદન ઔર નયન મધુર ભ્રોંહ મધુર અલકનકી પાંત ।
મધુર ભાલ બીચ તિલક મધુર અતિ મધુર નાસિકા કહી ન જાત ॥૨॥
મધુર અધર રસરુપ મધુર છબિ મધુર અતિ લલિત કપોલ ।
મધુર શ્રવણ કુંડલકી ઝલકન મધુર મકર માનો કરત કલોલ ॥૩॥
મધુર કટાક્ષ કૃપારસ પૂરણ મધુર મનોહર વચન વિલાસ ।
મધુર ઉગાર દેત દાસન કો મધુર બિરાજત મુખ મૃદુહાસ ॥૪॥
મધુર કંઠ આભૂષણ ભૂષિત મધુર ઉરસ્થલ રૂપ સમાજ ।
અતિ વિશાલ જાનુ અવલંબિત મધુર બાહુ પરિરંભણ કાજ ॥૫॥
મધુર ઉદર કટિ મધુર જાનુ યુગ્મ મધુર ચરણ સબ સુખરાસ ।
મધુર ચરણકી રેણુ નિરંતર જનમ જનમ માંગત **હરિદાસ** ॥૬॥

વ્રજ : વૈશાખ કૃષ્ણ એકાદશી

રાજભોગ દર્શન

ગુજરાતી : ચૈત્ર વદ અગિયારસ



શ્રીમહાપ્રભુજીના ઉત્સવનો શૃંગાર

આજના શૃંગાર : કુલ્હે જોડ - ચાકદાર વાગો

સાજ : પીળા રંગની મલમલની, ઉત્સવની કમલના કામવાળી, રૂપેરી જરીના તૂઈલેસની કિનારીવાળી પિછવાઈ ધરી છે. ગાદી, તકિયા, ચરણચોકી ઉપર સફેદ બિછાવટ કરી છે.

વસ્ત્ર : સૂથન, ચોલી, ચાકદાર વાગો - સર્વ વસ્ત્રો ચંપાઈ રંગની મલમલનાં, રૂપેરી જરીની તૂઈલેસની કિનારીવાળાં ધર્યાં છે. ઠાડું વસ્ત્ર સફેદ જામદાની (ચીકન)નું ધર્યું છે. સફેદ વસ્ત્ર શ્રીવલ્લભના યશના ભાવથી આવે છે.

શૃંગાર : વનમાળાનો (ચરણારવિંદ સુધીનો) ભારે શૃંગાર થયો છે. મિલવા : હીરા, મોતી, માણેક, પન્ના તથા સોનાના જડાવ આભરણ ધર્યાં છે. શ્રીમસ્તકે ચંપાઈ રંગની કુલ્હે ઉપર પાંચ મોરપિચ્છની ચંદ્રિકાનો જોડ અને ડાબી બાજુ શીશફૂલ તથા ઉત્સવની જડાવ ચોટી ધરી છે. કર્ણમાં મકરાકૃતિ કુંડળ ધર્યાં છે. ઉત્સવનું મોતીનું ચોકઠું ધર્યું છે તેમજ સફેદ અને ગુલાબી પુષ્પોનાં બે કલાત્મક માળાજી ધર્યાં છે.

શ્રીહસ્તમાં : ફૂલની છડી, સોનાનાં જડાવ્ર વેણુજી તથા બે વેત્રજી ધર્યાં છે.

નોંધ : આજે બડી દેહલી મંડાય છે. મંદિરમાં સર્વત્ર વંદનમાલ - તોરણો બંધાય છે. ચરણચોકી, પડઘા, કૂંજા, બંટા વગેરે સર્વ સોનાના જડાવ ધરાય છે. કમલના કામવાળી પિછવાઈ ધરાય છે. શ્યામ વસ્ત્ર ઉપર મોતી ભરેલું ચોકઠું ધરાય છે. વનમાળાનો બે જોડીનો શૃંગાર થાય છે. હાંસ, હમેલ, કઠુલા, ત્રબલ, હમેલ વગેરે ધરાય છે. શ્રીમહાપ્રભુજીના પાદુકાજીને અભ્યંગ, સ્નાન થાય છે. શૃંગાર થાય છે અને અલગ ભોગ આવે છે.

કીર્તન : **શૃંગાર (રાગ-બિલાવલ)**

આનંદ આજ નંદજૂ કે દ્વાર ।
દાસ અનન્ય ભજન રસ કારન પ્રગટે શ્યામ મનોહર ગ્વાર ।।૧।।
ચંદન સકલ ધેનુ તન મંડિત કુસુમ દાન શોભિત આગાર ।
પૂરન કુંભ બને કંચન કે બીચ રુચિર પીપરકી ડાર ।।૨।।
યુવતી યુથ મિલી ગોપ બિરાજત બાજત પ્રણવ મૃદંગ સુતાર ।
હિત હરિવંશ અજિર વ્રજવીથનિ દૂધ દહીં મધુ ઘૃત કે ખાર ।।૩।।

વ્રજ : વૈશાખ કૃષ્ણ એકાદશી **શ્રીમહાપ્રભુજી** ગુજરાતી : ચૈત્ર વદ અગિયારસ



જગદ્ગુરુ શ્રીમદ્ વલ્લભાચાર્યજી મહાપ્રભુજી

પ્રાકટ્ય : સંવત ૧૫૩૫ - ચૈત્ર વદ અગિયારસ-ચંપારણ્યમાં

માતાપિતા : શ્રીઈલમ્માગારુજી - શ્રીલક્ષ્મણભટ્ટજી

મૂળ વતન : કાંકરવાડ (આંધ્રપ્રદેશ)

ઉપનયન : સંવત ૧૫૪૦, ચૈત્ર સુદ નોમ, કાશીમાં

અધ્યયન : શ્રીવિષ્ણુચિત્તજી પુરોહિત, પિતાજી શ્રીલક્ષ્મણભટ્ટજી તથા શ્રીમાધવેન્દ્ર યતિજી પાસે શાસ્ત્રોનું અધ્યયન કર્યું.

વિવાહ : સંવત ૧૫૫૮ - અષાઢ સુદ પાંચમ - શ્રી મહાલક્ષ્મીજી સાથે.

કનકાભિષેક : વિદ્વાનોની ધર્મસભામાં વિદ્યાનગરમાં શાસ્ત્રાર્થમાં દિગ્વિજય પ્રાપ્ત કર્યો ત્યારે રાજા કૃષ્ણદેવરાયે કનકાભિષેક કર્યો. વિદ્વાનોએ આપશ્રીને આચાર્યતિલક કર્યું.

બ્રહ્મસંબંધની આજ્ઞા : સંવત ૧૫૫૦ની શ્રાવણ સુદ અગિયારસની મધ્યરાત્રિએ ગોકુલમાં ઠકુરાણી ઘાટ ઉપર પ્રભુએ સાક્ષાત્ દર્શન આપી જીવોને બ્રહ્મસંબંધ આપવાની આજ્ઞા કરી. તે પ્રમાણે શ્રીદામોદરદાસ હરસાનીજીને પહેલું બ્રહ્મસંબંધ આપી બ્રહ્મસંબંધ દીક્ષાનો આરંભ કર્યો. દૈવી જીવોને શરણે લઈ તેમનો ઉદ્ધાર કર્યો. આપશ્રીના ૮૪ સેવકો પ્રસિદ્ધ છે.

સેવાપ્રકાર : શ્રીગોવર્ધનધર પ્રભુની આજ્ઞા થતાં તેમને શ્રીગિરિરાજજીમાંથી બહાર પધરાવી, મંદિરમાં પ્રતિષ્ઠાપિત કરી તેમનો સેવાનો પ્રકાર શરૂ કર્યો. સેવાની રીત અને પ્રીત બતાવી.

ભારત પરિક્રમા : દૈવી જીવોના ઉદ્ધાર માટે ત્રીસ વર્ષની આયુ સુધી ભારતની ત્રણ પરિક્રમા કરી. પહેલી સં. ૧૫૫૩માં, બીજી સં. ૧૫૫૮માં અને ત્રીજી પરિક્રમા સં. ૧૫૬૬માં પૂર્ણ થઈ. ત્યારબાદ આપશ્રીએ ગૃહસ્થાશ્રમ શરૂ કર્યો.

પુત્રો : શ્રી ગોપીનાથજી (પ્રા.સં.૧૫૬૭), શ્રી વિઠ્ઠલનાથજી (પ્રા.સં.૧૫૭૨)

બેઠકજી : આપશ્રીનાં ૮૪ બેઠકજી પ્રસિદ્ધ છે.

ગ્રંથ સાહિત્ય : (૧) બ્રહ્મસૂત્ર પર અણુભાષ્ય (૨) ભાગવતની સુબોધિની ટીકા (૩) તત્ત્વાર્થદીપ નિબંધ (૪) પૂર્વમીમાંસા-ભાષ્ય (૫) ગાયત્રીભાષ્ય (૬) પત્રાવલંબન (૭) પુરુષોત્તમ-સહસ્રનામ (૮) દશમસ્કંધ અનુક્રમણિકા (૯) ત્રિવિધ નામાવલિ (૧૦) શિક્ષાશ્લોકાઃ (૧૧) ષોડશગ્રંથ ('યમુનાષ્ટક'થી 'સેવાફલ' સુધી) (૧૨) સેવાફલ વિવરણ (૧૩) ભગવત્ પીઠિકા (૧૪) ન્યાસાદેશ (૧૫) પ્રેમામૃત (૧૬) મધુરાષ્ટક (૧૭) પરિવૃઢાષ્ટક (૧૮) નંદ-કુમારાષ્ટક (૧૯) કૃષ્ણાષ્ટક (૨૦) ગોપીજન વલ્લભાષ્ટક

બ્રહ્મવાદનું સ્થાપન : માયાવાદી પંડિતો સાથે ઠેર ઠેર શાસ્ત્રાર્થ કરી, તેમને નિરુત્તર કરી, માયાવાદનું ખંડન કરી શુદ્ધાદ્વૈત બ્રહ્મવાદનું સ્થાપન કર્યું.

આસુરવ્યામોહ લીલા : સંવત ૧૫૮૭માં ૪૦ દિવસ સુધી મૌન સંન્યાસ ધારણ કરી; અષાડ સુદ બીજના દિવસે ગંગાજીની મધ્ય ધારામાં પ્રવેશ કર્યો. એક તેજપુંજ સ્વરૂપે નિત્યલીલામાં પ્રવેશ કર્યો. ગંગાજીની ધારામાં વિલિન થયા. પરંતુ નિજસેવકોના હૃદયમાં બિરાજમાન થયા. આજે પણ વૈષ્ણવોને શ્રીવલ્લભકુલ સ્વરૂપે પ્રત્યક્ષ બિરાજી દર્શન આપી રહ્યા છે. સતત કૃપાવર્ષણ કરી રહ્યા છે.

વ્રજ : વૈશાખ કૃષ્ણ એકાદશી

શ્રીનાથજીનું પ્રાગટ્ય

ગુજરાતી : ચૈત્ર વદ અગિયારસ



શ્રીજીબાવાનું શ્રીગિરિરાજજીમાંથી પ્રાગટ્ય

મહર્ષિ ગર્ગાચાર્યજીએ હજારો વર્ષ પહેલાં રચેલી 'ગર્ગસંહિતા'ના શ્રીગિરિરાજખંડમાં ભવિષ્ય ભાખ્યું હતું કે ભગવાન શ્રીકૃષ્ણ કલિયુગમાં પ્રકટ થશે.

યેન રૂપેણ કૃષ્ણેન ધૃતો ગોવર્ધનો ગિરિઃ ।
તદ્રુપં વિદ્યતે તત્ર, રાજન્ શૃંગારમણ્ડલે ॥
અબ્જાશ્ચતુઃ સહસ્ત્રાણિ તથા પંચશતાનિ ચ ।
ગતાસ્તત્ર કલેરાદૌ ક્ષેત્રે શૃંગારમણ્ડલે ॥
ગિરિરાજ ગુહામધ્યાત્ સર્વેષાં પશ્યતાં નૃપ ।
સ્વતઃ સિદ્ધં ચ તદ્રુપં હરેઃ પ્રાદુર્ભવિષ્યતિ ॥
શ્રીનાથં દેવદમનં ચ વદિષ્યન્તિ સજ્જનાઃ ॥

અર્થાત્ ભગવાન કૃષ્ણે જે સ્વરૂપે (ડાબો હસ્ત ઊંચો કરી) શ્રીગોવર્ધન પર્વતને ધારણ કર્યો હતો તે સ્વરૂપ હાલ શૃંગાર મંડળમાં (વ્રજમાં) (ગુપ્તરૂપે) બિરાજે છે. વિદ્યમાન છે. કલિયુગનાં ૪૫૦૦ વર્ષ પૂરાં થયા પછી, સર્વ મનુષ્યોના દેખતાં શ્રીહરિનું તે સ્વયંસિદ્ધ સ્વરૂપ શૃંગારમંડળ (વ્રજ)માં ગિરિરાજજીની કંદરામાંથી સ્વતઃ પ્રગટ થશે. એમને સજ્જનો શ્રીનાથ-દેવદમન કહેશે.

મહર્ષિ ગર્ગાચાર્યની આ ભવિષ્યવાણી અક્ષરશઃ સાચી પડી. વ્રજમાં આન્યોર ગામના એક વ્રજવાસીની ગાય સવાર-સાંજ દૂધ આપતી બંધ થઈ. તપાસ કરતાં ખબર પડી કે એ ગાય શ્રીગિરિરાજજી ઉપર થઈ એક શિલા ઉપર સ્વતઃ બધું દૂધ સ્રવી દેતી હતી.

વ્રજવાસીઓએ જોયું તો એ શિલા નીચે ગુફામાં એક શ્યામ સ્વરૂપ બિરાજે છે. તેમનો ડાબો શ્રીહસ્ત ઊંચો છે. તે ડાબા શ્રીહસ્તનાં સૌને દર્શન થયાં. એ દિવસ હતો વિ. સં. ૧૪૬૬ના શ્રાવણ સુદ પાંચમનો. તે દિવસે શ્રીનાથજીબાવાની ઉર્ધ્વ વામ ભુજાનું પ્રાકટ્ય થયું.

શ્રીજીબાવાએ વ્રજવાસીઓને કહ્યું : હું દેવદમન ગોવર્ધનનાથ છું. મેં જ ગિરિરાજ ધારણ કરીને વ્રજનું રક્ષણ કર્યું હતું. હું મારી ઇચ્છાથી બહાર આવીશ. ત્યાં સુધી તમે મારી આ વામ ભુજાનું પૂજન કરો. દૂધ-દહીંનો ભોગ ધરો.

વ્રજવાસીઓએ લગભગ સીત્તેર વર્ષ સુધી શ્રીજીબાવાની વામ ભુજાનું પૂજન કર્યું. સંવત ૧૫૩૫ની ચૈત્ર વદ અગિયારસે જે સમયે ચંપારણ્યમાં શ્રીમહાપ્રભુજીનું પ્રાકટ્ય થયું તે જ દિવસે અને તે જ સમયે ગિરિકંદરામાં બિરાજતા શ્રીજીબાવાના મુખારવિંદનું પ્રાગટ્ય થયું. શ્રીજીબાવાનાં મુખારવિંદનાં દર્શન વ્રજવાસીઓને થયાં. સૌને ખૂબ આનંદ થયો. પ્રભુ અને મહાપ્રભુ બંને એક જ દિવસે દૈવી જીવોના ઉદ્ધાર માટે ભૂતળ ઉપર પ્રકટ થયા. પરંતુ શ્રીજીબાવાએ કંદરામાંથી બહાર પધારવાની ના પાડી. પોતાને બહાર પધરાવનાર આવે તેની વાટ જોતા રહ્યા.

વ્રજ : વૈશાખ કૃષ્ણ દ્વાદશી

મંગળા દર્શન

ગુજરાતી : ચૈત્ર વદ બારસ



વસ્ત્ર : ચંપાઈ રંગની મલમલનો રૂપેરી તૂઈલેસની કિનારીવાળો ઉપરણો ધર્યો છે. આજથી પીઠિકાની પાછળ સફેદ વસ્ત્ર ધરવાનું બંધ થાય છે.

શૃંગાર : ચંપાઈ રંગની કુલ્હે, લર, અલકાવલી, તિલક, નક્વેસર, ચીબુક, કર્ણફૂલ, કંઠસરી, કડાં, મુદ્રિકા અને અણવટ વિછુવા ધર્યાં છે.

અત્તર : પ્રભુ સુખાર્થે આજે ખાસ કરીને ચૈત્રી ગુલાબ, રુહ ગુલાબ, સોંધો, મોગરો, જૂઈ અથવા ખસનું અત્તર સમર્પવામાં આવે છે.

સામગ્રી : નિત્યની સામગ્રી ઉપરાંત આજે વિશેષમાં બુંદીના લાડુ, મગની છૂટી દાળ, ડબકાની અગર વડીની કઢી ધરાય છે. આપણે યથાશક્તિ, યથામનોરથ સુંદર સામગ્રી ધરી શ્રીપ્રભુને ખૂબ લાડ લડાવીએ.

નોંધ : આજે સવારે મંગળાથી શૃંગાર સુધીમાં શ્રીદ્વારકેશજી મહારાજકૃત **'મૂળ પુરુષ'** ગવાય છે. તેમજ દિવસભર વધાઈના અને શ્રીવલ્લભની બાળલીલાનાં કીર્તન ગવાય છે.

કીર્તન : **મંગળા** (આજે મંગળાથી શૃંગાર સુધી મૂલ પુરુષ ગવાય છે.) **(રાગ-બિલાવલ)**

મૂલ પુરુષ નારાયણ યજ્ઞ,
શ્રુતિ અવતાર ભયે સર્વજ્ઞ;
શાખા તૈત્તિરીય ગોત્ર ભારદ્વાજ
તૈલંગ કુલ ઉદિત દ્વિજરાજ.
દ્વિજ રાજતેં હરિ આય પ્રગટે, સોમ યજ્ઞ કિયો જબેં,
કુંડતેં હરિ કહી બાની, જન્મ કુલ તુમ્હારે અબેં;
ચકિત તત્ક્ષણ ભયે સબ જન, ઐસી અબલોં ન ભઈ કબેં,
સુનત હી મન હરખ કીનો, ધન્ય ધન્ય કહ્યો સબેં. (૧)
તિન કે પુત્ર ભયે ગંગાધર,
તિન કે ગણપતિ સુત વલ્લભ વર;
શ્રીલક્ષ્મણ ભટ્ટ અનુભવ ટેવ,
શુદ્ધ સત્ત્વ જયોં શ્રીવસુદેવ.

(અપૂર્ણ....જુઓ પરિશિષ્ટ નં. ૧)

રાજભોગ (રાગ-સારંગ)

દાન દેત શ્રી લક્ષ્મણ પ્રમુદિત મણિમાણિક કંચન પટ ગાય ।
શ્રી વ્રજરાજ કુંવર યશોદાસુત કરુણાકર પ્રગટે હરિ આય ।।૧।।
રહી ન મન અભિલાષ કછૂ અબ યાચક ના મહતો કોઉ ।
વિષ્ણુદાસ ઉમગે અંતર તેં દે અસીસ તુમસે નહિ કોય ।।૨।।

વ્રજ : વૈશાખ કૃષ્ણ દ્વાદશી

રાજભોગ દર્શન

ગુજરાતી : ચૈત્ર વદ બારસ



શ્રીમહાપ્રભુજીના ઉત્સવનો પરચારગીનો શૃંગાર

આજના શૃંગાર : કુલ્હે જોડ અને પિછોડો

સાજ : એક તરફ અગ્નિકુંડમાંથી શ્રીમહાપ્રભુજીના પ્રાકટ્ય અને બીજી તરફ શ્રીગિરિરાજજીની કંદરામાંથી શ્રીનાથજીના પ્રાકટ્યના ચિત્રકામવાળી પિછવાઈ ધરી છે. ગાદી, તકિયા અને ચરણચોકી ઉપર સફેદ બિછાવટ કરી છે.

વસ્ત્ર : અમરસી રંગની મલમલનો તૂઈની કિનારી વગરનો પિછોડો ધર્યો છે. ઠાડું વસ્ત્ર સફેદ મલમલનું ધર્યું છે.

શૃંગાર : વનમાલાનો (ચરણારવિંદ સુધીનો) ભારે શૃંગાર થયો છે. મિલવા : હીરા, મોતી, માણેક, પન્ના તથા સોનાના જડાવ આભરણ ધર્યાં છે. શ્રીમસ્તકે ચંપાઈ રંગની કુલ્હે ઉપર શિરપેચ, પાંચ મોરચંદ્રિકાનો જોડ તેમજ ડાબી બાજુ શીશફૂલ ધર્યું છે. મોતીની ચોટી અને ફૂલની કળીનું જાળીવાળું ચોકઠું ધર્યું છે. શ્રીકર્ણમાં મકરાકૃતિ કુંડળ ધર્યાં છે. સફેદ અને ગુલાબી રંગનાં પુષ્પોનાં બે માળાજી ધર્યાં છે.

શ્રીહસ્તમાં : ફૂલની છડી, સોનાનાં વેણુજી અને બે વેત્રજી ધર્યાં છે.

નોંધ : આજનો શૃંગાર શ્રીવલ્લભજયંતિનો પરચારગીનો શૃંગાર છે. ગરમીને કારણે કિનારી વગરનો પિછોડો ધરાયો છે. ફૂલનું ચોકઠું ધરાયું છે.

કીર્તન : **શયન (રાગ-કાન્હરો)**

યહ ધન ધર્મ હી તે પાયો ।
નીકે રાખે જશોદા મૈયા નારાયન વ્રજ આયો ॥૧॥
જા ધનકો મુનિ જપ તપ ખોજત વેદહુ પાર ન પાયો ।
સો ધન ધર્યો ક્ષીર સાગર મેં બ્રહ્મા જાય જગાયો ॥૨॥
જા ધનતેં ગોકુલ સુખ લહીયત સઘરે કાજ સંવારે ।
સો ધન બારબાર ઉર અંતર **પરમાનંદ** વિચારે ॥૩॥

શયન (રાગ-કાન્હરો)

શ્રી વલ્લભલાલ આંગન મધ્ય ખેલત ।
પહલે પ્રકટ શ્રીયશોદાનંદન ગોપીન કો રસદેનન ॥૧॥
અબહી પ્રકટ શ્રી લક્ષ્મણનંદન શ્રી ભાગવત રસ એન ।
પરમાનંદ પ્રભુકી છબિ નિરખત સુખ આવત નહીં વૈનન ॥૨॥

વ્રજ : વૈશાખ કૃષ્ણ ત્રયોદશી

મંગળા દર્શન

ગુજરાતી : ચૈત્ર વદ તેરસ



વસ્ત્ર : ચંપાઈ રંગની મલમલનો, રૂપેરી તૂઈલેસની કિનારીવાળો ઉપરણો ધર્યો છે.

શૃંગાર : ચંપાઈ રંગની કુલ્હે, લર, અલકાવલિ, તિલક, નકવેસર, ચિબુક, કર્ણફૂલ, કંઠસરી, કડાં, મુદ્રિકા તથા અણવટ વિછુવા ધર્યાં છે.

અત્તર : પ્રભુ સુખાર્થે આજે ખાસ કરીને ચૈત્રી ગુલાબ, રુહ ગુલાબ, સોંધો, મોગરો, જૂઈ અથવા ખસનું અત્તર સમર્પવામાં આવે છે.

સામગ્રી : નિત્યની સામગ્રી ઉપરાંત ઋતુઅનુસાર, યથામનોરથ, યથાશક્તિ સુંદર સામગ્રી ધરીએ અને શ્રીપ્રભુને ખૂબ લાડ લડાવીએ.

કીર્તન : **મંગળા (રાગ-રામકલી)**

બલિ બલિ ચરિત્ર ગોકુલરાય, દાવાનલકો પાન કીયૌ પીવત દૂધ સિરાય ॥૧॥
પૂતના કે પ્રાન શોષે રહૈ ઉર લપટાય, કહત જનની દૂધ ડારત ખીજત કછુક ન ખાય ॥૨॥
ધર્યો ગિરિવર દાહિને કર ધરત બાંહ પિરાય, શકટ ભંજન ધરત કુચ યુગ કઠિન લાગત પાય ॥૩॥
તૃણાવર્ત આકાશતે પટક્યો હન્યૌ મુષ્ટ ફિરાય, ડરત લલના ઝુલત પલના ખરે દેત ઝુલાય ॥૪॥
બકાસુર કી ચોંચ ફારી સુદિસ દૃષ્ટિ દિખાય, કીર પિંજરા દેત અંગુરી શ્યામ લેત ભજાય ॥૫॥
બિના દીપક ભવન દ્વારે શ્યામ ધરત ન પાય, અઘાસુર મુખ પૈઠિ નિકસ્યો બચ્છબાલ છુડાય ॥૬॥
લિખ્યો દ્વારેં નાગ કારોં શ્યામ દેખી ડરાય, સહસ્ત્ર ફેન પર નિર્ત કીનો સપ્ત તાલ બજાય ॥૭॥
ઘોષનારી સંગ મોહન રચ્યૌ રાસ બનાય, કહત જનની વ્યાહકી તબ હસત વદન દુરાય ॥૮॥
યમુલાર્જુન તોરિ તારે હૃદે પ્રેમ બઢાય, કહત તાત પ્રકાશ પલ્લવ દેહ દેત દિખાય ॥૯॥
વૃષભ ભંજન હનત કેસી હન્યો પૂચ્છ ફિરાય, ડરત સખાન સમેત મોહન દેખિ વ્યાઈ ગાય ॥૧૦॥
હરે બ્રહ્મા બાલ વચ્છ કૃત હેત દોરી માય, બચ્છ ગ્વાલ સમૂહ સબ મિલિ ફિરિ વ્રજ રચ્યો હૈ આય ॥૧૧॥
કહા કહુ જો એક રસના બુદ્ધિ ઔર એક ઉપાય, **સૂરપ્રભુ** હરિ રસિક નાગર અંગ અંગ નિત ભાય ॥૧૨॥

શૃંગાર (રાગ-આસાવરી)

જા દિન કન્હૈયા મોસોં મૈયા કહ બોલેગો ।
તા દિન અતિ આનંદ ગીનોરી રુનકઝુનક વ્રજ ગલિન મેં ડોલેગો ॥૧॥
પ્રાતહી ખિરક જાય હુરવે કો ધાય બંધન બછરુવા કે ચટક કે ખોલેગો ।
પરમાનંદપ્રભુ નવલકુંવર મેરો ગ્વાલન કે સંગ બનમે કીલોલેગો ॥૨॥

વ્રજ : વૈશાખ કૃષ્ણ ત્રયોદશી

રાજભોગ દર્શન

ગુજરાતી : ચૈત્ર વદ તેરસ



આજના શૃંગાર : પાગ-ચંદ્રિકા અને ધોતી ઉપરણો (રાજાશાહી પટુકો)

સાજ : શ્રીઠાકોરજીને પલને ઝૂલાવતા નંદ યશોદાજી, નંદમહોત્સવ અને છઠ્ઠીપૂજનના સુંદર કલાત્મક ચિત્રકામવાળી પિછવાઈ ધરી છે. ગાદી, તકિયા અને ચરણચોકી ઉપર સફેદ બિછાવટ કરી છે.

વસ્ત્ર : ચંપાઈ (અમરસી) રંગની મલમલની ધોતી અને રાજાશાહી પટુકો - બંને રૂપેરી જરીની તૂઈલેસવાળાં ધર્યાં છે. ઠાડું વસ્ત્ર સુવા પંખી (લીલા) રંગનું ધર્યું છે.

શૃંગાર : છોટો (કમર સુધીનો) આછો શૃંગાર થયો છે. મોતી, માણેક તથા સોનાનાં આભરણ ધર્યાં છે. શ્રીમસ્તકે ચંપાઈ રંગની ગોળ પાગ ઉપર શિરપેચ, લૂમ તથા ગોળ ચમકની સોનેરી ચંદ્રિકા તેમજ ડાબી બાજુ શીશફૂલ ધર્યું છે. કર્ણમાં જડાવ કર્ણફૂલ ધર્યાં છે. મોતી અને માણેકનો હમેલ ધર્યો છે. સફેદ અને ગુલાબી પુષ્પોનાં બે માળાજી ધર્યાં છે.

શ્રીહસ્તમાં : ફૂલની છડી, સોનાના જડાવ વેણુજી તથા વેત્રજી ધર્યાં છે.

નોંધ : આજે બાલલીલાનો શૃંગાર થાય છે. બાલલીલાનાં કીર્તન ગવાય છે.

કીર્તન : **રાજભોગ (રાગ-સારંગ)**

જબ મેરો મોહન ચલેગો ઘટુરુવન તબ હौं રી કરૌંગી વધાઈ ।
સર્વસુ વારી દેહુઁગી તિહિ છિનુ મૈયા કહિ તુતુરાઈ ॥૧॥
યશોદા કે વચન સુનત **કેશો પ્રભુ** જનની પ્રીતિ જાની અધિકાઈ ।
નંદસુવન સુખ દિયો માત કોં અતિકૃપાલ મેરો નંદ લલાઈ ॥૨॥

શયન (રાગ-ઈમન)

કહો કહાં ખેલે હો લાલન બાત કહોં મોસોં બનકી ।
આવો ઉછંગ સાંવરે મોહન ગોરજ પોંછૂં વદનકી ॥૧॥
સુંદર વદન કમલ કુમ્હલાનો ઔરદશા ભઈ યા તનકી ।
રસિક પ્રીતમસૌ કહત નંદરાની બલબલ છગન મગન કી ॥૨॥

પોઢવાનું પદ (રાગ-કાન્હરો)

ધન્ય રાની જસુમતી ગૃહ આવત ગોપીજન ।
વાસર તાપ નિવારન કારન વારંવાર કમલમુખ નિરખત ॥૧॥
ચાહત પકર દેહરી ઉલંઘન કિલક કિલક હુલસત મન હી મન ।
રાઈલોંન ઉતારી દૂહુંકર વારફેર ડારત તનમનધન ॥૨॥
લાલ લેત ઉછંગ ચાંપત હિયોભર પ્રેમવિવશ લાગે દગ ઢરકન ।
લે ચલી પલના પોઢાવનકો અરકસાય પોઢે સુંદરઘન ॥૩॥
દેત અસીસ સકલ ગોપીજન ચિરજીયો લાલ જોં લો ગંગાજમુન ।
પરમાનંદદાસકો ઠાકુર ભક્ત વત્સલ ભક્તન મનરંજન ॥૪॥

વ્રજ : વૈશાખ કૃષ્ણ ચતુર્દશી

મંગળા દર્શન

ગુજરાતી : ચૈત્ર વદ ચૌદશ



વ્રજ : વૈશાખ કૃષ્ણ ચતુર્દશી

ગુજરાતી : ચૈત્ર વદ ચૌદસ

વસ્ત્ર : ગુલાબી રંગની મલમલનો, રૂપેરી તૂઈલેસની કિનારીવાળો ઉપરણો ધર્યો છે.

શૃંગાર : ચંપાઈ (અમરસી) રંગની ગોળ પાગ, લર, અલકાવલિ, તિલક, નકવેસર, ચિબુક, કર્ણફૂલ, કંઠસરી, કડાં, મુદ્રિકા અને અણવટ વિછુવા ધર્યાં છે.

અત્તર : પ્રભુ સુખાર્થે આજે ખાસ કરીને ચૈત્રી ગુલાબ, રુહ ગુલાબ, સોંધો, મોગરો, જૂઈ અથવા ખસનું અત્તર સમર્પવામાં આવે છે.

સામગ્રી : નિત્યની સામગ્રી ઉપરાંત આજે ઋતુઅનુસાર, યથામનોરથ, યથાશક્તિ સુંદર સામગ્રી ધરીએ અને શ્રીપ્રભુને ખૂબ લાડ લડાવીએ.

કીર્તન : **મંગળા (રાગ-બિલાવલ)**

પ્યારી કે મહલ તેં ઉઠિ ચલે ભોર ।
સખીવૃંદ અવલોક અગ્રસ્થિત ઢક્ત નીલકંચુકી પીતપટ છોર ॥૧॥
રાધા ચરિત વિલોક પરસ્પર તેજ હાસ ઈત ઉત મુખ મોર ।
ગોવિંદ પ્રભુ લે ચલે દગા દૈં નાગર નવલ સભા ચિત્તચોર ॥૨॥

શૃંગાર (રાગ-બિલાવલ)

બૈન સૈનહી સે ઉત્તરદેત નંદ કે દુલારે ।
ભૂષણ વસન અટપટે સીસપાગ લટપટી
રતિરણ લઈ ઝટપટી સુભગ શ્યામ પ્યારે ॥૧॥
સુવાસ કિયો કુંજસદન ભોર આયે જીત મદન
લટપટે બસન અજહું ન સંભારે ।
ચતુર્ભુજ પ્રભુ ગિરિવરધર દર્પન લે દેખિયેજુ
સૈંદુર કો તિલકભાલ અધરન મસિ કારે ॥૨॥

વ્રજ : વૈશાખ કૃષ્ણ ચતુર્દશી

રાજભોગ દર્શન

ગુજરાતી : ચૈત્ર વદ ચૌદસ



વ્રજ : વૈશાખ કૃષ્ણ ચતુર્દશી

ગુજરાતી : ચૈત્ર વદ ચૌદસ

આજના શૃંગાર : પાગ-કતરો અને પિછોડો

સાજ : આછા ગુલાબી રંગની મલમલ ઉપર ફૂલવેલના ભરતકામવાળી પિછવાઈ ધરી છે. ગાદી, તકિયા, ચરણચોકી ઉપર સફેદ બિછાવટ કરી છે.

વસ્ત્ર : ફૂલબુટ્ટીના ભરતકામવાળી આછા ગુલાબી રંગની મલમલનો પિછોડો ધર્યો છે. ઘેરા લાલ (કથ્થાઈ) રંગનું ઠાડું વસ્ત્ર ધર્યું છે.

શૃંગાર : મધ્યનો (ઘૂંટણ સુધીનો) મધ્યમ શૃંગાર થયો છે. હીરા, મોતી તથા સોનાનાં આભરણ ધર્યાં છે. શ્રીમસ્તકે આછા ગુલાબી રંગની પાગ ઉપર શિરપેચ, લૂમ તથા નાગફણીનો સોનેરી કતરો તથા ડાબી બાજુ શીશફૂલ ધર્યું છે. શ્રીકર્ણમાં કર્ણફૂલ ધર્યાં છે. શ્વેત પુષ્પનાં બે માળાજી ધર્યાં છે.

શ્રીહસ્તમાં : ફૂલની છડી, સોનાનાં વેણુજી તથા બે વેત્રજી ધર્યાં છે.

નોંધ : આજે બાલલીલાનો બીજો શૃંગાર થયો છે. આજે વસ્ત્રો, ગુલાબી રંગના આવે છે. ઉષ્ણકાલમાં કેટલીકવાર જરીની તૂઈલેસની કિનારી વગરનાં વસ્ત્રો ધરાય છે. શૃંગાર ઐચ્છિક છે.

કીર્તન : **રાજભોગ (રાગ-સારંગ)**

આંગન ખેલિયે ઝનક મનક ।
લરિકા યુથ સંગ મન મોહન બાલક નનક નનક ॥૧॥
પૈયા લાગો પર ઘર જાવો છાંડો ખનક ખનક ।
પરમાનંદ કહત નંદરાની બાનિક તનક તનક ॥૨॥

શયન (રાગ-બિહાગ)

ખંજન નયન રુપ રસ માતે ।
અતિશય ચારુ ચપલ અનિયારે પલ પિંજરા ન સમાતે ॥૧॥
ઉડઉડ જાત નિકટ શ્રવણ કે ઉલટ ફિરત તાટક ચંક ફંદાતે ।
સૂરદાસ અંજનગુણ અટકે નાતર અબહિ ઉડજાતે ॥૨॥

પોઢવાનું પદ(રાગ-બિહાગ)

ચાંપત ચરણ મોહનલાલ ।
પલકા પોઢી કુંવરી રાધે સુંદરી નવબાલ ॥૧॥
કબહુ કરગહી નયન મિલવત કબહુ છુવાવત ભાલ ।
નંદદાસ પ્રભુકી છબી નિહારત પ્રીત કે પ્રતિપાલ ॥૨॥

વ્રજ : વૈશાખ કૃષ્ણ અમાવસ્યા

મંગળા દર્શન

ગુજરાતી : ચૈત્ર વદ અમાસ



વ્રજ : વૈશાખ કૃષ્ણ અમાવસ્યા

ચિત્ર પરિચય

ગુજરાતી : ચૈત્ર વદ અમાસ

વસ્ત્ર : કેસરી રંગની મલમલનો, આછા પીળા રંગની લહેરીયાની ભાતવાળો, રૂપેરી તૂઈલેસની કિનારીવાળો ઉપરણો ધર્યો છે.

શૃંગાર : આછા ગુલાબી રંગની પાગ, લર, અલકાવલી, તિલક, નકવેસર, ચિબુક, કર્ણફૂલ, કંઠસરી, મુદ્રિકા અને અણવટ વિછુવા ધર્યાં છે.

અત્તર : પ્રભુ સુખાર્થે આજે ખાસ કરીને ચૈત્રી ગુલાબ, રુહ ગુલાબ, સોંધો, મોગરો, જૂઈ અથવા ખસનું અત્તર સમર્પવામાં આવે છે.

સામગ્રી : નિત્યની સામગ્રી ઉપરાંત આજે વિશેષમાં ગોળના પુડલા ધરાય છે. આપણે ઋતુઅનુસાર, યથામનોરથ, યથાશક્તિ સુંદર સામગ્રી ધરીએ અને શ્રીપ્રભુને ખૂબ લાડ લડાવીએ.

કીર્તન : **મંગળા (રાગ-રામકલી)**

માખન તનક દેરી માય ।
તનક કરપર તનક રોટી માગત ચરણ ચલાય ॥૧॥
તનક સે મન મોહનાકી લાગો મોહિ બલાય ।
તનક મુખમેં દૂધકી દતિયાં બોલત હૈ તુતરાય ॥૨॥
કનક ભૂપર તનક રીંગત નેત પકરયો ધાય ।
કંપિયો ગિરી શેષ સંક્યો સિંધુ અતિ અકુલાય ॥૩॥
તનક માંગ્યો બહોત દિયો લિયો કંઠ લગાય ।
સૂરપ્રભુકી તનક ચુટિયા ગુહત માય બનાય ॥૪॥

શૃંગાર (રાગ-રામકલી) (ગોરી)

નિર્તત મોહન રસિક સખન સહિત ગ્રગ્ર તત થેઈ થેઈ તત થેઈ તતા ।
મૃદંગ ધ્રુમધ્રુમ તાલ ઉપંગ મિલિ શ્રુતિ દેત મધુપગન મધુમતા ॥૧॥
ટિપારો શિર પીત લાલ કાછિની બની કિંકિની ઝુનઝુનાત ગાવત સુર સુતા ।
ગોવિંદ પ્રભુ ગોપ બાલક સંગ જૈ જૈ જૈ કરત પ્રેમ અનુરતા ॥૨॥

વ્રજ : વૈશાખ કૃષ્ણ અમાવસ્યા

રાજભોગ દર્શન

ગુજરાતી : ચૈત્ર વદ અમાસ



આજના શૃંગાર : મલ્લકાછ - ટિપારો

સાજ : માખણચોરી લીલાના સુંદર ચિત્રકામવાળી શ્યામરંગની પિછવાઈ ધરી છે. ગાદી, તકિયા તથા ચરણચોકી ઉપર સફેદ બિછાવટ કરી છે.

વસ્ત્ર : આછા ગુલાબી રંગની મલમલનો, રૂપેરી જરીની તૂઈલેસની કિનારીવાળો મલ્લકાછ અને પટુકો ધર્યો છે. ઠાડું વસ્ત્ર શ્યામ રંગનું ધર્યું છે.

શૃંગાર : મધ્યનો (ઘૂંટણ સુધીનો) મધ્યમ શૃંગાર થયો છે. મોતી, માણેક તથા પન્નાનાં આભરણ ધર્યાં છે. શ્રીમસ્તકે (ટિપારાનો સાજ) ટિપારાની ટોપી ઉપર વચ્ચે મોરશીખા, બે બાજુ દોહરા (બે બે) કતરા અને ડાબી બાજુ શીશફૂલ ધર્યું છે. કર્ણમાં મયૂરાકૃતિ કુંડલ ધર્યાં છે. સફેદ અને ગુલાબી પુષ્પોનાં બે માળાજી ધર્યાં છે.

શ્રીહસ્તમાં : ફૂલની છડી, સોનાનાં વેણુજી અને બે વેત્રજી ધર્યાં છે.

નોંધ : આજનો શૃંગાર પણ બાલલીલાનો શૃંગાર છે. બાલલીલાના કુલ ૪ શૃંગાર થાય છે. ૪ દિવસ બાલલીલાનાં કીર્તન ગવાય છે. શૃંગાર ઐચ્છિક છે.

કીર્તન : **રાજભોગ (રાગ-સારંગ)**

ગોવિંદ લાડિલો લડબોરા ।
અપને રંગ ફિરત ગોકુલમેં શ્યામવરણ જૈસે ભોંરા ॥૧॥
કિંકણી કણિત ચારુ ચલ કુંડલ તન ચંદન કી ખોરા ।
નૃત્યત ગાવત વસન ફિરાવત હાથ ફૂલન કે ઝોરા ॥૨॥
માથે કનક વરણ કો ટિપારો ઓઢે પિછોરા ।
પરમાનંદ દાસ કો જીવન સંગ દિઠો નાગોરા ॥૩॥

શયન (રાગ-અડાનો)

તેરી ભૌંહકી મરોરન તે લલિત ત્રિભંગી ભયે
અંજન દે ચિતયો ભયે જૂ શ્યામ વામ ।
તેરી મુસકાન દેખ દામિની-સી કૌંધ જાત
દીન વ્હૈ યાચત પ્યારી લેત રાધે રાધે નામ ॥૧॥
જયોં જયોં નચાયો ચાહો તૈસે હરિ નાચત બલ
અબતો દયા કીજે ચલિયે નિકુંજધામ ।
નંદદાસ પ્રભુ બોલો તો બુલાય લાઉં
ઉનકો તો કલ્પ બીતે તેરી ઘરી યામ ॥૨॥

વ્રજ : વૈશાખ શુક્લ પ્રતિપદા

મંગળા દર્શન

ગુજરાતી : વૈશાખ સુદ એકમ



વ્રજ : વૈશાખ શુક્લ પ્રતિપદા

ચિત્ર પરિચય

ગુજરાતી : વૈશાખ સુદ એકમ

વસ્ત્ર : લાલ રંગનો, મલમલનો, રૂપેરી તૂઈલેસની કિનારીવાળો ઉપરણો ધર્યો છે.

શૃંગાર : ગુલાબી રંગની ગોળ પાગ, લર, અલકાવલી, તિલક, નક્વેસર, ચીબુક, કર્ણફૂલ, કંઠસરી, કડાં, મુદ્રિકા અને અણવટ વિછુવા ધર્યાં છે.

અત્તર : પ્રભુ સુખાર્થે આજે ખાસ કરીને ચૈત્રી ગુલાબ, રુહ ગુલાબ, રુહ ખસ, સોંધો, મોગરો, જૂઈ અથવા ખસનું અત્તર ઉપયોગમાં લેવાય છે.

સામગ્રી : નિત્યની સામગ્રી ઉપરાંત આજે વિશેષમાં ઋતુઅનુસાર, યથામનોરથ, યથાશક્તિ, સુંદર સામગ્રી ધરીએ અને શ્રીપ્રભુને ખૂબ લાડ લડાવીએ.

કીર્તન : **મંગળા દર્શન (રાગ-બિભાસ/બિલાવલ)**

ગોકુલકી પનિહારી પનિયા ભરન ચલી
બડેબડે નયના તામે શોભ રહ્યો કજરા ।
પહિરે કસૂંભી સારી અંગ અંગ છબિભારી
ગોરી ગોરી બહિયનમે મોતિનકે ગજરા ।।૧।।
સખી સંગ લિયેજાત હસહસ બુઝત બાત
તનહુકી સુધિ ભૂલી સીસ ધરે ગગરા ।
નંદદાસ બલિહારી બિચ મિલે ગિરિધારી
નયનનકી સૈનનમેં ભૂલ ગઈ ડગરા ।।૨।।

શૃંગાર (રાગ-ભૈરવ)

સુમિરન મન ગોપાલ સુંદર અતિ રુપજાલ
મિટે હૈ જંજાલ નિરખ સબ ગોપબાલ ।
મોર મુકુટ સિર ધરે વનમાલ સુભગગરે
સબકો મન હરે દેખ કુંડલકી ઝલક ગાલ ।।૧।।
આભૂષન અંગ સોહે મોતિન હાર પોહે
કંઠસરી મોહે દગ ગોપિન નિરખત નિહાલ ।
છીતસ્વામી ગોવર્ધન ધારી કુંવર નંદ સુવન
ગાયન કે પાછે પાછે ધરત હૈ લટકીલી ચાલ ।।૨।।

વ્રજ : વૈશાખ શુક્લ પ્રતિપદા

રાજભોગ દર્શન

ગુજરાતી : વૈશાખ સુદ એકમ



આજના શૃંગાર : મુકુટ-કાછની

સાજ : યુગલ સ્વરૂપની નિકુંજલીલાના ચિત્રકામવાળી પિછવાઈ ધરી છે ગાદી, તકિયા અને ચરણચોકી ઉપર સફેદ બિછાવટ કરી છે.

વસ્ત્ર : સૂથન, કાછની અને રાસપટુકો - સર્વ વસ્ત્રો લાલ રંગના, મલમલનાં તેમજ રૂપેરી તૂઈલેસની કિનારીવાળાં ધર્યાં છે. ઠાડું વસ્ત્ર સફેદ જામદાની (ચીકન)નું ધર્યું છે.

શૃંગાર : વનમાલાનો (ચરણારવિંદ સુધીનો) ભારે શૃંગાર થયો છે. મિલવા : હીરા, મોતી, માણેક, પન્ના તથા સોનાનાં જડાવ આભરણ ધર્યાં છે. શ્રીમસ્તકે સુવર્ણનો રત્નજડિત મુકુટ અને ડાબી બાજુ શીશફૂલ તેમજ ઉત્સવની મોતીની ચોટી ધરી છે. કર્ણમાં મયૂરાકૃતિ કુંડલ ધર્યાં છે. શ્વેત પુષ્પોનાં બે કલાત્મક માળાજી ધર્યાં છે.

શ્રીહસ્તમાં : ફૂલની છડી, સોનાનાં વેણુજી તેમજ બે વેત્રજી ધર્યાં છે.

નોંધ : હવે ઉષ્ણકાલ શરૂ થતો હોવાથી આજે છેલ્લો મુકુટનો શૃંગાર થયો છે. હવે અષાઢ સુદ અગિયારસથી મુકુટનો શૃંગાર થશે. ત્યાં સુધી મુકુટ ધરાશે નહિ.

કીર્તન : **રાજભોગ (રાગ-સારંગ)**

કુંજભવન તેં નિકસે માધો-રાધા યે ચલે મેલિ ગલે બાંહ ।
તબ પ્યારી અરસાય પિયસો મંદ મંદ જ્યોં
સ્વેદકન વદન નિહારત કરત મુકુટ કી છાંહ ॥૧॥
શ્રમિત જાન પટ પીત છોરસો પવન ઢુરાવે હો વ્રજવધુ વનમાંહ ।
જગન્નાથ કવિરાય કી પ્યારી દેખત નયન સિરાહ ॥૨॥

શયન (રાગ-બિહાગ/અડાનો)

પિય તોહી નયનન હી મેં રાખું ।
તેરી એક રોમકી છબિ પર જગત વારી સબ નાખું ॥૧॥
ભેટો સકલ અંગ સાંવલકું અધર સુધારસ ચાખું ।
રસિક પ્રીતમ સંગમ કી બાતેં કાહુસોં નહીં ભાખું ॥૨॥

વ્રજ : વૈશાખ શુક્લ દ્વિતીયા **મંગળા દર્શન** ગુજરાતી : વૈશાખ સુદ બીજ



વસ્ત્ર : લાલ રંગનો, મલમલનો, સોનેરી તૂઈલેસની કિનારીવાળો ઉપરણો ધર્યો છે.

શૃંગાર : લાલ રંગની પાગ, લર, અલકાવલી, તિલક, નક્વેસર, ચિબુક, કર્ણફૂલ, કંઠસરી, કડાં, મુદ્રિકા તથા અણવટ વિછુવા ધર્યા છે.

અત્તર : પ્રભુ સુખાર્થે આજે ખાસ કરીને ચૈત્રી ગુલાબ, રુહ ગુલાબ, રુહ ખસ, સોંધો, મોગરો, જૂઈ અથવા ખસનું અત્તર ઉપયોગમાં લેવાય છે.

સામગ્રી : નિત્યની સામગ્રી ઉપરાંત આજે વિશેષમાં ઋતુઅનુસાર, યથાશક્તિ, યથામનોરથ સુંદર સામગ્રી ધરીએ અને પ્રભુને ખૂબ લાડ લડાવીએ.

નોંધ : આજે ઉત્સવના આગળના દિવસનો સાદો, પાગ - ચંદ્રિકા અને લાલ ધોતી ઉપરણાનો શૃંગાર થાય છે.

કીર્તન : **મંગળા (રાગ-બિલાવલ)**

માઈરી પ્રાતકાલ નંદલાલ પાગ બંધાવત
બાલ દિખાવત દર્પન ભાલ રહ્યો લસિ ।
સુંદર નવ કરન બીચ મંજુમુકુરકી છબિ
રહી ફબિ માનોં ગહિ આન્યો હૈ યુગકમલન સસિ ॥૧॥
બિચ બિચ ચિત્તકે ચોર મોરચંદ્ર માથે દિયે
તિન ઢિગ રત્નપેચ બાઁધત હૈ કસિ ।
નંદદાસ લલિતાદિક ઓટ ભયે અવલોકત
અતુલિત છબિ કહિ ન જાત ફૂલ ઝરે હઁસિ ॥૨॥

શૃંગાર (રાગ-બિલાવલ)

શોભિત સુરંગ પાગ, રહિ ઝૂકી વામ ભાગ
નૈનનકી કોર તીખી મોરનિ ભૌંહનકી ।
કુંડલ અલક છબિ ઝલક કપોલનિ પે
મનમેં વિચારે બાતેં પ્યારી કે મોહનકી ॥૧॥
હઁસિ હઁસિ પરત ફૂલ ઝરત લાલ અધરનિમેં
નાસા ગજમોતી જોતિ પરસિ જોહનકી ।
કૃષ્ણદાસ પ્રભુ ગિરિધરકી છબિ દેખ, ઔર ન કછુ દેખત
અતિ હી લજીલી આંખેં મદન મોહનકી ॥૨॥

વ્રજ : વૈશાખ શુક્લ દ્વિતીયા

રાજભોગ દર્શન

ગુજરાતી : વૈશાખ સુદ બીજ



આજના શૃંગાર : પાગ-ચંદ્રિકા; ધોતી-ઉપરણો

સાજ : લાલ રંગની મલમલની રૂપેરી તૂઈલેસની કિનારીવાળી પિછવાઈ ધરી છે. ગાદી, તકિયા અને ચરણચોકી ઉપર સફેદ બિછાવટ કરી છે.

વસ્ત્ર : ધોતી અને ઉપરણો (રાજશાહી પટુકો) બંને લાલ રંગની મલમલનાં, રૂપેરી તૂઈલેસની કિનારીવાળાં ધર્યાં છે. ઠાડું વસ્ત્ર પીળા (લીંબોઈ) રંગનું ધર્યું છે.

શૃંગાર : છોટો (કમર સુધીનો) આછો શૃંગાર થયો છે. મોતી અને સોનાનાં આભરણ ધર્યાં છે. શ્રીમસ્તકે લાલ રંગની ગોળ પાગ ઉપર શિરપેચ, લૂમ તથા મોરપંખની ચંદ્રિકા તથા ડાબી બાજુ શીશફૂલ ધર્યું છે. શ્રીકર્ણમાં કર્ણફૂલ ધર્યાં છે. શ્વેત પુષ્પનાં બે માળાજી ધર્યાં છે. અને બે માળાજી હમેલની જેમ ધર્યાં છે.

શ્રીહસ્તમાં : કમલ છડી, સોનાનાં વેણુજી તથા વેત્રજી ધર્યાં છે.

નોંધ : સિંહાસન, ચરણચોકી, પડઘા, ઝારીજી તથા બંટાજી, વેણુજી તથા વેત્રજી આજે સોનાના છેલ્લા ધરાયા છે. આવતી કાલથી એટલે કે અક્ષયતૃતીયાથી સર્વ સાજ ચાંદીનો આવશે. આજથી ફૂલની છડીને બદલે કમલછડી ધરાય છે.

કીર્તન : **રાજભોગ (રાગ-સારંગ)**

આજકી બાનિક કહી ન જાય બૈઠે આય નિકસ કુંજદ્વાર ।
લટપટી પાગ સિર સિથિલ ચિહુર ચારુ ખસિત બરુહા ચંદરસ ભરેં વ્રજરાજકુમાર ॥૧॥
શ્રમજલ બિંદુ કપોલ બિરાજત માનોં ઓસ કન નીલકમલ પર ।
ગોવિંદ પ્રભુ લાડિલો લલન બલિ કહા કહોં અંગ અંગ સુંદર વર ॥૨॥

શયન (રાગ-અડાનો)

મૈં જબ દેખેરી ગોપાલલાલ મોહનિ મૂરત
શ્યામલાલ તન મન ધન ન્યોછાવર કરન ગઈ ।
સુંદર રૂપ ઉજાગર નાગર તાકી છબિ ચિત્ર ચિતેરેને લિખ લઈ ॥૧॥
ગરે સોહે ગુંજામાલ તાતેં મોહિ વ્રજબાલ, ઐસી છબિ નિહારી મગન ભઈ ।
નંદદાસ પ્રભુ કૌન સંગ મંત્ર પઢ ડાર્યો, મુરલી અધર ધરી મધુરે બજાઈ નઈ ॥૨॥

વ્રજ : વૈશાખ શુક્લ તૃતીયા

મંગળા દર્શન

ગુજરાતી : વૈશાખ સુદ ત્રીજ



અક્ષય તૃતીયા - ચંદનયાત્રા - જલકુંભદાન - પરશુરામ જયંતી

દેહલી - વંદનમાલ - અભ્યંગ થાય

વસ્ત્ર : સફેદ મલમલનો, ચંદનની કિનારીવાળો ઉપરણો ધર્યો છે.

શૃંગાર : લાલ રંગની ગોળ પાગ, લર, અલકાવલી, તિલક, નકવેસર, ચિબુક, કર્ણફૂલ, કંઠસરી, કડાં, મુદ્રિકા, અણવટ વિછુવા ધર્યા છે.

અત્તર : પ્રભુ સુખાર્થે આજે ખાસ કરીને ચૈત્રી ગુલાબ, રુહ ગુલાબ, રુહ ખસ, સોંધો, મોગરો, જૂઈ અથવા ખસનું અત્તર ઉપયોગમાં લેવાય છે.

સામગ્રી : નિત્યની સામગ્રી ઉપરાંત આજે વિશેષમાં સથુવાના નંગ, ઘોળેલો સથુવો, મનોહર, બુંદી, છાશવડા, પકોડીની કઢી, સેવના લાડુ, ભુજાના, બે શાક, બુંદીની છાશ, સંધાના, બિલસારુ, પાપડ, મગની છૂટી દાળ વગેરે સામગ્રી ધરાય છે.

ઉત્સવ ભોગમાં ઘોળેલો સથુવો, બીજના લાડુ, ચારોળીના લાડુ, મીસરીનો પનો, બાસુંદી, મગની અને ચણાની પલાળેલી દાળ, બની શકે તે બધી દૂધઘરની સફેદ સામગ્રી, બદામ, પીસ્તાં ચારોળી, મખાણાં અને જુદાં જુદાં બીજ તળીને, દહીંભાત, મીઠું દહીં, જીરાનું દહીં, કેરીના મુરબ્બા, લીલા મેવા, સંધાણા, લૂણ, મરી અને બૂરાની કટોરી વગેરે ધરાય છે. આપણે પણ યથાશક્તિ સુંદર સામગ્રી ધરીએ અને શ્રીપ્રભુને ખૂબ લાડ લડાવીએ.

ઉત્થાપન ભોગમાં : લીલા મેવાની સાથે મીસરીનો પનો અને મગની કે ચણાની પલાળેલી દાળ ધરાય છે. (આ પલાળેલી દાળ રથયાત્રા સુધી ધરાય છે.) મગની અંકુરી પણ ધરાય છે.

કીર્તન : **મંગળા (રાગ-ભૈરવ/બિભાસ)**

રત્નજટિત કનકથાલ મધ્ય સોહેં દીપમાલ
અગર આદિ ચંદનસો અતિ સુગંધ મિલાઈ ॥૧॥
ઘનન ઘનન ઘંટ ઘોર ઝનન ઝનન ઝાલર ઝકોર
તત થેઈ તત થેઈ બોલે વ્રજકી નારિ સુહાઈ ॥૧॥
તનન તનન તાનમાન રાગ રંગ સ્વર બંધાન
ગોપી સબ ગાવત હૈ મંગલ વધાઈ ।
ચતુર્ભુજ ગિરિધરનલાલ આરતી બની રસાલ
તન મન ધન વારત હૈ યશોમતિ નંદરાઈ ॥૨॥

(આજના અભ્યંગ, શૃંગાર, રાજભોગદર્શન અને શયનનાં પદો માટે જુઓ પરિશિષ્ટ - ૧)

વ્રજ : વૈશાખ શુક્લ તૃતીયા

રાજભોગ દર્શન

ગુજરાતી : વૈશાખ સુદ ત્રીજ



આજના શૃંગાર : કુલ્હે જોડ - પિછોડો

સાજ : સફેદ રંગની મલમલની, ચંદનના છાપાની પિછવાઈ ધરી છે. ગાદી, તકિયા, ચરણચોકી ઉપર સફેદ બિછાવટ કરી છે.

વસ્ત્ર : સફેદ રંગની મલમલનો, ચંદનના છાપાવાળો પિછોડો ધર્યો છે. ઠાડું વસ્ત્ર ચંદનીયા (ચંદનના) રંગનું ધર્યું છે.

શૃંગાર : મધ્યનો (ઘૂંટણ) સુધીનો ઉષ્ણકાલીન મધ્યમ શૃંગાર થયો છે. વિશેષ મોતીનાં તથા હીરા અને સોનાનાં આભરણ ધર્યાં છે. શ્રીમસ્તકે સફેદ રંગની કુલ્હે ઉપર શિરપેચ તથા ત્રણ મોરપંખની ચંદ્રિકાની જોડ, ડાબી બાજુ શીશફૂલ અને કર્ણમાં હીરાનાં કર્ણફૂલ ધર્યાં છે. મોતીનું ચોકઠું તેમજ શ્વેત પુષ્પોનાં બે માળાજી ધર્યાં છે.

શ્રીહસ્તમાં : કમલછડી, ચાંદીના વેણુજી તથા વેત્રજી ધર્યાં છે.

નોંધ : આજે રાજભોગનાં દર્શન બે વાર ખૂલે છે. પહેલાં દર્શનમાં શ્રીપ્રભુને ચંદન ધરાય છે. એક ગોળી જમણા શ્રીહસ્ત ઉપર, બીજી ડાબા શ્રીહસ્ત ઉપર, ત્રીજી ગોળી જમણા ચરણાવિંદ ઉપર, ચોથી ડાબા ચરણારવિંદ ઉપર તથા પાંચમી ગોળી પ્રભુના વક્ષ:સ્થળ ઉપર ધરાય છે. ત્યાર બાદ બે નવા પંખા લઈ, પ્રભુને પંખો કરી ગાદીની પાછળ તકિયાની બે બાજુ ધરાય છે. સન્મુખમાં એક ચોકી ઉપર નાની પરાતમાં જળ ભરી તેમાં નાવ ખિલોનાં અને ફૂલ તરાવાય છે. પ્રભુ સન્મુખ જળનો છંટકાવ થાય છે. ઉત્સવભોગ આવે છે અને ભોગ સર્યા પછી ફરી દર્શન ખૂલે છે. (પ્રભુને ધરેલું ચંદન સાંજે શૃંગાર વડો થાય ત્યારે વડું થાય છે.)

કીર્તન : **રાજભોગ (રાગ-સારંગ)**

અક્ષય તૃતીયા અક્ષયલીલા નવરંગ ગિરિધર પહેરત ચંદન ।
વામભાગ વૃષભાન નંદિની બિચબિચ ચિત્ર કિયે નવ વંદન ॥૧॥
તનસુખ છીંટ ઈજાર બની હૈ પીત ઉપરના વિરહ-નિકંદન ।
ઉર ઉદાર બનમાલ મલ્લિકા સુખદ પાગ યુવતીન મનફંદન ॥૨॥
નખસિખ રત્ન અલંકૃત ભૂષન શ્રીવલ્લભ મારગ મનરંજન ।
કૃષ્ણદાસ પ્રભુ રસિક સિરોમનિ લોચન ચપલ લજાવત ખંજન ॥૩॥

ઉત્સવભોગ (રાગ-સારંગ)

શ્યામ અંગ સખી હેમ ચંદનકો નીકો સોહે વાગો ।
ચંદન ઈજાર ચંદન કો પટુકા બન્યો સીસ ચંદનકો પાગો ॥૧॥
અતિ છબિ દેત ચંદન ઉપરના બીચ બન્યો ચંદન કો તાગો ।
સબ અંગ છીંટ બની ચંદન કી નિરખત **સૂર** સુભાગો ॥૨॥

વ્રજ : વૈશાખ શુક્લ તૃતીયા

ગુજરાતી : વૈશાખ સુદ ત્રીજ



અક્ષય તૃતીયા - ચંદનયાત્રા

ઉષ્ણકાલીન સેવા

આજથી ઉષ્ણકાલીન સેવા શરૂ થાય છે. શ્રીઠાકોરજી જાગે તે પહેલાં કેસરની કિનારીનો અથવા ચંદનના છાપાનો સફેદ સાજ - પિછવાઈ ચંદરવા વગેરે બંધાય છે. સિંહાસન, ચરણચોકી, પડઘા વગેરે સંપૂર્ણ સાજ સોનાનો વડો થઈ ચાંદીનો આવે છે.

આજથી પ્રભુને ચંદન ધરાય છે. ચંદન ઘસીને કપડામાં લઈ પાણી નીચોવી, તેમાં કેસર, બરાસ, અત્તર (ખસ કે ગુલાબનું) ગુલાબજળ વગેરે મેળવીને તેની ગોળી બનાવાય છે. રાજભોગ પછી માટીના કૂંજા, ચંદન, પંખા વગેરેનું અધિવાસન થાય છે. પ્રભુને ચંદન સમર્પાય છે. આજે ચંદન અને શીતલ સામગ્રી પ્રભુને ધરાય છે તેનો ભાવ એવો છે કે ભક્તો પ્રભુને પોતાની વિરહભાવના (વિરહાગ્નિ) નિવેદન કરે છે. શીતલ સામગ્રી, ચંદન વગેરે અંગીકાર કરાવી દર્શન કરી શીતલતા અનુભવે છે.

આજથી ખસના ટેરા બંધાય છે અને ખસના પંખા આવે છે. શીતલ સુગંધી, જલનો છંટકાવ થાય છે. ફૂવારા શરૂ થાય છે. માટીના ઝારી કૂંજામાં શીતલ સુગંધી જલ ભરી, સફેદ વસ્ત્રથી કલાત્મક રીતે સજાવી ધરવામાં આવે છે. આ ઝારી કૂંજા રાજભોગ પછી અનોસરમાં અને શયન પછી ધરાય છે. રાજભોગ પછી અનોસરમાં કેસરી ચંદનનો બંટો અને શયનના અનોસરમાં સફેદ ચંદનનો બંટો ધરાય છે. રથયાત્રા સુધી આ બંટો ધરાય છે. જલનો છંટકાવ પણ રથયાત્રા સુધી થાય છે. ગુલાબદાનીમાં ગુલાબજળ ભરી ધરાય છે.

આજથી સફેદ, અરગજાઈ, ગુલાબી, ચંપાઈ, ચંદની જેવા આછા રંગનાં વસ્ત્રો ધરાય છે. સ્નાનયાત્રા પછી ઘેરા રંગનાં વસ્ત્રો આવે છે. આજથી મોતીનાં, છીપનાં, ચંદનના, ફૂલના શૃંગાર ધરાય છે. પિછોડા આડબંધ, પરદની, ધોતીઉપરણા ધરાય છે.

આજથી રથયાત્રા સુધી ઉત્થાપન ભોગમાં લીલામેવાની સાથે મીસરી અને એલચીનો પનો કે ટેટીનો પનો, પલાળેલી ચણાની કે મગની દાળ વારાફરતી ધરાય છે.

આજથી રાજભોગમાં સતુઆના નંગ કે ઘોળેલો સતુવો (સથવો) વારાફરતી ધરાય છે. ભોગમાં કાચી કેરીના ટૂક, પાકી કેરીના ટૂક કે ફાંક, રસ અથવા આખી કેરી નાકાં કરીને કરીને ધરાય છે. દહીંભાત, શિખરન ભાત ધરાય છે.

શૈયાજી ઉપર છીંટની ગાદી અને તેના ઉપર સફેદ સૂજની તેમજ બેવડી મલમલની ચાદર રખાય છે. અષાઢી પૂનમ સુધી આ રીતે રહે છે.

આજના દિવસે જ સંવત ૧૫૫૬માં શ્રીનાથજીબાવાના નવા મંદિરનું (શ્રીગિરિરાજજી ઉપર પૂર્ણમલ્લ ક્ષત્રિય દ્વારા બંધાયેલા મંદિરનું) મૂરત થયેલું. સંવત૧૫૭૬માં મંદિરનું બાંધકામ પૂર્ણ થતા શ્રીમહાપ્રભુજીએ આજ દિવસે શ્રીજીબાવાને નવા મંદિરમાં પાટ પધરાવેલા. ત્યાર બાદ પૂર્ણમલ્લ ક્ષત્રિયનો પ્રભુને ઉત્તમ પ્રકારનું ચંદન અંગીકાર કરાવવાનો મનોરથ પણ શ્રીજીબાવાએ પ્રસન્નતાથી અંગીકાર કરેલો.

શ્રીમદ્ ભાગવત અનુસાર આજથી ત્રેત્રાયુગનો આરંભ થયો છે. આજે પરશુરામ જયંતી છે. તેઓ પ્રભુના અંશાવતાર ક્રોધવંત સ્વરૂપ છે. આજે જલકુંભદાન અને શીતલ વસ્તુના દાનનું મહત્ત્વ છે. આજની તિથિનો કદી ક્ષય હોતો નથી. તેથી અક્ષય તૃતીયા કહેવાય છે. એવું કહેવાય છે કે આજે કરેલી સેવા અને દાન અક્ષય થાય છે.

વ્રજ : વૈશાખ શુક્લ ચતુર્થી

મંગળા દર્શન

ગુજરાતી : વૈશાખ સુદ ચોથ



વ્રજ : વૈશાખ શુક્લ ચતુર્થી

ચિત્ર પરિચય

ગુજરાતી : વૈશાખ સુદ ચોથ

વસ્ત્ર : ઘેરા ગુલાબી રંગની મલમલનો, રૂપેરી તૂઈલેસની કિનારીવાળો ઉપરણો ધર્યો છે.

શૃંગાર : સફેદ રંગની કુલ્હે, લર, અલકાવલી, તિલક, નક્વેસર, ચિબુક, કર્ણફૂલ, કંઠસરી, કડાં, મુદ્રિકા તથા અણવટ વિછુવા ધર્યાં છે.

અત્તર : પ્રભુ સુખાર્થે આજે ખાસ કરીને ચૈત્રી ગુલાબ, રુહ ગુલાબ, રુહ ખસ, સોંધો, મોગરો, જૂઈ અથવા ખસનું અત્તર ઉપયોગમાં લેવાય છે.

સામગ્રી : નિત્યની સામગ્રી ઉપરાંત આજે ઋતુઅનુસાર, યથાશક્તિ, યથામનોરથ સુંદર સામગ્રી ધરીએ અને શ્રીપ્રભુને ખૂબ લાડ લડાવીએ.

નોંધ : સામાન્ય રીતે બધાં ઘરોમાં અક્ષયતૃતીયાથી જ ફૂવારા, શીતલ જલનો છંટકાવ વગેરે શરૂ થાય છે પરંતુ શ્રીનાથજીબાવાને ત્યાં અક્ષયતૃતીયાથી ફૂવારા શરૂ થતા નથી કારણકે અહીંયા એવો ભાવ છે કે વૈશાખ સુદ ત્રીજથી વૈશાખ સુદ છઠ સુધી ચાર યુથાધિપા ચાર સ્વામિનીજી પ્રભુને ચંદન ધરાવે છે. નિકુંજલીલામાં આ દિવસોમાં નિકુંજ દ્વાર આચ્છાદિત છે તેથી ઠાડું વસ્ત્ર પણ ધરાય છે. ઉષ્ણકાલીન સેવા આથી વૈશાખ સુદ સાતમથી અહીં પ્રારંભ થાય છે. તે દિવસથી ઠાડું વસ્ત્ર વડું થાય છે અને ફૂવારા છૂટે છે.

કીર્તન : **મંગળા (રાગ-બિલાવલ)**

લાલન તહીં જાઓ જાકે રસલંપટ અતિ ।
આલસ નૈન દૈખિયત રસમસે પ્રગટ કરત પ્યારી કે રતિ ॥૧॥
અધરદસન છત વસન પીક સહ અરુ કપોલ શ્રમબિંદુ દેખયતિ ।
નખ લેખન તન લખી શ્યામ પર જય પતાક જીત્યો રતિ પતિ ॥૨॥
કિતવ વિવાદ તજહું પિય હમસોં જૈસે તન શ્યામ તૈસોઈ મન હૈ અતિ ।
ગોવિંદ પ્રભુ પિયપાગ સઁવારહુ ગિરત કુસુમ સિર માલતિ ॥૨॥

શૃંગાર (રાગ-બિલાવલ)

સાઁઝ કે સાંચે બોલ તિહારે ।
રજની અનત જાગે નંદનંદન આયે નિપટ સવારે ॥૧॥
આતુરભયે નીલપટ ઓઢે પીરે વસન વિસારે ।
કુંભનદાસ પ્રભુ ગિરિધરન ભલેજુ ભલે વચન પ્રતિ પારે ॥૨॥

વ્રજ : વૈશાખ શુક્લ ચતુર્થી

રાજભોગ દર્શન

ગુજરાતી : વૈશાખ સુદ ચોથ



આજના શૃંગાર : પાગ-ચંદ્રિકા અને પિછોડો

સાજ : ચંદનીયા રંગની મલમલની પિછવાઈ ધરી છે. ગાદી, તકિયા, ચરણચોકી ઉપર સફેદ બિછાવટ કરી છે. માટીનો કૂંજો, ગુલાબજળની બે ગુલાબદાની, ચાંદીના ત્રસ્ટી ધર્યાં છે.

વસ્ત્ર : ચંદનીયા રંગની મલમલનો કિનારી વગરનો પિછોડો ધર્યો છે. ઠાડું વસ્ત્ર ગુલાબી રંગનું ધર્યું છે.

શૃંગાર : છોટો (કમર સુધીનો) આછો શૃંગાર થયો છે. હીરા, સોના તથા મોતીનાં આભરણ ધર્યાં છે. શ્રીમસ્તકે ચંદનીયા રંગની છોરવાળી પાગ ઉપર શિરપેચ, મોતીની ઘુમાવદાર ગોળ ચંદ્રિકા અને ડાબી બાજુ શીશફૂલ ધર્યું છે. કર્ણમાં કર્ણફૂલ ધર્યાં છે. સફેદ પુષ્પોનાં બે માળાજી તેમજ હમેલની જેમ બે માળાજી ધર્યાં છે.

શ્રીહસ્તમાં : કમલ છડી, ચાંદીના વેણુજી અને વેત્રજી ધર્યાં છે.

નોંધ : આજે પરચારગીનો શૃંગાર થતો નથી. શૃંગાર ઐચ્છિક છે.

કીર્તન : **રાજભોગ (રાગ-સારંગ)**

આજ બને નંદનંદનરી નવ ચંદનકો તન લેપ કિયે ।
તામેં ચિત્ર બને કેસર કે રાજત હૈં સખિ સુભગ હિયે ॥૧॥
તન સુખકો કટિ બન્યો હે પિછોરા ઠાડે હૈ કર કમલ લિયે ।
રુચિ વનમાલ પીત ઉપરેના નયન મેંન સરસે દેખિયે ॥૨॥
કરન ફૂલ પ્રતિબિંબ કપૌલન મૃગમદ તિલક લિલાટ દિયે ।
ચતુર્ભુજ પ્રભુ ગિરિધરન લાલ છબિ ટેઢી પાગ રહી ભૃકુટિ છિયે ॥૩॥

શયન (રાગ-કાન્હરો)

આજકો દિન ધન્ય ધન્યરી માઈ નયન ભર દેખે નંદનંદન ।
પરમ ઉદાર મનોહર મૂરતિ તાપ હરણ નખ પૂરણ ચંદન ॥૧॥
રસિકરાય શ્રીગોવર્ધનધારી રુપરાસ યુવતી મન ફંદન ।
ધ્વજા વજ અંકુશ બિરાજત **કૃષ્ણદાસ** કીને પદ વંદન ॥૨॥

વ્રજ : વૈશાખ શુક્લ પંચમી

મંગળા દર્શન

ગુજરાતી : વૈશાખ સુદ પાંચમ



વસ્ત્ર : આછા ગુલાબી રંગની મલમલનો રૂપેરી, તૂઈલેસની કિનારીવાળો ઉપરણો ધર્યો છે.

શૃંગાર : ચંદનીયા રંગની છોરવાળી પાગ, લર, અલકાવલી, તિલક, નક્વેસર, ચિબુક, કર્ણફૂલ, કંઠસરી, કડાં, મુદ્રિકા, અણવટ, વિછુવા ધર્યાં છે.

અત્તર : પ્રભુ સુખાર્થે આજે ખાસ કરીને ચૈત્રી ગુલાબ, રુહ ગુલાબ, રુહ ખસ, સોંધો, મોગરો, જૂઈ અથવા ખસનું અત્તર ઉપયોગમાં લેવાય છે.

સામગ્રી : નિત્યની સામગ્રી ઉપરાંત આજે ઋતુઅનુસાર, યથામનોરથ, યથાશક્તિ સુંદર સામગ્રી ધરીએ અને શ્રીપ્રભુને ખૂબ લાડ લડાવીએ.

નોંધ : આજથી શ્રીપ્રભુને રોજ સતુવા ધરાય છે.

કીર્તન : **મંગળા (રાગ-દેવગંધાર)**

ભોર ભયે નવકુંજ સદન તેં આવત લાલ ગોવર્ધન ધારી ।
લટપટી પાગ મરગજી માલા શિથિલ અંગ ડગમગી ગતિ ન્યારી ।।૧।।
બિનગુન માલ બિરાજત ઉરપર નખક્ષત દ્વિજચંદ અનુહારી ।
છીતસ્વામી જબ ચિતયે મોતન તબ હોં નિરખ ગઈ બલિહારી ।।૨।।

શૃંગાર (રાગ-રામકલી)

નિર્તન મોહન રસિક સખન સહિત
ગગ્ર તત થેઈ થેઈ તત થેઈ તતા ।
મૃદંગ ધ્રુમ ધ્રુમ તાલ ઉપંગ મિલિ,
શ્રુતિ દેત મધુપગન મધુમત્તા ।।૧।।
ટિપારો શિર પીત લાલ કાછિની બની
કિંકિની ઝુન ઝુનાત ગાવત સુરસુતા ।
ગોવિંદ પ્રભુ ગોપ બાલક સંગ
જૈ જૈ જૈ કરત પ્રેમ અનુરતા ।।૨।।

વ્રજ : વૈશાખ શુક્લ પંચમી

રાજભોગ દર્શન

ગુજરાતી : વૈશાખ સુદ પાંચમ



આજના શૃંગાર : મલ્લકાછ - ટિપારો

સાજ : ગુલાબી રંગની મલમલની, રૂપેરી તૂઈલેસની કિનારીવાળી પિછવાઈ ધરી છે. ગાદી, તકિયા તથા ચરણચોકી ઉપર સફેદ બિછાવટ કરી છે.

વસ્ત્ર : મલ્લકાછ અને પટુકો - બંને ગુલાબીરંગના, રૂપેરી જરીની તૂઈલેસની કિનારીવાળા ધર્યા છે. ઠાડું વસ્ત્ર ચંદનીયા રંગનું ધર્યું છે.

શૃંગાર : મધ્યનો (ઘૂંટણ સુધીનો) ઉષ્ણકાલીન મધ્યમ શૃંગાર થયો છે. મોતીનાં આભરણ ધર્યાં છે. શ્રીમસ્તકે ટિપારાનો સાજ છે. ગુલાબી રંગની ગોળ પાગ ઉપર પીરોજા રંગની મોરશીખા અને બંને બાજુ દોહરા (બે-બે) કતરા ધરાયા છે. ડાબી બાજુ શીશફૂલ, કર્ણમાં મયૂરાકૃતિ કુંડલ ધરાયાં છે. શ્વેત પુષ્પોનાં બે માળાજી ધર્યાં છે.

શ્રીહસ્તમાં : કમલ છડી, ચાંદીના વેણુજી અને બે વેત્રજી ધર્યાં છે.

નોંધ : આજનો શૃંગાર નિશ્ચિત છે. ગુલાબી રંગનાં વસ્ત્રો અને મલ્લકાછ - ટિપારો ધરાય છે.

કીર્તન : **રાજભોગ (રાગ-સારંગ)**

અક્ષય તૃતીયા ગિરિધર બૈઠે ચંદનકો તન લેપ કિયેં ।
પ્રફૂલ્લિત વદન સુધાકર નિરખત ગોપી નયન ચકોર પિયેં ॥૧॥
કનકવરન શિર બન્યો હે ટિપારો ઠાડે હૈ કર કમલ લિયેં ।
ગોવિંદ પ્રભુકી બાનિક નિરખત વાર ફેર તન મનજુ દિયેં ॥૨॥

શયન (રાગ-કેદારો)

ચારુ નટ ભેખ ધરિ બૈઠે ગોવિંદ જહાઁ સઘન ગહવર નવનિકુંજ ભવને ।
નાગરી જબહી નાગરસું નૈન મિલે તબહી નાગરી મુદિત વિપુલ ગવને ॥૧॥
રસિકવર નંદસુત સોહત સિજ્યા રચી વિવિધગતિ વિવિધ પટકુલ ઠવને ।
હંસજાતટ નિકટ વિમલ જલ બહત તહાં ત્રિવિધ તલસૈલ સીખંડ પવને ॥૨॥
દાસ **કુંભન** પ્રભુ સુજાન તોહિ મિલનકું બહુત આતુર નિમિષ જુગ ગવને ।
જોવત પથ એક ટક લાલ સુકુમાર સખી ગોવર્ધનધર અખિલ યુવતિ રવને ॥૩॥

વ્રજ : વૈશાખ શુક્લ ષષ્ઠી

મંગળા દર્શન

ગુજરાતી : વૈશાખ સુદ છઠ



વ્રજ : વૈશાખ શુક્લ ષષ્ઠી

ગુજરાતી : વૈશાખ સુદ છઠ

વસ્ત્ર : ચેરાઈ (આછા ગુલાબી) રંગનો ધોરેવાળો (થોડા થોડા અંતરે રૂપેરી તૂઈ મૂકેલો) તૂઈલેસની કિનારીવાળો ઉપરણો ધર્યો છે.

શૃંગાર : ગુલાબી રંગની પાગ, લર, અલકાવલી, તિલક, નક્વેસર, ચિબુક, કર્ણફૂલ, કંઠસરી, કડાં, મુદ્રિકા અને અણવટ વિછુવા ધર્યાં છે.

અત્તર : પ્રભુ સુખાર્થે આજે ખાસ કરીને ચૈત્રી ગુલાબ, રુહ ગુલાબ, રુહ ખસ, સોંધો, મોગરો, જૂઈ અથવા ખસનું અત્તર ઉપયોગમાં લેવાય છે.

સામગ્રી : નિત્યની સામગ્રી ઉપરાંત આજે ઋતુઅનુસાર, યથાશક્તિ, યથામનોરથ સુંદર સામગ્રી ધરીએ અને શ્રીપ્રભુને ખૂબ લાડ લડાવીએ.

નોંધ : આજે ઉપરણો છેલ્લો ધરાયો છે. ઉષ્ણકાલને કારણે આવતી કાલથી મંગળામાં આડબંધ ધરાશે.

કીર્તન : **મંગળા (રાગ-બિભાસ/લલિત)**

રજની રાજ લિયો નિકુંજ નગરકી રાની ।
મદન મહિપતિ જિત મહારણ શ્રમજલ સહિત જુ માની ॥૧॥
પરમસૂર સૌંદર્ય ભ્રકુટી ધનુ અનિયારે નૈનબાણ સંધાની ।
દાસ **ચતુર્ભુજ** પ્રભુ ગિરિધર રસસંપતિ વિલસી જયોં મનમાની ॥૨॥

શૃંગાર (રાગ-બિલાવલ)

બલિ બલિ પાઉ ધારિયે આજ કછુ મેરો લહનો
વ્રજનૃપતિ સુત ભોરહી આયે હો રસ ભરે ।
ભઈ બડી બાર પાઉ ધારિયે હમે હૂ નિવાજિયે
વાસ્યો અરગજા વાસે બીરા લે આગે ધરે ॥૧॥
કહિ ન સકત એક બાત લાલન જાકે
નિસ બસે તાકે વસન પલટિ પહેરે ।
ગોવિંદ પ્રભુ પિય સુજાન સિરોમનિ
કિધો બલદાઉ કે હરે ॥૨॥

વ્રજ : વૈશાખ શુક્લ ષષ્ઠી

રાજભોગ દર્શન

ગુજરાતી : વૈશાખ સુદ છઠ



આજના શૃંગાર : સૂથન-પટુકા ફેંટો-ચંદ્રિકા

સાજ : બદામી રંગની મલમલની, રૂપેરી તૂઈલેસની કિનારીવાળી પિછવાઈ ધરી છે. ગાદી, તકિયા અને ચરણચોકી ઉપર સફેદ બિછાવટ કરી છે.

વસ્ત્ર : સૂથન અને રાજાશાહી પટુકો - બંને બદામી રંગની મલમલના, ધોરાવાળા (થોડે થોડે અંતરે તૂઈ મૂકેલાં) અને તૂઈલેસની કિનારીવાળાં ધર્યાં છે. ઠાડું વસ્ત્ર સફેદ રંગનું ધર્યું છે.

શૃંગાર : મધ્યનો (ઘૂંટણ સુધીનો) ઉષ્ણકાલીન મધ્યમ શૃંગાર થયો છે. મોતીનાં આભરણ ધર્યાં છે. શ્રીમસ્તકે બદામી રંગના ફેંટા ઉપર શીરપેચ, મોરપંખની ચંદ્રિકા અને કતરો તથા ડાબી બાજુ શીશફૂલ ધર્યું છે. કર્ણમાં કર્ણફૂલ ધર્યાં છે. શ્વેત પુષ્પોનાં બે માળાજી ધર્યાં છે.

શ્રીહસ્તમાં : કમલછડી, ચાંદીના વેણુજી તથા બે વેત્રજી ધર્યાં છે.

નોંધ : આજે ફેંટો અને સૂથન પટુકાનો શૃંગાર થાય છે. આજનો શૃંગાર તાજની વિનંતીથી ભક્તકામના પૂરક શ્રીગુસાંઈજી-શ્રીવિઠ્ઠલનાથજીએ કર્યો હતો. તાજની આડીથી આ શૃંગાર વર્ષમાં ૬ વાર થાય છે. એના દિવસો નક્કી નથી. પરંતુ ભાદરવા સુદ ચોથને દિવસે આ શૃંગાર નિશ્ચિત થાય છે.

બાદશાહ અકબરની બેગમ તાજ શ્રીગુસાંઈજીનાં સેવક પરમ ભગવદીય હતાં. તેમણે અનેક કીર્તનોની રચના કરી છે. તેમના સેવ્યસ્વરૂપ શ્રીલલિતત્રિભંગીજી હાલ પોરબંદરમાં શ્રીરણછોડજીની હવેલીમાં બિરાજે છે.

કીર્તન : **રાજભોગ સન્મુખ (રાગ-સારંગ)**

બન્યો વાગૌ વામના ચંદનકો ।
ચંપકલી કી પાગ બનાઈ ભાલ તિલક બન્યો વંદનકો ॥૧॥
ચોલી કી છબિ કહત ન આવે કાછોટા મનફંદનકો ।
પરમાનંદ આનંદ તહાઁ નિત મુખ નિરખત નંદ નંદનકો ॥૨॥

શયન (રાગ-કાન્હરો)

મેરે ઘર ચંદન અતિ કોમલ લીજે હો સુંદરવર નાયક ।
હૌં અબલા બહુ જતન કર, પ્રાણપતિ કનક પાત્ર લાઈ તુમ લાયક ॥૧॥
ઉત્તમ ઘસ ગુલાબ કેસરસોં વિવિધ સુગંધ બીચમિલાયક ।
બહો જુવતિન મનહરણ રસિક વર નંદકુમાર સુરત સુખદાયક ॥૨॥
સુન વિનતિ નંદનંદન પિય બહોત ભાંત મધુર મૃદુ વાયક ।
કૃષ્ણદાસ પ્રભુ કૃપા નેન જલ છૂટે લૂટત મદનકે સાયક ॥૩॥

વ્રજ : વૈશાખ શુક્લ સપ્તમી

મંગળા દર્શન

ગુજરાતી : વૈશાખ સુદ સાતમ



તિલકાયત શ્રીલાલગિરધરજી મહારાજશ્રીનો ઉત્સવ (૧૬૮૯)

દેહલી-વંદનમાલ-હાંડી

વસ્ત્ર : આછા પીળા રંગની મલમલનો તનિયો અને આડબંધ ધર્યા છે. આડબંધ ઉપર રૂપેરી તૂઈની કિનારી છે.

શૃંગાર : બદામી રંગનો ફેંટો, લર, અલકાવલી, તિલક, નક્વેસર, ચિબુક, કર્ણફૂલ, કંઠસરી, મુદ્રિકા, કડાં અને અણવટ, વિછુવા ધર્યાં છે.

અત્તર : પ્રભુ સુખાર્થે આજે ખાસ કરીને ચૈત્રી ગુલાબ, રુહ ગુલાબ, રુહ ખસ, સોંધો, મોગરો, જૂઈ અથવા ખસનું અત્તર ઉપયોગમાં લેવાય છે.

સામગ્રી : નિત્યની સામગ્રી ઉપરાંત આજે બુંદી, જલેબી, છાશવડાં, શીખંડભાત, દહીંભાત, મગની છૂટી દાળ, શાક, ભુજાના (ભજીયાં), બિલસારુ (મુરબ્બો) તથા સંધાના વગેરે ઉત્સવની વિશેષ સામગ્રી ધરાય છે. આપણે ઋતુઅનુસાર, યથામનોરથ, યથાશક્તિ સુંદર સામગ્રી ધરીએ અને શ્રીપ્રભુને ખૂબ લાડ લડાવીએ.

નોંધ : આજથી મંગળામાં આડબંધ ધરાવવાનું શરૂ થાય છે. આજથી રથયાત્રા સુધી કર્ણફૂલનાં શૃંગાર થાય છે. આજના ઉત્સવનાયક શ્રીલાલગિરિધરજી મહારાજશ્રીએ ઘણાં કીર્તનો 'લાલ ગિરિધર'ની છાપથી રચ્યાં છે.

કીર્તન : **મંગળા (રાગ-બિલાવલ)**

પ્યારી કે મહલ તેં ઉઠ ચલે ભોર ।
સખિ વૃંદ અવલોક અગ્રસ્થિત ઢકત નીલકંચુકી પીતપટ છોર ॥૧॥
રાધા ચરિત્ર વિલોક પરસ્પર તેજુ હાસ ઈત ઉત મુખ મોર ।
ગોવિંદ પ્રભુ લે ચલે દગાદે નાગર નવલ સભા ચિતચોર ॥૨॥

શૃંગાર (રાગ-બિલાવલ)

લટપટી પાગકે પેચ સવારોં ।
કર દર્પન લે નિરખ વારનેં સુંદર વદન નિહારોં ॥૧॥
રંગભીને મુસકાત મનોહર નેહ કહા નિરવારો ।
આસકરન પ્રભુ મોહન નાગર ચિતતે નેંક ન ટારો ॥૨॥

વ્રજ : વૈશાખ શુક્લ સપ્તમી

રાજભોગ દર્શન

ગુજરાતી : વૈશાખ સુદ સાતમ



આજના શૃંગાર : પાગ-કતરો-પિછોડો

સાજ : પીળારંગની મલમલની, ઉત્સવની કમલના કામવાળી, રૂપેરી તૂઈલેસની કિનારીવાળી પિછવાઈ ધરી છે. ગાદી, તકિયા, ચરણચોકી ઉપર સફેદ બિછાવટ કરી છે.

વસ્ત્ર : આછા પીળા રંગનો પિછોડો ધર્યો છે. આજથી ઠાડું વસ્ત્ર ધરવાનું બંધ થાય છે.

શૃંગાર : છોટો (કમર સુધીનો) ઉષ્ણકાલીન આછો શૃંગાર થયો છે. મોતીનાં આભરણ ધર્યાં છે. શ્રીમસ્તકે પીળા રંગની પાગ ઉપર શિરપેચ અને નાગફણીનો કતરો તેમજ ડાબી બાજુ શીશફૂલ ધર્યું છે. કર્ણમાં કર્ણફૂલ ધર્યાં છે. શ્વેત પુષ્પોનાં બે માળાજી ધર્યાં છે. મોતીનાં તેમજ પુષ્પનાં બે માળાજી હમેલની જેમ પણ ધર્યાં છે. પીઠિકાની ઉપર ફૂલનાં મોટાં માળાજી ધર્યાં છે.

શ્રીહસ્તમાં : કમલછડી, ચાંદીના વેણુજી અને બે વેત્રજી ધર્યાં છે.

નોંધ : આજથી ઠાડું વસ્ત્ર ધરવાનું બંધ થાય છે તેથી પીઠિકાનાં દર્શન થાય છે. આજથી ફૂવારા તથા શીતલ સુગંધી જલનો છંટકાવ શરૂ થાય છે. ભોગનાં દર્શનમાં જલની ધારા પ્રભુ સન્મુખ થાય છે.

કીર્તન : **રાજભોગ (રાગ-સારંગ)**

શ્રીવલ્લભ નંદન રુપ અનૂપ સ્વરૂપ કહ્યો ન જાઈ ।
પ્રકટ પરમાનંદ ગોકુલ બસત હૈ સબ જગત કે સુખદાઈ ॥૧॥
ભક્તિ મુક્તિ દેત સબનકો નિજજનકો કૃપા પ્રેમ બરખત અધિકાઈ ।
સુખદ એક રસના કહાં લો વરનો **ગોવિંદ** બલબલ જાઈ ॥૨॥

શયન (રાગ-નાયકી)

પાયન ચંદન લગાઉં ।
બહુત ભાંતિ વિજના ઢુરાવું છિરક ગુલાબજલ નૈન સિરાઉં ॥૧॥
અગર કપૂર ઘસિ અંગ લગાઉં મૃગમદ આડ ભાલ બનાવું ।
કલ્યાણ કે પ્રભુ ગિરિધરન છબિલે લે લે લાડ લડાઉં ॥૨॥

વ્રજ : વૈશાખ શુક્લ અષ્ટમી

મંગળા દર્શન

ગુજરાતી : વૈશાખ સુદ આઠમ



વસ્ત્ર : પીળા રંગની મલમલનો તનીયો અને આડબંધ ધર્યો છે. આડબંધ રૂપેરી તૂઈની કિનારીવાળો છે.

શૃંગાર : પીળા રંગની પાગ, લર, અલકાવલિ, તિલક, નક્વેસર, ચિબુક, કર્ણફૂલ, કંઠસરી, કડાં તથા અણવટ, વિછુવા ધર્યા છે.

અત્તર : પ્રભુ સુખાર્થે આજે ખાસ કરીને ચૈત્રી ગુલાબ, રુહ ગુલાબ, રુહ ખસ, સોંધો, મોગરો, જૂઈ અથવા ખસનું અત્તર ઉપયોગમાં લેવાય છે.

સામગ્રી : નિત્યની સામગ્રી ઉપરાંત આજે વિશેષમાં ઋતુઅનુસાર, યથાશક્તિ, યથામનોરથ સુંદર સામગ્રી ધરીએ અને શ્રીપ્રભુને ખૂબ લાડ લડાવીએ.

કીર્તન : **મંગળા (રાગ-બિભાસ)**

મૃગનૈની મુખ અમૃત બૈની, કુંજમહલ તેં ચલી ઉઠ ભોર ।
ડગમગાત લટકત લટ છુટિ સોભિત પહેરે પીત પટોર ॥૧॥
અરુન નૈન ઘૂમત મદમાતે માનો રસ સિંધુ કે બઢે હિલોર ।
ગિર ગિર પરત મલય કુસુમાવલિ સિથિલ સીસ પલકે ચકોર ॥૨॥
કર નખ અંક જુગલવર રાજત સુભગ હિયે શોભિત તન ગૌર ।
પરમાનંદ પ્રભુ સુખનિધિ અબ લંપટ હસી મુખ મોર ॥૩॥

શૃંગાર (રાગ-બિલાવલ)

સુનરી સૈન દઈ ગ્વાલનકો મોહનલાલ બજાયો બૈનુ ।
પ્રાત સમે જાગે અનુરાગે, વૃંદાવન આનંદ ભયો,
આય ચલે ચરાવન ધૈનુ ॥૧॥
બરન બરન બાનિક બનિ આયે પટ ભૂષન
જસુમતિ પહરાયે ભાલ તિલક દે આંજે નૈનુ ।
હરિનારાયન શ્યામદાસ કે પ્રભુ માઈ પ્રગટ ભયે
ધરી ચંદ્રિકા સીસ સબ વ્રજજન સુખ દૈનુ ॥૨॥

વ્રજ : વૈશાખ શુક્લ અષ્ટમી

રાજભોગ દર્શન

ગુજરાતી : વૈશાખ સુદ આઠમ



આજના શૃંગાર : પાગ-મોરશીખા-ધોતી-ઉપરણો

સાજ : ગુલાબી રંગની મલમલની, રૂપેરી તૂઈલેસની કિનારીવાળી પિછવાઈ ધરી છે. ગાદી, તકિયા તથા ચરણચોકી ઉપર સફેદ બિછાવટ કરી છે.

વસ્ત્ર : ધોતી અને ઉપરણો (રાજાશાહી પટુકો) બંને ગુલાબી રંગની મલમલનાં અને રૂપેરી તૂઈલેસની કિનારીવાળાં ધર્યા છે.

શૃંગાર : મધ્યનો (ઘૂંટણ સુધીનો) ઉષ્ણકાલીન મધ્યમ શૃંગાર થયો છે. મોતીનાં આભરણ ધર્યાં છે. શ્રીમસ્તકે ગુલાબી રંગના ગ્વાલ પગા (પાઘ) ઉપર મોતીની લર, મોરશીખા અને ડાબી બાજુ શીશફૂલ ધર્યું છે. કર્ણમાં કર્ણફૂલ ધર્યાં છે, શ્વેત પુષ્પોનાં બે માળાજી ધર્યાં છે.

શ્રીહસ્તમાં : ત્રણ કમળની કમલછડી, ચાંદીના વેણુજી અને બે વેત્રજી ધર્યાં છે.

નોંધ : આજનો શૃંગાર ઐચ્છિક છે.

કીર્તન : **રાજભોગ (રાગ-સારંગ)**

ચંદન અરગજા લે આઈ બાલ લાલકે અંગ લગાવન ।
સુંગધ ગુલાબજલ તામધ્ય કપૂર ડારિ અંજુલી ભરભર લેપત ગાત લાગત પવન ચઢાવન ॥૧॥
નાના બહુ ભાંતન કે કુસુમનસોં શય્યા રચી મચી સુવાસ બસી પ્રીતમ મનભાવન ।
મુરારીદાસ પ્રભુ ગ્રીષ્મ રિતુ દાહ તપત તેસેઈ લાગી સારંગ રાગ ગાવન ॥૨॥

શયન (રાગ-કાન્હરો)

નયન છબીલે તરુણ મદમાતે ।
ચંચલ ચપલ ભૃકુટી છબિ ઉપજત આન આન મુસકાતે ॥૧॥
ભક્ત કૃપારસ સદાઈ પ્રફૂલ્લિત માનહુ કમલદલ રાતે ।
ગોવિંદ પ્રભુ કો શ્રીમુખ નિરખત પાન કરત ન અઘાતે ॥૨॥

વ્રજ : વૈશાખ શુક્લ નવમી

મંગળા દર્શન

ગુજરાતી : વૈશાખ સુદ નોમ



વ્રજ : વૈશાખ શુક્લ નવમી

ચિત્ર પરિચય

ગુજરાતી : વૈશાખ સુદ નોમ

વસ્ત્ર : આછા ગુલાબી રંગની મલમલનો તનીયો તથા આડબંધ ધર્યો છે. આડબંધને રૂપેરી તૂઈની કિનારી મૂકેલી છે.

શૃંગાર : ગુલાબી રંગનો ગ્વાલ પાગ, લર, અલકાવલી, તિલક, નક્વેસર, ચિબુક, કર્ણફૂલ, કંઠસરી, કડાં, મુદ્રિકા તથા અણવટ વિછુવા ધર્યાં છે.

અત્તર : પ્રભુ સુખાર્થે આજે ખાસ કરીને ચૈત્રી ગુલાબ, રુહ ગુલાબ, રુહ ખસ, સોંધો, મોગરો, જૂઈ અથવા ખસનું અત્તર ઉપયોગમાં લેવાય છે.

સામગ્રી : નિત્યની સામગ્રી ઉપરાંત આજે વિશેષમાં ઋતુઅનુસાર, યથાશક્તિ, યથામનોરથ સુંદર સામગ્રી ધરીએ અને શ્રીપ્રભુને ખૂબ લાડ લડાવીએ.

કીર્તન : **મંગળા (રાગ-બિભાસ)**

કોઉ માઈ આંબ બેચન આઈ ।
ટેર સુનત મોહન ઉઠ ધાયે ભીતર ભવન બુલાઈ ॥૧॥
મૈયા મોહિ આંબ લે દેરી સંગ સખા બલભાઈ ।
પરમાનંદ યશોમતિ આન દિયે ખાયે કુંવર કન્હાઈ ॥૨॥

શૃંગાર (રાગ-બિલાવલ)

કમલ મુખ દેખત કૌન અઘાય ।
સુનરી સખી લોચન અલિ મેરે મુદિત રહે અરુઝાય ॥૧॥
મુક્તામાલ લાલ ઉર ઉપર જનફૂલી વનરાય ।
ગોવર્ધન ધરકે અંગ અંગ પર **કૃષ્ણદાસ** બલજાય ॥૨॥

વ્રજ : વૈશાખ શુક્લ નવમી

રાજભોગ દર્શન

ગુજરાતી : વૈશાખ સુદ નોમ



આજના શૃંગાર : પાગ - પિછોડો

સાજ : આછા બદામી (પીચ) રંગની રૂપેરી તૂઈલેસની કિનારીવાળી પિછવાઈ ધરી છે. ગાદી, તકિયા અને ચરણચોકી ઉપર સફેદ બિછાવટ કરી છે.

વસ્ત્ર : આછા બદામી રંગની મલમલનો પિછોડો ધર્યો છે.

શૃંગાર : છોટો (કમર સુધીનો) આછો ઉષ્ણકાલીન શૃંગાર થયો છે. મોતીનાં આભરણ ધર્યાં છે. શ્રીમસ્તકે બદામી રંગની ગોળ પાગ ઉપર શિરપેચ, લૂમ, સફેદ પંખની ચંદ્રિકા અને ડાબી બાજુ શીશફૂલ ધર્યું છે. કર્ણમાં કર્ણફૂલ ધર્યાં છે. શ્વેત પુષ્પોનાં બે માળાજી ધર્યાં છે. તથા એક માળાજી અને એક કમલમાલા હમેલની જેમ ધર્યાં છે.

શ્રીહસ્તમાં : ત્રણ કમલની છડી, ચાંદીનાં વેણુજી અને વેત્રજી ધર્યાં છે.

નોંધ : શૃંગાર ઐચ્છિક છે.

કીર્તન : **રાજભોગ (રાગ-સારંગ)**

સખી સુગન્ધ જલ ઘોર કે ચંદન હરિ અંગ લગાવન ।
વદનકમલ અલકે મધુપનસી ટેઠી પાગ મન ભાવન ।।૧।।
કર વિંજના કુસુમ કે ઢોરત કુસુમ ભૂખન લે લે પહિરાવન ।
તાનસેન કે પ્રભુ મયા કીની મોપર સુકી વેલ ભઈ હરીયન ।।૨।।

શયન (રાગ-અડાનો/ઈમન)

અરી હોં યા મગસે નિકસી આય અચાનક કાન્હકુંવર ઠાડે આપની પોર ।
દૃષ્ટિ સૌ દૃષ્ટિ મિલી રોમ રોમ સીતલભઈ તનમેં ઊઠી હૈ કીધો કામ રોર ।।૧।।
લાલ પાગ ઝુક રહી ભ્રોંહનપર શ્યામગાત કિયે ચંદન કી ખોર ।
સૂરદાસ પ્રભુ સર્વસ્વ હરકેં ચલે મનમેં આવત કૈંધો મિલોરી દૌર ।।૨।।

વ્રજ : વૈશાખ શુક્લ દશમી

મંગળા દર્શન

ગુજરાતી : વૈશાખ સુદ દસમ



વ્રજ : વૈશાખ શુક્લ દશમી

ચિત્ર પરિચય

ગુજરાતી : વૈશાખ સુદ દસમ

વસ્ત્ર : આછા બદામી રંગનો તનિયો તથા આડબંધ ધર્યા છે. આડબંધને રૂપેરી તૂઈની કિનારી મૂકેલી છે.

શૃંગાર : આછા બદામી (પીચ) રંગની ગોળ પાગ, લર, અલકાવલી, તિલક, નક્વેસર, ચિબુક, કર્ણફૂલ, કંઠસરી, કડાં, મુદ્રિકા, અણવટ વિછુવા ધર્યાં છે.

અત્તર : પ્રભુ સુખાર્થે આજે ખાસ કરીને ચૈત્રી ગુલાબ, રુહ ગુલાબ, રુહ ખસ, સોંધો, મોગરો, જૂઈ અથવા ખસનું અત્તર ઉપયોગમાં લેવાય છે.

સામગ્રી : નિત્યની સામગ્રી ઉપરાંત આજે વિશેષમાં ઋતુઅનુસાર, યથાશક્તિ, યથામનોરથ સુંદર સામગ્રી ધરીએ અને શ્રીપ્રભુને ખૂબ લાડ લડાવીએ.

કીર્તન : **મંગળા (રાગ-ભૈરવ/બિલાવલ)**

આજ દેખિયત નેના આલસ ભરે રગમગે ।
રેન પલકન પરી સુરત ઈન જે કરી
ભોર આયે લાલ ધરત પગ ડગમગે ॥૧॥
તન ઓરે ભાંત કછુક કહી ન જાત
લસત અદ્‌ભુત કાંત અંગ અંગ જગ મગે ।
ચત્રભુજ પ્રભુ ગિરિધરન આયે ભલીકરી
પલટ લાયે વસન સોંધે મીલ સગવગે ॥૨॥

શૃંગાર (રાગ-બિલાવલ)

દેખો ઢરકન નવરંગ પાગકી ।
વામભાગ વૃષભાન લાડિલી ચિતવન અતિ અનુરાગકી ॥૧॥
સુખસાગર ગિરિધરન છબીલો મૂરતિ પરમ સુહાગકી ।
મદન મોહન રાધેજુકી જોરી **ગોપાલદાસ** કે ભાગ કી ॥૨॥

વ્રજ : વૈશાખ શુક્લ દશમી

રાજભોગ દર્શન

ગુજરાતી : વૈશાખ સુદ દસમ



આજના શૃંગાર : પાગ-ચંદ્રિકા-ધોતી-પટુકો.

સાજ : સફેદ રંગની જામદાનીની (ચીકનની) પિછવાઈ ધરી છે. ગાદી, તકિયા, ચરણચોકી ઉપર સફેદ બિછાવટ કરી છે.

વસ્ત્ર : ધોતી અને કટિપટુકો - બંને આછા પીળા રંગના રૂપેરી તૂઈલેસની કિનારીવાળા ધર્યાં છે.

શૃંગાર : છોટો (કમર સુધીનો) આછો ઉષ્ણકાલીન શૃંગાર થયો છે. હીરા અને મોતીનાં આભરણ ધર્યાં છે. શ્રીમસ્તકે આછા પીળા રંગની ગોળ પાગ ઉપર શિરપેચ, મોતીની ઘૂમાવદાર ગોળ ચંદ્રિકા અને ડાબી બાજુ શીશફૂલ ધર્યું છે. કર્ણમાં કર્ણફૂલ ધર્યાં છે. શ્વેત પુષ્પોનાં બે માળાજી ધર્યાં છે અને હમેલની જેમ બીજાં બે માળાજી ધર્યાં છે.

શ્રીહસ્તમાં : ત્રણ કમલની કમલ છડી, ચાંદીના વેણુજી અને વેત્રજી ધર્યાં છે.

નોંધ : આજે ધોતી ઉપરણાનો શૃંગાર થાય છે અને રાજભોગમાં આ પદ ગવાય છે.

કીર્તન : **રાજભોગ (રાગ-સારંગ)**

ભલેઈ મેરે આયે હો પિય ઠીક દુપહરી કી બિરીયા ।
શુભદિન શુભ નક્ષત્ર શુભ મહૂરત શુભપલ છિન શુભ ઘરિયાઁ ॥૧॥
ભયો હૈ આનંદ કંદ મિટ્યો વિરહ દુઃખ દ્વંદ ચંદન ઘસ અંગલેપન ઔર પાયન પરિયાં ।
તાનસેન કે પ્રભુ મયા કીની મોંપર સુખીવેલ કરી હરિયા ॥૨॥

રાજભોગ (રાગ-સારંગ)

આજ ધરી ગિરધર પિય ધોતી
અતિ ઝીની અરગજા ભીની પીતાંબર ઘન દામિની જોતી ॥૧॥
ટેઢી પાગ ભ્રકુટી છબિ રાજત શ્યામ અંગ અદ્‌ભુત છબિ છાઈ ।
મુક્તામાલ ફૂલી વનરાઈ, **પરમાનંદ** પ્રભુ સબ સુખદાઈ ॥૨॥

શયન (રાગ-ઈમન)

મેરેરી બગર મેં આવત છબિસોં કમલ ફિરાવત ।
ઔરનસોં બતરાત મોતન ચિતવત ચતુર પરોસન દેખ દેખ મુસકાવત ॥૧॥
નયનન મનુહાર કરત બૈનન સમઝાવત નેહ જનાવત ભૌંહ ચઢાવત ।
નંદદાસ પ્રભુસોં સનેહ લોકલાજ બાઢી કૈસે કે ધીરજ આવત ॥૨॥

વ્રજ : વૈશાખ શુક્લ એકાદશી

મંગળા દર્શન

ગુજરાતી : વૈશાખ સુદ અગિયારસ



મોહિની એકાદશી

વસ્ત્ર : આછા પીળા રંગની મલમલનો તનીયો તથા આડબંધ ધર્યો છે. આડબંધને રૂપેરી તૂઈની કિનારી મૂકેલી છે.

શૃંગાર : આછા પીળા રંગની ગોળ પાઘ, લર, અલકાવલી, તિલક, નક્વેસર, ચિબુક, કર્ણફૂલ, કંઠસરી, કડાં, મુદ્રિકા તથા અણવટ વિછુવા ધર્યા છે.

અત્તર : પ્રભુ સુખાર્થે આજે ખાસ કરીને ચૈત્રી ગુલાબ, રુહ ગુલાબ, રુહ ખસ, સોંધો, મોગરો, જૂઈ અથવા ખસનું અત્તર ઉપયોગમાં લેવાય છે.

સામગ્રી : નિત્યની સામગ્રી ઉપરાંત આજે વિશેષમાં ઋતુઅનુસાર, યથાશક્તિ, યથામનોરથ સુંદર સામગ્રી ધરીએ અને શ્રીપ્રભુને ખૂબ લાડ લડાવીએ.

કીર્તન : **મંગળા (રાગ-બિલાવલ)**

પ્યારી કે મહલતેં ઉઠિ ચલે ભોર ।
સખી વૃંદ અવલોકિ અગ્રસ્થિત ઢક્ત નીલ કંચુકી પીતપટ છોર ॥૧॥
રાધા ચરિત્ર વિલોક પરસ્પર તેજ હાસ ઈત ઉત મુખ મોર ।
ગોવિંદ પ્રભુ લે ચલે દગા દે નાગર નવલ સભાચિત ચોર ॥૨॥

શૃંગાર (રાગ-બિલાવલ)

આજ તન રાધા સજત શૃંગાર ।
નીરજ સુત વાહન કો ભક્ષણ અરુણશ્યામ રંગ કોન વિચાર ॥૧॥
મુદ્રાપતિ અચવન તનયાસુત ઉરહી બનાવત હાર ।
સારંગ સુતપતિ વશ કરિવેકો અક્ષત લે પૂજત રિપુમાર ॥૨॥
પારથ પિતુ આસન સુત શોભિત શ્યામધરા બગ પાંત વિચાર ।
સુરદાસ પ્રભુ હંસ સુતાતટ વિહરત રાધા નંદકુમાર ॥૩॥

વ્રજ : વૈશાખ શુક્લ એકાદશી

રાજભોગ દર્શન

ગુજરાતી : વૈશાખ સુદ અગિયારસ



આજના શૃંગાર : સહેરો અને ધોતી ઉપરણો

સાજ : સહેરાનો શૃંગાર ધરેલાં શ્રીસ્વામિનીજી અને શ્રીયમુનાજી તથા વ્રજભક્તોના ચિત્રકામવાળી પિછવાઈ ધરી છે. ગાદી, તકિયા તથા ચરણચોકી ઉપર સફેદ બિછાવટ કરી છે.

વસ્ત્ર : પિછોડો અને રાજાશાહી પટુકો - બંને ચંદનીયા રંગની મલમલના - રૂપેરી તૂઈલેસની કિનારીવાળા ધર્યાં છે.

શૃંગાર : વનમાલાનો (ચરણારવિંદ સુધીનો) ઉષ્ણકાલીન આછો શૃંગાર થયો છે. હીરા તથા મોતીનાં આભરણ ધર્યાં છે. શ્રીમસ્તકે ચંદનીયા રંગના દુમાલા ઉપર મોતીનો સહેરો અને ડાબી બાજુ શીશફૂલ તેમજ જમણી બાજુ મોતીની ચોટી ધરી છે. કર્ણમાં મકરાકૃતિ કુંડળ ધર્યાં છે. શ્વેત અને ગુલાબી પુષ્પોનાં બે માળાજી ધર્યાં છે. તેમજ પીઠિકાની ઉપર ફૂલનાં મોટાં માળાજી ધર્યાં છે.

શ્રીહસ્તમાં : કમલ છડી, ચાંદીના વેણુજી અને બે વેત્રજી ધર્યાં છે.

નોંધ : આજનો શૃંગાર નિશ્ચિત છે. સહેરાના ભાવનાં કીર્તન ગવાય છે.

કીર્તન : **રાજભોગ (રાગ-સારંગ)**

આજ બને ગિરિધારી દુલ્હે ચંદનકો તનલેપ કીયે ।
સકલ શૃંગાર બને મોતિન કે વિવિધ કુસુમકી માલ હિયે ॥૧॥
ખાસાકો કટિ બન્યો હૈ પિછોરા મોતિન સહેરો સીસ ધરે ।
રાતૈ નૈન બંક અનિયારે ચંચલ અંજન માન હરે ॥૨॥
ઠાડે કમલ ફિરાવત ગાવત કુંડલ શ્રમકન બિંદ પરે ।
સૂરદાસ પ્રભુ મદન મોહન મિલ રાધાસોં રતિ કેલ કરે ॥૩॥

શયન (રાગ-બિહાગ)

કુંજભવન મેં આજ મંગલચાર ।
નવદુલહિની વૃષભાન નંદિની નવ દુલ્હે શ્રીવ્રજરાજકુમાર ॥૧॥
નયે નયે પુષ્પકુંજ કે તોરન નવપલ્લવકે બંદનવાર ।
ચૌર કદંબખંડ બંસી બટ સઘન લતામંડપ વિસ્તાર ॥૨॥
કરત વેદધ્વનિ વિપ્ર મધુપગન કોકિલ ત્રિય ગાવત ગુનસાર ।
દીની ભૂરિ દાસ **પરમાનંદ** પ્રેમ ભક્તિ રત્નનકે હાર ॥૩॥

વ્રજ : વૈશાખ શુક્લ દ્વાદશી

મંગળા દર્શન

ગુજરાતી : વૈશાખ સુદ બારસ



વ્રજ : વૈશાખ શુક્લ દ્વાદશી

ગુજરાતી : વૈશાખ સુદ બારસ

વસ્ત્ર : આછા પીળા રંગની મલમલનો તનિયો તથા આડબંધ ધર્યો છે. આડબંધને રૂપેરી તૂઈની કિનારી મૂકેલી છે.

શૃંગાર : ચંદનીયા રંગનો દુમાલો, લર, અલકાવલી, તિલક, નક્વેસર, ચિબુક, કર્ણફૂલ, કંઠસરી, કડાં, મુદ્રિકા અને અણવટ - વિછુવા ધર્યાં છે.

અત્તર : પ્રભુ સુખાર્થે આજે ખાસ કરીને ચૈત્રી ગુલાબ, રુહ ગુલાબ, રુહ ખસ, સોંધો, મોગરો, જૂઈ અથવા ખસનું અત્તર ઉપયોગમાં લેવાય છે.

સામગ્રી : નિત્યની સામગ્રી ઉપરાંત આજે ઋતુઅનુસાર યથાશક્તિ, યથામનોરથ સુંદર સામગ્રી ધરીએ અને શ્રીપ્રભુને ખૂબ લાડ લડાવીએ.

કીર્તન : **મંગળા (રાગ-દેવગંધાર)**

શ્યામ શ્યામા પ્રાત ઊઠ બૈઠે અરસપરસ દોઉ કરત સિંગાર ।
લટપટી પાગ સઁવારત શ્યામા અલક સઁવારત નંદકુમાર ।।૧।।
એક પહિની વાકી મોતીનમાલા એક પહિન્યો વાકો નવસર હાર ।
શ્રીભટ્ટ જુગલ કિશોર દ્યુતિ મેરે આંગન કરત વિહાર ।।૨।।

શૃંગાર (રાગ-બિલાવલ)

આજકો સિંગાર સુભગ સાઁવરે ગોપાલજુકો
કહત ન બનિ આવે દેખેં હી બનિ આવેં ।
ભૂષન વસન ભાંતિ ભાંતિ અંગ અંગ છબિ
કહી ન જાત લટપટી સુદેસ પાગ ચિત્તકો ચુરાવેં ।।૧।।
મકર કુંડલ તિલક ભાલ કસ્તૂરી અતિ રસાલ
ચિતવન લોચન વિશાલ કોટિ કામ લજાવેં ।
કંઠસરી વનમાલ ફેંટા કટિ છોરન છબિ
નિરખત ત્રિભુવન ત્રિયા ધીર ન મન લાવેં ।।૨।।
મેરે સંગ ચલ નિહાર ઠાડે હરિ કુંજદ્વાર
હિતકી ચિત બાત કહૂઁ જો તેરે જિય ભાવેં ।
ચતુર્ભુજ પ્રભુ ગિરિધર નખસિખ સુંદર સુજાન
બડભાગિન તાહિ ગિનો સુજાત હી લપટાવેં ।।૩।।

વ્રજ : વૈશાખ શુક્લ દ્વાદશી

રાજભોગ દર્શન

ગુજરાતી : વૈશાખ સુદ બારસ



આજના શૃંગાર : પાગ-ચંદ્રિકા-ધોતી-પટુકો

સાજ : ગુલાબી રંગની મલમલની, રૂપેરી તૂઈલેસની કિનારીવાળી પિછવાઈ ધરી છે. ગાદી, તકિયા, ચરણચોકી ઉપર સફેદ બિછાવટ કરી છે.

વસ્ત્ર : ધોતી અને રાજાશાહી પટુકો - બંને ગુલાબી રંગની મલમલનાં, રૂપેરી તૂઈલેસની કિનારીવાળા ધર્યાં છે.

શૃંગાર : મધ્યનો (ઘૂંટણ સુધીનો) ઉષ્ણકાલીન આછો શૃંગાર થયો છે. મોતીનાં આભરણ ધર્યાં છે. શ્રીમસ્તકે ગુલાબી રંગની છોરવાળી પાગ ઉપર શિરપેચ, લૂમ તથા ગુલાબી પંખની ચંદ્રિકા અને ડાબી બાજુ શીશફૂલ ધર્યું છે. કર્ણમાં કર્ણફૂલ ધર્યા છે. શ્વેત પુષ્પોનાં બે માળાજી ધર્યાં છે તથા હમેલની જેમ બે માળાજી ધર્યાં છે.

શ્રીહસ્તમાં : કમલછડી, ચાંદીના વેણુજી તથા વેત્રજી ધર્યાં છે.

નોંધ : ઐચ્છિક શૃંગાર

કીર્તન : **રાજભોગ (રાગ-સારંગ)**

દુપહરી ઝનક ભઈ તામેં આયે પિય મેરે મૈં ઊઠ કીનો આદર ।
આઁખે ભર લે ગઈ તનકી તપત સબ ઠૌર ઠૌર બૂંદન ચમક ॥૧॥
રોમ રોમ સુખ સંતોષ ભયો ગયો અનંગ તનમેં ન રહ્યો ભનક ।
મોહેં મિલ્યો અબ **ધોંધી** કે પ્રભુ મિટ ગઈ વિરહ કી સનક ॥૨॥

શયન (રાગ-અડાનો)

ચલો કયોં ન દેખેરી ખડે દોઉ કુંજનકી પરછાંહિ ।
એક ભુજા ગહિ ડાર કદંબકી દૂજી ભુજા ગલબાંહિ ॥૧॥
છબિસોં છબીલી લપટ લટક રહી કનકવેલી તરુતમાલ અરુઝાઈ ।
હરિદાસ કે સ્વામી શ્યામા કુંજવિહારી રંગે હૈ પ્રેમરંગ માંહિ ॥૨॥

વ્રજ : વૈશાખ શુક્લ ત્રયોદશી

મંગળા દર્શન

ગુજરાતી : વૈશાખ સુદ તેરસ



વ્રજ : વૈશાખ શુક્લ ત્રયોદશી ચિત્ર પરિચય ગુજરાતી : વૈશાખ સુદ તેરસ

વસ્ત્ર : ગુલાબી રંગની મલમલનો તનિયો તથા આડબંધ ધર્યો છે. આડબંધને તૂઈની કિનારી મૂકેલી છે.

શૃંગાર : ગુલાબી રંગની છોરવાળી પાગ, લર, અલકાવલી, તિલક, નક્વેસર, ચિબુક, કર્ણફૂલ, કંઠસરી, કડાં, મુદ્રિકા તથા અણવટ વિછુવા ધર્યાં છે.

અત્તર : પ્રભુ સુખાર્થે આજે ખાસ કરીને ચૈત્રી ગુલાબ, રુહ ગુલાબ, રુહ ખસ, સોંધો, મોગરો, જૂઈ અથવા ખસનું અત્તર ઉપયોગમાં લેવાય છે.

સામગ્રી : નિત્યની સામગ્રી ઉપરાંત આજે વિશેષમાં ઋતુઅનુસાર, યથાશક્તિ, યથામનોરથ સુંદર સામગ્રી ધરીએ અને શ્રીપ્રભુને ખૂબ લાડ લડાવીએ.

કીર્તન : **મંગળા (રાગ-ભૈરવ)**

ભોર ભયે આયે હો લાલન નીકી બતિયાં ।
યાવક કે અંગ ચિહ્ને નીલપટ પ્યારી દીને નયન આલસ ભરે જાગે સબ રતિયાં ।।૧।।
છુટી ગ્રીવ વન માલ નખક્ષત અભિરામ કૈસે અબ ભરત શ્યામ ડગમગી ગતિયાં ।
કેસોદાસ પ્રભુ નંદ સુવન કાહે લજાત ભલેજુ સાંવરે ગાત જાની સબ ગતિયાઁ ।।૨।।

શૃંગાર (રાગ-બિલાવલ)

કમલ મુખ દેખત તૃપ્તિ ન હોય ।
યહ સુખ કહા દુહાગિન જાને રહી નિસા ભર સોય ।।૧।।
જો ચકોર ચાહત ઉડુરાજે ચંદ વદન રહી જોય ।
નેક અકોર દેત નહિ રાધા ચાહત પિયહિ નિચોય ।।૨।।
ઉનતો અપનો સર્વસ્વ દીનો એક પ્રાણ વપુ દોય ।
ભજન ભેદ ન્યારો **પરમાનંદ** જાનત વિરલો કોય ।।૩।।

વ્રજ : વૈશાખ શુક્લ ત્રયોદશી

રાજભોગ દર્શન

ગુજરાતી : વૈશાખ સુદ તેરસ



આજના શૃંગાર - પાગ-પિછોડો

સાજ : ચંદનના રંગની મલમલની પિછવાઈ ધરી છે. ગાદી, તકિયા, ચરણચોકી ઉપર સફેદ બિછાવટ કરી છે.

વસ્ત્ર : પતંગી (ઘેરા ગુલાબી) રંગનો મલમલનો પિછોડો ધર્યો છે.

શૃંગાર : છોટો (કમર સુધીનો) ઉષ્ણકાલીન આછો શૃંગાર થયો છે. મોતીનાં આભરણ ધર્યાં છે. શ્રીમસ્તકે પતંગી રંગની પાગ ઉપર શિરપેચ, લૂમ તથા મોરપંખની શ્વેત ચંદ્રિકા અને ડાબી બાજુ શીશફૂલ ધર્યું છે. કર્ણમાં કર્ણફૂલ ધર્યા છે. શ્વેત પુષ્પોની કલાત્મક ગૂંથણી અને થાકવાળાં બે માળાજી ધર્યાં છે.

શ્રીહસ્તમાં : ત્રણ કમલપુષ્પોની કમલ છડી, મોતીનાં વેણુજી તથા વેત્રજી ધર્યાં છે.

નોંધ : શૃંગાર ઐચ્છિક. સામાન્ય રીતે ઉત્સવના આગળના દિવસે લાલ વસ્ત્રો ધરાય છે પરંતુ ઉષ્ણકાલમાં ઉત્સવના આગળના દિવસે ઘેરા ગુલાબી રંગનાં વસ્ત્રો ધરાય છે. પાગ-પિછોડો ધરાય છે.

કીર્તન : **રાજભોગ (રાગ-સારંગ/બિલાવલ)**

કમલમુખ દેખત કૌન અઘાય ।
સુનરી સખી લોચન અલિ મેરે મુદિત રહે અરુઝાય ॥૧॥
મુક્તામાલ લાલ ઉર ઉપર માનોં ફૂલી વનરાય ।
ગોવર્ધનધરકે અંગ અંગ પર **કૃષ્ણદાસ** બલજાય ॥૨॥

શયન (રાગ-અડાનો)

કૃપારસ નયન કમલદલ ફૂલે ।
ભ્રૂ વિલાસ દેખે કોટિક મનમથ રહે ભૂલે ॥૧॥
વદન કમલ પર કુટિલ અલક છબિ મોતિન હાર અવતંસ ઝૂલે ।
ગોવિંદ પ્રભુ પ્યારી સંગ બૈઠે જહાં કાલિંદી કૂલે ॥૨॥

વ્રજ : વૈશાખ શુક્લ ચતુર્દશી

મંગળા દર્શન

ગુજરાતી : વૈશાખ સુદ ચૌદસ



નૃસિંહ ચતુર્દશી

દેહલી-વંદનમાલ, હાંડી, આજે અભ્યંગ થાય

વસ્ત્ર : આછા ગુલાબી રંગની મલમલનો તનીયો અને આડબંધ ધર્યો છે. આડબંધને રૂપેરી તૂઈની કિનારી મૂકેલી છે.

શૃંગાર : ગુલાબી રંગની પાગ, લર, અલકાવલી, તિલક, નક્વેસર, ચિબુક, કર્ણફૂલ, કંઠસરી, કડાં, મુદ્રિકા તથા અણવટ વિછુવા ધર્યાં છે.

અત્તર : પ્રભુ સુખાર્થે આજે ખાસ કરીને ચૈત્રી ગુલાબ, રુહ ગુલાબ, રુહ ખસ, સોંધો, મોગરો, જૂઈ અથવા ખસનું અત્તર ઉપયોગમાં લેવાય છે.

સામગ્રી : નિત્યની સામગ્રી ઉપરાંત આજે શીતલ સામગ્રી અધિક ધરાય છે. ઉત્સવ નિમિત્તે સખડીની સામગ્રી તથા સથવો, છાશવડા, સંધાના (અથાણાં) બિલસારૂ (મુરબ્બો) ધરાય છે. ઘોળેલો સથવો, સથવાના નંગ, ફરાળની સેવ, પૂરી, શીરો, ગોબાપૂરી, લીટી, બુંદી, સક્કરપારા, પાટિયાની સેવની ખીર, દાળ, વેસણની સેવ, બે પ્રકારના ભુજાના (ભજીયા) પાપડ, કચરીયા (સૂકવણી), બે પ્રકારના શાક, બે પ્રકારના કઠોળ, તિલવડી, ઢેબરી, શિખરન ભાત, દહીંભાત, મઠો, કઢિયલ દૂધ, મીઠું તથા ખાટું દહીં અને બધી જાતનાં તળેલાં બીજ ધરાય છે. આપણે યથાશક્તિ સુંદર સામગ્રી ધરીએ અને શ્રીપ્રભુને ખૂબ લાડ લડાવીએ.

કીર્તન : **મંગળા (રાગ-બિલાવલ)**

ગોવિંદ તિહારો સ્વરૂપ નિગમ નેતિ નેતિ ગાવે ।
ભક્ત કે વશ શ્યામ સુંદર દેહ ધરે આવે ।।૧।।
યોગી મુનિ જ્ઞાન ધ્યાન સપનેં નહીં પાવે ।
નંદ ઘરનિ બાંધિ તાહિ કપિ જ્યોં નચાવે ।।૨।।
ગોપીજન પ્રેમ આતુર સંગ લાગી ડોલે ।
મુરલી કો નાદ સૂનત ગૃહ તજી વનડોલે ।।૩।।
વેદપુરાણ સ્મૃતિ કથા કહત શુક વિચારી ।
પરમાનંદ પ્રેમ કથા સબહિન તે ન્યારી ।।૪।।

અભ્યંગ (રાગ-બિલાવલ)

લાલકો સિંગાર બનાવત મૈયા ।
કર ઉબટનો ન્હવાયો ચાહત હરિ હલધર દોઉ ભૈયા ।।૧।।
હાર હમેલ હંસુલી ઔર દૂલરી અપને કર પહરૈયા ।
પરમાનંદદાસ કી જીવન પુનિ પુનિ લેત બલૈયા ।।૨।।

વ્રજ : વૈશાખ શુક્લ ચતુર્દશી

રાજભોગ દર્શન

ગુજરાતી : વૈશાખ સુદ ચૌદસ



આજના શૃંગાર : કુલ્હે જોડ - પિછોડો

સાજ : પીળા રંગની મલમલની, ઉત્સવની કમલના કામની, રૂપેરી તૂઈલેસની કિનારીવાળી પિછવાઈ ધરી છે. ગાદી, તકિયા તથા ચરણચોકી ઉપર સફેદ બિછાવટ કરી છે.

વસ્ત્ર : પીળા રંગની મલમલનો પિછોડો ધર્યો છે.

શૃંગાર : વનમાલાનો (ચરણારવિંદ સુધીનો) ઉષ્ણકાલીન શૃંગાર થયો છે. મોતીનાં આભરણ ધર્યાં છે. શ્રીમસ્તકે કેસરી રંગની કુલ્હે ઉપર શીરપેચ અને ત્રણ મોરપિચ્છની જોડ તેમજ ડાબી બાજુ શીશફૂલ ધર્યું છે. કર્ણમાં મકરાકૃતિ કુંડલ ધર્યા છે. સફેદ પુષ્પોનાં, કલાત્મક, રંગીન થાકવાળાં બે માળાજી ધર્યાં છે.

શ્રીહસ્તમાં : ૪ કમલપુષ્પની કમલ છડી, ચાંદીના વેણુજી અને બે વેત્રજી ધર્યાં છે.

કીર્તન : **શૃંગાર (રાગ-બિલાવલ)**

સુભગ શૃંગાર નિરખ મોહનકો લે દર્પણ કર પિયુહી દિખાવે ।
આપુન નેક નિહારિયે બલજાઉં આજકી છબિ કછુ કહત ન આવે ॥૧॥
ભૂષન વસન રહે ફબિ ઠાંઈ ઠાંઈ અંગ અંગ છબિ ચિતહિ ચુરાવે ।
રોમ રોમ પ્રફૂલ્લિત વ્રજસુંદરિ ફૂલન રચિ રચિ માલ બનાવે ॥૨॥
અંચલવાર કરત ન્યોછાવર તન મન અતિ અભિલાષ બઢાવે ।
ચતુર્ભુજ પ્રભુ ગિરિધર કો સ્વરૂપ સુધા પીવત નયનપુટ તૃપ્તિ ન પાવે ॥૩॥

રાજભોગ (રાગ-સારંગ)

જાકો વેદ રટત બ્રહ્મા રટત શંભુ રટત શેષ રટત
નારદ શુકવ્યાસ રટત પાવત નહી પારહી ।
ધ્રુવજન પ્રહ્લાદ રટત કુંતી કે કુંવર રટત
દ્રુપદ સુતા રટત નાથ અનાથન પ્રતિ પાલરી ॥૧॥
ગણિકા ગજ ગીધ રટત ગૌતમ કી નાર રટત
રાજનકી રમણી રટત સુતન દે દે પ્યારરી ।
નંદદાસ શ્રીગોપાલ ગિરિવરધર રુપજાલ
યશોદા કો કુંવર પ્યારી રાધા ઉર હાર રી ॥૨॥

પંચામૃત સમય (સાંજે સંધ્યા આરતીમાં) - (રાગ-કાન્હરો)

યહ વ્રત માધો પ્રથમ લિયો ।
જો મેરે ભક્તનકો દુખવે તાકો ફારું નખન હિયો ॥૧॥
જો ભક્તન સો વૈર કરત હૈ પરમેશ્વર સો વૈર કરે ।
રખવારી કો ચક્ર સુદર્શન માથે ઉપર સદા ફિરે ॥૨॥
પરાધીન હો અપને ભક્ત કો જા કારણ અવતાર ધર્યો ।
યહ જુ કહી હરિ મુનિજન આગે અભિમાનીકો ગર્વ હર્યો ॥૩॥
ભજતે ભજોં ત્યજો નહિં કબહું પારથ પ્રતિ શ્રીપતિ યોં ભાખી ।
પરમાનંદ દાસકો ઠાકુર અખિલ ભુવન સબ સાખી ॥૪॥

શયન (રાગ-કાન્હરો)

ચરન કમલ વંદો જગદીશ જે ગોધન કે સંગ ધાયે ।
જે પદકમલ ધૂર લપટાને કર ગહિ ગોપિન કે ઉર લાયે ॥૧॥
જે પદ કમલ યુધિષ્ઠિર પૂજત રાજસૂયમેં ચલિ આયે ।
જે પદકમલ પિતામહ ભીષ્મ ભારત દેખન કો આયે ॥૨॥
જે પદકમલ શંભુ ચતુરાનન હૃદય કમલ કે અંતર રાખે ।
જે પદકમલ રમા ઉર ભૂષન વેદ ભાગવત જે ભાખે ॥૩॥
જે પદકમલ લોકત્રય પાવન બલિરાજા કી પીઠ ધરે ।
તે પદ કમલ **દાસ પરમાનંદ** ગાવત પ્રેમ પીયૂષ ભરે ॥૪॥

નોંધ : આજે શ્રીનાથજીબાવા મથુરા સતઘરાથી પાછા ગોપાલપુર શ્રીગિરિરાજજી ઉપર પધાર્યા હતા. તેથી શયનભોગમાં રાજભોગ જેટલી સામગ્રી ધરાય છે. (શયનભોગ રાજભોગ ભેગા આરોગે છે તે ભાવથી) સંધ્યાઆરતી પછી નૃસિંહ જન્મનાં દર્શન થાય છે. જન્મના સમયે શાલિગ્રામજીને પંચામૃત થાય છે. દૂધ, દહીં, બૂરું ખાંડ, મધ અને ઘી એમ પાંચ દ્રવ્યોથી પંચામૃત થાય છે. ત્યાર પછી સ્નાન કરાવી, તિલક કરી, ફૂલમાલા ધરાય છે. પંચામૃત સમયે ઝાંઝ, ઘંટા, ઝાલર, શંખ, નગારાં વાગે છે. કીર્તનો ગવાય છે. પંચામૃત પછી શીતલ ભોગ - પનો - ધરાય છે. પછી શૃંગાર વડા થઈ શયન ભોગ આવે છે. આજે વાઘનખો ધરાય છે. (ચિત્રમાં દેખાતો નથી પણ રીત પ્રમાણે ધરાવો જોઈએ.) શ્રીહસ્તમાં કડાં સિંહના મુખવાળાં તેમજ બંને છડી-વેત્ર પણ સિંહમુખ વાળાં ધરાય છે. આજથી રાજભોગથી સંધ્યા આરતી સુધી પ્રભુ સન્મુખ જળનો થાળ ભરાય છે. તેમાં છત્રી અને ચાંદીના એકવીસ ખિલૌના, કમલ વગેરે પુષ્પો પધરાવાય છે. પ્રભુ ઉષ્ણકાલમાં નિત્ય શ્રીયમુનાજીમાં જલવિહાર કરે છે તે ભાવથી આ થાળ આવે છે.

વ્રજ : વૈશાખ શુક્લ ચતુર્દશી ગુજરાતી : વૈશાખ સુદ ચૌદસ

નૃસિંહ ભગવાન

વૈશાખ સુદ ચૌદસે શ્રીનૃસિંહ (શ્રી નરહરિ) ભગવાનનું પ્રાકટ્ય સાયંકાળે દાનવરાજ હિરણ્યકશિપુના મહેલના સ્તંભમાંથી થયું એ કથા આપણે સૌ જાણીએ છીએ.

ભગવાનના દસ અવતારોમાંનો આ અવતાર છે. શ્રી મહાપ્રભુજીએ ચાર અવતારોનાં જયંતીવ્રત અવશ્ય કરવાની આજ્ઞા વૈષ્ણવોને કરી છે. જન્માષ્ટમી, રામનવમી, વામનદ્વાદશી અને નૃસિંહ ચૌદશ. આનું કારણ એ છે કે તે ચારે અવતારો નિઃસાધન ભક્તો માટે શ્રીપ્રભુએ લીધા છે. આથી તેમની લીલા પુષ્ટિલીલા છે. પુષ્ટિ એટલે કૃપા. બીનશરતી સંપૂર્ણ કૃપા કરવાની લીલા તે પુષ્ટિલીલા.

શ્રીપ્રભુ ભક્તના ભાવનું સ્વરૂપ ધારણ કરીને પ્રગટ થાય છે તેથી તેઓ ભગવાન કહેવાય છે. જે જીવો દ્વેષભાવથી પણ પ્રભુને ભજે છે, રાતદિવસ શત્રુભાવથી પણ તેમનું જ ચિંતન કરે છે તેવા દુષ્ટ જીવ ઉપર પણ કૃપા કરી તેને મોક્ષ આપવા ભગવાન અવતાર લે છે. દાનવરાજ હિરણ્યકશિપુ દ્વેષભાવથી શ્રીવિષ્ણુને યાદ કરતા હતા. બ્રહ્માજીએ તેને આપેલ વચનને વાંધો ન આવે તે રીતે શ્રીપ્રભુ નર (મનુષ્ય) અને સિંહ (હરિ) નું મિશ્ર રૂપ લઇ તેની સામે પ્રગટ થયા. ચરણથી કંઠ સુધી મનુષ્ય અને મસ્તક તથા શ્રીહસ્તના નખ સિંહના ધારણ કરીને પ્રગટ થયા. આ સ્વરૂપ ઊગ્ર તેજવાળું સ્વરૂપ છે.

તેમના દર્શનથી લક્ષ્મીજી સહિત દેવો પણ ડરી ગયા. ન ડર્યા ભક્તરાજ પ્રહલાદ. હ્‌લાદ=આનંદ-જેને ભગવાનની ભક્તિમાં (પ્ર=પુષ્કળ) અતિશય આનંદ છે તે પ્રહલાદ. આવો ભક્ત સદા નિર્ભય હોય, કોઇથી ન ડરે. ભગવાનના રૌદ્ર સ્વરૂપથી યે ન ડરે. આવા ભક્તને ભગવાન ન ડરાવે. એને પોતાની ગોદમાં બેસાડી વ્હાલ જ કરે. અનું વચન પાળે. ભગવાન એને વશ રહે. શ્રી નૃસિંહ ભગવાનની આ પુષ્ટિલીલા છે.

શ્રીનૃસિંહ ભગવાને શીખવ્યું કે ‘શ્રીપતિ દુઃખિત ભક્ત અપરાધે’ કોઇપણ મનુષ્ય ભગવદ્‌ ભક્તનો અપરાધ કરે તો ભક્ત દુઃખી ન થાય, પણ શ્રીપ્રભુ અવશ્ય દુઃખી થાય; ક્રોધ કરે અને ભક્તના દ્વેષીને દંડ કરે.

આવા ભક્તપક્ષપાતી શ્રીપ્રભુને આજે આપણે વંદન કરીએ.

વ્રજ : વૈશાખ શુક્લ પૂર્ણિમા

મંગળા દર્શન

ગુજરાતી : વૈશાખ સુદ પૂનમ



નરસિંહ મહેતા જયંતી

વસ્ત્ર : પીળા રંગની મલમલનો તનીયો અને આડબંધ ધર્યો છે. આડબંધને રૂપેરી તૂઈની કિનારી મૂકેલી છે.

શૃંગાર : કેસરી રંગની કુલ્હે, લર, અલકાવલી, તિલક, નક્વેસર, ચિબુક, કર્ણફૂલ, કંઠસરી, કડાં, મુદ્રિકા અને અણવટ વિછુવા ધર્યાં છે.

અત્તર : પ્રભુ સુખાર્થે આજે ખાસ કરીને ચૈત્રી ગુલાબ, રુહ ગુલાબ, રુહ ખસ, સોંધો, મોગરો, જૂઈ અથવા ખસનું અત્તર ઉપયોગમાં લેવાય છે.

સામગ્રી : નિત્યની સામગ્રી ઉપરાંત આજે ઋતુઅનુસાર, યથાશક્તિ, યથામનોરથ સુંદર સામગ્રી ધરીએ અને શ્રીપ્રભુને ખૂબ લાડ લડાવીએ.

કીર્તન : **મંગળા (રાગ-બિલાવલ)**

બલિ બલિ પાંઉ ધરિયે આજ કહ્યુ મેરો લહનોં
વૃજ નૃપતિ સુત ભોરહી આયે હો રસભરે ।
ભઈ બડી બાર પાંઉ ધારિયે હમેં હૂ નિવાજિયે
વાસ્યો અરગજા વાસે બીરા લે આગેં ધરે ॥૧॥
કહિ ન સક્ત એક બાત લાલન જાકે
નિશ બસે તાકે વસન પલટિ પહિરે ।
ગોવિંદ પ્રભુ પિય સુજાન સિરોમનિ
કિધોં બલદાઉ કે હરે ॥૨॥

શૃંગાર (રાગ-બિલાવલ)

અહો નંદલાલ હો આજ લટપટી પાગ ।
છુટે ચિકુર માનો મત્ત મધુપગન ઉનમરા જીવરાગ ॥૧॥
ચંદન કુચ ઝર ઝપત નવ નખહાર બન્યો બિનતાગ ।
વિદ્યાપતિ રતિ શ્રીલાલ અંગ તા ભામિની કે ભાગ ॥૨॥

વ્રજ : વૈશાખ શુક્લ પૂર્ણિમા

રાજભોગ દર્શન

ગુજરાતી : વૈશાખ સુદ પૂનમ



આજના શૃંગાર : પાગ-પરદની

સાજ : કપાસી (સફેદ) રંગની મલમલની પિછવાઈ ધરી છે. ગાદી, તકિયા અને ચરણચોકી ઉપર સફેદ બિછાવટ કરી છે.

વસ્ત્ર : કપાસી (સફેદ) રંગની મલમલની પરદની ધરી છે.

શૃંગાર : છોટો (કમર સુધીનો) ઉષ્ણકાલીન આછો શૃંગાર થયો છે. મોતીનાં આભરણ ધર્યાં છે. શ્રીમસ્તકે કપાસી રંગની (સફેદ) છોરવાળી પાગ ઉપર શિરપેચ અને સફેદ મોરપંખની ચંદ્રિકા, તથા ડાબી બાજુ શીશફૂલ ધર્યું છે. કર્ણમાં કર્ણફૂલ ધર્યા છે. શ્વેત પુષ્પોનાં કલાત્મક થાકવાળાં બે માળાજી ધર્યાં છે. બીજાં બે માળાજી એક શ્વેત પુષ્પનાં અને એક કમલના - હમેલની જેમ ધર્યાં છે.

શ્રીહસ્તમાં : ત્રણ કમલપુષ્પની કમલછડી, ચાંદીના વેણુજી અને વેત્રજી ધર્યાં છે.

નોંધ : આજે સફેદ મલમલની પાગ-પરદનીનો એકદમ છોટો ઉષ્ણકાલીન શૃંગાર થાય છે. અષાડ સુદ ચૌદશે આજનો જ શૃંગાર થાય છે.

કીર્તન : **રાજભોગ (રાગ-સારંગ)**

સોહત લાલ પરદની અતિ ઝીની ।
તાપર એક અધિક છબિ ઉપજત
જલસુત પાંતિ બની કટિ છીની ॥૧॥
ઉજ્જવલ પાગ શ્યામ શિર શોભિત અલકાવલી મધુપ મધુપીની ।
ચતુર્ભુજદાસ ગિરધર પિય ચપલ નયન યુવતી બસકીની ॥૨॥

શયન (રાગ-કેદારો)

ચારુનટ ભેખ ધરિ બૈઠે ગોવિંદ જહાઁ સઘન ગહવર નવનિકુંજ ભવને ।
નાગરી જબહી નાગરસું નૈન મિલે તબહી નાગરી મુદિત વિપુલ ગવને ॥૧॥
રસિકવર નંદસુત સોહત સિજ્યા રચી વિવિધ ગતિ વિવિધ પટકુલ ઠવને ।
હંસજા તટ નિકટ વિમલ જલ બહત તહાઁ ત્રિવિધ તલ સૈલ સીખંડ પવને ॥૨॥
દાસ **કુંભન** પ્રભુ સુજાન તોહિ મિલનકું બહુત આતુર નિમિષ જુગ ગવને ।
જોવત પથ એક ટક લાલ સુકુમાર સખી ગોવર્ધનધર અખિલ યુવતી રવને ॥૩॥

મંગળા દર્શન

વ્રજ : જ્યેષ્ઠ કૃષ્ણ પ્રતિપદા

ગુજરાતી : વૈશાખ વદ એકમ



શ્રીનારદ જયંતી

વસ્ત્ર : સફેદ મલમલનો તનીયો અને આડબંધ ધર્યા છે. આડબંધને રૂપેરી તૂઈની કિનારી મૂકેલી છે.

શૃંગાર : સફેદ ફેંટો, લર, અલકાવલી, તિલક, નક્વેસર, ચિબુક, કર્ણફૂલ, કંઠસરી, કડાં, મુદ્રિકા અને અણવટ વિછુવા ધર્યા છે.

અત્તર : પ્રભુ સુખાર્થે આજે ખાસ કરીને ચૈત્રી ગુલાબ, રુહ ગુલાબ, રુહ ખસ, સોંધો, મોગરો, જૂઈ અથવા ખસનું અત્તર ઉપયોગમાં લેવાય છે.

સામગ્રી : નિત્યની સામગ્રી ઉપરાંત આજે રાજભોગમાં શીતલ ભોગ વિશેષ ધરાય છે. તેમજ વેસણનો મગસ, દૂધ, મેવાની ખીચડી, તળેલી દાળ, ચણાની પલાળેલી દાળ , મનોહર ધરાય છે. આપણે ઋતુઅનુસાર, યથાશક્તિ, યથામનોરથ, સુંદર સામગ્રી ધરીએ અને પ્રભુને ખૂબ લાડ લડાવીએ.

નોંધ : આજથી એક મહિના સુધી રોજ મંગળા અને શૃંગારમાં શ્રીયમુનાજીનાં પદ ગવાય છે. આજે મંગળામાં સફેદ ફેંટો ધરાય છે.

કીર્તન : **મંગળા (રાગ-રામકલી/ભૈરવ)**

(યમુનાષ્ટપદી)

નમો દેવિ યમુને નમો દેવિ યમુને હર કૃષ્ણ મિલનાંતરાયમ્ ।
નિજનાથ માર્ગ - દાયિનિ કુમારી - કામ પૂરિકે કુરૂ ભક્તિરાયં ।।ધ્રુવપદમ્।।
મધુપકુલ-કલિત કમલાવલી-વ્યપદેશ ધારિત શ્રીકૃષ્ણયુત ભક્ત હૃદયે ।
સતત-મતિ-શયિત હરિ-ભાવના-જાત-તત્સારૂપ્ય ગદિત હૃદયે ।।૧।।
નિજ-કૂલ-ભવ વિવિધ-તરુ-કુસુમ-યુત નીર-શોભયા વિલસ-દલિ વૃંદે ।
સ્મારયસિ ગોપીવૃંદ-પૂજિત-સરસ-મીશવ પુરાનંદ-કંદે ।।૨।।
ઉપરિચલ-દમલ-કમલા-રુણદ્યુતિ-રેણુ પરિમિલિત જલભરેણામુના ।
બ્રજયુવતિ કુચ કુંભ કુંકુંમા-રુણમુરઃ સ્મારયસિમાર પિતુ-રઘુના ।।૩।।
અધિરજનિ હરિ-વિહૃતિમીક્ષિતું કુવલયાભિધ સુભગ-નયના ન્યુષતિ તનુષે ।
નયન-યુગ-મલ્પમિતિ બહુતરાણિ ચ તાનિ રસિક્તા નિધિ તયા કુરુષે ।।૪।।
રજનિ-જાગર-જનિત-રાગ રંજિત નયન પંકજૈ-રહનિ હરિ મીક્ષસે ।
મકરંદ-ભર-મિષેણાનંદ-પૂરિતા સતતમિહ હર્ષાશ્રુ મુંચસે ।।૫।।
તટ-ગતા-નેક-શુક-સારિકા-મુનિગણ સ્તુત-વિવિધ-ગુણ સીધુ સાગરે ।
સંગતા-સતત-મિહ ભક્તજન તાપહૃતિ રાજસે રાસ રસ સાગરે ।।૬।।
રતિ-ભર-શ્રમ-જલોદિત-કમલ પરિમલ-બ્રજ-યુવતિ-જન-વિહૃતિ-મોદે ।
તાટંક ચલન સુનિરસ્ત સંગીતયુત મદ મુદિત મધુપ કૃત વિનોદે ।।૭।।
નિજ-વ્રજજના-વનાત્ત-ગોવર્ધને રાધિકા હૃદય ગત હૃદ્યકર કમલે ।
રતિ-મતિ-શયિત રસ વિઠ્ઠલસ્યાશુ કુરૂવેણું-નિનદાહ્વાન સરલે ।।૮।।

વ્રજ : જ્યેષ્ઠ કૃષ્ણ પ્રતિપદા

રાજભોગ દર્શન

ગુજરાતી : વૈશાખ વદ એકમ



આજના શૃંગાર : પાગ-કતરો-આડબંધ

સાજ : મલમલની કપાસી (સફેદ) રંગની પિછવાઈ ધરી છે. ગાદી, તકિયા, ચરણચોકી ઉપર સફેદ બિછાવટ કરી છે. માટીના કૂંજાને સફેદ મલમલના વસ્ત્રથી સજાવી તેમાં શીતલ-સુગંધી જળ ભર્યું છે. ગુલાબજળ ભરેલી બે ગુલાબદાની ધરી છે. સન્મુખ ચાંદીના ત્રસ્ટી ધર્યાં છે.

વસ્ત્ર : સફેદ રંગની મલમલનો આડબંધ ધર્યો છે.

શૃંગાર : છોટો (કમર સુધીનો) ઉષ્ણકાલીન આછો શૃંગાર થયો છે. મોતીનાં આભરણ ધર્યાં છે. શ્રીમસ્તકે સફેદ છોરવાળી પાગ ઉપર શિરપેચ તથા મોરપંખનો દોહરો કતરા અને ડાબી બાજુ શીશફૂલ ધર્યું છે. કર્ણમાં કર્ણફૂલ ધર્યાં છે. ગુલાબી અને સફેદ પુષ્પોનાં સુંદર કલાત્મક માળાજી ધર્યાં છે. તેમજ શ્વેત પુષ્પનાં અને કમળપુષ્પનાં બે માળાજી હમેલની જેમ ધર્યાં છે. પીઠિકાની ઉપર ગુલાબી પુષ્પોનાં મોટાં માળાજી ધર્યાં છે.

શ્રીહસ્તમાં : કમલછડી, ચાંદીના વેણુજી તથા વેત્રજી ધર્યાં છે.

નોંધ : આજે સફેદ સાજ અને સફેદ વસ્ત્ર ધરાય છે.

કીર્તન : **શૃંગાર (રાગ-બિલાવલ) (ટોડી)**

જમુનાજલ ઘટ ભરિ ચલી ચંદ્રાવલી નારિ ।
મારગમેં ખેલત મિલે ઘનશ્યામ મુરારિ ॥૧॥
નૈનનિ સોં નૈના મિલે મન રહ્યૌ લુભાઈ ।
મોહન મુરતિ જિય બસી પગ ધર્યો ન જાઈ ॥૨॥
તબકી પ્રીતિ પ્રકટ ભઈ યહ પહિલી ભેટ ।
પરમાનંદ એસે મિલી જૈસૈ ગુડમેં ચેંટ ॥૩॥

રાજભોગ (રાગ-સારંગ)

ચંદન કી ખોર કિયે ચંદન ઘસ અંગ લગાવે સોંધે કી લપટ ઝપટ પવન ફહરનમેં ।
પ્યારી કે પિયાકો નેમ પિય કે પ્યારી સો પ્રેમ અરસપરસ રીઝ રીઝાવે જેઠ કી દુપહરીમેં ॥૧॥
ચહુઁ ઓર ખસ સંવાર જલગુલાબ ડારડાર શીતલ ભવન કીયો કુંજ મહલમેં ।
શોભા કછુ કહી ન જાય નિરખ નૈન સચુપાય પવન ઢુરાવે **પરમાનંદ**દાસ ટહલમેં ॥૨॥

શયન (રાગ-બિહાગ)

સુંદર યમુના તીરરી મનમોહન ઠાડે ।
જબતેં દૃષ્ટિ પરી યા મુખપેં તબતે ધરત ન ધીર રી ॥૧॥
મૃગમદ તિલક અલક ઘુઘરારી નાસા મુક્તા કીર રી ।
સુરદાસ પ્રભુ વેણુ બજાવત થક્યો સરિતા નીર રી ॥૨॥

વ્રજ : જ્યેષ્ઠ કૃષ્ણ દ્વિતીયા **મંગળા દર્શન** **ગુજરાતી : વૈશાખ વદ બીજ**



શ્રીદાઉજી મહારાજ કૃત ચાર સ્વરૂપનો ઉત્સવ

દેહલી-વંદનમાલ-હાંડી

વસ્ત્ર : સફેદ મલમલનો તનીયો અને આડબંધ ધર્યા છે. આડબંધને રૂપેરી તૂઈની કિનારી મૂકેલી છે.

શૃંગાર : કપાસી (સફેદ) રંગની છોરવાળી પાગ, લર, અલકાવલી, તિલક, નક્વેસર, ચિબુક, કર્ણફૂલ, કંઠસરી, કડાં, મુદ્રિકા અને અણવટ, વિછુવા ધર્યાં છે.

અત્તર : પ્રભુ સુખાર્થે આજે ખાસ કરીને ચૈત્રી ગુલાબ, રુહ ગુલાબ, રુહ ખસ, સોંધો, મોગરો, જૂઈ અથવા ખસનું અત્તર ઉપયોગમાં લેવાય છે.

સામગ્રી : નિત્યની સામગ્રી ઉપરાંત આજે વિશેષમાં મનોહર, છાશવડા, ઘોળેલો સથવો, સંધાના, ચણાના લોટની (વેસણની) ઝીણી સેવ, પાપડ, કચરીયા, પકોડીની કઢી, મગની છૂટી દાળ, શિખરન (શ્રીખંડ), ભાત વગેરે ધરાય છે. આપણે ઋતુઅનુસાર, યથાશક્તિ, યથામનોરથ સુંદર સામગ્રી ધરીએ અને શ્રીપ્રભુને ખૂબ લાડ લડાવીએ.

કીર્તન : **મંગળા (રાગ-રામકલી)**

શ્રીયમુનાજી અધમ ઉદ્ધારની મેં જાની ।
ગોધન સંગ શ્યામઘન સુંદર લલિત ત્રિભંગી દાની ॥૧॥
ગંગા ચરન પરસિકે પાવન હરિ વિરંચિ સિવ માની ।
સાત સમુદ્ર ભેદ યમભગિની હરિ નખશિખ લપટાની ॥૨॥
રાસ રસિકનિ નૃત્ય પરાયન પ્રેમપુંજ ઠકુરાની ।
આલિંગન ચુંબન રસ વિલસત કૃષ્ણ પુલિન રજધાની ॥૩॥
ગ્રીષ્મ ઋતુ સુખ દેન નાથકો સંગ રાધિકા રાની ।
ગોવિંદ પ્રભુ રવિ તનયા પ્યારી ભક્તિ મુક્તિ કી ખાની ॥૪॥

શૃંગાર (રાગ-રામકલી)

કહત શ્રુતિસાર નિરધાર કર કેં ।
ઈન બિના કૌન ઐસી કરે હૈ સખી હરત દુઃખ દ્વંદ્વ સુખકંદ બરખે ॥૧॥
બ્રહ્મસંબંધ જબ હોત યા જીવકો તબહી ઈનકી ભુજા વામ ફરકે ।
દૌર કરિ સૌર કરિ જાય પિયસોં કહે અતિહી આનંદ મનમેં જુ હરખે ॥૨॥
નામ નિરમોલ નગ લે કોઉ ના સકૈ ભક્ત રાખત હિયે હાર કરકે ।
રસિક પ્રીતમ જુકી હોત જા પર કૃપા સોઈ શ્રીજમુનાજીકો રૂપ પરખે ॥૩॥

વ્રજ : જ્યેષ્ઠ કૃષ્ણ દ્વિતીયા

રાજભોગ દર્શન

ગુજરાતી : વૈશાખ વદ બીજ



આજના શૃંગાર : ફેંટો-ચંદ્રિકા અને પિછોડો

સાજ : કેસરી મલમલની, ઉત્સવની કમલના કામની, રૂપેરી જરીના તૂઈલેસવાળી પિછવાઈ ધરી છે. ગાદી, તકિયા અને ચરણચોકી ઉપર સફેદ બિછાવટ કરી છે.

વસ્ત્ર : કેસરી રંગની મલમલનો, રૂપેરી જરીની તૂઈવાળો પિછોડો ધર્યો છે.

શૃંગાર : મધ્યનો (ઘૂંટણ સુધીનો) ઉષ્ણકાલીન મધ્યમ શૃંગાર થયો છે. મોતીનાં આભરણ ધર્યાં છે. મોતીના હાંસની નીચે ચંદનના માલાજી ધર્યાં છે. શ્રીમસ્તક ઉપર ફેંટાનો સાજ ધરાયો છે. કેસરી રંગના ફેંટા ઉપર શીરપેચ, મોરપંખની સાદી ચંદ્રિકા તથા મોરપંખનો કતરો અને ડાબી બાજુ શીશફૂલ ધર્યું છે. કર્ણમાં મકરાકૃતિ કુંડળ ધર્યાં છે. સફેદ પુષ્પોનાં કલાત્મક થાગવાળાં બે સુંદર માળાજી ધર્યાં છે.

શ્રીહસ્તમાં : કમલછડી, ચાંદીના વેણુજી અને બે વેત્રજી ધર્યાં છે.

નોંધ : આજે ફેંટાના શૃંગાર સાથે કુંડળ ધરાય છે. કેસરી સાજ અને કેસરી વસ્ત્ર ધરાય છે.

આજના દિવસે તિલકાયત શ્રીદાઉજી મહારાજે સંવત ૧૮૭૮માં શ્રીમથુરાનાથજી, શ્રીવિઠ્ઠલનાથજી, શ્રીગોકુલનાથજી અને શ્રીનવનીત પ્રિયાજી એમ ચાર સ્વરૂપોને પધરાવી દુહેરો મનોરથ કર્યો હતો. તેથી આજનો દિવસ ચાર સ્વરૂપોત્સવ તરીકે મનાવાય છે.

કીર્તન : **રાજભોગ (રાગ-સારંગ)**

શ્રીવિઠ્ઠલેશ ચરણ ચારુ પંકજ મકરંદ લુબ્ધ ગોકુલમેં સકલ સંત કરત હૈ નિત કેલી ।
પાવન ચરણોદક જહા સંતન હિત સલિલ બહત ત્રિવિધ તાપ દૂર કરત બદન ઈંદુ મેલી ॥૧॥
ભૂતલ કૃષ્ણાવતાર પ્રગટ બ્રહ્મ નિરાકાર સિંચત હરિ ભક્તિ સુધા ધરણી ધર્મ વેલી ।
છીતસ્વામી ગિરવરધર લીલા સબ ફેર કરત ધેનુ દુહત ગ્વાલન સંગ હાથ પાટ સેલી ॥૨॥

શયન (રાગ-કાન્હરો)

મેરે ગૃહ ચંદન અતિ કોમલ લીજે હો વ્રજસુંદર વ્રજનાયક ।
પરમ ઉદાર ચતુર ચિંતામની લાઈ સુઅચ્છ તુમ લાયક ॥૧॥
અંગ લેપન કરત પરસ્પર નિરખ અનંગ લજાવત ।
ચંદન મહલ હરિ બૈઠે **સૂર** રસિક બલિ જાવત ॥૨॥

વ્રજ : જ્યેષ્ઠ કૃષ્ણ તૃતીયા

મંગળા દર્શન

ગુજરાતી : વૈશાખ વદ ત્રીજ



વસ્ત્ર : ચંપાઈ (અમરસી) રંગની મલમલનો તનિયો અને આડબંધ ધર્યા છે. આડબંધને રૂપેરી તૂઈની કિનારી મૂકેલી છે.

શૃંગાર : ચંપાઈ (અમરસી) રંગનો ફેંટો, લર, અલકાવલી, તિલક, નકવેસર, ચિબુક, કર્ણફૂલ, કંઠસરી, કડાં, મુદ્રિકા તથા અણવટ વિછુવા ધર્યાં છે.

અત્તર : પ્રભુ સુખાર્થે આજે ખાસ કરીને ચૈત્રી ગુલાબ, રુહ ગુલાબ, રુહ ખસ, સોંધો, મોગરો, જૂઈ અથવા ખસનું અત્તર ઉપયોગમાં લેવાય છે.

સામગ્રી : નિત્યની સામગ્રી ઉપરાંત આજે વિશેષમાં ઋતુઅનુસાર, યથાશક્તિ, યથામનોરથ સુંદર સામગ્રી ધરીએ અને શ્રીપ્રભુને ખૂબ લાડ લડાવીએ.

કીર્તન : **મંગળા (રાગ-રામકલી)**

ચિત્તમેં શ્રીજમુના નિસદિન જુ રાખો ।
ભક્ત કે બસ કૃપા કરત હેં સર્વદા એસો શ્રીજમુનાજીકો હે જુ સાખો ॥૧॥
જા મુખતેં શ્રીજમુને યહ નામ આવે સંગ કીજે અબ જાય તાકો ।
ચતુર્ભુજદાસ અબ કહત હૈ સબનસોં તાતે શ્રીજમુને જમુને જુ ભાખો ॥૨॥

શૃંગાર (રાગ-રામકલી)

પ્રાનપતિ બિહરત શ્રીજમુનાકે કૂલે ।
લુબ્ધ મકરંદ કે ભ્રમર જ્યોં બસ ભયે
દેખ રવિ ઉદૈ માનોં કમલ ફૂલે ॥૧॥
કરત ગુંજાર મુરલી જુ લે સાંવરો
સુનત વ્રજ વધૂ તન સુધિ જુ ભૂલે ।
ચતુર્ભુજદાસ જમુને પ્રેમ સિંધુમે
લાલ ગિરિધરન અબ હરખિ ઝૂલે ॥૨॥

વ્રજ : જ્યેષ્ઠ કૃષ્ણ તૃતીયા

રાજભોગ દર્શન

ગુજરાતી : વૈશાખ વદ ત્રીજ



આજના શૃંગાર : પાગ-ચંદ્રિકા અને પરદની

સાજ : ગુલાબી રંગની મલમલની, રૂપેરી જરીના તૂઈલેસવાળી પિછવાઈ ધરી છે. ગાદી, તકિયા અને ચરણચોકી ઉપર સફેદ બિછાવટ કરી છે.

વસ્ત્ર : ગુલાબી રંગની મલમલની પરદની ધરી છે.

શૃંગાર : મધ્યનો (ઘૂંટણ સુધીનો) ઉષ્ણકાલીન આછો શૃંગાર થયો છે. મોતીનાં આભરણ ધર્યાં છે. શ્રીમસ્તકે છોરવાળી પાગ ઉપર શિરપેચ તથા ગુલાબી પંખની ચંદ્રિકા અને ડાબી બાજુ શીશફૂલ ધર્યું છે. કર્ણમાં કર્ણફૂલ ધર્યાં છે. શ્વેત પુષ્પોનાં બે માળાજી ધર્યાં છે તેમજ સફેદ પુષ્પનાં એક માળાજી અને કમલના થાકવાળાં એક માળાજી હમેલની જેમ ધર્યાં છે.

શ્રીહસ્તમાં : કમલ છડી, ચાંદીનાં વેણુજી અને વેત્રજી ધર્યાં છે.

નોંધ : આજથી અષાઢ સુદ ૧૧ સુધી ફૂલના શૃંગાર થાય છે. ખસના બંગલા, ફૂલની કળીના બંગલા વગેરે થાય છે. મોતીના જેવા શૃંગાર સવારે થયા હોય તેવા જ ફૂલના શૃંગાર ઉત્થાપનભોગ સર્યા પછી સાંજે ભોગ સંધ્યામાં ધરાય છે. આરતી થઈ ગયા પછી સર્વ શૃંગાર વડા થઈને રાત્રે શયન પછી શૈયાજી પાસે પધરાવાય છે. ફૂલના શૃંગાર વ્રજલલનાઓના ભાવથી થાય છે.

ચાર યુથાધિપતિની ભાવનાથી ચાર શૃંગાર - પરદની, આડબંધ, ધોતી અને પિછોડાનો થાય છે. વનમાં વ્રજભક્તો ફૂલના શૃંગાર ધરે છે. પછી પ્રભુ નંદાલયમાં પધારે છે એવો ભાવ છે. પ્રભુ શ્રમિત થાય છે તેવા ભાવથી અને અધિક ગરમીના કારણે ફૂલના શૃંગાર થયા હોય તેના બીજા દિવસે અભ્યંગ થાય છે.

કીર્તન : **રાજભોગ (રાગ-સારંગ)**

ભલેઈ મેરે આયે હો પિય ઠીક દુપહરીકી બિરિયાઁ ।
સુભદિન શુભ નક્ષત્ર શુભ મહુરત
શુભ પલછિન શુભ ઘરિયાઁ ।
ભયો હૈ આનંદ કંદ મિટ્યો વિરહ દુ:ખ દ્વંદ
ચંદન ઘસ અંગ લેપન ઔર પાયન પરિયાં ।
તાનસેન કે પ્રભુ મયા કીની મો પર
સુખી વેલ કરી હરિયાં ॥૨॥

શયન (રાગ-અડાનો)

કૃપા રસ નયન કમલ દલ ફૂલે ।
ભુવ વિલાસ દેખત કોટિક મનમથ રહે ભૂલે ॥૧॥
વદનકમલ પર કુટિલ અલક છબિ મોતિન હાર અવતંસ ઝૂલે ।
ગોવિંદ પ્રભુ પ્યારી કે સંગ બેઠે કાલિન્દી કે કૂલે ॥૨॥

વ્રજ : જ્યેષ્ઠ કૃષ્ણ ચતુર્થી

મંગળા દર્શન

ગુજરાતી : વૈશાખ વદ ચોથ



વ્રજ : જ્યેષ્ઠ કૃષ્ણ ચતુર્થી

ચિત્ર પરિચય

ગુજરાતી : વૈશાખ વદ ચોથ

વસ્ત્ર : આછા ગુલાબી રંગની મલમલનો તનિયો અને આડબંધ ધર્યા છે. આડબંધ રૂપેરી તૂઈની કિનારીવાળો છે.

શૃંગાર : ગુલાબી રંગની છોરવાલી પાગ, લર, અલકાવલી, તિલક, નક્વેસર, ચિબુક, કંઠસરી, કર્ણફૂલ, કડાં, મુદ્રિકા તેમજ અણવટ વિછુવા ધર્યાં છે.

અત્તર : પ્રભુ સુખાર્થે આજે ખાસ કરીને ચૈત્રી ગુલાબ, રુહ ગુલાબ, રુહ ખસ, સોંધો, મોગરો, જૂઈ અથવા ખસનું અત્તર ઉપયોગમાં લેવાય છે.

સામગ્રી : નિત્યની સામગ્રી ઉપરાંત આજે વિશેષમાં ઋતુઅનુસાર, યથાશક્તિ, યથામનોરથ સુંદર સામગ્રી ધરીએ અને શ્રીપ્રભુને ખૂબ લાડ લડાવીએ.

કીર્તન : **મંગળા (રાગ-રામકલી)**

શ્રીયમુના કે નામ અઘ દૂર ભાજે ।
જિનકે ગુન સુનનકો લાલ ગિરિધરન પિય આય સન્મુખ તાકે બિરાજે ॥૧॥
તાહિ છિનુ કાજ, તાકે જુ સગરે સરે, જાયકે મિલત વ્રજવધુ સમાજે ।
કૃષ્ણદાસનિ કહે તાહિ અબ કૌન ડર, જાકે ઉપર શ્રીયમુને સી ગાજે ॥૨॥

શૃંગાર (રાગ-રામકલી)

શ્રીયમુનાજીકો નામ તેઈ જુ લેહે ।
જાકી લગન લાગી નંદલાલ સોં સર્વસ્વ દેકે નિકટ રહિ હેં ॥૧॥
જિનહીં સુગમ જાનિ બાત મનમેં જુ માનિ
બિના પહેચાનિ કૈસે જુ પૈહે ।
કૃષ્ણદાસનિ કહે શ્રીયમુને નામ નૌકા
ભક્ત ભવસિંધુ તેં યોંહિ જુ તરિયે ॥૨॥

વ્રજ : જ્યેષ્ઠ કૃષ્ણ ચતુર્થી **રાજભોગ દર્શન** ગુજરાતી : વૈશાખ વદ ચોથ



આજના શૃંગાર : ગ્વાલપાગ-મોરશીખા અને ધોતી ઉપરણો

સાજ : ચંદનીયા રંગની મલમલની, રૂપેરી જરીના તૂઈલેસવાળી પિછવાઈ ધરી છે. ગાદી, તકિયા અને ચરણચોકી ઉપર સફેદ બિછાવટ કરી છે.

વસ્ત્ર : ચંદનીયા રંગની મલમલની, રૂપેરી જરીની તૂઈલેસની વાળી ધોતી અને રાજાશાહી પટુકો ધર્યો છે.

શૃંગાર : મધ્યનો (ઘૂંટણ સુધીનો) ઉષ્ણકાલીન આછો શૃંગાર થયો છે. મોતીનાં આભરણ ધર્યાં છે. શ્રીમસ્તકે ચંદનીયા રંગની ગ્વાલ પાગ (ગ્વાલપગો) ઉપર લૂમ, ગુલાબી રંગની મોરશીખા તથા ડાબી બાજુ શીશફૂલ ધર્યું છે. કર્ણમાં કર્ણફૂલ ધર્યાં છે. શ્વેત પુષ્પોનાં બે સુંદર કલાત્મક માળાજી ધર્યાં છે.

